અદૃશ્ય જગત વિશે બાઈબલ શું શીખવે છે અને શા માટે તે મહત્વનું છે

# અલૌકિક

માઈકલ એસ. હાઈસર

# અનુક્રમણિકા


પ્રકરણ ૧: બાઈબલ પર વિશ્વાસ કરવો

પ્રકરણ ૨: અદૃશ્ય ક્ષેત્ર : યહોવા દેવ અને બીજા દેવો

પ્રકરણ ૩: અગાઉના અને ભવિષ્યના રાજાઓ

પ્રકરણ ૪: અલૌકિક વ્યક્તિઓનો વિદ્રોહ

પ્રકરણ ૫: બ્રહ્માંડીય ભૂગોળ

પ્રકરણ ૬: વચન, નામ અને દૂત

પ્રકરણ ૭: સગાઈના નિયમો

પ્રકરણ ૮: પવિત્ર સ્થાન

પ્રકરણ ૯: પવિત્ર યુદ્ધ

પ્રકરણ ૧૦: સામાન્ય દૃષ્ટિથી છુપાયેલું

પ્રકરણ ૧૧: અલૌકિક ઉદ્દેશ

પ્રકરણ ૧૨: મેઘો પર આરોહણ કરનાર

પ્રકરણ ૧૩: મોટો વિપરીત ફેરફાર

પ્રકરણ ૧૪: આ જગતના નહિ

પ્રકરણ ૧૫: ઈશ્વરી સ્વભાવના ભાગીદાર

પ્રકરણ ૧૬: દૂતો પર શાસન કરવું

ઉપસંહાર

માફીની પ્રાર્થના

લેખકની વિનંતી

## પ્રકરણ ૧
# બાઈબલ પર વિશ્વાસ કરવો

શું તમે બાઇબલ જે કહે છે તેના પર ખરેખર વિશ્વાસ કરો છો?

મોટા ભાગે ખ્રિસ્તી લોકો દ્વારા વાંચવામાં આવતા પુસ્તકમાં આવો પ્રશ્ન પૂછવો કેટલાક લોકોને વિચિત્ર લાગશે. પરંતુ મને આ પ્રશ્ન વિચિત્ર લાગતો નથી. બાઇબલમાં કેટલીક વિચિત્ર બાબતો છે - જેના પર વિશ્વાસ કરવો કઠિન લાગે છે અને ખાસ કરીને આ આધુનિક જગતમાં તેના પર વિશ્વાસ કરવો વધારે કઠિન લાગે છે.

હું તો ઈસુ દેવ હોવા છતાં માણસ બનીને આ પૃથ્વી પર આવ્યો, વધસ્તંભ પર મરણ પામ્યો અને મૂએલાંમાંથી પાછો ઊઠયો એવી કોઇ મોટી વાત કરી રહ્યો નથી. હું નિર્ગમનમાં પ્રભુએ જે ચમત્કાર કર્યો હતો અને ઇસ્રાએલીઓને લાલ સમુદ્રમાં માર્ગ કરીને મિસરીઓથી બચાવ્યા હતા એવા મોટા ચમત્કારો વિશે પણ વાત કરી રહ્યો નથી. મોટાં ભાગનાં ખ્રિસ્તીઓ એમ કહેશે કે તેઓ એ સઘળી બાબતો પર વિશ્વાસ કરે છે. કેમ કે જો તમે ઈશ્વરપિતા પર અને ઈસુ પર તથા તેમણે જે ચમત્કારો કર્યાં તેના પર વિશ્વાસ ન કરો તો પોતાની જાતને ખ્રિસ્તી કહેવડાવવાનો શો અર્થ?

હું તો બાઇબલ વાંચતી વખતે ક્યારેક તમે જે શાસ્રભાગ વાંચો છો અને જેના વિશે મંડળીમાં ભાગ્યે જ કંઇ સાંભળ્યું હશે એવી અલૌકિક બાબત વિશે વાત કરી રહ્યો છું.

અહીં એક ઉદાહરણ છે. ૧ રાજાઓ ૨૨ મા અધ્યાયમાં ઇસ્રાએલના દુષ્ટ રાજા આહાબની વાત જોવા મળે છે. તે યહૂદિયાના રાજાની સાથે જોડાઇને રામોથ-ગિલયાદ પર ચઢાઇ કરવાની ઇચ્છા રાખતો હતો. યહૂદિયાનો રાજા ભવિષ્ય જાણવા માગતો હતો - તે જાણવા માગતો હતો કે જો તેઓ હૂમલો કરે તો શું થશે? તેથી બંને રાજાઓએ આહાબના પ્રબોધકોને પૂછયું અને એ બધા પ્રબોધકોએ જણાવ્યું કે તેઓ વિજય પ્રાપ્ત કરશે. પરંતુ એ પ્રબોધકો તો આહાબ રાજા જે સાંભળવા માગતો હતો એ જ વાતો બોલ્યા હતા અને બંને રાજાઓ પણ તે જાણતા હતા. તેથી તેમણે યહોવા દેવના પ્રબોધકને પૂછવાનો નિર્ણય કર્યો, તેનું નામ મીખાયા હતું. તેણે જે કહ્યું તે આહાબ માટે સારું નહોતું :

અને તેણે કહ્યું કે, એ માટે તું યહોવાની વાત સાંભળ. મેં યહોવાને તેના રાજ્યાસન પર બેઠેલો, અને આકાશનું સર્વ સૈન્ય તેને જમણે તથા ડાબે હાથે તેની પાસે ઊભેલું જોયું. અને યહોવાએ કહ્યું કે, કોણ આહાબને ફોસલાવે કે તે રામોથ-ગિલયાદ પર ચઢાઇ કરે ને ત્યાં માર્યો જાય? ત્યારે એકે આમ કહ્યું, અને બીજાએ તેમ કહ્યું. પછી એક આત્માએ આગળ નીકળી આવીને યહોવાની સંમુખ ઊભા રહીને કહ્યું કે, હું તેને ફોસલાવીશ. યહોવાએ એને પૂછયું કે, શાથી? એણે કહ્યું કે, હું અહીંથી જઇને તેના સર્વ પ્રબોધકોના મુખમાં પેસીને જૂઠું બોલનાર આત્મા થઇશ, અને તેણે કહ્યું કે, તું તેને ફોસલાવી શકશે, ને વળી ફતેહ પણ પામશે; ચાલ્યો જા, ને એમ કર. માટે હવે, જો, યહોવાએ આ તારા સર્વ પ્રબોધકોના મુખમાં જૂઠું બોલનાર આત્મા મૂક્યો છે; અને યહોવા તારું અહિત ઊચર્યો છે. (૧ રાજાઓ ૨૨:૧૯-૨૩)

બાઇબલ તમને જે વાત પર વિશ્વાસ કરાવવા માગે છે તે તમે જાણ્યું? કે પ્રભુ આત્માઓના જૂથને મળીને પૃથ્વી પર શું થશે તેનો નિર્ણય કરે છે? શું તે સાચું છે?

અહીં બીજું એક ઉદાહરણ પ્રસ્તુત છે, તેનો શ્રેય યહૂદાને આપી શકાય :

વળી જે દૂતોએ પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું, તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધકારમાંના સનાતન બંધનમાં રાખ્યા છે. (યહૂદાનો પત્ર ૧:૬)

દેવે કેટલાક દૂતોને અંધકારમાંના સનાતન બંધનમાં રાખ્યા છે? ખરેખર?

જેમ મેં અગાઉ કહ્યું તેમ બાઇબલમાં ઘણી વિચિત્ર બાબતો અને ખાસ કરીને અદૃશ્ય આત્મિક જગત વિશે વિચિત્ર બાબતો જોવા મળે છે. મેં એવા ઘણા ખ્રિસ્તીઓને જોયા છે જેમને અલૌકિક બાબતો વિશે બાઇબલમાં જણાવેલ ઓછા વિવાદાસ્પદ શિક્ષણ સાથે કોઇ સમસ્યા હોતી નથી, જેમ કે ઈસુ કોણ હતા અને તેમણે શું કર્યું? પરંતુ ઉપર જણાવેલ શાસ્ત્રભાગો જેવા ભાગો તેમને થોડા બેચેન કરી દે છે તેથી તેઓ તેની અવગણના કરે છે. મેં તેમનામાં એવી વૃત્તિ જોઇ છે. એકવાર મેં અને મારી પત્નીએ એક મંડળીની મુલાકાત લીધી હતી ત્યાં પાળક સાહેબ ૧ પિતરની શ્રેણી પર સંદેશો આપી રહ્યા હતા. જે દિવસે સવારે ૧ પિતરનો પત્ર ૩:૧૮-૨૨ નો શાસ્ત્રભાગ આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, “આપણે આ કલમોને છોડીને આગળ વધીએ. તે ખૂબ જ વિચિત્ર અથવા ગૂઢ છે.” તેમણે જેને વિચિત્ર કલમો કહી તેમાં અલૌકિક બાબતોનો સમાવેશ થાય છે અને તે તેમની ઈશ્વરવિદ્યામાં બંધબેસતી નથી. જેમ કે :

ખ્રિસ્તે પણ એક વેળા પાપોને સારુ, એટલે ન્યાયીએ અન્યાયીઓને સારુ દુઃખ સહ્યું કે, જેથી તે આપણને દેવની પાસે પહોંચાડે; તેને દેહમાં મારી નાખવામાં આવ્યો, પણ આત્મામાં સજીવન કરવામાં આવ્યો; તે આત્મામાં પણ તેણે જઇને બંદીખાનામાં પડેલા આત્માઓને ઉપદેશ કર્યો; પ્રાચીન સમયમાં, એટલે નૂહના સમયમાં, જ્યારે વહાણ તૈયાર થતું હતું, અને દેવ સહન કરીને ધીરજ રાખતો હતો, અને જ્યારે વહાણમાં થોડાં, એટલે આઠ જણ પાણીથી બચી ગયાં, ત્યારે તેઓ અનાજ્ઞાંકિત હતા. (૧ પિતરનો પત્ર ૩:૧૮-૨૦).

બંદીખાનામાં પડેલા આ આત્માઓ કોણ અને ક્યાં હતા? તે વિશે એ પાળક કદાચ કંઇ જાણતા નહોતા અથવા તો તેનો ઉત્તર આપવા માગતા નહોતા તેથી તેમણે એ કલમોની અવગણના કરી હતી.

બાઇબલના વિદ્વાન તરીકે મેં આવા વિચિત્ર શાસ્ત્રભાગો (અને બીજાં પણ ઓછા જાણીતા અથવા ઓછા સમજવામાં આવેલા શાસ્ત્રભાગો) કે જે ખરેખર ખૂબ જ મહત્વનાં છે તેનો અભ્યાસ કર્યો છે. તે શાસ્ત્રભાગો ઈશ્વર વિશેની તથા અદૃશ્ય જગત અને આપણા પોતાના જીવન વિશેની ચોક્કસ બાબતો શીખવે છે. તમે માનો કે ન માનો પરંતુ જો આપણે તેની જાણકારી પ્રાપ્ત કરીએ અને તેનો અર્થ સમજીએ તો ઈશ્વર વિશેના, એકબીજા વિશેના અને શા માટે આપણે અહી છીએ તથા આપણું અંતિમ કાર્ય શું હશે તે વિશેના આપણા વિચારો બદલાઇ જશે.

કરિંથની મંડળીને લખેલા પહેલા પત્રમાં આપણે જોઇએ છીએ કે તે મંડળીના વિશ્વાસીઓ પોતાના વિવાદોનો અંત લાવવા માટે એકબીજાને અદાલતમાં ઘસડી જતા હતા તેથી પાઉલ નાખુશ થયો હતો. તેને એમ લાગતું હતું કે એ તો સમય અને ભાવનાત્મક શક્તિનો બગાડ છે અને તેનાથી વિશ્વાસ પર નકારાત્મક પ્રભાવ પડે છે. તેણે નિસાસા સાથે લખ્યું કે, “સંતો જગતનો ન્યાય કરશે એ શું તમે જાણતા નથી?...આપણે દૂતોનો ન્યાય કરીશું, એ શું તમે જાણતા નથી?” (૧ કરિંથીઓને પત્ર ૬:૨,૩)

જગતનો ન્યાય? *દૂતોનો ન્યાય?*

પાઉલ આ મુંઝવણભરેલા વચનોમાં જે કહે છે તે અદ્‌ભુત અને જીવનને બદલનાર વાત છે. બાઇબલ અલૌકિક કાર્યોને આપણા જીવનો અને ભવિષ્ય સાથે જોડે છે. એક દિવસે આપણે જગતનો ન્યાય કરીશું. જેમ પાઉલે કહ્યું તેમ આપણે દૂતોનો પણ ન્યાય કરીશું. તેના વિશેની વધારે બાબતો હું પછી જણાવીશ.

પાઉલે કરિંથીઓને અને આપણને જે કહ્યું એ તો બાઇબલમાં દેવે કેવી રીતે આપણું સર્જન કર્યું અને આપણે તેમના સ્વર્ગીય કુટુંબના ભાગીદાર બનીએ એવી પ્રભુની ઇચ્છા છે તેને લગતી વાત છે. બાઇબલમાં ઈશ્વર પિતા, પ્રભુ ઈસુ અને અદૃશ્ય જગત તથા વિશ્વાસીઓ - જેમાં *તમારો અને મારો સમાવેશ થાય છે* એ વાતો સમજાવવા માટે કૌટુંબિક સંબંધો પરથી જે શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલો છે જેમ કે એક ઘર અને સાથે કામ કરવું તે શબ્દોનો પ્રયોગ અકસ્માતે કરવામાં આવ્યો નથી. માણસજાત પોતાના કુટુંબનો ભાગ બને અને પોતાના સર્જન પર અધિકાર ચલાવે એવી ઈશ્વરની ઇચ્છા છે.

આપણે બધા *જેમ આકાશમાં તેમ પૃથ્વી પર* એ શબ્દોનો વિષય જાણીએ છીએ. એ વિચાર તો પ્રભુ ઈસુએ શીખવેલી પ્રાર્થનાના શબ્દો પરથી આવેલો વિચાર છે (માથ્થી ૬:૧૦). અદૃશ્ય જગતમાં તેમનું સ્વર્ગીય સૈન્ય છે તેની સાથેના સંપૂર્ણ જગતમાં માનવીય કુટુંબ પણ રહે એવી શરૂઆતથી જ દેવની ઇચ્છા હતી. આ પુસ્તક તો બાઇબલમાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તેના વિશે - એટલે કે ઈશ્વરનો હેતુ, અંધકારના સામર્થ્ય દ્વારા ઈશ્વરના હેતુનો કરવામાં આવેલો વિરોધ, તેની નિષ્ફળતા અને પ્રભુની અંતિમ સફળતા વિશે છે. જો આપણે તેના બધા જ પાત્રોનો સમાવેશ ન કરીએ તો બાઇબલની વાતની યોગ્ય રીતે પ્રશંસા કરી શકીએ નહિ. આ મુખ્ય વાતના ભાગીદાર અલૌકિક પાત્રો પણ છે, પરંતુ બાઇબલના ઘણા શિક્ષકો દ્વારા તેની અવગણના કરવામાં આવે છે.

પ્રભુના સ્વર્ગીય સૈન્યના સભ્યો બાઇબલમાં જણાવેલ મનુષ્યની વાતની સાથે અસંબંધિત કે મામૂલી નથી. તેઓ એક મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ બાઇબલના આધુનિક વાચકો બાઇબલમાં જણાવેલ એવા શાસ્રભાગો જ્યાં અલૌકિક જગતને લગતી બાબતો વિશે લખવામાં આવ્યું છે તેના ભૂતકાળને સમજ્યા વગર વાંચી જાય છે. બાઇબલમાં હવે હું જે જોઉં છું તેનો અભ્યાસ કરવામાં મને દસ વર્ષનો સમય લાગ્યો છે અને એ વર્ષોના અભ્યાસના ફળને હું તમારી સાથે વહેંચવા માગું છું.

પરંતુ શરૂઆતમાં જ મેં જે પ્રશ્ન પૂછયો હતો તેને ભૂલી જઇએ નહિ. *શું તમે બાઇબલ જે કહે છે તેના પર ખરેખર વિશ્વાસ કરો છો?* આ પ્રશ્ન દ્વારા આપણે મુખ્ય માર્ગ સાથે જોડાઇએ છીએ. જો તમે અદૃશ્ય જગત વિશે અને તે તમારા જીવન સાથે કેવી રીતે સુસંગતત છે તેના વિશે બાઇબલ જે કહે છે તેના પર વિશ્વાસ કરશો નહિ તો તમને લાભ થશે નહિ.

૨ રાજાઓ ૬:૮-૨૩ માં એલિશા પ્રબોધક (ફરીથી) સમસ્યામાં હતો. એક ક્રોધિત રાજાએ તેની ધરપકડ કરવા માટે તેના ઘરની આસપાસ સૈન્યની એક મોટી ટૂકડી મોકલી હતી. જ્યારે તેનો ચાકર તે જોઇને ગભરાઇ ગયો ત્યારે એલિશાએ કહ્યું કે, ''બીતો નહિ; કેમ કે જેઓ આપણી સાથે છે તેઓ તેમની સાથે જેઓ છે તેઓના કરતાં વિશેષ છે.'' તેનો ચાકર કંઇ કહે તે પહેલાં જ એલિશાએ પ્રાર્થના કરી કે, ''હે યહોવા, કૃપા કરીને એની આંખો ઊઘાડ કે એ જુએ.'' દેવે તેને તરત જ ઉત્તર આપ્યો. ''ત્યારે યહોવાએ તે જુવાનની આંખો ઉઘાડી. અને તેણે જોયું, તો જુઓ, એલિશાની આસપાસ અગ્નિઘોડાઓથી તથા અગ્નિરથોથી પર્વત ભરાઇ ગયો હતો.''

તમારા માટે મારી પ્રાર્થના પણ એલિશાની પ્રાર્થના જેવી જ છે. તમે ફરીથી બાઇબલને એક જ દૃષ્ટિકોણથી ન જુઓ તે માટે પ્રભુ તમારી આંખો ઊઘાડો.

## પ્રકરણ ૨

# અદૃશ્ય ક્ષેત્ર : યહોવા દેવ અને બીજા દેવો

લોકો અલૌકિક બાબતો અને પરાક્રમી લોકોથી પ્રભાવિત થાય છે. તાજેતરના વર્ષોના મનોરંજન ઉદ્યોગ વિશે વિચાર કરો. પાછલા દાયકામાં દૂતો, પરગ્રહવાસીઓ, રાક્ષસો, અશુદ્ધ આત્માઓ, ભૂતો, જાદુગરો, મેલી વિદ્યા કરનારાઓ, લોકોનું લોહી ચૂસી લેનાર ભૂતો, વરૂનું સ્વરૂપ લેનારા માણસો અને પરાક્રમી નાયકો વિશે ઘણા પુસ્તકો, ટેલીવિઝન કાર્યક્રમો અને ચલચિત્રો પ્રસારીત થયાં છે. હોલીવુડની કેટલીક શ્રેણીઓ જેમ કે - એક્સ મેન, ધી અવેન્જર્સ, હેરી પોટરની શ્રેણી, સુપરમેન અને ટવીલાઇટ સાગા ઘણી પ્રખ્યાત છે. ફ્રિન્જ અને સુપરનેચરલ અને એક્સ ફાઇલ્સ જેવા ટી.વી. કાર્યક્રમો પૂરા થયા પછી પણ ઘણા લાંબા સમય સુધી તેને પસંદ કરવામાં આવ્યાં છે. વાસ્તવમાં જોઇએ તો શું આ સઘળી બાબતો હંમેશા વાર્તાઓ, પુસ્તકોમાં કે કલાકારીગરીમાં પ્રખ્યાત થતી નથી?

શા માટે?

તેનો એક ઉત્તર એ છે કે એ સઘળી બાબતો સામાન્ય બાબતો કરતાં અલગ હોય છે. એ સઘળી બાબતો આપણી આગળ આપણા જગત કરતાં વધારે રસપ્રદ જગતને પ્રગટ કરે છે. તેમાં બ્રહ્માંડમાં ભલાઇ અને ભૂંડાઇ વિશેની કેટલીક બાબતો બતાવવામાં આવે છે અને તે આપણને રોમાંચિત કરે છે. ધી લોર્ડ ઓફ ધ રિંગ્સમાં મધ્ય પૃથ્વીના નાયકો (જેમ કે ગેંડાલ્ફ, ફ્રોડો અને તેના જૂથના) ડાર્ક લોર્ડ સૌરેનની વિરુદ્ધમાં કરેલા સંઘર્ષે અડધી સદી સુધી (અને અત્યારે પણ તેના વિશેનું ચલચિત્ર) જોનારાઓને જકડી રાખ્યા છે. જેટલા વધારે ખલનાયકો બીજા જગતના હશે એટલો વધારે અદ્‌ભુત વિજય હશે.

લોકો બીજા જગત તરફ ખેંચાય છે તેનું એક કારણ એ પણ છે કે સભાશિક્ષકના પુસ્તકમાં જણાવ્યું છે કે દેવે “આપણા હૃદયોમાં સનાતનપણું એવી રીતે મૂક્યું છે” (સભાશિક્ષક ૩:૧૧). માણસની પરિસ્થિતિ એવી છે કે તે માનવીય અનુભવ કરતાં વધારે અનુભવની એટલે કે દૈવી અનુભવની ઇચ્છા રાખે છે. પાઉલ પ્રેરિતે પણ તેના આવા અનુભવ વિશે લખ્યું છે. તેણે શીખવ્યું કે ઈશ્વરે બનાવેલા આ જગતમાં જીવવાથી આપણને તે અનુભવ પ્રાપ્ત થાય છે. સૃષ્ટિ તેના સરજનહારની તથા આપણા જગત કરતાં બહારના જગતની પણ સાક્ષી પૂરે છે (રોમનોને પત્ર ૧:૧૮-૨૩). વાસ્તવમાં પાઉલે કહ્યું કે તે જુસ્સો એટલો સમર્થ છે કે તેને ઇરાદાપૂર્વક દાબી રાખવામાં આવે છે (કલમ ૧૮).

છતાં પણ આપણે પરાક્રમી નાયકો તથા અલૌકિક બાબતોના પુસ્તકો, ચલચિત્રો અને લોકો વિશેની આપણી પોતાની કલ્પિત વાર્તાઓ કરતાં બાઇબલની ઐતિહાસિક વાતનો વિચાર કરતા નથી. તેના કેટલાક કારણો છે અને તે ખાસ અસરોની અછત કરતાં વધારે મોટાં છે. કેટલાક લોકોને માટે બાઇબલના પાત્રો ખૂબ જ સામાન્ય અથવા વૃદ્ધ છે. તે પરાક્રમી કે બળવાન લાગતા નથી. આપણે નાનાં બાળકો હતા ત્યારથી સાબ્બાથશાળામાં જે લોકોની વાતો સાંભળી હતી આ એ જ લોકો અને એ જ વાતો છે. ત્યારબાદ સાંસ્કૃતિક અવરોધ પણ છે. જેમ ઈસુના જન્મ સમયે તમારી મંડળીમાં ભજવવામાં આવતા નાટકમાં ઝભ્ભો પહેરેલા ઘેટાંપાળકો અને માણસોને દર વર્ષે જુઓ છો તેમ આપણી જાતને પણ એવા વસ્ત્રો ધારણ કરેલી જોવી કઠિન લાગે છે.

પણ હું માનું છું કે વૈજ્ઞાનિક કે અલૌકિક બાબતોને લગતી કાલ્પનિક વાતો આપણા પર સરળતાથી પ્રભાવ પાડે છે તેનું કારણ એ છે કે આપણને બાઇબલના અદૃશ્ય જગત વિશે એવા વિચાર કરવાનું જ શીખવવામાં આવ્યું છે. અત્યાર સુધી મંડળીમાં મેં જે સાંભળ્યું છે તેનાથી અલૌકિક બાબતો કંટાળાજનક લાગે છે. તેનાથી વધારે કંટાળાજનક વાત તો એ છે કે મંડળીનું શિક્ષણ અદૃશ્ય બાબતો અને અલૌકિક જગતને સામર્થ્યવિહોણું કરીને તેને નિરૂપયોગી બનાવે છે.

મોટા ભાગના ખ્રિસ્તીઓ અદૃશ્ય જગત વિશે જેવો વિચાર કરે છે એવું તે નથી. દૂતોને પાંખો નથી. (કરૂબીમનો તેમાં સમાવેશ થતો નથી કેમ કે દૂતોમાં તેમની ગણતરી થતી નથી અને તે અલગ સર્જન છે. દૂતો હંમેશા માણસના રૂપમાં હોય છે.) અશુદ્ધ આત્માઓને શિંગડા કે પૂંછડી હોતી નથી અને તે આપણને પાપ કરાવવા માટે અહીં નથી (આપણે આપણી જાતે પાપ કરીએ છીએ). બાઇબલમાં જે સ્થળોએ અશુદ્ધ આત્માગ્રસ્ત માણસો વિશે જણાવવામાં આવ્યું છે તેમાં હોંશિયાર અશુદ્ધ આત્મા લોકોને કઠપૂતળી બનાવવા કરતાં વધારે કાર્ય કરે છે. તેનાથી વિશેષ તો દૂતો અને અશુદ્ધ આત્માઓ નાના પાત્રો છે. મંડળી ક્યારેય તેને મોટું સ્વરૂપ આપતી નથી.

## દેવો વાસ્તવિક છે

મેં પ્રથમ પ્રકરણમાં તમને પૂછ્યું હતું કે બાઇબલ જે કહે છે તેના પર તમે ખરેખર વિશ્વાસ કરો છો ખરા? આ પ્રશ્નનો વિચાર કરો.

બાઇબલ કહે છે કે દેવની પાસે પોતાના નિર્ણયો પૂરા કરવા માટે અલૌકિક લોકોની સેના છે. તેને દેવની સભા, સંતોની સભા કે દેવની ન્યાયસભા કહેવામાં આવે છે (ગીતશાસ્ત્ર ૮૯:૫-૭; દાનિયેલ ૭:૧૦). તેને માટેનું સ્પષ્ટ વચન તો ગીતશાસ્ત્ર ૮૨:૧ છે. અંગ્રેજીમાં ગુડ ન્યુઝ સંસ્કરણનો અનુવાદ એમ કહે છે કે, "દેવ સ્વર્ગીય સભાનો અધ્યક્ષ છે; દેવોની સભામાં તે તેનો નિર્ણય જણાવે છે."

જો તમે તેના વિશે વિચાર કરો તો આ કલમ આશ્ચર્યજનક છે. જ્યારે મેં પ્રથમવાર તેના વિશે વિચાર કર્યો ત્યારે હું હચમચી ગયો હતો. પરંતુ આ કલમમાં જે લખ્યું છે એ જ તેનો સામાન્ય અર્થ છે. બાઇબલની બીજી કલમોની જેમ ગીતશાસ્ત્ર ૮૨:૧ ને પણ તેના સંદર્ભ પ્રમાણે જ જોવી જોઇએ - અને આ કલમ *દેવો* વિશે જણાવે છે અને તેનો અર્થ કેવી રીતે કરવો જોઇએ!

"દેવો" વિશે જે હિબ્રૂ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે *એલોહિમ* શબ્દ છે. આપણામાંનાં ઘણા લોકોએ લાંબા સમય સુધી *એલોહિમ* શબ્દને દેવ બાપના એક નામ તરીકે જ વિચાર્યો છે, તેથી તેના વિસ્તૃત અર્થ વિશે વિચાર કરવો કઠિન લાગે છે. આ શબ્દ અદૃશ્ય આત્મિક જગતના *કોઇપણ* રહેવાસીને માટે ઉપયોગમાં લેવાય છે. પરંતુ આ શબ્દ ઈશ્વરને માટે (ઉત્પત્તિ ૧:૧), અશુદ્ધ આત્માઓ માટે (પુનર્નિયમ ૩૨:૧૭) અને મનુષ્યોમાંનાં મૂએલા વ્યક્તિને માટે (૧ શમુએલ ૨૮:૧૩) ઉપયોગમાં લેવાયો છે તે જોઇ શકો છો. બાઇબલમાં આત્મિક જગતના કોઇપણ ભૌતિક શરીર વગરના પાત્રને માટે *એલોહિમ* શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આ હિબ્રૂ શબ્દમાં ફક્ત ઈશ્વરની જ પાસે જે યોગ્યતાઓ અને લાયકાતો છે તેનો સમાવેશ થતો નથી. બાઇબલ બીજા દેવો અને ઈશ્વર વચ્ચેનો તફાવત દર્શાવવા માટે *એલોહિમ* શબ્દનો ઉપયોગ કરતું નથી પરંતુ બીજી રીતે તે તફાવત દર્શાવે છે. ઉદાહરણ તરીકે, બાઇબલના વચનમાં બીજા દેવોને યહોવા દેવની આરાધના કરવાની આજ્ઞા આપવામાં આવી છે (ગીતશાસ્ત્ર ૨૯:૧). તે સરજનહાર અને રાજા છે (ગીતશાસ્ત્ર ૯૫:૩; ૧૪૮:૧-૫). ગીતશાસ્ત્ર ૮૯:૬-૭ કહે છે, "આકાશમાં એવો કોણ છે કે જેની સરખામણી યહોવાની સાથે થાય? દેવદૂતોમાં યહોવાના જેવો કોણ છે?" (૧ રાજાઓ ૮:૨૩; ગીતશાસ્ત્ર ૯૭:૯). "સંતોની સભામાં તે ઘણો ભયાવહ દેવ છે." બાઇબલના લેખકો ઇસ્રાએલના દેવની સરખામણીમાં બીજું કોઇ આવતું નથી - અને તે "દેવોનો દેવ" છે તે વિશે ખૂબ જ સ્પષ્ટ છે (પુનર્નિયમ ૧૦:૧૭; ગીતશાસ્ત્ર ૧૩૬:૨).

"પવિત્રોની સભા"માં આ જે પાત્રો છે તે વાસ્તવિક છે. આ પુસ્તકના પ્રથમ પ્રકરણમાં મેં એક શાસ્ત્રભાગ વિશે જણાવ્યું છે જેમાં યહોવા દેવ પોતાની સ્વર્ગીય સભામાં આહાબથી છુટકારો કેવી રીતે મેળવવો તેના વિશેનો નિર્ણય લે છે. તે શાસ્ત્રભાગમાં આ

સ્વર્ગીય જૂથના સભ્યોને આત્માઓ કહેવામાં આવ્યા છે. જો આપણે વિશ્વાસ કરીએ છીએ કે આત્મિક જગત વાસ્તવિક છે અને તેમાં ઈશ્વર તથા બીજા આત્મિક પાત્રો રહે છે (જેમને દેવે બનાવ્યા છે, જેમ કે દૂતો) તો આપણે એ પણ સ્વીકારવું પડે કે મેં ઉપર જે વચનો જણાવ્યાં છે તેમાં અને બીજા પણ કેટલાક વચનોમાં જણાવેલ દેવનું અલૌકિક સૈન્ય પણ વાસ્તવિક છે. જો એમ ન કરીએ તો આપણે આત્મિક વાસ્તવિકતાને ફક્ત હોઠોથી જ માન આપીએ છીએ.

બાઇબલ દેવની સભાના સભ્યોને આત્માઓ તરીકે દર્શાવે છે તેથી આપણે જાણીએ છીએ કે દેવો તો ફક્ત પથ્થર કે લાકડાની મૂર્તિઓ નથી. સ્વર્ગીય સભામાં દેવને માટે મૂર્તિઓ કાર્ય કરી શકે નહિ. એ સાચું છે કે પ્રાચીન જગતમાં જે લોકો પ્રતિસ્પર્ધી (બીજા) દેવોની ભક્તિ કરતા હતા તેઓ મૂર્તિઓ બનાવતા હતા. પરંતુ તેઓ જાણતા હતા કે તેમણે તેમના હાથે જે મૂર્તિઓ બનાવી છે તે વાસ્તવિક સામર્થ્ય ધરાવતી નથી. હાથોથી બનાવેલી એ મૂર્તિઓ તો એવી વસ્તુઓ હતી જેમાં તેમના દેવો આવીને રહી શકતા હતા અને તેમાં આવીને રહેવા માટે અને તેની આગળ કરવામાં આવેલા બલિદાનોનો સ્વીકાર કરવા માટે તે દેવોને વિનંતીઓ કરવામાં આવી હતી.

## સભાનું માળખું અને કાર્ય

ગીતશાસ્ત્ર ૮૨:૧માં જણાવેલ દેવોને છઠ્ઠી કલમમાં "પરાત્પરના દીકરા" કહેવામાં આવ્યા છે. "પરાત્પરના દીકરા" શબ્દ બાઇબલમાં ઘણીવાર જોવા મળે છે અને સામાન્ય રીતે તેઓ દેવની હાજરીમાં હતા (અયૂબ ૧:૬; ૨:૧). અયૂબ ૩૮:૭ કહે છે કે યહોવા દેવે પૃથ્વી અને માણસજાતની રચના કરવાની શરૂઆત કરી ત્યારે તેઓ યહોવા દેવની આગળ હતા.

એ ખૂબ જ રસપ્રદ છે. યહોવા દેવ આ આત્મિક પાત્રોને પોતાના દીકરા કહે છે. જેમ તમે તમારા સંતાનનું સર્જન કરવામાં ભાગ ભજવ્યો છે તેથી તેને તમે તમારો દીકરો કે દીકરી કહો છો તેમ યહોવા દેવે તેમનું સર્જન કર્યું છે તેથી ત્યાં પણ "કુટુંબ"ને લગતી ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પરંતુ તેમના પિતા હોવાની સાથે-સાથે ઈશ્વર તેમનો રાજા પણ છે. પ્રાચીન જગતમાં હંમેશા રાજા પોતાના વિસ્તૃત કુટુંબ દ્વારા રાજ કરતો હતો. તેના સંતાનોને રાજાનું પદ આપવામાં આવતું હતું. કુટુંબીજનોને અધિકાર પ્રાપ્ત થતો હતો. યહોવા દેવ તેમની સભાના પ્રભુ છે અને તેમના દીકરાઓ યહોવા દેવની સાથેના સંબંધને લીધે બીજો ઉચ્ચ અધિકાર ધરાવે છે. પરંતુ, એવું કંઇ થયું જેના લીધે તેઓમાંના કેટલાક વિશ્વાસઘાતી થયા તેના વિશે આ પુસ્તકમાં આપણે ચર્ચા કરીશું.

દેવના દીકરાઓ નિર્ણય લેનાર પણ છે. આપણે ૧ રાજાઓ ૨૨ માં જોઇએ છીએ (અને બીજા પણ કેટલાક શાસ્ત્રભાગોમાં જોઇએ છીએ) કે માનવીય ઇતિહાસમાં અસર ઉપજાવવા માટે યહોવા દેવના કાર્યનો સમાવેશ થાય છે. જ્યારે દેવે નિર્ણય કર્યો કે હવે દુષ્ટ રાજા આહાબનો મરવાનો સમય થયો છે ત્યારે તેનું મરણ કેવી રીતે થશે તેનો નિર્ણય પોતાની સભા પર છોડયો હતો.

બાઇબલમાં ફક્ત ગીતશાસ્ત્ર ૮૨ અને ૧ રાજાઓ ૨૨ માં જ દેવની સભા એકઠી થઇ હતી એમ નથી. પરંતુ આ બંને સભામાં રાજ્યોના ભવિષ્યનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

દાનિયેલના પુસ્તકના ચોથા અધ્યાયમાં બાબિલના રાજા નબૂખાદનેસ્સારને યહોવા દેવ દ્વારા થોડા સમય માટે ગાંડપણ કરવાની શિક્ષા કરવામાં આવી હતી. આ શિક્ષા તો "પરાત્પર દેવના હૂકમ" (દાનિયેલ ૪:૨૪) અને "જાગૃત રહેનારાના" (દાનિયેલ ૪:૧૭) હૂકમથી કરવામાં આવી હતી. *જાગૃત રહેનારા* શબ્દ તો યહોવા દેવની સભાના દૈવી સભ્યોને માટે ઉપયોગમાં લેવાયેલ શબ્દ છે. તે દર્શાવે છે કે તેઓ કેવી રીતે મનુષ્યોના કાર્યો પર નજર રાખે છે અને ક્યારેય ઊંઘી જતા નથી.

બાઇબલમાં દેવની સભાનું એકત્રીકરણ આપણને જણાવે છે કે દેવની સભાના સભ્યો દેવના શાસનમાં *સહભાગી* થાય છે. કેટલાક કિસ્સાઓમાં યહોવા દેવ પોતાની ઈચ્છા જાહેર કરે છે પરંતુ તે કાર્ય કેવી રીતે કરવું તેનો નિર્ણય કરવાની અનુમતિ પોતાના અલૌકિક પ્રતિનિધિઓને આપે છે.

દૂતો પણ દેવની સભામાં સહભાગી થાય છે. બાઇબલની મૂળ ભાષાઓમાં જૂના અને નવા કરારમાં *દૂત* શબ્દનો વાસ્તવિક અર્થ *સંદેશવાહક* થાય છે. *દૂત* શબ્દ તો વાસ્તવમાં તેના કાર્યનું વર્ણન છે. દૂતો લોકો સુધી સંદેશો પહોંચાડે છે. આપણે આ પુસ્તકમાં દૂતો અને તેમનાં કાર્યો તથા દેવની સભાના સભ્યોની ફરજો વિશે પછીથી જોઇશું.

## શા માટે તે મહત્વનું છે

આ પુસ્તકમાં અત્યાર સુધી તમે જે વાંચ્યું છે તેના વિશે તમારી પ્રતિક્રિયા કદાચ એવી હશે કે, "આ રસપ્રદ બાબત છે - મેં બાઇબલમાં અગાઉ ક્યારેય આવું જોયું નથી. પરંતુ મારા દૈનિક જીવન અને મંડળીના કાર્યો જે રીતે ચાલે છે તેમાં તે કેવી રીતે લાગુ થઇ શકે?" અને તેનો ઉત્તર એ છે કે, આ પુસ્તકમાં જે સત્યો પ્રસ્તુત કરવામાં આવ્યા છે તે ઈશ્વર વિશેની આપણી સમજ, આપણે કેવી રીતે તે સમજ સાથે જોડાઇએ છીએ અને આ પૃથ્વી પર આપણો હેતુ શો છે તેની સાથે સુસંગત થાય છે. તેને સ્પષ્ટ કરવા માટે હું દરેક પ્રકરણમાં આ વિભાગ દ્વારા તે પ્રકરણના સત્યોના પ્રાયોગિક લાગુકરણને દર્શાવતી સમિક્ષા જણાવીશ.

આ પ્રકરણમાં બાઇબલ કેવી રીતે દેવની બ્રહ્માંડને લગતી વ્યવસ્થાનું વર્ણન કરે છે અને તે વર્ણન આપણને દેવ વિશે અને તે કેવી રીતે આપણી સાથે સંબંધ રાખે છે તેના વિશે ચર્ચા કરી.

પ્રથમ વાત એ છે કે, યહોવા દેવના સ્વર્ગીય કુટુંબનું કાર્ય તો યહોવા દેવ કેવી રીતે પોતાના પૃથ્વી પરના કુટુંબની સાથે સંબંધ રાખે છે તેનો નમૂનો છે. આપણે આગળના પ્રકરણમાં તેના વિશે ચર્ચા કરીશું, પરંતુ અહીં એક ઉદાહરણ છે : તમને કદાચ એવો પ્રશ્ન થતો હશે કે શા માટે યહોવા દેવને એક સભાની જરૂર છે? યહોવા દેવને કંઇ પણ કરવા માટે (આત્મિક જગતમાં પણ) મદદની *જરૂર* પડવી જોઇએ નહિ. તે ઈશ્વર છે! પરંતુ બાઇબલ સ્પષ્ટપણે જણાવે છે કે કાર્યો કરવા માટે તે પોતાનાથી ઉતરતી કક્ષાના જીવોનો ઉપયોગ કરે છે.

ઈશ્વરને દૈવી સભાની જરૂર નથી, પરંતુ તે તેનો ઉપયોગ કરવાની પસંદગી કરે છે. યહોવા દેવને આપણી પણ જરૂર નથી. જો ઈશ્વર ચાહે તો તે જેમને સુવાર્તાની જરૂર છે તેમને મોટેથી જણાવીને પોતાના તરફ ફરવાનુ ઉત્તેજન આપી શકે છે અને તે સારું છે એમ કહી શકે છે. તે લોકોના કાનોમાં પોતાનો અવાજ સંભળાવીને બીજાઓ પર પ્રેમ રાખવાનું સમજાવી શક્યા હોત, પરંતુ તેમણે એમ કર્યું નહિ. પ્રભુ પોતાનું કાર્ય કરવા માટે તમારા અને મારા જેવા લોકોનો ઉપયોગ કરે છે.

બીજી વાત એ છે કે પ્રભુ કોઇપણ પ્રસંગ પોતાની ઇચ્છા પ્રમાણે થાય તે માટે તેને અગાઉથી નિર્માણ કરી શક્યા હોત. પરંતુ તેમણે એમ કર્યું નહિ. આહાબ રાજાની વાતમાં દેવે પોતાના સ્વર્ગીય મદદનીશોને કેવી રીતે પોતાની ઇચ્છા પૂરી કરવી જોઇએ તેનો નિર્ણય લેવા દીધો હતો. બીજા શબ્દોમાં કહીએ તો દેવે તેમને તેમની સ્વતંત્ર ઇચ્છાનો ઉપયોગ કરવા દીધો. એ પ્રસંગ આપણને બતાવે છે કે બધું જ અગાઉથી નિર્માણ કરેલું નથી. તે ફક્ત અદૃશ્ય જગત માટે જ નહિ પરંતુ આપણા જગત માટે પણ એટલું જ સાચું છે.

બાઇબલમાં અદૃશ્ય જગતનું એક માળખું છે. ઈશ્વર પોતે તેના સી.ઇ.ઓ. (એટલે કે મુખ્ય અધિકારી) છે. જેઓ તેમના માટે કામ કરે છે તેઓ તેમના કુટુંબના સભ્યો છે. તેઓ એકબીજાની સાથે અધિકાર વહેંચે છે. આ કંપનીને ચલાવવામાં તેઓ સહભાગી થાય છે.

બાઇબલ માણસજાત માટે પણ એવી જ વાત કરે છે તે આશ્ચર્યજનક છે. શરૂઆતમાં જ એદનવાડીમાં દેવે પોતાની સાથે રહીને પૃથ્વી પર અધિકાર ચલાવવા માટે માણસનું સર્જન કર્યું. દેવે આદમ અને હવાને કહ્યું કે, “ઘણાં સંતાનો ઉપજાવો, જેથી તમારા સંતાનો આખી પૃથ્વી પર ફેલાઇ જાય અને પૃથ્વીને તેમના નિયંત્રણ હેઠળ રાખે” (ઉત્પત્તિ ૧:૨૮ અંગ્રેજીના ગુડ ન્યુઝ અનુવાદના સંસ્કરણ પરથી). આદમ અને હવા યહોવા દેવના સંતાન - યહોવા દેવના પૃથ્વી પરના કુટુંબના સભ્યો હતા. યહોવા દેવ તેમની સાથે રહેવા માગતા હતા અને આખી પૃથ્વીને એદનવાડી જેવી બનાવવા માટે તેઓ સહભાગી થાય એવી ઈચ્છા રાખતા હતા.

આ તો મોટા ભાગના વાચકોને માટે પરિવારનો વિષય છે. પરંતુ જે દૃશ્ય સ્વરૂપમાં દેખાતું નથી તે એ છે કે એદનવાડીમાં ફક્ત આદમ અને હવા જ દેવના કુટુંબના સભ્યો નહોતા. તેમનું દૈવી કુટુંબ પણ ત્યાં હતું. ઈશ્વર એદનવાડીમાં રહેતા હતા અને જ્યાં ઈશ્વર રહે છે ત્યાં તેમનું કુટુંબ પણ રહે છે. આપણે એવો વિચાર કરીએ છીએ કે આપણે જે સ્થાનમાં દેવની તથા દૂતોની સાથે અને દેવના દૈવી કુટુંબની સાથે રહીશું તે સ્થાન તો સ્વર્ગ છે. તેનો મૂળ ઈરાદો એ જ હતો અને એવો જ રહેશે. બાઇબલના અંતમાં સ્વર્ગ પૃથ્વી પર પાછું આવશે અને નવી વૈશ્વિક એદનવાડી હશે એ વાતમાં કોઇ સંયોગ નથી (પ્રકટીકરણ ૨૧-૨૨).

આપણા મૂકામ (ભાવી)ને સમજવા માટે જ્યાં દેવના બે કુટુંબો એક જ સ્થળે રહેતા હતા તે સમયગાળાનો વિચાર કરવો પડે. આપણે પાછું વળીને એદનવાડીને જોવાની જરૂર છે.

## પ્રકરણ ૩
# અગાઉના અને ભવિષ્યના રાજાઓ

આપણે દેવની સ્વર્ગીય સભા - એટલે કે દેવના અદૃશ્ય કુટુંબ અને કાર્યકારી સેનાનો પરિચય ટૂંકમાં જોયો છે. તેમાં ઘણું વધારે જાણવાનું છે - આપણે તેને જોવાની જરૂર છે, ખાસ કરીને તેમાં ઈસુ અને શેતાન જેવા મુખ્ય પાત્રો કેવી રીતે કાર્ય કરે છે તે જોવાની જરૂર છે. પરંતુ અદૃશ્ય જગતમાં જે થાય છે તે જોવા માટે આપણે પાછા ફરીએ તે પહેલાં આપણે આપણી પોતાની જાત વિશે નવેસરથી વિચાર કરવાની જરૂર છે. આત્મિક જગતમાં ઈશ્વર પોતાની સભા દ્વારા જે રીતે અધિકાર ચલાવે છે તે તેમના પૃથ્વી પરના અધિકારનો નમૂનો છે - જેને ઈશ્વરવિદ્યાના શાસ્ત્રીઓ દેવનું રાજ્ય કહે છે. તેની શરૂઆત ઉત્પત્તિમાં એદન વાડીમાંથી થઇ હતી.

## એદન વાડી - દેવનું ગૃહ કાર્યાલય

"એદન વાડી" શબ્દ સાંભળીને તમને સૌથી પહેલા કયો વિચાર આવે છે? મેં જેમની સાથે તે વિષે વાત કરી તેમાંનાં મોટા ભાગના લોકો આદમ અને હવા વિશે વિચાર કરે છે. એદન વાડી તેમનું ઘર હતું. દેવે તેમને ત્યાં મૂક્યા હતા (ઉત્પત્તિ ૨:૧૫-૨૫).

પરંતુ એદન વાડી દેવનું પણ *ઘર* હતું. હઝકિયેલ એદન વાડીને "દેવની એદન વાડી" કહે છે (હઝકિયેલ ૨૮:૧૩; ૩૧:૮-૯). ખરેખર તેમાં કોઇ આશ્ચર્યની વાત નથી. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે હઝકિયેલ "દેવની એદન વાડી" શબ્દનો પ્રયોગ કર્યા પછી તરત જ તેને "દેવનો પવિત્ર પર્વત" કહે છે (હઝકિયેલ ૨૮:૧૪). ઘણા પ્રાચીન ધર્મોમાં વૈભવી બગીચાઓ અને દુર્ગમ પર્વતોને દેવોનું ઘર સમજવામાં આવતું હતું. બાઇબલ એદન વાડી માટે બંને શબ્દોનો પ્રયોગ કરીને તેનું વર્ણન કરે છે. એદન વાડી દેવનું ઘર હતું તેથી તે ત્યાંથી પોતાનું કાર્ય કરતા હતા. તે દેવનું મુખ્ય કાર્યાલય હતું અથવા તો ગૃહ કાર્યાલય હતું.

જ્યાં ઈશ્વર રહે છે ત્યાં તેમની સભા તેમની સાથે હોય છે.

## દેવનું સ્વરૂપ અને પ્રતિમા

ઈશ્વર પોતાની દૈવી સભાની સાથે એદન વાડીમાં હતા તેના વિશેની એક સૌથી મહત્વની કલમ બાઇબલમાં છે. ઉત્પત્તિ ૧:૨૬ માં દેવ કહે છે કે, "આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ." દેવે પોતાનો ઇરાદો તે જૂથને જાહેર કર્યો હતો. પ્રભુ કોની સાથે વાત કરી રહ્યા છે? પ્રભુ પોતાની સ્વર્ગીય સેના - પોતાની દૈવી સભાની સાથે વાત કરી રહ્યા છે. તે ત્રિએકતાના બીજા સભ્યોની સાથે વાત કરી રહ્યા નથી, કેમ કે એવું કંઇ નથી જેને ત્રિએકતાના સભ્યો જાણતા ન હોય. અહીં દેવ પોતે આ જૂથને પોતે જે કામ કરવાનો નિર્ણય કર્યો છે તેના વિશે જણાવે છે.

આ જાહેરાતને સમજવી સરળ છે. એ તો જાણે હું મારા મિત્રોને એમ કહું કે, "ચાલો, આપણે પિઝા લાવીએ. અથવા ચાલો, આપણે આ કાર્ય કરીએ!" એ સ્પષ્ટ છે. પરંતુ એવું કંઇ છે જેને આપણે ચૂકી જવા માગતા નથી. વાસ્તવમાં તો આ નિર્ણય લેવામાં દેવે આ જૂથનો સમાવેશ કર્યો નથી.

આપણે દેવની સભાના જે બીજા પ્રસંગો જોયા તેની સરખામણીમાં આ પ્રસંગે દેવની સભાના સભ્યો દેવના આ નિર્ણયમાં યોગદાન આપતા નથી. જ્યારે બીજી જ કલમમાં આપણે જોઇએ છીએ કે માણસનું સર્જન કરવામાં આવ્યું (ઉત્પત્તિ ૧:૨૭) ત્યારે તેનું

સર્જન ફક્ત દેવે જ કર્યું છે. માણસનું સર્જન કરવાનું કાર્ય દેવે જાતે જ કર્યું છે. પિઝાના ઉદાહરણમાં પાછા ફરીએ તો જો હું મારા મિત્રોને પિઝા ખાવા જવાનું કહું અને તેની ચૂકવણી પણ હું જ કરું તો બધું જ કાર્ય હું કરી રહ્યો છું. એવું જ કંઇ આ પ્રસંગે પણ થયું હતું.

એ સમજવું ખૂબ જ સરળ છે કે ફક્ત દેવે જ માણસનું સર્જન કર્યું હતું. દેવની સભાના દૈવી સભ્યોની પાસે એવું સામર્થ્ય નથી. પરંતુ તે બીજી એક વિચિત્રતા બતાવે છે. ઉત્પત્તિ ૧:૨૭ માં આપણે જોઇએ છીએ કે માણસને દેવના સ્વરૂપ પ્રમાણે બનાવવામાં આવ્યું હતું ("દેવે માણસને પોતાના *સ્વરૂપ* પ્રમાણે બનાવ્યું.") ૨૬ મી કલમથી આપણા સ્વરૂપને શું થયું?

વાસ્તવમાં કંઇ જ થયું નહિ. ઉત્પત્તિ ૧:૨૬-૨૭ માં "આપણા સ્વરૂપ" અને "દેવના સ્વરૂપ" વચ્ચે થયેલી અદલાબદલી એક પ્રભાવશાળી બાબત પ્રગટ કરે છે. દેવે જે વાત કરી કે "આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે" - તેનો અર્થ એ થાય છે કે દેવ પોતે અને તે જેમની સાથે વાત કરી રહ્યા હતા તેઓમાં કંઇક એવું છે જે એકસરખું છે. એ જે કંઇ છે પરંતુ માણસો તેમનું સર્જન થયા પછી તેને પ્રાપ્ત કરવાના હતા. આપણે કોઇક રીતે દેવ જેવા છીએ એટલું જ નહિ પરંતુ આપણે દેવની સભાના દૈવી સભ્યો જેવા પણ છીએ.

એ "સ્વરૂપ અને પ્રતિમા" આપણને પણ પ્રાપ્ત થયેલ છે. ઉત્પત્તિ ૧:૨૬ નો યોગ્ય અનુવાદ એમ કરી શકાય કે દેવે મનુષ્યને પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કર્યું. મનુષ્ય હોવું એ દેવના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે હોવું તે છે. તેથી એમ કહી શકાય કે આપણે દેવના પ્રતિનિધિ છીએ.

દેવનું સ્વરૂપ અને પ્રતિમા એટલે દેવે આપણને જે બુદ્ધિ આપી છે એવી લાયકાત કે યોગ્યતા નથી. આપણે આપણી યોગ્યતા કે લાયકાતને ગુમાવી શકીએ છીએ, પરંતુ આપણે દેવના સ્વરૂપમાં હોવાનું સ્તર ગુમાવી શકતા નથી. જો એમ કરવું હોય તો આપણે મનુષ્ય તરીકે મટી જવું પડે. દરેક મનુષ્ય તેના ગર્ભાધાનથી માંડીને તેના મરણ સુધી હંમેશા મનુષ્ય જ રહેશે અને હંમેશા દેવના સ્વરૂપ અને પ્રતિમામાં જ રહેશે. તેથી મનુષ્યનું જીવન પવિત્ર છે.

આપણે કેવી રીતે દેવનું પ્રતિનિધિત્વ કરીએ છીએ? આપણે અગાઉના પ્રકરણમાં જોયું કે દેવ પોતાની અદૃશ્ય સેનાના દૈવી સભ્યોની સાથે પોતાનો અધિકાર વહેંચે છે. પૃથ્વી પર મનુષ્યો સાથે પણ તે એમ જ કરે છે. દેવ દૃશ્ય અને અદૃશ્ય એવી દરેક બાબતો પર સર્વોચ્ચ રાજા છે. તે રાજ કરે છે. તે પોતાના આત્મિક અને માનવીય જગતમાં પોતાના કુટુંબની સાથે એ અધિકાર વહેંચે છે. આપણે આ પૃથ્વી પર આ જગતને દેવની યોજના પ્રમાણેનું બનાવવાની દેવની યોજનામાં સહભાગી થઇને દેવની સાથે તેનો આનંદ માણવાનો છે.

આખરે દેવે આપણને જણાવ્યું કે આપણે કેવી રીતે તે કાર્ય કરવું જોઇએ. ઈસુ દેવનું પ્રતિનિધિત્વ કરવા માટેનું સ્પષ્ટ ઉદાહરણ છે. તેને અદૃશ્ય દેવની પ્રતિમા કહેવામાં આવે છે (કલોસ્સીઓને પત્ર ૧:૧૫) અને તેના સત્વની આબેહૂબ પ્રતિમા કહેવામાં આવે છે (હિબ્રૂઓને પત્ર ૧:૩). તેથી આપણે ઈસુનું અનુકરણ કરવાનું છે (રોમનોને પત્ર ૮:૨૯; ૨ કરિંથીઓને પત્ર ૩:૧૮).

## બે સભા, એક ભાવી

હું આશા રાખું છું કે આ સઘળી બાબતોનું એક લક્ષ્ય છે. મૂળભૂત રીતે મનુષ્યો *આ પૃથ્વી* પર વ્યવસ્થાપકો તરીકે દેવની સભાના સભ્યો છે. આપણને દેવના સ્વર્ગીય કુટુંબની સાથે દેવની હાજરીમાં રહેવા માટે બનાવવામાં આવ્યા છે. આપણને સદાકાળ દેવની

હાજરીનો આનંદ માણવા અને તેમની સેવા કરવા માટે બનાવવામાં આવ્યા છે. મૂળભૂત રીતે પૃથ્વી પર પણ એમ જ થવું જોઇએ. એદન વાડી એ સ્થાન હતું જ્યાં સ્વર્ગ અને પૃથ્વી એકબીજા સાથે જોડાયા હતા. દેવ અને તેમની દૈવી સભાના સભ્યો મનુષ્યોની જેમ એ જ સ્થળે રહેતા હતા.

પણ તે ક્યાં સુધી?

દેવે આદમ અને હવાને કહ્યું કે, "...સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો, ને તેને વશ કરો; અને સમુદ્રનાં માછલાં પર, તથા આકાશનાં પક્ષીઓ પર, તથા પૃથ્વી પર ચાલનારાં સઘળાં પ્રાણીઓ પર અમલ ચલાવો" (ઉત્પત્તિ ૧:૨૮). દેવના સ્વરૂપ અને પ્રતિમામાં જેઓ હતા તેમનું આ કાર્ય હતું. તેમણે દેવની સૃષ્ટિ પર કારભારી - રાજાઓ તરીકે દેવની સેવા કરવાની હતી. માણસનું કાર્ય એ હતું કે તેણે આખા પૃથ્વી ગ્રહ પર એદન વાડીનો વિસ્તાર વધારવાનો હતો અને દેવના રાજ્યની વૃદ્ધિ કરવાની હતી. બે મનુષ્યોને માટે એ કાર્ય ઘણું મોટું હતું તેથી આદમ અને હવા સંતાનો ઉપજાવે એવી દેવની ઇચ્છા હતી.

આપણે જાણીએ છીએ તેમ આદમ અને હવાના સંતાનો નિષ્ફળ ગયા હતા. માણસે પાપ કર્યું હતું. જો એમ ન થયું હોત તો આ પૃથ્વી ધીમે ધીમે વૈશ્વિક એદન વાડી તરીકે રૂપાંતરિત થઇ ગઇ હોત. આપણે બધા એક સંપૂર્ણ ગ્રહ પર દેવની સાથે અને દેવના આત્મિક કુટુંબની સાથે અનંતજીવનનો આનંદ માણતા હોત.

દેવે માણસજાત પર પ્રેમ કર્યો તેથી આદમ અને હવાને માફ કર્યાં. પરંતુ પાપ થયું તે ક્ષણથી માણસજાત આદમ અને હવાના પગલે ચાલવા માટે નિયુક્ત થઇ ગઇ. આપણે બધા દેવના હસ્તક્ષેપ વગર પાપ કરીએ છીએ અને મરણને યોગ્ય છીએ (રોમનોને પત્ર ૬:૨૩). આપણે વિનાશી હોવાને લીધે પાપી છીએ. આપણને તારણની જરૂર છે.

દેવ એવી ઇચ્છા રાખે છે કે આપણે તેમના દૈવી કુટુંબનો અને તેમની દૈવી સભાનો ભાગ બનીએ અને તેમની હાજરીમાં રહીએ તે વિચાર બાઇબલ જે અદ્ભુત વાતો વિશે વાત કરે છે તે સમજવામાં મદદરૂપ બને છે.

તે આપણને સમજાવે છે કે શા માટે બાઇબલ વિશ્વાસીઓને "દેવના છોકરાં" અથવા "દેવના દીકરા" (યોહાન ૧:૧૨; ૧૧:૫૨; ગલાતીઓને પત્ર ૩:૨૬; ૧ યોહાન ૩:૧-૩) કહે છે. તે આપણને સમજાવે છે કે શા માટે વિશ્વાસીઓને દેવના કુટુંબમાં "દત્તકપુત્રો" (ગલાતીઓને પત્ર ૪:૫-૬; રોમનોને પત્ર ૮:૧૪-૧૬) તરીકે સ્વીકારવામાં આવે છે. તે આપણને સમજાવે છે કે શા માટે આપણને દેવના અને દેવના રાજ્યના "વારસ" (ગલાતીઓને પત્ર ૪:૭; તિતસને પત્ર ૩:૭; યાકૂબનો પત્ર ૨:૫) અને "ઈશ્વરી સ્વભાવના ભાગીદાર" (૨ પિતરનો પત્ર ૧:૪; ૧ યોહાન ૩:૨) કહેવામાં આવે છે. તે સમજાવે છે કે શા માટે જ્યારે ઈસુ પાછો આવશે ત્યારે તે વિશ્વાસીઓને "દેવના પારાદૈસમાંના જીવનના ઝાડ પરનું ફળ ખાવા માટે આપશે" (પ્રકટીકરણ ૨:૭). તે સમજાવે છે કે શા માટે દેવ આપણને દેશો પર અધિકાર આપશે (પ્રકટીકરણ ૨:૨૬-૨૮) અને પોતાના રાજ્યાસન પર બેસવા દેશે (પ્રકટીકરણ ૩:૨૧). આપણે આ જીવનમાં *આગળ વધીને ફરી પાછા* એદન વાડીમાં જઇશું. *સ્વર્ગ પૃથ્વી પર પાછું ફરશે.*

આ જીવન પછી આપણે નવી વૈશ્વિક એદન વાડીમાં રાજ કરીશું. આપણે આદમ અને હવા પાસે જે કાર્યની અપેક્ષા રાખવામાં આવી હતી તેના ફળનો આનંદ માણીશું. અનંતજીવન તો ૨૪ કલાક વીણા વગાડીને સ્તુતિ કર્યા કરવાનું જીવન નથી. આ સઘળું તો દેવની સાથે, પુનરુત્થાન પામેલા ઈસુની સાથે અને આપણા જેવા સ્વરૂપ અને પ્રતિમા ધરાવતા મનુષ્યો અને અલૌકિક વ્યક્તિઓની સાથે નિર્દોષ સૃષ્ટિની શોધખોળ અને તેની અકલ્પનીય પૂર્ણતાનો આસ્વાદ માણવા વિશેનું જીવન છે.

## શા માટે તે મહત્વનું છે

તે આપણને એવું ન લાગે પરંતુ તેમાંથી જીવનને બદલનારા ઘણા વિચારો પ્રાપ્ત થાય છે. આપણે દેવની યોજનાને પૂર્ણ રીતે જોઇ ન શકીએ તો પણ આપણા જીવનો દેવનું પ્રતિનિધિત્વ કરે અને દેવની યોજનાઓ પૂરી કરે એવા વિચાર સાથે જીવન જીવીએ તો દર દિવસ માટેની આપણી વિચારસરણી બદલાઇ જશે.

દેવની મૂળ યોજના તો આખી પૃથ્વીને એદન વાડી જેવી બનાવવાની હતી. માણસજાત એદન વાડીની જેમ આખી પૃથ્વી પર દેવના સારા અધિકારને ફેલાવવામાં સહભાગી થાય એવી દેવની ઇચ્છા હતી. દેવે આદમ અને હવાને કહ્યું કે સંતાનો ઉપજાવો અને આ સૃષ્ટિના પ્રભુ અને કારભારી બનો (ઉત્પત્તિ ૧:૨૬-૨૮). માણસજાતનું પાપમાં પતન થયું ત્યારબાદ આ આજ્ઞા ભૂલાઇ ગઇ નહોતી. પરંતુ જળપ્રલય થયા બાદ ફરીથી એ આજ્ઞા આપવામાં આવી હતી (ઉત્પત્તિ ૮:૧૭; ૯:૧). એદન વાડીનો નાશ થઇ ગયો હતો પરંતુ તે પુનઃસ્થાપિત થાય એવી દેવની ઇચ્છા હતી. અંતે જ્યારે ઈસુ પાછો આવશે અને પ્રભુ નવા આકાશ અને નવી પૃથ્વીનું સર્જન કરશે ત્યારે દેવનું રાજ્ય અને અધિકાર પૂર્ણ રીતે સ્થાપિત થશે (પ્રકટીકરણ ૨૧ અને ૨૨ મોટા ભાગે એદન વાડી જેવું લાગે છે). તે સમય સુધી આપણે દેવનું સત્ય અને ઈસુની સુવાર્તા દરેક સ્થળે ફેલાવવાના છે. આપણે જે લોકોને મળીએ તે દરેકની આગળ દેવનું પ્રતિનિધિત્વ કરવાનું છે. આપણે અત્યારે અહીં એદન વાડીને પુનઃસ્થાપિત કરવા માટે દેવના પ્રતિનિધિઓ છીએ અને ઈસુ તે યોજનાને સંપૂર્ણ કરશે તે દિવસની વાટ જોઇએ છીએ.

આપણે એવો વિચાર કરીએ કે આપણે દેવના સ્વરૂપ અને પ્રતિમામાં છીએ તેનો અર્થ એ છે કે *આપણે જે નિર્ણયો લઇએ છીએ તે મહત્વના છે.* ખ્રિસ્તી વિશ્વાસીઓ પાપમાં ખોવાયેલા નથી પરંતુ પવિત્ર આત્માની સહાય દ્વારા દેવની યોજનાને પૂરી કરી શકે છે. આપણે દેવની સાથે મળીને જીવનની ભલાઇને ફેલાવી શકીએ છીએ અને જેમને સુવાર્તાની જરૂર છે તેઓ પણ કેવી રીતે તેનો આનંદ માણી શકે તે કહી શકીએ છીએ. આપણું જીવન ઘણા લોકોની સાથે જોડાયેલું છે. આપણી સાથેના સંપર્કની તેમની યાદનો પ્રવાહ વહ્યા કરે છે અને જેમની સાથે એ લોકોની મુલાકાતો થાય છે તેમના જીવનો પર તેની અસર પડે છે અને તેઓ પોતે પણ બીજા લોકોના જીવનોને અસર કરે છે. આપણે દેવની સાથેના અથવા દેવ વગરના જીવનનો પ્રભાવ પાડી શકીએ છીએ. તેના સિવાય વચ્ચેનું કોઇ સ્થાન નથી.

બધા જ મનુષ્યો દેવના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે છે એ જ્ઞાન આપણને દરેક મનુષ્યો દેવના સ્વરૂપમાં અને પવિત્ર છે તે જોવા માટેની પ્રેરણા આપનારું હોવું જોઇએ. તેમાં જીવન અને મરણ સંબંધીત ક્ષણિક વ્યવહારુ નિર્ણયોનો પણ સમાવેશ થાય છે. આપણે જે શીખ્યા તે આપણે કેવી રીતે એકબીજાને જોઇએ છીએ અને એકબીજા સાથે કેવો સંબધ રાખીએ છીએ તેના પર અસર કરે છે. દેવનું પ્રતિનિધિત્વ કરવામાં અન્યાય બંધબેસતો નથી. ઘરમાં, કાર્યસ્થળે કે સરકારમાં મળેલા અધિકાર કે સામર્થ્યનો દુરૂપયોગ કરવો તે ઈશ્વર તરફથી નથી. એદન વાડીમાં દેવે પોતાના બાળકોની સાથે એવો વ્યવહાર કર્યો નહોતો, તેથી આપણે આપણા જેવું સ્વરૂપ અને પ્રતિમા ધરાવતા મનુષ્યોની સાથે એવો વ્યવહાર કરવો જોઇએ નહિ.

અંતે દેવનું પ્રતિનિધિત્વ કરવાનો અર્થ એ છે કે પ્રભુને સન્માન આપતું દરેક કાર્ય *આત્મિક તેડું* છે. દરેક કાયદેસરનું કાર્ય આપણા જગતને એદન વાડી તરફ ફેરવનારું અને આપણા સાથી મનુષ્યોને આશીર્વાદરૂપ બનવાનો ભાગ હોઇ શકે છે. જે લોકો સેવા કરે છે તેઓ તેમના કાર્યને લીધે વધારે પવિત્ર અને ખાસ છે એવું ઈશ્વર જોતા નથી. પરંતુ આપણે જ્યાં છીએ ત્યાં દેવનું પ્રતિનિધિત્વ કરીએ એવી દેવની ઇચ્છા છે. આપણે કાં તો અંધકારની વિરુદ્ધ ઊભા રહીને પ્રભુ દરેકને જે જીવનનો અનુભવ આપવા માગે છે તે વહેંચી શકીએ અથવા એમ ન કરીએ. તમને મળેલી તક અદ્ભુત અને મોટી જ હોય એવું જરૂરી નથી, પરંતુ તમારે તે તકનો ઉપયોગ કરવાની જરૂર છે.

એદન વાડીમાં દેવનો જે અદ્ભુત ઇરાદો હતો તેનું દર્શન એટલી જ ઝડપથી મરણ પામ્યું હતું. *ફક્ત* ઈશ્વર જ સંપૂર્ણ છે. અપૂર્ણ લોકોના હાથમાં (અલૌકિક વ્યક્તિઓનો પણ તેમાં સમાવેશ થાય છે) સ્વતંત્રતા આપવાના પરિણામો ભયંકર હોઇ શકે છે.

# પ્રકરણ ૪
# અલૌકિક વ્યક્તિઓનો વિદ્રોહ

પાછલા પ્રકરણનો અંત મેં એ વિચાર સાથે કર્યો હતો કે અપૂર્ણ હોય એવા અલૌકિક વ્યક્તિ કે મનુષ્યને સ્વતંત્ર ઇચ્છા આપવામાં આવે તો તેના પરિણામો વિનાશક હોઇ શકે છે. આ એક અલ્પોક્તિ છે. બાઇબલના શરૂઆતના અધ્યાયોમાં જોવા મળતી આપત્તિઓમાંની બધી જ આપત્તિઓમાં મનુષ્યો અને અલૌકિક વ્યક્તિઓ સહભાગી હતા તે જોવા મળે છે.

એ વાતને યાદ કરો કે દેવે અલૌકિક ક્ષેત્રનાં અલૌકિક વ્યક્તિઓ અને પૃથ્વી પરના મનુષ્યોને પોતાનો અધિકાર વહેંચવાનો નિર્ણય કર્યો હતો. "*આપણે પોતાના* સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ" (ઉત્પત્તિ ૧:૨૬) દેવના એ વિધાન પાછળનો એ હેતુ હતો, અને વાસ્તવિકતા એ છે કે દેવે મનુષ્યોને *પોતાના* સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે બનાવ્યાં. આત્મિક વ્યક્તિઓ અને મનુષ્યો દેવનું સ્વરૂપ અને પ્રતિમા છે. આપણી પાસે દેવનો અધિકાર છે અને તેના સહ-અધિકારી તરીકે આપણે દેવનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.

એક તરફ આ એક અદ્ભુત નિર્ણય હતો. સ્વતંત્ર ઇચ્છા તો દેવ જેવાં હોવાનો એક ભાગ છે. જો આપણી પાસે સ્વતંત્ર ઇચ્છા ન હોત તો આપણે દેવ જેવાં હોઇ શકીએ નહિ. સ્વતંત્ર ઇચ્છા વગર પ્રેમ અને સ્વ-બલિદાન જેવી ભાવનાઓ મરણ પામે. જો તમને ફક્ત "પ્રેમ" કરવા માટે કાર્યક્રમબદ્ધ કરવામાં આવ્યાં હોય તો તેમાં કોઇ નિર્ણય નથી. તે વાસ્તવિક નથી. લખેલા શબ્દો અને કાર્યો વાસ્તવિક લાગતા નથી. તેના વિશે વિચાર કરતી વખતે મને સ્ટાર વોર્સના ચલચિત્ર *ધ રીટર્ન ઓફ ધી જેડી* ની યાદ આવે છે. ઓબિવેન કેનોબીનો આત્મા તેના પિતા લૂકને કહે છે કે, ડાર્થ વેડર "હવે માણસ કરતાં વધારે યંત્ર બની ગયો છે." અને છતાં પણ અંતમાં આપણને ખબર પડે છે કે તે સાચું નથી. વેડર પોતાનો જીવ આપીને પણ લૂકને સમ્રાટથી બચાવે છે. તે ફક્ત એક કાર્યક્રમબદ્ધ યંત્ર જેવો નહોતો. તેણે એ નિર્ણય તેના પોતાના હૃદયથી, પોતાના મનુષ્યત્વ - એટલે કે તેની પોતાની સ્વતંત્ર ઇચ્છાથી લીધો હતો.

પરંતુ દેવના નિર્ણયની એક દુઃખદ બાજુ પણ છે. બુદ્ધિશાળી વ્યક્તિઓને સ્વતંત્રતા આપવાનો અર્થ છે કે તેઓ ખોટા નિર્ણયો લઇ શકે છે અને લેશે અને ઇરાદાપૂર્વક રીતે વિદ્રોહ કરશે. અને એમ થવું ખાતરીપૂર્વકનું છે કેમ કે ફક્ત ઈશ્વર જ સંપૂર્ણ વ્યક્તિ છે. તે ફક્ત પોતાના પર જ ભરોસો કરી શકે છે. તેથી જ એદનવાડીમાં કેટલીક બાબતો ખોટી થઇ શકી, અથવા તો થઇ.

## પારાદૈસમાં મુશ્કેલી

એદનવાડીના આયોજન વિશે વિચાર કરો. આદમ અને હવા એકલા નહોતા. ઈશ્વર પોતે પોતાની સભા સાથે ત્યાં હતા. પૃથ્વીના બાકીના ભાગોને વશ કરવા માટે (ઉત્પત્તિ ૧:૨૬-૨૮) અને એદનવાડીનું જીવન આ ગ્રહના બાકીના ભાગોમાં ફેલાવવા માટે એદનવાડી અલૌકિક વ્યક્તિઓ / મનુષ્યની મુખ્ય કચેરી હતી . પરંતુ સભાના સભ્યો ઈશ્વરની યોજનાથી ખુશ નહોતા.

જેમ આપણે ઉત્પત્તિ ૧ માં જોયું તેમ ઉત્પત્તિ ૩ માં સંકેતો આપવામાં આવ્યા છે કે એદનવાડી બીજા અલૌકિક વ્યક્તિઓનું ઘર હતું. ૨૨મી કલમમાં આદમ અને હવાએ પાપ કર્યું પછી દેવે કહ્યું કે, "...જુઓ, તે માણસ *આપણામાંના એકના* સરખો ભલુંભૂંડું જાણનાર થયો છે." એ વિધાન તો આપણે ઉત્પત્તિ ૧:૨૬ માં ("આપણા સ્વરૂપ અને પ્રતિમા") એ શબ્દોમાં જે સંકેત જોઇએ છીએ એવા જ પ્રકારનો સંકેત છે.

આપણે ઉત્પત્તિ ૩ માં આપણે જે મુખ્ય પાત્ર સર્પ વિશે વાંચીએ છીએ તે વાસ્તવિક રીતે સર્પ નહોતો. તે કોઇ વાસ્તવિક પ્રાણી નહોતો. તેને પ્રાણીસંગ્રહાલયમાં કાચની પેટીમાં મૂકવાનો કોઇ પ્રયત્ન અસરકારક થશે નહિ અને એમ કરવાથી તેને આશ્ચર્ય પણ થશે નહિ. તે એક અલૌકિક વ્યક્તિ છે. પ્રકટીકરણ ૧૨:૯ તેને દુષ્ટાત્મા તથા શેતાન કહેવામાં આવ્યો છે.

કેટલાક ખ્રિસ્તીઓ એવું માને છે કે પ્રકટીકરણ ૧૨:૭-૧૨ મુજબ સૃષ્ટિનું સર્જન થયા પછી તરત જ દૂતોએ વિદ્રોહ કર્યો હતો.

> પછી આકાશમાં લડાઇ જાગી; મિખાયેલ તથા તેના દૂતો અજગરની સાથે લડયા; અને અજગર તથા તેના દૂતો પણ લડયા; તોપણ તેઓ તેમને જીત્યા નહિ, ને તેઓને આકાશમાં ફરી સ્થાન મળ્યું નહિ. તે મોટા અજગરને બહાર નાખી દેવામાં આવ્યો, એટલે જે જૂનો સર્પ જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે, તેને પૃથ્વી પર નાખી દેવામાં આવ્યો; અને તેની સાથે તેના દૂતોને પણ નાખી દેવામાં આવ્યા. (પ્રકટીકરણ ૧૨:૭-૯)

પરંતુ ત્યાં જે લડાઇનું વર્ણન કરવામાં આવ્યું છે એ તો મસિહના જન્મ સાથે સંકળાયેલી વાતનું વર્ણન છે (પ્રકટીકરણ ૧૨:૪-૫, ૧૦).

> તેના પૂંછડાએ આકાશના તારાઓનો ત્રીજો ભાગ ખેંચીને તેઓને પૃથ્વી પર નાખ્યા; અને જે સ્ત્રીને પ્રસવ થવાનો હતો, તેને જ્યારે પ્રસવ થાય ત્યારે તેના બાળકને ખાઇ જવા માટે તે અજગર તેની આગળ ઊભો રહ્યો હતો. તેને પુત્ર, નરબાળક, અવતર્યો, એ સર્વ દેશના લોકો પર લોઢાના દંડથી રાજ કરશે; તેના બાળકને ઊંચકીને દેવ પાસે તથા તેના રાજ્યાસન પાસે લઇ જવામાં આવ્યો...
> ત્યારે આકાશમાં મેં મોટી વાણી બોલતી સાંભળી કે,
> "હવે તારણ, પરાક્રમ,
> અમારા દેવનું રાજ્ય તથા તેના ખ્રિસ્તનો અધિકાર આવ્યાં છે;
> કેમ કે અમારા ભાઇઓ પર દોષ મૂકનાર, જે અમારા દેવની આગળ રાતદહાડો તેઓના પર દોષ મૂકે છે, તેને નીચે ફેંકવામાં આવ્યો છે."

એદનવાડીના બનાવ પહેલાં દેવના સ્વરૂપ કે પ્રતિમામાં હોય એવા કોઇપણ મનુષ્ય કે અલૌકિક વ્યક્તિઓએ દેવની ઇચ્છાનો વિરોધ કર્યો હોય અથવા દેવની વિરુદ્ધ બળવો કર્યો હોય એવા કોઇ સંકેત બાઇબલ આપતું નથી. ઉત્પત્તિ ૩ માં નાટયાત્મક રીતે પરિસ્થિતિઓ બદલાઇ ગઇ હતી.

સાપનો ગુનો એ હતો કે તેણે દેવના અધિકારનો નકાર કરવાની સ્વતંત્ર પસંદગી કરી હતી. આપણે એમ કહી શકીએ કે આદમ અને હવા દેવના કુટુંબીજનો તરીકે પોતાનું કાર્ય કરે એવો દેવનો ઇરાદો હતો. તેમણે આ પૃથ્વી પર એદનવાડીનો વિસ્તાર વધારવાનો હતો. પણ શત્રુ તેમને ત્યાં ઇચ્છતો નહોતો. તેણે પોતાની જાતને દેવના સ્થાન પર મૂકી. તેણે તેના હૃદયમાં એમ કહ્યું કે, "હું મેઘો પર આરોહણ કરીશ; હું પોતાને પરાત્પર સમાન કરીશ" (યશાયા ૧૪:૧૩).

તેણે અસભ્ય રીતે ઉશ્કેરણી કરી હતી. સાપે આદમ અને હવાને પાપ કરવા માટે છેતર્યા ત્યારથી તેને દેવના ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો (હઝકિયેલ ૨૮:૧૪-૧૬) અને પૃથ્વી પર જ્યાં મરણ રાજ કરે છે અને જ્યાં અનંતજીવન નથી ત્યાં નાખી દેવામાં

આવ્યો - બાઈબલની ભાષામાં કહીએ તો “કાપી નાંખીને ભોંયભેગો કરવામાં આવ્યો” (યશાયા ૧૪:૧૨). જીવનનો પ્રભુ બનવાને બદલે તે મૂએલાંનો દેવ બની ગયો, તેનો અર્થ એ છે કે એદનવાડીમાં જે પતન થયું ત્યારબાદ પૃથ્વીએ તેનું અવિનાશીપણું ગુમાવી દીધું અને શેતાનને દરેક મનુષ્યો પર અધિકાર પ્રાપ્ત થયો. હવે દેવની સાથે નવી એદનવાડીમાં અનંતજીવન પ્રાપ્ત કરવા માટે માણસજાતનો ઉદ્ધાર કરવાની જરૂરિયાત ઊભી થઇ.

પતન થવાને લીધે શ્રાપની શ્રુંખલા શરૂ થઇ. સાપને જે શ્રાપ આપવામાં આવ્યો તેમાં પ્રબોધ સમાયેલો હતો. દેવે કહ્યું કે હવાના સંતાન અને સાપના સંતાન વચ્ચે વૈર થશે. “અને યહોવા દેવે સર્પને કહ્યું કે...તારી ને સ્ત્રીની વચ્ચે, તથા તારાં સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ...” (ઉત્પત્તિ ૩:૧૪-૧૫). હવાના સંતાનો કોણ છે? માણસજાત. અને સર્પના સંતાનો કોણ છે? જો કે તે વધારે પડતું ગૂઢ છે. પ્રેરિત યોહાન આપણને ઉદાહરણો આપે છે કે યહૂદી આગેવાનોએ ઈસુનો તિરસ્કાર કર્યો હતો. ઈસુએ તેમને કહ્યું હતું કે, “તમે તમારા બાપ શેતાનના છો...” (યોહાન ૮:૪૪). ઈસુએ પોતાની સાથે વિશ્વાસઘાત કરનાર યહૂદાને શેતાન કહ્યો હતો (યોહાન ૬:૭૦). દેવની યોજનાની વિરુદ્ધમાં કામ કરનાર દરેક વ્યક્તિ શેતાનનું સંતાન છે.

### ખરાબ બીજ

વધારે સમસ્યા ઊભી થવામાં લાંબો સમય લાગ્યો નહોતો. આદમ અને હવાના સંતાનોમાંનું એક સંતાન ખૂની બન્યું હતું. કાઈને હાબેલને મારી નાખ્યો અને તેના કૃત્ય દ્વારા બતાવ્યું કે તે “શેતાનનું સંતાન હતો” (૧ યોહાન ૩:૧૨). જેમ જેમ માણસની વસતી વધતી ગઇ તેમ તેમ દુષ્ટતામાં પણ વધારો થતો ગયો (ઉત્પત્તિ ૬:૫).

હવે બીજો એક અલૌકિક અપરાધ થયો જો કે તેના વિશે કદાચ રવિવારની ભક્તિસભાના સંદેશાઓમાં વધારે ચર્ચા કરવામાં આવતી નથી પરંતુ તેનાથી પૃથ્વી પરની દુષ્ટતામાં વધારો કરવામાં મોટી અસર થઇ હતી. આ સમયે એક વિદ્રોહ કરતાં વધારે વિદ્રોહ થયા હતા. ઉત્પત્તિ ૬:૫માં આપણે જોઇએ છીએ કે માણસની દુષ્ટતામાં વધારો થયો હતો તે ઉત્પત્તિ ૬:૧-૪ની એ વાત સાથે સંલગ્ન છે જેમાં દેવના દીકરાઓએ પોતાના પૃથ્વી પરનાં સંતાનો જેને મહાવીર (નફિલિમ) કહેવામાં આવે છે તેઓને ઉપજાવ્યાં હતાં.

શું થયું તેના વિશે ઉત્પત્તિના પુસ્તકમાં બાઈબલ વધારે કંઇ કહેતું નથી, પરંતુ બાઇબલના બીજા શાસ્ત્રભાગોમાં જે વાતો જણાવેલી છે તે અને યહૂદી સંસ્કૃતિ મુજબ નવા કરારના લેખકો તેને સારી પેઠે જાણતા હતા અને તેમના લખાણોમાં તેનો સંદર્ભ પણ આપ્યો છે.

ઉદાહરણ તરીકે પિતર અને યહૂદાએ જળપ્રલય થયા પહેલાં જે દૂતોએ પાપ કર્યું હતું તેમના વિશે લખ્યું છે (૨ પિતરનો પત્ર ૨:૪-૬; યહૂદાનો પત્ર ૫-૬). તેમાં તેમણે જે લખ્યું છે તે બાઇબલ સિવાયના યહૂદી શ્રોતોમાંથી લખ્યું છે. પિતર અને યહૂદા કહે છે કે આ અપરાધ કરનારા દેવના દીકરાઓને પૃથ્વી તળે બંધનમાં રાખવામાં આવ્યા છે - બીજા શબ્દોમાં કહીએ તો તેઓ અંતના દિવસો સુધી નરકમાં છે. તેઓ દેવના અંતિમ ન્યાયનો ભાગ બનશે, જેને બાઇબલ “યહોવાનો ન્યાયનો દિવસ” કહે છે.

પિતર અને યહૂદાના શ્રોતો બાઇબલના વિદ્વાનો માટે જાણીતા છે. તેમાંનું એક પુસ્તક ૧ હનોખ છે. તેને પવિત્ર અને ઈશ્વરની પ્રેરણા દ્વારા લખવામાં આવ્યું છે એવું પુસ્તક માનવામાં ન આવતું હોવા છતાં પણ ઈસુના સમયના યહૂદીઓમાં તથા શરૂઆતના ખ્રિસ્તીઓમાં પણ પ્રખ્યાત હતું. પરંતુ પિતર અને યહૂદાએ વિચાર્યું કે તેના કેટલાક ભાગનો સમાવેશ તેમના પત્રોમાં કરી શકાય એટલો મહત્વનો છે.

આ શ્રોતો એવું અનુમાન કરે છે કે દેવના દીકરાઓ માણસજાતને અલૌકિક જ્ઞાન આપવા દ્વારા "મદદ" કરવા માગતા હતા અને ત્યારબાદ માર્ગ પરથી ભટકી ગયા અથવા તો તેઓ દેવનું અનુકરણ કરીને પોતાના જેવા સ્વરૂપ અને પ્રતિમાનું સર્જન કરવા માગતા હતા. તેમાં અશુદ્ધ આત્માઓ ક્યાંથી આવ્યા તેના સ્પષ્ટિકરણનો પણ સમાવેશ થાય છે. અશુદ્ધ આત્માઓ તો જળપ્રલય પહેલાં અને જળપ્રલય સમયે મારી નાખવામાં આવેલા (નફિલિમ) મહાવીરોના આત્માઓ છે. તેઓ પૃથ્વી પર ભટક્યા કરે છે અને મનુષ્યોના શરીરોમાં વિસામો શોધતા ફરે છે. ઉત્પત્તિ પછી બીજાં જે પુસ્તકો બાઇબલમાં છે તેમાં ઉત્પત્તિ ૬:૧-૪માં જણાવેલ મહાવીરના (નફિલિમના) સંતાનોને અનાકના પુત્રો અને રાક્ષસો (ગણના ૧૩:૩૨-૩૩; પુનર્નિયમ ૨:૧૦-૧૧) કહેવામાં આવ્યા છે. તેમાંના કેટલાક રાક્ષસો (અથવા તો રફાઇઓ કે રફીમીઓ) જ્યાં સાપને નાખી દેવામાં આવ્યો છે ત્યાં ઊંડાણમાં મૂએલાના આત્માઓ તરીકે (યશાયા ૧૪:૯-૧૧) જોવા મળે છે. નવા કરારના લેખકો તે સ્થળને નરક કહે છે.

આ વિચારો આપણને બતાવે છે કે શરૂઆતના યહૂદી લેખકો ઉત્પત્તિ ૬:૧-૪ ની ગંભીરતાને સમજ્યા હતા. દેવના દીકરાઓ તેમની પોતાની રીતે જ્યાં અલૌકિક વ્યક્તિઓ અને માણસજાત બંને સાથે રહેતા હતા એવી એદનવાડી ફરીથી બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. મૂળ શત્રુએ જેવો વિચાર કર્યો હતો એવો જ વિચાર તેમણે કર્યો હતો કે પૃથ્વી પર જે કંઇ થવું જોઇએ તેના વિશે તેઓ ઈશ્વર કરતાં વધારે જાણે છે. દેવની યોજનામાં સુધારો-વધારો કરવાથી ખરાબ પરિસ્થિતિ વધારે ખરાબ થાય છે.

ઉત્પત્તિ ૬:૧-૪ તો સર્પના સંતાનના કાર્યનો - એટલે કે ઇરાદાપૂર્વક રીતે દેવનો વિરોધ કરવાનો ભયંકર પડઘો હતો અને વધારે ખરાબ પરિસ્થિતિનો આરંભ હતો. મૂસા અને યહોશુઆના દિવસોમાં વચનના દેશનો દાવો કરવાનો પ્રયત્ન કરતી વખતે તેમનો સામનો રાક્ષસી વ્યક્તિઓ તરીકે ફેલાયેલાં લોકોની સાથે થયો હતો (પુનર્નિયમ ૨-૩). આ રાક્ષસોના વિવિધ નામો હતા. ગણનાના પુસ્તકમાં ૧૩:૩૨-૩૩ માં તેમને અનાકના પુત્રો કહેવામાં આવ્યા છે. તેમને ખાસ રીતે ઉત્પત્તિ ૬:૧-૪ માં જણાવ્યા મુજબ દેવના દીકરાઓના સંતાનો એટલે કે રાક્ષસોથી જન્મેલા રાક્ષસો (નફિલિમ) કહેવામાં આવ્યા છે. જૂનો કરાર આપણને કહે છે કે દાઉદના સમય સુધી ઇસ્રાએલીઓએ આ મોટા કદના શત્રુઓ (રાક્ષસો) સાથે યુદ્ધ કર્યું હતું. દાઉદે ગોલ્યાથને માર્યો હતો (૧ શમુએલ ૧૭) અને તેના કેટલાંક માણસોએ ગોલ્યાથના ભાઈઓને મારી નાખ્યા હતા (૨ શમુએલ ૨૧:૧૫-૨૨).

**શા માટે તે મહત્વનું છે?**

સર્પને જે પ્રબોધકીય શ્રાપ આપવામાં આવ્યો અને દૈવીય અપરાધ થયો તેને ઈશ્વરવિદ્યાના વિદ્વાનો શરૂઆતના તબક્કાનો આત્મિક યુદ્ધકાળ - એટલે કે સારા અને ભૂંડા વચ્ચેનું યુદ્ધ, દેવ અને તેમનાં લોકો વચ્ચેનું લાંબુ યુદ્ધ કહે છે. આ યુદ્ધ દૃશ્ય અને અદૃશ્ય એવા બે ક્ષેત્રોની યુદ્ધભૂમિ પર લડવામાં આવેલું યુદ્ધ છે.

આ વાતો જેટલી વિચિત્ર લાગે છે એટલો જ મહત્વનો પાઠ પણ શીખવે છે : મનુષ્યની નિયતિ માટે દેવની સાથે દૈવી સ્પર્ધા થઇ હતી. ઈશ્વર હજુ પણ એ સ્પર્ધામાં છે. પૃથ્વી અને માણસજાત માટેની ઈશ્વરની ઇચ્છાનો વિરોધ હજુ પણ આત્મિક તેમજ માનવીય જગતમાં એવો જ છે. પરંતુ સ્વર્ગ અને પૃથ્વીને એક કરવા માટે ઈશ્વરની પોતાની યોજનાઓ છે. શત્રુની દખલગીરીને શિક્ષા કર્યા વગર જવા દેવામાં આવશે નહિ. માણસજાત ખૂબ જ મૂલ્યવાન છે. માનવીય કુટુંબ માટે ઈશ્વરની યોજનામાં બદલાણ આવશે નહિ કે તેને ઉથલાવી દેવામાં આવશે નહિ.

આ શાસ્ત્રભાગો આપણને હકારાત્મક પાઠો પણ શીખવે છે. પોતાના સ્વરૂપ અને પ્રતિમામાં માણસ અને અલૌકિક વ્યક્તિઓ કે જે ઈશ્વરની સ્વતંત્રતાના ગુણો પ્રગટ કરે તેમનું સર્જન કરવાના ઈશ્વરના નિર્ણયને જોતાં આપણે જાણી શકીએ છીએ કે ઈશ્વર ભૂંડાઈના સર્જનનું *કારણ* નથી.

બાઇબલમાં એવો સંકેત આપવામાં આવ્યો નથી કે ઈશ્વરે પોતાના સ્વરૂપ અને પ્રતિમામાં સર્જેલ વ્યક્તિઓને પોતાની આજ્ઞાનો અનાદર કરવા માટે દબાણ કર્યું અથવા તો તેમનું અનાજ્ઞાંકિતપણું પૂર્વનિર્ધારિત હતું. તેના વિશે આપણે ૧ શમુએલ ૨૩:૧-૧૪ જેવાં શાસ્ત્રભાગોમાંથી ચોક્કસપણે જાણીએ છીએ, તે શાસ્ત્રભાગ આપણને જણાવે છે કે દાઉદે દરવાજા તથા ભૂંગળોવાળા કઈલાહ નગરને પલિસ્તિઓથી બચાવ્યું હતું. આ યુદ્ધ કર્યા પછી શાઉલને જાણવા મળ્યું હતું કે દાઉદ કઈલાહમાં છે. શાઉલને એવી બીક હતી કે દાઉદ તેની પદવી લઇ લેવા માગે છે તેથી તે દાઉદને મારી નાખવાનો પ્રયત્ન કર્યા કરતો હતો. શાઉલે વિચાર્યું કે દરવાજા તથા ભૂંગળોવાળા નગરમાં પેસવાથી દાઉદ અંદર ફસાઇ ગયો છે તેથી તેને મારી નાખવા માટે તેણે કઈલાહ નગરને ઘેરો ઘાલવા માટે સર્વ લોકોને બોલાવ્યા હતા. જ્યારે દાઉદે શાઉલની યોજના વિશે સાંભળ્યું ત્યારે તેણે દેવની સલાહ પૂછી હતી કે :

"શું કઈલાહના માણસો મને તેના હાથમાં સોંપી દેશે? તારા સેવકના સાંભળ્યા મુજબ શાઉલ અહીં આવશે શું? હે ઇસ્રાએલના દેવ યહોવા, હું તને આજીજી કરું છું કે, તું તારા સેવકને તે જણાવ. યહોવાએ કહ્યું કે, તે આવશે....તેઓ તને સોંપી દેશે" (૧ શમુએલ ૨૩:૧૧-૧૨).

ત્યારબાદ આપણે જેમ કરીએ એવું જ દાઉદે પણ કર્યું. તે તરત જ નગરમાંથી નાસી ગયો. *આ બનાવ આપણને જણાવે છે કે ઈશ્વર પૂર્વજ્ઞાન ધરાવે છે તેનો અર્થ એ નથી કે બધું જ પૂર્વનિર્ધારિત છે.* ૧ શમુએલ ૨૩ માં આપણે જોઇ શકીએ છીએ કે જે બે કાર્યો થવાના હતા તેના વિશે દેવને પૂર્વજ્ઞાન હતું. તેથી આપણે એમ પણ કહી શકીએ કે ઈશ્વર જાણતા હતા કે અલૌકિક વ્યક્તિઓ બળવો કરશે અને માણસજાત નિષ્ફળ જશે તેનો અર્થ એ નથી કે ઈશ્વરે એ કર્યું. પૂર્વજ્ઞાન માટે પૂર્વનિર્ધારણની જરૂર નથી.

આપણે આ પ્રકાશમાં પતનના બનાવોને જોવાની જરૂર છે. ઈશ્વર જાણતા હતા કે આદમ અને હવા પાપ કરશે. તેનાથી ઈશ્વરને આશ્ચર્ય થયું નહોતું. તે વાસ્તવિક અને સંભવિત સઘળી બાબતો વિશે સઘળું જાણે છે. પરંતુ સત્ય તો એ છે કે ઈશ્વર આ જગતમાં ભૂંડાઇના પ્રવેશ અને વિદ્રોહને અગાઉથી જોઇ શક્યા હતા, તે જોઇ શક્યા હતા કે અલૌકિક વ્યક્તિઓ મનુષ્યોને બળવો કરવા માટે પ્રોત્સાહિત કરશે પણ તેનો અર્થ એ નથી કે ઈશ્વરે તે કર્યું છે.

આપણે આપણા પોતાના જીવનોમાં જે ભૂંડાઇનો અનુભવ કરીએ છીએ તેને પણ એવી જ રીતે જોવી જોઇએ. ઈશ્વરે પતનને અગાઉથી જોયું અને તેને માટે અગાઉથી યોજના પણ તૈયાર કરી. ઈશ્વર જાણતા હતા કે આપણે પાપ અને નિષ્ફળતામાં (પ્રામાણિકતાથી કહું તો ઘણા પાપ અને નિષ્ફળતામાં) જન્મ લઇશું. પરંતુ ઈશ્વરે એ નિષ્ફળતાઓને અગાઉથી પૂર્વનિર્ધારિત કરી નથી. આપણે જ્યારે પાપ કરીએ છીએ ત્યારે આપણે પોતે તેની જવાબદારી લેવાની જરૂર છે. આપણે પાપ કરીએ છીએ કેમ કે આપણે પાપ કરવાની પસંદગી કરી છે. આપણે એમ ન કહી શકીએ કે ઈશ્વરે એવી ઇચ્છા કરી અથવા તો ઈશ્વરે તે પૂર્વનિર્ધારિત કર્યું તેથી મેં એ પાપ કર્યું છે.

પણ દેવે આપણા પર એવો પ્રેમ કર્યો કે "આપણે હજી નિર્બળ હતા, એટલામાં યોગ્ય સમયે આપણે સારુ ખ્રિસ્ત મરણ પામ્યો" (રોમનોને પત્ર ૫:૬-૮). આપણે શું કરીશું તે જાણતા હોવા છતાં પણ ઈશ્વરે આપણા પર પ્રેમ રાખ્યો. ઈશ્વરે આપણને પાપ કરવાની સ્વતંત્રતા આપી એટલું જ નહિ પરંતુ સુવાર્તા પર વિશ્વાસ કરવાની અને ઈસુ માટે જીવન જીવવાની પણ સ્વતંત્રતા આપી છે.

ઈશ્વર જાણે છે અને આપણે પણ અનુભવથી એ જાણીએ છીએ કે લોકોના જીવનોમાં ખરાબ બાબતો બને છે, તેમાં વિશ્વાસીઓનો પણ સમાવેશ થાય છે. આ જગતમાં ભૂંડાઇ છે કેમ કે લોકો (અને અલૌકિક વ્યક્તિઓ)ની પાસે ભૂંડાઇ કરવાની સ્વતંત્રતા છે. આપણા ઈશ્વર તો દુષ્ટ બાબતોને પૂર્વનિર્ધારિત કરનાર અથવા તો કોઇ વધારે મોટી યોજના કાર્યાન્વિત થાય તે માટે ભયંકર અપરાધો અને પાપો થવા દેનાર ગૂંચવણભર્યા ઈશ્વર નથી. ઈશ્વરને ભૂંડાઇની જરૂર નથી, પૂર્ણવિરામ. ભૂંડાઇ હોવા છતાં પણ તેમની યોજનાઓ સફળ થશે - તેમની યોજનાઓ તેના પર વિજય પ્રાપ્ત કરશે અને અંતે તે ભૂંડાઇનો ન્યાય કરશે.

આપણે કદાચ એવો પ્રશ્ન પૂછીએ કે શા માટે ઈશ્વર ભૂંડાઇને અત્યારે જ દૂર કરી દેતા નથી? તેનું એક કારણ છે : ભૂંડાઈને દૂર કરવા માટે ઈશ્વરે પોતાના સ્વરૂપ અને પ્રતિમામાં જે વ્યક્તિઓ છે તે અલૌકિક વ્યક્તિઓ અને મનુષ્યો કે જેઓ ઈશ્વર જેવાં સંપૂર્ણ નથી તેમને દૂર કરવા પડે. એમ કરવાથી ભૂંડાઈની સમસ્યાનું સમાધાન થઇ જાય ખરું, પરંતુ જો એમ કરવામાં આવે તો તેનો અર્થ એમ થાય કે પોતાની સાથે રહેવા અને રાજ કરવા માટે અલૌકિક વ્યક્તિઓ અને મનુષ્યોનું સર્જન કરવાનો ઈશ્વરનો મૂળ વિચાર એક મોટી ભૂલ હતી. ઈશ્વર કદી ભૂલ કરતાં નથી.

આપણે કદાચ એવી ઇચ્છા કરીએ કે ઈશ્વરે મનુષ્યોને સ્વતંત્રતા ન આપી હોત તો સારું હોત! પણ જો એમ હોત તો આપણે ક્યાં હોત? આપણને સ્વતંત્રતા આપવાની પસંદગી કરવા દ્વારા ઈશ્વરે આપણને મગજ વગરનાં ગુલામો કે યંત્ર (રોબોટ) બનાવવાની પસંદગી કરી નથી. એ સ્વતંત્ર ઇચ્છા હોવાનો એ વિકલ્પ છે. પરંતુ આપણને ઈશ્વરની સાથે સ્વતંત્રતાનો ગુણ આપવામાં આવ્યો છે, જો સ્વતંત્રતા આપવામાં ન આવી હોત તો આપણે ઈશ્વરના સ્વરૂપ અને પ્રતિમામાં હોત નહિ. ઈશ્વર યંત્ર (રોબોટ) નથી. દેવે આપણને તેના જેવાં બનાવ્યાં છે. એ પણ કોઇ ભૂલ નહોતી. ઈશ્વરને મનુષ્યજાત વિશેનો વિચાર એટલો સારો લાગ્યો કે તેમણે આ વૈકલ્પિક નિર્ણય કર્યો. તેથી જ્યારે જગતમાં ભૂંડાઇએ પ્રવેશ કર્યો ત્યારે માણસજાતને છોડાવવા, એદનવાડીનું નવીનીકરણ કરવા અને દરેક આંસુને લૂછી નાખવા માટે ઈશ્વરે એક યોજના કરી (પ્રકટીકરણ ૭:૧૭; ૨૧:૪).

ઈશ્વરની વિરુદ્ધ લાંબા યુદ્ધ વિશેનું આપણું અવલોકન ચાલુ જ છે. ઈશ્વરની પાસે એક યુદ્ધનીતિ છે. પરંતુ ઈશ્વર પોતાનું પ્રથમ પગલું ભરે તે પહેલાં પરિસ્થિતિ વધારે વિકટ થવાની છે.

## પ્રકરણ ૫
# બ્રહ્માંડીય ભૂગોળ

અગાઉના પ્રકરણમાં આપણે જે અલૌકિક વ્યક્તિઓના વિદ્રોહ વિશે જોયું તેમાં એક વાત સામાન્ય હતી. તે વિદ્રોહ માણસજાત માટેની દેવની યોજનાની પસંદગી અને તેના અધિકારની પુનઃસ્થાપના કરવાના ઉદ્દેશ્ય સાથેના વિદ્રોહ હતા. આ પ્રકરણમાં આપણે લોકોથી ઉદ્ભવેલા એક બીજા વિદ્રોહ વિશે જોઇશું.

તે વિદ્રોહે એવી દુર્દશાને જન્માવી જેમાં હજુ પણ આપણે સહભાગી છીએ અને તે દુર્દશામાં અલૌકિક વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે. પુનઃસ્થાપના માટે દેવની વ્યહરચનાના સંઘર્ષે એવો મોટો અને ખરાબ વણાંક લીધો જેનું સમાધાન ફક્ત ઈસુનું આગમન જ કરી શકે એમ હતું.

## બાબિલનો બુરજ

બાબિલના બુરજની વાત તો (ઉત્પત્તિ ૧૧:૧-૯) ખૂબ જાણીતી પરંતુ ખૂબ જ ઓછી સમજવામાં આવી હોય એવી વાત છે. દેવે પૃથ્વી પરનાં મનુષ્યોની ભાષા બદલી નાખી હતી તે વિશેની વાત બાળકો સાબ્બાથશાળામાં શીખે છે.

જળપ્રલય થયા પછી દેવે આદમ અને હવાને પૃથ્વીને ભરપૂર કરવાની જે આજ્ઞા આપી હતી તે આજ્ઞા ફરીથી આપી હતી. દેવે માણસજાત દ્વારા પોતાના રાજ્યનો પ્રભાવ ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો. ફરી એકવાર એમ થયું નહોતું. લોકોએ નકાર કર્યો હતો. તેમણે તેમના હૃદયમાં વિદ્રોહ સાથે એવો વિચાર કર્યો હતો કે તેમની પાસે વધારે સારો વિચાર છે. તેઓ આખી પૃથ્વી *પર વિખેરાઇ ન જાય* તે માટે બુરજ બાંધવાનો નિર્ણય કર્યો હતો (ઉત્પત્તિ ૧૧:૪). આ તર્ક વિચિત્ર લાગે છે. એ વાત ચોક્કસ છે કે એ અદ્ભુત બુરજ બાંધવાથી તેમને પ્રસિદ્ધિ મળી હોત (ઉત્પત્તિ ૧૧:૪) પરંતુ તેઓ કેવી રીતે પોતાની જાતને પૃથ્વી પર વિખેરાઇ જતાં રોકી શક્યા હોત?

તેનો ઉત્તર બુરજની વાતમાં રહેલો છે. બાઇબલના વિદ્વાનો અને પુરાતત્વવિદો જાણે છે કે પ્રાચીન બાબિલમાં અને તેની આસપાસના નગરોમાં લોકો જેને ઝિગુરેટ્સ કહેવામાં આવે છે (એટલે કે પિરામીડ જેવા દેખાતા બુરજ) એવાં બુરજો બાંધતા હતા. આ ઝિગુરેટ્સનો હેતુ તો જ્યાં લોકો દેવોને મળી શકે એવું સ્થાન બનાવવાનો હતો. *તે મંદિરના વિસ્તારનો ભાગ હતા.* પૃથ્વીને એદનવાડી જેવી બનાવવાને બદલે, દેવનું રાજ્ય અને જ્ઞાન બધે જ ફેલાવવાને બદલે આ લોકો દેવને નીચે લાવીને એક સ્થળે રાખવા માગતા હતા.

એ દેવની યોજના નહોતી તેથી પ્રભુ નાખુશ થયા હતા. તેથી દેવે ફરીથી પોતાની સભાના સભ્યોને એમ કહ્યું કે, "ચાલો, *આપણે* ત્યાં ઊતરીએ, ને તેઓની ભાષા ઉલટાવી નાખીએ" (ઉત્પત્તિ ૧૧:૭). દેવે એમ કર્યું અને માણસો એકબીજાથી અલગ થઇ ગયા અને વિખેરાઇ ગયા. આ બનાવ તો અગાઉના અધ્યાય ઉત્પત્તિ ૧૦ માં જે દેશોની યાદી આપેલી છે તે કેવી રીતે અસ્તિત્વમાં આવ્યા તે વિશેની સમજણ આપે છે.

આ વાત મોટા ભાગના વિશ્વાસીઓ જાણતા હશે. હવે જે તેઓ નથી જાણતા તેના વિશે જોઇએ.

## દેવો અને તેમનાં દેશો

બાબિલના બુરજના બનાવ વખતે જે થયું તેના વિશેનું વર્ણન ફક્ત ઉત્પત્તિના ૧૧ મા અધ્યાયમાં જ જોવા મળતું નથી. પુનર્નિયમ ૩૨:૮-૯ આ રીતે તેનું વર્ણન કરે છે :

> જ્યારે પરાત્પરે દેશજાતિઓને તેઓનો વારસો આપ્યો, જ્યારે તેણે માનવપુત્રોને જુદા કર્યા, ત્યારે તેણે ઇસ્રાએલનાં છોકરાંની ગણતરી પ્રમાણે લોકોને સીમાઓ ઠરાવી આપી. કેમ કે યહોવાનો હિસ્સો તે તેના લોક છે; યાકૂબ એના વારસાનો ભાગ છે.

બાઇબલના કેટલાંક સંસ્કરણોમાં "દેવના દીકરા" શબ્દોને બદલે "ઇસ્રાએલના છોકરાં" શબ્દપ્રયોગ કરવામાં આવેલો છે. પરંતુ *બાબેલના બુરજના બનાવના સમયે ઇસ્રાએલીઓનું અસ્તિત્વ નહોતું.* દેવે બાબેલનો બનાવ બન્યો પછી ઇબ્રાહિમને તેડું આપ્યું હતું (ઉત્પત્તિ ૧૨). "ઇસ્રાએલના છોકરાં" એ અનુવાદ સાચો હોઇ શકે નહિ. મૃત સમુદ્રનાં જે ઓળિયા મળ્યાં (જેને બાઇબલની સૌથી જૂની હસ્તપ્રત તરીકે સ્વીકારવામાં આવે છે) તેમાં "દેવના દીકરા" શબ્દોનો પ્રયોગ કરેલો છે. અંગ્રેજી ભાષાના ESV સંસ્કરણમાં તે સાચું છે.

શબ્દો મહત્વના છે. જ્યારે દેવે દેશોને વિભાજીત કર્યા ત્યારે *તે દેશોને દેવના દીકરાઓ મધ્યે વહેંચવામાં આવ્યા હતા.* દેવે પોતાની દૈવી સભાના સભ્યોને આ દેશો વહેંચી આપ્યા હતા. શા માટે બીજા દેશો બીજા દેવોની ભક્તિ કરવા લાગ્યા તે વિશેનું આ બાઇબલનું સ્પષ્ટીકરણ છે. બાબિલના સમય સુધી દેવ માણસજાતની સાથે સંબંધ રાખવાનું ઇચ્છતા હતા. પરંતુ બાબિલના સમય દરમ્યાન જે વિદ્રોહ થયો તેનાથી બધું બદલાઇ ગયું. દેવે પોતાની દૈવી સભાના સભ્યોને બીજા દેશો પર અધિકારી ઠરાવવાનો નિર્ણય કર્યો.

દેવે માણસજાતનો ન્યાય કર્યો હતો. જળપ્રલય પછી પણ દેવે એદનવાડીમાં પોતાના રાજ્ય વિશેની યોજનાની શરૂઆત કરી હતી તેને લોકોએ સ્વીકારી નહિ. તેથી દેવે એક નવા રાષ્ટ્રનું સર્જન, એટલે જેને પુનર્નિયમ ૩૨:૯ "યહોવાનો હિસ્સો" એટલે કે ઇસ્રાએલ કહે છે તેનું સર્જન કર્યું. બાબિલના બુરજની વાત પછી તરત જ જે અધ્યાય છે તેમાં એટલે કે ઉત્પત્તિ ૧૨ માં દેવે ઇબ્રાહિમને તેડું આપીને તેની શરૂઆત કરી.

દેવે બીજા દેવોને જે દેશો ઠરાવી આપ્યા તે આખા જૂના કરારમાં જોવા મળે છે. કેવી રીતે? જૂના કરારનો બાકીનો ભાગ ઇસ્રાએલના દેવ અને તેનાં લોકો, એટલે કે ઇસ્રાએલીઓના બીજા દેશોના દેવો અને તે દેશોમાં રહેતા લોકો સાથેના મતભેદ વિશેની વાત જણાવે છે.

આ દેવની મૂળ યોજના નહોતી. હા, બાબિલના સમયે દેવે દેશોને જે કર્યું તે ન્યાય હતો, પરંતુ દેશોને હંમેશ માટે ત્યજી દેવામાં આવશે એવો દેવનો ઇરાદો ક્યારેય નહોતો. જ્યારે દેવે ઇબ્રાહિમ સાથે કરાર કર્યો ત્યારે સ્પષ્ટપણે કહ્યું કે, ઇબ્રાહિમ અને તેના સંતાન દ્વારા "પૃથ્વીનાં સર્વ કુટુંબ આશીર્વાદ પામશે" (ઉત્પત્તિ ૧૨:૩). પ્રભુ બીજા દેશોને પોતાના કુટુંબમાં પાછા લાવવાની યોજના કરી રહ્યા હતા.

પાઉલ આ સઘળું જાણતો હતો. આથેન્સમાંનાં મૂર્તિપૂજક તત્વચિંતકોને આપેલા તેના ભાષણમાં તેણે કહ્યું હતું કે :

તેણે માણસોની સર્વ પ્રજાઓને આખી પૃથ્વીના પૃષ્ઠ પર રહેવા સારુ એકમાંથી ઉત્પન્ન કરી, અને તેણે તેઓને સારુ નિર્માણ કરેલા સમય તથા તેઓના રહેઠાણની હદ ઠરાવી આપી; જેથી તેઓ ઈશ્વરને શોધે કે, કદાચ તેઓ તેને માટે ફંફોસીને તેને પામે, પરંતુ તે આપણામાંના કોઇથી વેગળો નથી. (પ્રેરિતોના કૃત્યો ૧૭:૨૬-૨૭).

મૂસા દ્વારા દેવે પોતાના લોકોને ચેતવણી આપી હતી કે "ગગનમંડળની" (પુનર્નિયમ ૪:૧૯-૨૦) પૂજા કરશો નહિ, આ શિર્ષક બાઇબલના બીજા શાસ્ત્રભાગમાં દેવની સભાના સભ્યોને આપવામાં આવ્યું છે (૧ રાજાઓ ૨૨:૧૯). પ્રેરિતોના કૃત્યો ૧૭:૨૬-૨૭ સ્પષ્ટપણે જણાવે છે કે બીજા દેશો કોઇક રીતે પ્રભુને શોધે એવો દેવનો હેતુ હતો.

પરંતુ જે દેવોને આ દેશોના અધિકારી ઠરાવવામાં આવ્યા તેમણે આ યોજનામાં બે રીતે દખલગીરી કરી.

આપણે અગાઉ ગીતશાસ્ત્ર ૮૨:૧માં જોયું કે દેવે પોતાની સભામાં દેવોને એકઠા કર્યા હતા. શા માટે એમ કર્યું હતું તેના વિશે આખા ગીતમાં જણાવેલ છે. બીજા દેશોના દેવોએ તે દેશો પર અન્યાયપણે રાજ કર્યું હતું - એટલે કે દેવની ઇચ્છા તથા ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ રાજ કર્યું હતું. સભાની શરૂઆત થતાં જ દેવે તેમને સંબોધન કર્યું હતું : "તમે ક્યાં સુધી ગેરઇનસાફ કરશો, અને દુષ્ટોનું મોં રાખશો?" (ગીતશાસ્ત્ર ૮૨:૨). તેમના અન્યાય વિશે તેમણે શું કરવું જોઇએ તે વિશે બીજી બે કલમોમાં સૂચના આપ્યા પછી વર્ણન કરે છે કે તે દેવો બીજા દેશોને અંધકારમાં સાચા દેવ તરફ ફરવાનો માર્ગ શોધવાની મદદ કરવામાં નિષ્ફળ નીવડયા છે : "તેઓ જાણતા નથી, અને સમજતા પણ નથી; તેઓ અંધારામાં ભટકતા ફરે છે; પૃથ્વીના તમામ પાયા હાલી ઊઠયા છે" (ગીતશાસ્ત્ર ૮૨:૫).

એ વાત દુઃખદ છે કે ઇસ્રાએલીઓએ પણ જે દેવોને તેમના ઉપર "ઠરાવી આપવામાં આવ્યા નહોતા" (પુનર્નિયમ ૨૯:૨૬; ૩૨:૧૭) તેમનું ભજન કર્યું હતું. દેવે તરત જ અને કઠોર પ્રતિક્રિયા આપી હતી (ગીતશાસ્ત્ર ૮૨:૬-૭) : "મેં કહ્યું, તમે દેવો છો, અને તમે સર્વ પરાત્પરના દીકરા છો. તોપણ તમે માણસની પેઠે મરશો, અને કોઇએક સરદારની પેઠે પડશો."

દેવો તેમનું અમરત્વ ગુમાવશે અને માણસની પેઠે મરશે (ગીતશાસ્ત્ર ૮૨:૭). આપણે બીજા શાસ્ત્રભાગોમાં જોઇ શકીએ છીએ કે આ ન્યાય અંતના સમય સાથે સંકળાયેલ છે (યશાયા ૩૪:૧-૪). ગીતશાસ્ત્ર ૮૨ ના અંતમાં લેખક એ દિવસની આશા રાખે છે જ્યારે દેવ બીજા દેશોને પોતાનો વારસો કરી લેશે. પ્રભુ નવા કરારમાં પોતાની ઇચ્છા પૂરી કરે છે તેના વિશે આપણે પછીથી જોઇશું

## પુનર્નિયમ ૩૨ ની વૈશ્વિક વિચારધારા

પુનર્નિયમ ૩૨ ની વૈશ્વિક વિચારધારાને લીધે *બાઇબલમાં જે ભૂગોળ છે તે બ્રહ્માંડીય છે.* ભૂમિ કાં તો પવિત્ર છે એટલે કે યહોવાને (યાહવેહને) સમર્પિત છે કાં તો બીજા દેવના અધિકાર હેઠળ છે. આ વૈશ્વિક વિચારધારા બાઇબલના બીજા શાસ્ત્રભાગોમાં પ્રતિબિંબિત કરેલ છે. ઉદાહરણ તરીકે જોઇએ તો, જૂના કરારમાં દાનિયેલના પુસ્તકમાં બીજા દેશો પર અલૌકિક "સરદારો" રાજ કરે છે તેના વિશે જોવા મળે છે (દાનિયેલ ૧૦:૧૩, ૨૦-૨૧). બીજું ઉદાહરણ : જ્યારે દાઉદ શાઉલ રાજાથી બચવા માટે નાસતો ફરતો હતો ત્યારે તેના પર ઇસ્રાએલમાંથી પલિસ્તિઓના પ્રદેશમાં જવાનું દબાણ થયું હતું. ૧ શમુએલ ૨૬:૧૯માં દાઉદે શાઉલની આગળ પોકાર કર્યો કે, "...જા, અન્ય દેવોની સેવા કર, એમ કહીને, હું યહોવાના વતનનો ભાગીદાર ન રહું એ મતલબથી તેઓએ મને આજે હાંકી કાઢયો છે." દાઉદ તેના દેવને બદલી રહ્યો નહોતો. તે એ વાતનો પણ નકાર કરી રહ્યો નહોતો કે ઈશ્વર સર્વત્ર હાજર છે. પરંતુ તે એમ કહેવા માગતો હતો કે ઇસ્રાએલ પવિત્ર ભૂમિ છે અને એ સ્થળ સાચા ઈશ્વરનું સ્થાન છે. દાઉદ બીજા દેવના અધિકારના ક્ષેત્રમાં અટવાઇ ગયો હતો.

આ મુદ્દા વિશે જૂના કરારમાં ૨ રાજાઓ ૫ અધ્યાયમાં જે વાત છે તે મારી મનપસંદ વાત છે. નામાન તો અરામના રાજાનો સેનાપતિ હતો. તે કોઢિયો હતો. એલિશાએ તેને યરદન નદીમાં સાત વાર સ્નાન કરવાની સૂચના આપી હતી અને એ સૂચના પર અમલ કર્યા બાદ તે ચમત્કારીક રીતે સાજો થયો હતો. નામાને એલિશાને કહ્યું હતું કે, "હવે જો, મને ખાતરી થઇ છે કે, કેવળ ઇસ્રાએલમાં દેવ છે" (૫:૧૫). એલિશાએ તેની પાસેથી કોઇ વસ્તુ લીધી નહોતી તેથી નામાને પ્રબોધકને નમ્રતાથી વિનંતી કરી હતી કે મને બે ખચ્ચરના બોજા જેટલી માટી આપ. માટી? શા માટે તેણે માટી માગી? કેમ કે તે માટી ઇસ્રાએલના દેવની ભૂમિની માટી હતી. તે પવિત્ર હતી.

નવા કરારમાં પણ આપણે એવી જ વિચારધારા જોઇએ છીએ તેમાં કોઇ આશ્ચર્ય નથી. પાઉલ વિરોધ કરનારા અલૌકિક વ્યક્તિઓ વિશે અલગ - અલગ શબ્દપ્રયોગ કરે છે (એફેસીઓને પત્ર ૧:૨૦-૨૧; ૩:૧૦; ૬:૧૨; કલોસ્સીઓને પત્ર ૧:૧૬; ૨:૧૫) : રાજ્યસત્તા, અધિકાર, પરાક્રમ, ધણીપણું, અધિપતિઓ, અધિકારીઓ વગેરે., એ સર્વમાં સામાન્ય વાત શું છે? એ સઘળા શબ્દો ભૌગોલીક અધિકાર કે રાજ્યો સાથે સંકળાયેલા જાણીતા શબ્દો હતા.

પાઉલ પ્રેરિતે જે પરિસ્થિતિઓ વિશે સાંભળ્યું હતું તેના વિશે જણાવવા માટે કરિંથની મંડળીને બે પત્રો લખ્યા હતા. તેના પ્રથમ પત્રમાં તેણે મંડળીના આગેવાનોને જાતિય પાપ કરનાર અને તેનો પસ્તાવો ન કરનાર માણસને મંડળીમાંથી દૂર કરવા વિશે કહ્યું હતું (૧ કરિંથીઓને પત્ર ૫:૧-૧૩). તેણે લખ્યું કે તેમણે "એ માણસને શેતાનને સોંપવો જોઇએ" (૧ કરિંથીઓને પત્ર ૫:૫). આ વાત કેવી રીતે સમજી શકાય?

પાઉલનું આ વિધાન ફક્ત જૂના કરારની બ્રહ્માંડીય વૈશ્વિક વિચારધારાની પાશ્ચાદભૂમિકાની વિરુદ્ધમાં જ સમજી શકાય તેમ છે. જૂના કરારની ઈશ્વરવિદ્યામાં યહોવાનો "ભાગ" ઇસ્રાએલ હતો અને તેમણે ઇસ્રાએલીઓને જે ભૂમિ આપી હતી તે કનાન દેશ હતો. ઈશ્વરની હાજરીએ તે ભૂમિને શુદ્ધ અને પવિત્ર કરી હતી. શરૂઆતમાં યહોવાની હાજરી મુલાકાતમંડપમાં રહેતી હતી. જ્યારે ઈસ્રાએલીઓ થોભીને છાવણી કરતા ત્યારે કરારકોશ તેમની વચ્ચે મૂકવામાં આવતો હતો અને એમ ઇસ્રાએલની છાવણી પવિત્ર ભૂમિ બની રહેતી હતી. પછી જ્યારે ઈસ્રાએલીઓએ કનાન દેશ પ્રાપ્ત કર્યો ત્યારે યહોવાની હાજરી મંદિરમાં રહેતી હતી અને વચનનો દેશ શુદ્ધ રહેતો હતો - યહોવા અને તેનાં લોક ત્યાં રહેતા હતા. હવે, યહોવાની હાજરી વિશ્વાસીઓમાં રહે છે - હવે આપણે દેવનું મંદિર છીએ (૧ કરિંથીઓને પત્ર ૬:૧૯; ૨ કરિંથીઓને પત્ર ૬:૧૬; રોમનોને પત્ર ૮:૯). તેનો અર્થ એ છે કે વિશ્વાસીઓ એટલે કે ખ્રિસ્તનું શરીર દેવના નવા લોક અને નવું ઇસ્રાએલ છે. પાઉલ ગલાતીઓને પત્ર ૩ અધ્યાયમાં સ્પષ્ટપણે કહે છે કે,

માટે તમારે એમ જાણવું કે જેઓ વિશ્વાસ કરનારા છે, તેઓ ઇબ્રાહિમના દીકરા છે...

કેમ કે તમે બધા ખ્રિસ્ત પરના વિશ્વાસથી દેવના દીકરા છો. કેમ કે તમારામાંના જેટલા ખ્રિસ્તમાં બાપ્તિસ્મા પામ્યા તેટલાએ ખ્રિસ્તને પહેરી લીધો. માટે હવે યહૂદી કે ગ્રીક કોઇ નથી, દાસ કે સ્વતંત્ર કોઇ નથી, પુરુષ કે સ્ત્રી કોઇ નથી; કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો. અને જો તમે ખ્રિસ્તમાં છો, તો તમો ઇબ્રાહિમનાં સંતાન, અને વચન પ્રમાણે વારસ પણ છો. (ગલાતીઓને પત્ર ૩:૭, ૨૬-૨૯).

વિશ્વાસીઓ અને જ્યાં તેઓ એકઠા થાય છે તે સ્થળો પવિત્ર છે તેથી પાપ દૂર થવું જ જોઇએ. જેમ ઇસ્રાએલની છાવણીની આસપાસની તથા બીજા દેવોના અધિકાર હેઠળના આસપાસના દેશોની ભૂમિ અપવિત્ર ગણાતી હતી તેમ હવે નવા કરારના સમયમાં

જગત અપવિત્ર ભૂમિ છે. તેથી પાઉલે આજ્ઞા કરી કે પસ્તાવો ન કરનાર વ્યક્તિને જગતમાં કે જે શેતાનના અધિકારનું ક્ષેત્ર છે તેમાં પાછો મોકલી દેવો જોઇએ. મંડળીમાંથી તેને કાઢી મૂકવાથી તે ફરીથી અપવિત્ર ક્ષેત્રમાં જાય, જ્યાં પાપ છે.

## શા માટે તે મહત્વનું છે?

બ્રહ્માંડીય ભૂગોળ તો બાબિલના સમયે દેવે કરેલા ન્યાયનું પરિણામ છે અને ઇસ્રાએલના સંઘર્ષ પાછળની પરિસ્થિતિ છે. તે સુવાર્તાના મંચને પણ તૈયાર કરે છે. ઈસુએ વધસ્તંભ પર કરેલા કાર્યની સુવાર્તા એ છે કે હવે ફક્ત યહૂદીઓ જ દેવનાં લોકો નથી પરંતુ જેઓ ઈસુ પર વિશ્વાસ કરે છે તે સઘળાં દેવનાં લોકો છે (ગલાતીઓને પત્ર ૩). જ્યારે શિષ્યો જગતમાં સુવાર્તા પ્રગટ કરે છે ત્યારે શેતાનનું રાજ્ય દેવના રાજ્યમાં પરિવર્તિત થાય છે. દેવનું રાજ્ય બીજા દેશો પર ફરીથી અધિકાર પ્રાપ્ત કરે છે અને તેની વૃદ્ધિ થાય છે.

પાઠ તો એ છે કે *આ* જગત આપણું ઘર નથી. આ વિશ્વ અંધકારથી ભરેલું છે. અવિશ્વાસીઓ મૂળભૂત રીતે આત્મિક દબાણોના તાબા હેઠળ છે. આ વિશ્વને સ્વતંત્ર કરવાની જરૂર છે. અને એ વાતને ભૂલશો નહિ કે : આપણું શસ્ત્ર તો *સુવાર્તા* છે. આપણને સીધેસીધા અધિપતિઓ અને અધિકારીઓની સામા થવાનો અધિકાર આપવામાં આવ્યો નથી. પ્રેરિતો દ્વારા આપણને એ અસરનો સામનો કરવા માટે કોઇ આત્મિક દાન આપવામાં આવ્યું નથી. પરંતુ વિશ્વાસુપણે સુવાર્તા પ્રગટ કરવા દ્વારા જ આપણે તેમ કરી શકીએ છીએ. ઈસુએ આપેલો મહાન આદેશ જ આત્મિક યુદ્ધની યોજના છે. તેના વિશે આપણને બીજા પ્રકરણોમાં જોઇશું.

બીજો પાઠ : આપણે દરેક ખરા વિશ્વાસીઓને પવિત્ર ભૂમિ તરીકે જોવાના છે. બાહ્ય દેખાવ, ઇમારતો અને સભાજનોની સંખ્યાની દેવને કોઇ ફિકર નથી. મહત્વની વાત તો એ છે કે જ્યાં બે કે ત્રણ વિશ્વાસી એકઠા થાય છે ત્યાં ઈસુ તેમની મધ્યે હોય છે (માથ્થી ૧૮:૨૦). એ જગ્યા પવિત્ર બને છે. વિશ્વાસીઓની મંડળી ગમે તેટલી નાની હોય કે જાણીતી ન હોય પરંતુ વિશ્વાસીઓની મંડળી આત્મિક યુદ્ધના અગ્રસ્થાને છે. દરેક મંડળીનું એક જ કાર્ય છે. અંધકારનું સામર્થ્ય તેના પર વિજય પ્રાપ્ત કરી શકશે નહિ.

આપણે ઈસુની સેવા વિશે વાત કરીશું ત્યારે બ્રહ્માંડીય ભૂગોળના વિચારને ફરીથી જોઇશું. હવે યુદ્ધની રેખા ખેંચાઇ ચૂકી છે. જગતના દેશોનો ન્યાય કરવામાં આવ્યો છે અને દેવે તેમનો વારસો લઇ લીધો છે. હવે પ્રભુ ફરીથી શરૂઆત કરીને પોતાનો ભાગ અને લોકોને અલગ કરે છે.

## પ્રકરણ ૬

# વચન, નામ અને દૂત

પાછલા પ્રકરણમાં આપણે બાઇબલના બ્રહ્માંડીય ભૂગોળ વિશે શીખ્યા હતા. બાબિલના બુરજ આગળ માણસે કરેલા વિદ્રોહની પ્રતિક્રિયારૂપે દેવે દેશોને ત્યજી દીધા. દેવે તે દેશોને પોતાની સ્વર્ગીય સભાના સભ્યો, એટલે કે દેવના દીકરાઓને સોંપી દીધા (પુનર્નિયમ ૩૨:૮-૯). હવે આ ત્યજેલા દેશોને સ્થાને પ્રભુ નવા લોકો સાથેના પોતાના નવા રાષ્ટ્રનું સર્જન કરવાના હતા. તેઓ પૃથ્વી પર પોતાના રાજ્યનું નવીનીકરણ કરવા માટે પ્રભુના પ્રતિનિધિ બનવાના હતા. પરંતુ આ કાર્ય એક ભયંકર સંઘર્ષથી ભરેલું હતું કેમ કે બીજા દેવો અને તેમના અધિકારના ક્ષેત્રોમાં જે લોકો હતા તેઓ ઇસ્રાએલ અને દેવના શત્રુઓ બન્યા હતા.

પ્રભુના નવા લોકોની શરૂઆત ઇબ્રામ નામના એક માણસથી થઇ હતી, જેનું નામ બદલીને ઇબ્રાહિમ કરવામાં આવ્યું હતું. બાબિલનો ન્યાય કર્યા પછી તરત દેવે તેની મુલાકાત લીધી હતી.

### ઇબ્રામને વચન પ્રાપ્ત થયું

મોટા ભાગનાં ખ્રિસ્તીઓ ઉત્પત્તિ ૧૨ માં દેવે ઇબ્રાહિમની મુલાકાત લીધી હતી તે વાતથી વાકેફ છે. દેવે ઇબ્રાહિમને તેનું ઘર છોડીને તેણે જે જગ્યા ક્યારેય જોઇ નહોતી ત્યાં જવાનું કહ્યું હતું. પ્રભુએ તેનું માર્ગદર્શન કરવાનું વચન આપ્યું હતું. દેવે ઇબ્રાહિમને કહ્યું હતું કે તે તેના દેવ થશે અને તેને કરારના ખાસ વચનો આપ્યા હતા. ઇબ્રાહિમ અને સારા ઘણા વૃદ્ધ હતા છતાં પણ દેવે તેમને પુત્ર આપવાનું વચન આપ્યું હતું. તે પુત્રથી આખી દેશજાતિ ઉત્પન્ન થવાની હતી અને તેઓ પૃથ્વી પર પ્રભુના નવા કુટુંબની રચના કરવાના હતા.

આપણે એવી કલ્પના કરીએ કે ઇબ્રાહિમે સ્વર્ગમાંથી પ્રભુની વાણી સાંભળી હશે, અથવા દેવે તેના મનમાં તેની સાથે વાત કરી હશે અથવા તો સ્વપ્નમાં તેની સાથે વાત કરી હશે. બાઇબલ સ્પષ્ટપણે જણાવે છે કે દેવે પ્રબોધકો અને બીજા લોકોની સાથે પણ એ રીતે વાત કરી હતી. પરંતુ ઇબ્રાહિમની સાથે આવું બન્યું નહોતું. દેવે કંઇ વધારે નાટયાત્મક કાર્ય કર્યું હતું. દેવે માણસના રૂપમાં તેની સાથે વાત કરી હતી. દેવે અને ઇબ્રાહિમે મોઢામોઢ વાત કરી હતી.

ઉત્પત્તિ ૧૨:૬-૭ માં આપણને તેનો સંકેત જોવા મળે છે. બાઇબલ કહે છે કે દેવ ઇબ્રાહિમની આગળ પ્રગટ થયા હતા. ત્રણ અધ્યાય પછી દેવ ફરીથી તેની આગળ પ્રગટ થયા હતા (ઉત્પત્તિ ૧૫:૧-૬). આ સમયે દેવે ઇબ્રાહિમની પાસે *દર્શનમાં* “દેવના વચન” તરીકે આવીને વાત કરી હતી. આ તેના મનમાં સંભળાયેલો અવાજ નહોતો, કેમ કે તે “વચને” ઇબ્રાહિમને બહાર લાવીને તારાઓ બતાવીને કહ્યું હતું કે તેના સંતાનો અગણિત થશે (ઉત્પત્તિ ૧૫:૫).

બીજા એક પ્રસંગે દેવ ઇબ્રાહિમની આગળ માણસના રૂપમાં પ્રગટ થયા હતા (ઉત્પત્તિ ૧૮). દેવે જેના માટે વચન આપ્યું હતું તે ઇસહાક (ઉત્પત્તિ ૨૬:૧-૫) અને તેના દીકરા યાકૂબની આગળ પણ એવી જ રીતે વાત કરી હતી (ઉત્પત્તિ ૨૮:૧૦-૨૨; ૩૧:૧૧-૧૨; ૩૨:૨૪-૪૦).

માણસના રૂપમાં “વચન” અથવા દેવની વાણી દ્વારા પોતાની જાતને પ્રગટ કરવાનું દેવનું કાર્ય અનપેક્ષિત સ્થાનો પર જોવા મળે છે. તેમાંનો મારો મનપસંદ પ્રસંગ તો ૧ શમુએલ ૩ છે. નાના બાળક તરીકે શમુએલ રાતના સમયે સૂતો હતો ત્યારે એક અવાજ સાંભળવા લાગ્યો હતો. અંતે શમુએલ જેની સાથે રહેતો હતો તે એલી યાજકે જાણ્યું કે તે દેવનો અવાજ છે. ૧૦મી કલમમાં પ્રભુ

ફરીથી શમુએલ પાસે આવ્યા તે જોવા મળે છે : "પછી યહોવા આવીને ઊભો રહ્યો, ને પહેલાંની પેઠે, શમુએલ, શમુએલ, કહીને હાંક મારી." આપણે જાણીએ છીએ કે આ તો માણસના રૂપમાં દેવ છે કેમ કે આ વાતના વર્ણનમાં કહેવામાં આવ્યું છે કે તે આવીને ઊભો રહ્યો, અને આ અધ્યાયનો અંત ભાગ એમ જણાવે છે કે (૧ શમુએલ ૩:૨૧) "યહોવાના વચન દ્વારા યહોવા શીલોહમાં શમુએલને પોતાનું દર્શન દેતો હતો."

અને જેની પાસે "યહોવાનું વચન" ભૌતિક મનુષ્યના રૂપમાં આવ્યું એવો બીજો પ્રબોધક યર્મિયા હતો. યર્મિયા ૧ માં જ્યારે તેને પ્રબોધક તરીકે તેડું આપવામાં આવ્યું ત્યારે યર્મિયા કહે છે કે, "યહોવાનું વચન" મારી પાસે આવ્યું. યર્મિયાએ "યહોવાના વચનને" ઈશ્વર તરીકે ઓળખ્યું હતું. પછી યહોવાએ પોતાનો *હાથ લાંબો કરીને તેને સ્પર્શ કર્યો* હતો (યર્મિયા ૧:૧-૯).

## માણસના રૂપમાં ઈશ્વર

નાસરેથના ઈસુ તરીકે આવ્યા પહેલાં માણસના રૂપમાં પ્રગટ થવાની રીત જૂના કરારમાં જોવા મળે છે. જ્યારે તમે તેના વિશે વિચાર કરશો ત્યારે તમે તે સમજશો. ઈશ્વર આપણા જેવા નથી. બાઇબલ એવો સંકેત આપે છે કે કોઈપણ મનુષ્ય દેવના ખરા સત્વને, દેવની મહિમાવંત હાજરીને જોઈને જીવતો રહી શકે નહિ. જ્યારે બાઇબલના પાત્રોએ ભૌતિક રીતે ઈશ્વરને જોયાં ત્યારે તેમને એવું લાગ્યું હતું કે તેઓ મરી જશે (ઉત્પત્તિ ૩૨:૩૦; પુનર્નિયમ ૫:૨૪; ન્યાયાધીશો ૬:૨૨-૨૪). પરંતુ તેઓ મરી ગયા નહિ કેમ કે દેવે માનવીય મન સહન કરી શકે - એટલે કે અગ્નિ, વાદળ કે ઘણીવાર ઘણા ખ્રિસ્તીઓ કહે છે તેમ માણસના સ્વરૂપથી પોતાની હાજરીના સામર્થ્યને નિયંત્રણમાં રાખ્યું હતું.

ઘણા પ્રસંગોએ માણસના રૂપમાં દેવના દર્શનનું વર્ણન "યહોવાના દૂત" એ શબ્દથી કરવામાં આવ્યું છે. દૂત તો જાણીતું પાત્ર છે. ઉદાહરણ તરીકે તે બળતા ઝાડવા મધ્યે મૂસાની આગળ પ્રગટ થયો હતો (નિર્ગમન ૩:૧-૩). ઝાડવા મધ્યે રહીને દેવે મૂસાને પોતાના લોકોને મિસરમાંથી બહાર કાઢી લાવવાનું વચન આપ્યું હતું. બેથેલમાં દેવે યાકૂબની સાથે સ્વપ્ન દ્વારા વાત કરી હતી (ઉત્પત્તિ ૨૮:૧૦-૨૨), જ્યારે દેવે ઈશ્વર તરીકે પોતાની ઓળખાણ આપી હતી. પછી યહોવાના દૂતે બીજા એક સ્વપ્નમાં યાકૂબની પાસે આવીને તેને કહ્યું હતું કે તે એ જ ઈશ્વર છે જે અગાઉ તેને બેથેલમાં મળ્યો હતો (ઉત્પત્તિ ૩૧:૧૧-૧૨).

બાઇબલના ઘણા શિક્ષકો આ દૂતને પ્રભુ તરીકે જ સ્વીકારતાં ખચકાય છે. પરંતુ તે પ્રભુ છે તેના ઘણા સલામત સંકેતો છે. કદાચ સૌથી મહત્વનો સંકેત તો દેવે મૂસાને નિયમશાસ્ત્ર આપ્યું તે સમયનો છે. જ્યારે ઇસ્રાએલીઓ વચનના દેશમાં જવાની તૈયારી કરતા હતા ત્યારે દેવે મૂસાને કહ્યું કે :

> જો, માર્ગે તને સંભાળવાને માટે, ને મેં જે ઠેકાણું સિદ્ધ કર્યું છે તેમાં તને લાવવાને માટે હું તારી આગળ દૂતને મોકલું છું. તેની વાતને ધ્યાન દેજે, ને તેની વાણી સાંભળજે, તેને ક્રોધ ચઢાવીશ નહિ; કેમ કે તે તમારો અપરાધ માફ કરશે નહિ; કારણ કે મારું નામ તેનામાં છે.
>
> પણ જો તું તેની વાણી સાંભળ્યા કરીશ જ, ને હું જે કહું છું તે બધું કરીશ, તો હું તારા વૈરીઓનો વૈરી ને તારા શત્રુઓનો શત્રુ થઈશ. (નિર્ગમન ૨૩:૨૦-૨૨).

આ કોઈ સામાન્ય દૂત નથી. આ દૂત માફી આપી શકે અથવા માફી ન પણ આપે. આ દૂતમાં યહોવાનું નામ છે. આ અભિવ્યક્તિ વિચિત્ર લાગે છે. જૂના કરારમાં "નામ" શબ્દ તો યહોવા દેવને અને દેવની સખત હાજરીને દર્શાવતો હતો. ઉદાહરણ તરીકે યશાયા ૩૦:૨૭-૨૮ માં યહોવાનું નામ એક વ્યક્તિ - ઈશ્વર તરીકે આવે છે :

> જુઓ, યહોવાનું નામ બળતા રોષ તથા ગોટેગોટા ઉડતા ધુમાડા સાથે આઘેથી આવે છે; તેના હોઠો કોપથી ભરેલા છે, ને તેની જીભ બળતા અગ્નિ સરખી છે; તેનો શ્વાસ ગળા સુધી પહોંચતી ઊભરાતી નદી સરખો છે...

આજે પણ સચેત યહૂદીઓ યહોવાનો ઉલ્લેખ *હા-શેમ* ("નામ") તરીકે કરે છે.

મનુષ્યના રૂપમાં આ દૂત વિશે જાણવાનો બીજો માર્ગ તો નિર્ગમન ૨૩:૨૦-૨૨ ને બીજા શાસ્ત્રભાગો સાથે સરખાવવાનો માર્ગ છે. બળતા ઝાડવા મધ્યે મૂસાને જે દૂત મળ્યો હતો અને જેનામાં યહોવાનું નામ છે તે ઇસ્રાએલીઓને મિસરમાંથી કાઢી લાવીને વચનના દેશમાં લઇ ગયો હતો (ન્યાયાધીશો ૨:૧-૩). એ જ કાર્ય યહોવાએ (યહોશુઆ ૨૪:૧૭-૧૮) અને ઈશ્વરની હાજરીએ કર્યું હતું (પુનર્નિયમ ૪:૩૭-૩૮). યહોવા, દેવની હાજરી અને યહોવાનો દૂત એ શબ્દો એક જ વ્યક્તિ વિશે વાત કરે છે : એ તો ઈશ્વર છે, પરંતુ દૂત તો માણસના સ્વરૂપમાં છે.

સૌથી વધારે અનિવાર્યપણે આ જ વાત કરતો બાઇબલનો એક શાસ્ત્રભાગ પણ વધારે અસ્પષ્ટ છે. ખૂબ ઓછા લોકો તેને સમજે છે. એ તો મરણપથારીનું દૃશ્ય છે. મરણ પામતાં પહેલાં યાકૂબ યૂસફનાં બાળકોને આશીર્વાદ આપવા માગે છે. આશીર્વાદ આપતી વખતે તે તેના જીવનના કિસ્સાઓને - એટલે કે દેવની સાથેની તેની મુલાકાતોને યાદ કરે છે. તે આશીર્વાદ આપતાં આ રીતે શરૂઆત કરે છે (ઉત્પત્તિ ૪૮:૧૫-૧૬) :

> અને તેણે યૂસફને આશીર્વાદ દીધો, ને કહ્યું, જે દેવની આગળ મારા પિતૃઓ ઇબ્રાહિમ તથા ઇસહાક ચાલ્યા, જે દેવે મને મારા આખા આયુષ્યમાં આજ પર્યંત પાળ્યો, જે દૂતે સર્વ ભૂંડાઇથી મને બચાવ્યો છે...

ત્યારબાદ તે ૧૬મી કલમમાં એમ કહે છે કે, "*તે* આ છોકરાઓને આશીર્વાદ આપો..." તે જાણે ઈશ્વર અને દૂત એમ બે વ્યક્તિઓ વિશે વાત કરતો હોય એમ નથી કહેતો કે, "*તેઓ* આ છોકરાઓને આશીર્વાદ આપો." પરંતુ તે તેની પ્રાર્થનામાં એક વ્યક્તિ વિશે વાત કરે છે કે, "*તે* આ છોકરાઓને આશીર્વાદ આપો."

તેનાથી વધારે અદ્‌ભુત બાબત તો ન્યાયાધીશો ૬ માં ગિદિયોનના તેડાની વાત સમયે જોવા મળે છે. ત્યાં *એક જ દૃશ્યમાં* યહોવા અને યહોવાનો દૂત *બંને* જોવા મળે છે (ન્યાયાધીશો ૬:૨૨-૨૩). જૂના કરારમાં પણ ઈશ્વર એક કરતાં વધારે વ્યક્તિ હતા અને તે વ્યક્તિઓમાંનો એક વ્યક્તિ માણસના સ્વરૂપમાં આવ્યો.

## ઈસુ : વચન, નામ અને દૂત

અત્યાર સુધી આપણે ઈશ્વર વિશેની જે બાબતો જોઇ તે જાણીતી બાબતો લાગવી જોઇએ - એ સઘળી બાબતો નવો કરાર ઈસુ વિશે જે વાત કરે છે તેને લગતી જૂના કરારની આવૃત્તિઓ છે.

ઇબ્રાહિમ માણસના રૂપમાં વચન તરીકે દેવને મળ્યો હતો. યોહાન ૧:૧માં પ્રેરિત લખે છે કે, "આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો." કલમ ૧૪માં યોહાન કહે છે કે એ શબ્દ "સદેહ થઇને આપણામાં વસ્યો." જ્યારે શરૂઆતની સદીના યહૂદીઓ યોહાનની સુવાર્તા વાંચતા હતા ત્યારે તેમનું મન ઈશ્વર કે જે વચન તરીકે પ્રગટ થાય છે તેના તરફ કેન્દ્રિત થતું હતું. ઈસુએ પણ દાવો કર્યો હતો કે ઇબ્રાહિમે "તેનો સમય" જોયો હતો અને તે ઇબ્રાહિમનો જન્મ થયો તે પહેલાંથી છે (યોહાન ૮:૫૬-૫૮).

બળતા ઝાડવાં મધ્યે અને ત્યારપછી પણ મૂસાએ માણસના રૂપમાં આવેલા યહોવાના દૂત સાથે વાત કરી હતી. દૂત ઈસ્રાએલીઓને મિસરમાંથી કાઢી લાવીને વચનના દેશમાં લઇ ગયો હતો. પરંતુ યહૂદાએ તેના પત્રમાં ટૂંકમાં લખ્યું છે કે, "હવે તમે બધું જાણી ચૂક્યા છો ખરા, તોપણ હું તમને યાદ દેવડાવવા ચાહું છું કે પ્રભુએ લોકોનો મિસર દેશમાંથી બચાવ કર્યા પછી અવિશ્વાસીઓનો નાશ કર્યો" (૧:૫). એ દૂત તો માણસના રૂપમાં ઈશ્વર હતો. તે દૂત ત્રિએકતાની બીજી વ્યક્તિ હતો - જે પછીથી કુંવારી મરિયમને પેટે જન્મ લેવાનો હતો.

દેવની હાજરી અને નામે આ દૂતને બીજા સર્વ કરતાં અલગ કર્યો હતો. નવા કરારમાં કેટલાક સમયે ઈસુએ દેવ બાપ વિશે નામ તરીકે વાત કરી છે. ઈસુની ધરપકડ કરવામાં આવી તે પહેલાં ગેથસેમાનીની વાડીમાં ઈસુએ પ્રાર્થના કરી હતી કે, "હવે, હે બાપ, જગત ઉત્પન્ન થયા અગાઉ તારી સાથે જે મહિમા હું ભોગવતો હતો તે વડે તું હમણાં પોતાની સાથે મને મહિમાવાન કર. જગતમાંથી જે માણસો તેં મને આપ્યાં છે, તેઓને મેં તારું નામ પ્રગટ કર્યું છે...મેં તેઓને તારું નામ જણાવ્યું છે, અને જણાવીશ..." (યોહાન ૧૭:૫-૬, ૨૬). તેના આ છેલ્લા વિધાનમાં તેણે જે કહ્યું તેનો શો અર્થ હતો? ઈસુ એમ કહી રહ્યો નહોતો કે તે લોકોને ઈશ્વરનું નામ શું છે તે જણાવશે. તેઓ જાણતા હતા કે ઈશ્વરનું નામ યહોવા છે. તેમની પાસે જૂનો કરાર હતો. તેઓ સેંકડો કલમોમાં ઈશ્વરનું નામ જોઇ શક્યા હોત. પરંતુ જ્યારે ઈસુએ કહ્યું કે તેણે લોકોને દેવનું નામ પ્રગટ કર્યું છે ત્યારે તેનો કહેવાનો અર્થ એ હતો કે તેણે લોકોની આગળ ઈશ્વરને પ્રગટ કર્યા છે. તે પોતે તેમની નજર સમક્ષ ઈશ્વર તરીકે હતો. *તે પોતે શબ્દ સદેહ થઈને આવ્યો હતો.*

## શા માટે તે મહત્વનું છે?

આપણે બાઈબલની ભૂમિ વિશેના આપણા અભ્યાસમાં ઘણે દૂર સુધી આવ્યાં છીએ. બાઈબલની જે વાતો તમે જાણો છો તે અદૃશ્ય જગતમાં આત્મિક મતભેદોના બહુચર્ચિત સંદર્ભમાં થયેલી બીનાઓ છે. એ તો દેવો પર વિજય પ્રાપ્ત કરવાની વાત છે.

અદૃશ્ય જગતના બાઈબલના દૃષ્ટિકોણમાં આપણે જોઇએ છીએ કે ઈશ્વરના ગંભીર શત્રુઓ છે, તેઓ ઈશ્વરે સર્જેલા બીજા દેવો છે જેઓ એક સમયે પ્રભુને વફાદાર હતા પરંતુ ત્યારબાદ પોતાના માર્ગે વળી ગયા હતા. આ વિદ્રોહી દેવોનું વર્ણન કરતાં પાઉલ અધિપતિઓ, અધિકારીઓ, અંધકારરૂપી જગતના સત્તાધારીઓ એવા શબ્દોનો પ્રયોગ કરે છે (એફેસીઓને પત્ર ૬:૧૧; કલોસ્સીઓને પત્ર ૧:૧૬). તેઓ હજુ પણ અહીં છે. નવા કરારમાં ક્યાંય એવું કહેવામાં આવ્યું નથી કે તેઓ જતા રહ્યા છે. તેઓ દેવના રાજ્યનો વિરોધ કરે છે અને સુવાર્તા દ્વારા પોતાના વહાલા માનવીય કુટુંબની સાથે અનંતકાળ સુધી સાથે રહેવાની યોજનાની વિરુદ્ધમાં કાર્ય કરે છે.

આ અંધકારના સામર્થ્યોમાંનું એક તો મૂએલાંનો દેવ છે. આદમ અને હવાને છેતરવાને પરિણામે તેમણે અવિનાશીપણું ગુમાવ્યું હતું તેથી તેની પાસે માણસજાત પર દાવો કરવાનો અધિકાર છે. યહોવાના લોકોનો નાશ કરવાનો તેનો ધ્યેય છે. જ્યારે ઈસ્રાએલીઓ કનાનમાં પ્રવેશ્યા ત્યારે યહોવાના પ્રતિસ્પર્ધી દીકરાઓના મનમાં એ વિચાર હતો કે, યહોવાના લોકોને દેશનો કબજો લેતા રોકવા માટે તેમને મારી નાખો અથવા પોતે મરી જાઓ. ઈસ્રાએલીઓ દેશમાં પ્રવેશ્યા પછી પણ અંધકારના અધિકારીઓનો ધ્યેય એ જ હતો, પરંતુ તેમની વ્યૂહરચના બદલાઇ ગઇ હતી એટલે કે યહોવા દેવ પોતે પોતાનાં લોકોને ત્યજી દે તે માટે તેઓ યહોવાના લોકોને બીજા દેવોની આરાધના કરવા માટે લલચાવતા હતા. અને એવું થયું પણ ખરું. યહોવા દેવે પોતાના લોકોને બંદીવાસમાં મોકલી દીધા.

પરંતુ અંધકારના અધિકારીઓ જાણતા હતા કે યહોવા તેની યોજનાને બંધ કરી દેશે નહિ. મૂળ વિદ્રોહના સમયે જે શ્રાપ હતો તેમાં અગાઉથી કહેવામાં આવ્યું હતું કે એક દિવસે, હવાનું સંતાન એદનવાડીમાં થયેલી માણસજાતની નિષ્ફળતાની અસરોને ઉલટાવી નાખશે. તેઓ જાણતા હતા કે એક સમયે જેના માટે વચન આપવામાં આવ્યું છે તે આવશે - જો કે જેમ પાઉલ આપણને કહે છે તેમ, તેઓ ચોક્કસપણે દેવની યોજના વિશે જાણતા નહોતા (૧ કરિંથીઓને પત્ર ૨:૬-૮; એફેસીઓને પત્ર ૩:૧૦; ૬:૧૨). કેમ કે તે એક મર્મ હતો અને સર્વોચ્ચ દેવે ઇરાદાપૂર્વક રીતે તેને ગુપ્ત રાખ્યો હતો.

## પ્રકરણ ૭
# સગાઈના નિયમો

અત્યાર સુધી આપણે વાત કરી કે : દેવે બાબિલના સમયે દેશો અને લોકોને એક તરફ કર્યા હતા. નાના દેવોને તે દેશોનો અધિકાર સોંપવામાં આવ્યો (પુનર્નિયમ ૩૨:૮-૯). જ્યારે દેવે ઈબ્રાહિમથી શરૂઆત કરી ત્યારે એ સ્પષ્ટ હતું કે પ્રભુ એક દિવસે ઈસ્રાએલના પ્રભાવ દ્વારા બીજા દેશો પર ફરીથી દાવો કરશે (ઉત્પત્તિ ૧૨:૩). પરંતુ બીજા દેશોના દેવોને તેમનો અધિકાર તથા આરાધના સોંપી દેવા પર દબાણ કરવામાં આવશે (ગીતશાસ્ત્ર ૮૨:૬-૮). તેનો અર્થ એ છે કે દૃશ્ય અને અદૃશ્ય જગતમાં મતભેદો થશે. જ્યાં સુધી ઈસ્રાએલ હતું ત્યાં સુધી તે બીજા દેવોન નિશાના પર હતું.

### યહોવા કોણ છે?

બાઇબલમાં ઈસ્રાએલ વિશેની વાતને અનિશ્ચિત પરિસ્થિતિમાં પૂરી થતાં વધારે સમય લાગતો નથી. યૂસફની વાત (ઉત્પત્તિ ૩૭:૫૦). આપણને સમજાવે છે કે શા માટે ઈસ્રાએલીઓ મિસરમાં ગયા હતા. યૂસફના ભાઈઓએ તેનું નુક્સાન કરવાનો પ્રયત્ન કર્યો હતો તેનો ઉપયોગ દેવે ઈસ્રાએલને દુકાળથી બચાવવા માટે કર્યો હતો (ઉત્પત્તિ ૪૬:૩-૪; ૫૦:૨૦). ઈસ્રાએલને તરત જ મિસરને છોડવાનું ન કહેવામાં પણ દેવનો એક ઈરાદો હતો. પ્રભુ જાણતા હતા કે યૂસફને માન આપનાર ફારુનનું મરણ થશે અને તેના સ્થાને એક શત્રુ બનનાર રાજા આવશે (નિર્ગમન ૧). દેવે અગાઉથી જોયું હતું કે મિસરીઓ ઈસ્રાએલીઓને દુઃખ દેશે (ઉત્પત્તિ ૧૫:૧૩-૧૬). પ્રભુ એ પણ જાણતા હતા કે યોગ્ય સમયે તે ઈસ્રાએલને છોડાવશે (ઉત્પત્તિ ૪૬:૪).

પણ શા માટે વાટ જોવાની હતી? દેવની પાસે દુઃખો માટે હંમેશા સારું કારણ હોય છે. આપણે હંમેશા તે કારણ જોઈ શકતા નથી. જો કે આ પરિસ્થિતિમાં વચન આપણને સ્પષ્ટપણે તે કારણ જણાવે છે.

મૂસા મિસરમાંથી નાસી ગયો અને અરણ્યમાં રહેવા લાગ્યો ત્યારે દેવે બળતા ઝાડવા દ્વારા (નિર્ગમન ૩:૧-૧૪) તેની સાથે વાત કરીને તેને મિસરમાં પાછો મોકલ્યો. દેવે તેને જે ફરમાન આપ્યું હતું તે સરળ હતું કે : ફારુનને જઈને કહે કે, “મારા લોકને જવા દે” (નિર્ગમન ૫:૧). ફારુનના વિચારો અલગ હતા. તે શારીરિક રીતે મિસરના દેવ જેવો હતો અને એવો મહિમા અને સામર્થ્ય ભોગવતો હતો. તે હિબ્રૂઓના ઘેટાંપાળકોનો દેવ તેને કંઈ કાર્ય કરવાનું કહે એવું થવા દેવા માગતો નહોતો. તે જાણતો નહોતો કે મૂસાનો દેવ વાસ્તવિક ઈશ્વર છે કે નહિ. તેણે તો મશ્કરી કરીને પ્રશ્ન પૂછયો હતો કે, “યહોવા કોણ છે કે, હું તેની વાણી માનીને ઈસ્રાએલપુત્રોને જવા દઉં?” (નિર્ગમન ૫:૨).

તેને દુઃખ થાય એવી રીતે તેને તેના પ્રશ્નનો ઉત્તર મળવાનો હતો. દેવે તેને રાજા બનવા દીધો હતો. દેવે મૂસાને કહ્યું કે, “હું ફારુનનું હૃદય હઠીલું કરીશ, ને તે લોકોને જવા દેશે નહિ” (નિર્ગમન ૪:૨૧). દેવે યુદ્ધની શરૂઆત કરી હતી. સદીઓ સુધી મિસરીઓએ ઈસ્રાએલીઓને દુઃખ દીધું હતું અને હવે મિસરીઓને અને તેના દેવોને શિક્ષા કરવાનો સમય આવી પહોંચ્યો હતો. ફારુનનું હૃદય હઠીલું કરવું એ દેવની યોજનાનો એક ભાગ હતો. બાઇબલ કહે છે કે મિસરના દેવોને ધ્યાનમાં રાખીને મિસર પર વિપત્તિઓ મોકલવામાં આવી હતી - ખાસ કરીને પ્રથમજનિતોને મારી નાખવાની જે છેલ્લી વિપત્તિ હતી તે (નિર્ગમન ૧૨:૧૨; ગણના ૩૩:૪) સીધેસીધો ફારુનના ઘર પર કરવામાં આવેલો હૂમલો હતો : “અને મધ્યરાત્રે એમ થયું કે યહોવાએ રાજ્યાસને બિરાજમાન ફારુનના પ્રથમજનિતથી માંડીને તુરંગવાસી કેદીના પ્રથમજનિત સુધી મિસર દેશમાંના સર્વ પ્રથમજનિતોને મારી નાખ્યા; અને પશુના સર્વ પ્રથમ જન્મેલાને પણ મારી નાખ્યા” (નિર્ગમન ૧૨:૨૯).

ફારુને દેવની મશ્કરી કરી હતી પરંતુ અને હવે તેની મશ્કરી થઇ ગઇ હતી. જેમ પાઉલે લખ્યું છે કે, "ભૂલો મા; દેવની મશ્કરી કરાય નહિ : કોઇ માણસ જે કંઇ વાવે તે જ તે લણશે" (ગલાતીઓને પત્ર ૬:૭). ઈસ્રાએલને મિસરની ગુલામગીરીમાંથી છોડાવવા માટે મિસરને મારવાની ઈચ્છિત અસર થઇ હતી. ઈસ્રાએલના દેવે મિસર અને તેના દેવોની જે હાલત કરી હતી તે દૂર રહેતા કનાનના લોકોને પણ સાંભળવા મળ્યું હતું (યહોશુઆ ૨:૮-૧૦ ને નિર્ગમન ૧૫:૧૬-૧૮; યહોશુઆ ૯:૯ સરખાવો). અંતે મૂસા જ્યારે પાછો ફર્યો ત્યારે તેના મિદ્યાની સસરા યિથ્રોએ આખી વાતના સારાંશમાં કહ્યું કે, "હવે હું જાણું છું કે, યહોવા સર્વ દેવો કરતાં મોટો છે" (નિર્ગમન ૧૮:૧૧).

લાલ સમુદ્રને પાર કર્યા પછી મૂસાએ ફારુન અને તેના સૈન્યની મશ્કરી કરતાં અલંકારિક પ્રશ્ન પૂછયો હતો કે : *હે યહોવા, દેવો મધ્યે તારા જેવો કોણ છે?* (નિર્ગમન ૧૫:૧૧)

મિસરમાંથી નીકળ્યા બાદ લાલ સમુદ્રમાંથી પસાર થયા ત્યારે ઈસ્રાએલીઓ જાણતા હતા કે તેઓ ક્યાં જઇ રહ્યા છે. તેઓ તેમના દેવને તેના પૃથ્વી પરના ઘર એટલે સિનાઈ પર્વત પર જ્યાં તેનું મુખ્ય મથક હતું ત્યાં મળવા માટે જઇ રહ્યા હતા.

સત્ય એ હતું કે તેઓ ઈશ્વર વિશે વધારે જાણતા નહોતા. તે દિવસોમાં તેમની પાસે બાઇબલ હતું જ નહિ. ઈસ્રાએલીઓની પાસે ઈશ્વર વિશે જે જ્ઞાન હતું એ જ્ઞાન તો તેમણે તેમના માતા-પિતાઓ પાસેથી પેઢી દર પેઢી જે વાતો સાંભળી હતી એટલું જ હતું. હવે બાઇબલમાં જે વાતો આપણે વાંચીએ છીએ તેના દ્વારા આપણે સ્પષ્ટપણે જોઇ શકીએ છીએ કે ઈશ્વરે શું કર્યું હતું! ઈસ્રાએલીઓએ ઘણું શીખવાનું હતું. સિનાઈ તેમનો વર્ગખંડ હતો.

## ઈસ્રાએલ - દેવનું કુટુંબ અને પૃથ્વી પરના પ્રતિનિધિઓ

મિસરમાંથી નીકળ્યા પહેલાં મૂસા જ્યારે ફારુન આગળ ઊભો રહ્યો ત્યારે તેણે તેને કહ્યું હતું કે દેવનો એક સંદેશ છે કે, "ઈસ્રાએલ મારો પુત્ર એટલે મારો જ્યેષ્ઠ પુત્ર છે...મારા પુત્રને મારી સેવા કરવા માટે જવા દે" (નિર્ગમન ૪:૨૨-૨૩). અહીં દેવનો દીકરો હોવાનો જે વિચાર છે તે વિચાર તો ઈબ્રાહિમના સંતાનોને દર્શાવે છે - તે મહત્વનો વિચાર છે. તે વિચાર આપણને ફરી પાછા આદમ અને હવા તરફ લઇ જાય છે.

દેવની ઇચ્છા એક માનવીય કુટુંબની હતી. પ્રભુ પોતાના સર્જન, પૃથ્વી અને તેમણે જે લોકોને બનાવ્યા હતા તેમના પર ઈશ્વર તરીકે રહેવા માગતા હતા. પોતાનું અદૃશ્ય કુટુંબ અને માનવીય કુટુંબ સાથે મળીને તેમની સાથે રહે અને તેમની સેવા કરે એવી પ્રભુની ઇચ્છા હતી. લોકોની વૃદ્ધિ થાય અને આખી પૃથ્વી પર એદનવાડીની વૃદ્ધિ થાય એવી દેવની ઇચ્છા હતી. પણ જ્યારે દેવે બાબિલના બુરજ આગળ માણસજાતને ત્યજી દીધી ત્યારે જ્યાં સુધી ઈબ્રાહિમને તેડું આપ્યું નહિ ત્યાં સુધી તેમનાં કોઇ બાળકો નહોતા. ઈસ્રાએલ દેવનું નવું કુટુંબ હતું. હવે મૂળ યોજનામાં પાછા ફરવાનો સમય હતો. જેમ આદમ અને હવા પૃથ્વી પર દેવના સ્વરૂપ અને પ્રતિમામાં હતા એ જ કાર્ય કરવાનો વારો હવે ઈસ્રાએલનો હતો.

સિનાઈમાં પાછા ફરવું તે ઘરે પાછા ફરવા જેવું હતું. સ્વર્ગીય સભા પણ ત્યાં હતી અને દેવની યોજના ફરીથી લાગુ થઇ હતી તે જોઇ રહી હતી. તેઓ દેવ અને તેમનાં લોકો વચ્ચે જે નવો કરાર (એટલે કે નિયમશાસ્ત્ર) કરવામાં આવ્યો તેના સાક્ષીઓ હતા.

## દેવની સભા દ્વારા આપવામાં આવેલું નિયમશાસ્ત્ર

જ્યારે મેં એમ કહ્યું કે દેવે દસ આજ્ઞાઓ આપી ત્યારે દેવની સ્વર્ગીય સભા પણ ત્યાં ઉપસ્થિત હતી ત્યારે તમને તેનાથી આશ્ચર્ય થયું? જો તમે ક્યારેય નિર્ગમન અને સિનાઈ તરફની મુસાફરી વિશેનું ચલચિત્ર જોયું હશે તો તેમાં તમે દૂતોને જોયા હશે નહિ. પરંતુ બાઇબલ કહે છે કે તેઓ ત્યાં હતા. બાઇબલ એમ પણ કહે છે કે તેમણે દેવનું નિયમશાસ્ત્ર આપ્યું હતું (પ્રેરિતોના કૃત્યો ૭:૫૨-૫૩; હિબ્રૂઓને પત્ર ૨:૧-૨).

બાઇબલ એમ પણ કહે છે કે નિયમશાસ્ત્ર "દેવની આંગળીથી લખેલું હતું" (પુનર્નિયમ ૯:૯-૧૦). એ શબ્દો સમજી શકાય એવા હતા કે દેવ માણસના રૂપમાં છે. જેમ ઉત્પત્તિના પુસ્તકમાં યહોવાના દૂતની વાત જોવા મળે છે એમ સિનાઈ આગળ દેવ માણસના રૂપમાં પ્રગટ થયા હતા. દેવે અને તેમની સ્વર્ગીય સભાએ મૂસાને અને ઇસ્રાએલીઓને નિયમશાસ્ત્ર આપ્યું હતું.

નિયમશાસ્ત્ર આપ્યા પછી મૂસા, હારુન, હારુનના પુત્રો અને ઇસ્રાએલના સિત્તેર વડીલોએ ઇસ્રાએલના દેવને ફરીથી માણસના રૂપમાં જોયા હતા. તે સમયે તેમણે સાથે ભોજન કર્યું હતું (નિર્ગમન ૨૪:૯-૧૧). જેમ ઈસુએ છેલ્લા ભોજન વખતે તેના રક્તમાં નવો કરાર આપ્યો હતો તેમ આ ભોજન વખતે સિનાઈ પર્વત પર દેવે ઇસ્રાએલીઓ સાથે કરેલા નવા કરાર, એટલે કે નિયમશાસ્ત્રની ઉજવણીનું ભોજન કરવામાં આવ્યું હતું.

ઇસ્રાએલીઓ પવિત્ર થાય તે માટે દેવે તેમને નિયમશાસ્ત્ર આપ્યું હતું (લેવીય ૧૯:૨). તેઓ બીજા બધા લોકો કરતાં અલગ થાય અને દેવના પોતાના કુટુંબ તરીકે અલગ રીતે ઓળખાઇ આવે એવી દેવની ઇચ્છા હતી. જેમ યહોવા પૃથ્વી પરના બીજા બધા દેવોથી અલગ છે તેમ દેવના લોકોએ બીજા બધા લોકો કરતાં અલગ થવાની જરૂર હતી.

પવિત્રતાનો અર્થ શો છે? તેની પાછળ કયો વિચાર હતો? પવિત્રતાનો અર્થ વિલક્ષણતા નહોતી. પવિત્રતાનો અર્થ તો દેવ સાથે ઓળખાણ પ્રાપ્ત કરવાનો, પ્રભુને સમર્પિત થવાનો અને પ્રભુ સાથેના યોગ્ય સંબંધને લીધે પ્રાપ્ત થતા આશીર્વાદોનો આનંદ માણવાનો હતો. ઇસ્રાએલીઓ બીજા દેશોના લોકોને પ્રભુ પાસે પાછા લાવે એવી પ્રભુની ઇચ્છા હતી (પુનર્નિયમ ૪:૬-૮; ૨૮:૯-૧૦). તેથી બાઇબલ ઇસ્રાએલીઓને "યાજકોનું રાજ્ય" (નિર્ગમન ૧૯:૬) અને "વિદેશીઓને પ્રકાશ આપનાર" (યશાયા ૪૨:૬; ૪૯:૬; ૫૧:૪; ૬૦:૩) કહે છે. આખા ઇસ્રાએલ દેશે બીજા દેશો માટે આશીર્વાદરૂપ થવા ઇબ્રાહિમનો વારસો પ્રાપ્ત કર્યો હતો (ઉત્પત્તિ ૧૨:૩).

## વફાદારી પર વિશ્વાસ કરવો

દેવની સાથે સમાધાન કરવું એ તારણની વાત કરવાની બીજી રીત છે. પરંતુ સાબ્બાથશાળામાં આપણને ઘણીવાર શીખવવામાં આવ્યું હોવા છતાં પણ નિયમશાસ્ત્ર પાળવા દ્વારા ઇસ્રાએલીઓને તારણ પ્રાપ્ત થયું નહોતું. આપણે જૂના કરારમાં કે નવા કરારમાં પણ જોઇએ છીએ કે તારણ કમાઇ શકાતું નથી કે આપણે તારણ પ્રાપ્ત કરવા માટે લાયક પણ નથી. તારણ તો આપણા વિશ્વાસના પ્રત્યુત્તરરૂપે દેવની કૃપામાં *આપવામાં આવેલું દાન* છે.

આપણે ઈસુ ખ્રિસ્તના મરણ અને પુનરુત્થાન પછી જન્મ્યા અને વિશ્વાસ કરીએ છીએ તેમ ઇસ્રાએલીઓએ પણ વિશ્વાસ કરવાની જરૂર હતી. તેમણે એ વિશ્વાસ કરવાનો જ હતો કે યહોવા સર્વ દેવોનો દેવ છે અને તેણે તેમને તેનાં લોક બનાવ્યાં છે. ફક્ત તેમની પાસે જ દેવોના દેવની પાસે જવાની પરવાનગી હતી. નિયમશાસ્ત્ર તો ઇસ્રાએલીઓએ કેવી રીતે તારણ પ્રાપ્ત કર્યું છે તેના વિશે નહોતું પરંતુ તેઓ જે યહોવા પર વિશ્વાસ કરે છે તેને વફાદારી બતાવવા માટે આપવામાં આવ્યું હતું. ઇસ્રાએલી વ્યક્તિએ તારણ પ્રાપ્ત કરવા માટે દેવના વચનો પર અને દેવોના દેવના ચરિત્ર પર વિશ્વાસ કરવાનો હતો અને બીજા દેવોની આરાધના કરવાનો

નકાર કરવાનો હતો. તેમણે દેવની પાસેથી વધારે અંક પ્રાપ્ત કરવાના નહોતા પરંતુ હૃદયથી વિશ્વાસ કરવાનો હતો અને વફાદાર રહેવાનું હતું.

દાઉદ રાજાએ વ્યભિચાર અને ખૂન કરવા જેવા ખરાબ કૃત્યો કર્યા હતા (૨ શમુએલ ૧૧). નિયમશાસ્ત્ર મુજબ તે નિયમ તોડનાર હતો તેથી તેના ગુનાઓને લીધે મરણને યોગ્ય હતો. એમ હોવા છતાં પણ તેણે સર્વોચ્ચ દેવ યહોવા પર વિશ્વાસમાં સંદેહ આણ્યો નહિ. તેણે ક્યારેય તેની વફાદારી બીજા દેવને આપી નહિ. અને યહોવા દેવ તેના પર દયાળુ હતા.

નવા કરારમાં પણ એ જ વાત છે. સુવાર્તા પર વિશ્વાસ કરવાનો અર્થ છે કે ઈસ્રાએલનો દેવ આ પૃથ્વી પર માણસ બનીને આવ્યો, આપણા પાપોને લીધે સ્વેચ્છાએ વધસ્તંભ પર મરણ પામ્યો અને ત્રીજે દિવસે સજીવન થયો એ વાત પર વિશ્વાસ કરવો. આપણે એ વાત પર વિશ્વાસ કરવાનો છે અને ત્યારબાદ બીજા બધા દેવોને ત્યજી દઈને ઈસુને વફાદાર રહેવાનું છે. એ બીજા દેવો તારણ વિષે ગમે તે કહે પરંતુ બાઇબલ કહે છે કે આપણું તારણ થાય તે માટે ઈસુ સિવાય બીજું કોઇ નામ આપવામાં આવેલું નથી (પ્રેરિતોના કૃત્યો ૪:૧૨) અને વિશ્વાસને પકડી રાખવાનો છે (રોમનોને પત્ર ૧૧:૧૭-૨૪; હિબ્રૂઓને પત્ર ૩:૧૯; ૧૦:૨૨; ૩૮-૩૯). વ્યક્તિગત નિષ્ફળતાને લીધે બીજા દેવોને માટે ઈસુને છોડી દેવા જોઇએ નહિ - અને પ્રભુ તેનો તફાવત કહી શકે છે.

## શા માટે તે મહત્વનું છે?

નિર્ગમનમાં અને સિનાઈ આગળ જે થયું તેમાં ઘણા રસપ્રદ પ્રતિકો છે. જે દૃશ્યમાં મૂસા અને બીજા લોકોએ સિનાઈ પર મનુષ્ય રૂપમાં આવેલા દેવની સાથે ભોજન કર્યું તે આપણું ધ્યાન ખેંચે છે. મૂસાની સાથે સિત્તેર વડીલો હતા. જો તમે ઉત્પત્તિ ૧૦ માં દેવે જે દેશોને બાબિલના બનાવ પછી અલગ કર્યા તેની ગણતરી કરો તો તમને સિત્તેરનો આંકડો મળશે. જ્યારે ઇસ્રાએલના દેવે દેશોનો ન્યાય કર્યો (પુનર્નિયમ ૪:૧૯-૨૦; ૩૨:૮-૯) ત્યારે આ દેશોને દેવના દીકરાઓને (એટલે કે બીજા નાના દેવોને) સોંપવામાં આવ્યા હતા. શા માટે સિત્તેર વડીલો, સિત્તેર દેવના દીકરા અને સિત્તેર ત્યજી દેવાયેલા દેશો?

આ વહીવટ ઈરાદાપૂર્વકનો હતો. જ્યારે ઈસુએ પૃથ્વી પર પોતાની સેવાની શરૂઆત કરી ત્યારે તેમણે સિત્તેર શિષ્યોને બહાર મોકલ્યા હતા (લૂક ૧૦:૧). એ તો મહાન આદેશનો પૂર્વ સંકેત હતો. એ આંકડો એ વિચારને પ્રગટ કરતો હતો કે ઈસુના શિષ્યો દેવના રાજ્યને માટે બીજા દેશો પર દાવો કરશે. એ રાજ્ય પૃથ્વીના અંતે પ્રકટીકરણ ૨૧-૨૨ માં જણાવેલ નવી વૈશ્વિક એદનવાડીમાં સ્થાપિત થશે. સિત્તેરના આંકડાનું પુનરાવર્તન એક સંદેશ છે : દેવનું પૃથ્વી પરનું કુટુંબ ઇસ્રાએલ - એટલે કે ઇબ્રાહિમના સંતાન જે ગુમાવેલું છે તેને પાછું લાવવાનું કારણ થશે.

પરંતુ તેનો ત્યાં અંત થતો નથી. પાઉલ પ્રેરિતે ગલાતીઓને પત્ર ૩ માં લખ્યું છે કે વિશ્વાસીઓએ ઇબ્રાહિમને આપવામાં આવેલા વચનોનો વારસો પ્રાપ્ત કર્યો છે. જે કોઇ ઈસુ પર વિશ્વાસ કરે છે તે વિશ્વાસથી ઇબ્રાહિમનું સંતાન બને છે (ગલાતીઓને પત્ર ૩:૨૬-૨૯). તેનો અર્થ એ છે કે તમને અને મને બીજા દેવો પાસેથી દેશોને પાછા લેવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે. આપણું કાર્ય તો બીજા દેવોના આત્મિક અધિકાર હેઠળ જે લોકો છે તેમને ઈસુ પર વિશ્વાસ કરવા માટે ઈસુ તરફ વાળવાનું કાર્ય છે. આપણે પૃથ્વી પર દેવની નવી માનવીય સભા છીએ. અને આપણને મહિમાવંત કરવામાં આવ્યા છે, આપણે નવી એદનવાડીમાં દેવના નવા સ્વર્ગીય કુટુંબની સાથે જોડાઇશું.

બાઇબલ ઘણા શાસ્ત્રભાગોમાં આ વિચાર પ્રગટ કરે છે. પ્રકટીકરણનું પુસ્તક જણાવે છે કે વિશ્વાસીઓ આ ઈસુની સાથે મળીને આ પૃથ્વીના અંતે બીજા દેશો પર અધિકાર પ્રાપ્ત કરવાનો વારસો મેળવશે (પ્રકટીકરણ ૩:૨૧). તેનો અર્થ એ છે કે દેવના દીકરાઓએ બાબિલના બનાવ પછી જે દેશો પર રાજ કર્યું હતું તેમને આપણે પદભ્રષ્ટ કરીશું. તેથી જ યોહાન કહે છે કે વિશ્વાસીઓને

દેવના છોકરાં થવાનો અધિકાર છે (યોહાન ૧:૧૨ ને ૧ યોહાન ૩:૧-૩ સાથે સરખાવો); છેલ્લા દિવસે આપણે દૈવી પરંતુ શત્રુ બની ગયેલા દેવના દીકરાઓને પદભ્રષ્ટ કરીશું.

તેથી પાઉલ વિશ્વાસીઓને પત્ર લખતી વખતે અધર્મીઓની પાસે દાદ માગવા જવાનું બંધ કરવાનું કહેતાં એમ પણ કહે છે કે, "સંતો જગતનો ન્યાય કરશે એ શું તમે જાણતા નથી?" (૧ કરિંથીઓને પત્ર ૬:૩). જ્યારે આપણને નવી પૃથ્વીમાં દૈવી (મહિમાવંત) બનાવવામાં આવશે ત્યારે *આપણે દૂતો કરતાં પણ ઉચ્ચ પદવી પ્રાપ્ત કરીશું.* એક દિવસે આપણને ઈસુ જેવા બનાવવામાં આવશે (૧ યોહાન ૩:૧-૩; ૧ કરિંથીઓને પત્ર ૧૫:૩૫-૪૯) અને ઈસુ સાથે મળીને હાલમાં શત્રુ બનેલા દેવો જેના પર નિયંત્રણ ધરાવે છે તે દેશો પર રાજ કરીશું (પ્રકટીકરણ ૨:૨૬). એદનવાડીમાં પાપમાં પતિત થવાને લીધે મરણનો જે શ્રાપ માણસજાતમાં ફેલાયો હતો તેને વિશ્વાસીઓ અથવા તો ઇબ્રાહિમના આત્મિક સંતાનો ઉલટાવી નાખશે અને બીજા દેશો પર પણ અધિકાર પ્રાપ્ત કરશે.

આપણે આ મૂકામ પ્રાપ્ત કરવાના વિશ્વાસ સાથે જીવવાનું છે. જૂના કરારની યોજનામાં જે સઘળું છે તે આપણને દોરે છે. એદનવાડી વિશે વિચાર કરો. પોતાના બંને કુટુંબ એટલે કે દૈવી અને માનવીય કુટુંબ એદનવાડીમાં પોતાની સાથે રહે અને અધિકાર ચલાવે એવી દેવની ઇચ્છા હતી. વિદ્રોહને લીધે એ યોજના બગડી ગઇ હતી પરંતુ મિસરમાંથી ઇસ્રાએલને છોડાવવા દ્વારા ફરીથી જાગૃત થઇ હતી. ઇબ્રાહિમના સંતાનોમાંથી મસિહ આવવાનો હતો અને એદનવાડીની નિષ્ફળતાને ઉલટાવી નાખવાનો હતો (ઉત્પત્તિ ૩:૧૫). ઇસ્રાએલ વગર આપણું કોઇ ભાવી ન હોત.

તેથી જ બીજા દેવો અને તેમના અનુયાયીઓ ઇસ્રાએલનો નાશ કરવાનો પ્રયત્ન કરતા હતા.

# પ્રકરણ ૮
# પવિત્ર સ્થાન

ઈસ્રાએલીઓએ સિનાઈ પર્વત પાસે લગભગ એક વર્ષ જેટલો સમય પસાર કર્યો હતો. શા માટે આટલો લાંબો સમય ત્યાં પસાર કર્યો? તેઓ તો દેવ સાથેના કરારમાં પ્રવેશી ચૂક્યા હતા અને દસ આજ્ઞાઓ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. પરંતુ હજુ પણ તેમણે ઘણું શીખવાનું બાકી હતું. તેમના પૂર્વજો ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબના દેવ પર વિશ્વાસ કરવાનું વચન આપવું તથા તેને વફાદાર રહેવું એક વાત છે અને પ્રભુ શું ઈચ્છે છે અને તે કેવા છે તે જાણવું બીજી વાત છે.

## પવિત્રતાનો ખ્યાલ

જૂના કરારમાં જણાવેલ ઘણા વિચિત્ર નિયમો અને રીતો લોકોને એ શીખવવા માટે હતા કે તેમના દેવ બીજા દેવો જેવા *નથી*. પ્રભુ તેમના સ્વભાવ અને ચરિત્રમાં અનુપમ છે; તે માણસજાત કે બીજા કોઈપણ કરતાં સંપૂર્ણપણે *અલગ* છે. ઈસ્રાએલીઓએ હંમેશ માટે એ સત્યને સ્વીકારવાનું હતું. જો તેઓ એમ ન કરે તો તેઓ દેવને સામાન્ય વ્યક્તિ જેવા ગણી લેત.

દેવની અનુપમ અલગતા માટે બાઈબલનો જે શબ્દ છે એ શબ્દ તો *પવિત્રતા* છે. તેનો અર્થ એ છે કે, "અલગ હોવું" અથવા "અજોડ હોવું." આ ખ્યાલ નૈતિક વર્તન માટે જરૂરી નથી - એટલે કે દેવના અજોડ નૈતિક ધારાધોરણોને પ્રગટ કરવા માટે આપણે અલગ રીતે વર્તન કરવું જોઈએ તે વિશેનો ખ્યાલ નથી - જો કે તેનો તેમાં સમાવેશ થાય છે (લેવીય ૧૯:૨).

દેવ ઈસ્રાએલીઓને પવિત્રતાની ફક્ત બૌદ્ધિક સમજણ આપીને સંતુષ્ટ નહોતા. પરંતુ પ્રાચીન ઈસ્રાએલમાં પોતાની અલગતાનો પ્રસાર થાય એવી દેવની ઈચ્છા હતી. બાઈબલ આપણને કહે છે પવિત્ર સ્થાનોમાં જવાની વિધિઓ (પ્રતિકાત્મક કાર્યો) દ્વારા તે પૂરી કરવામાં આવી હતી.

## ઈશ્વર કેવી રીતે "અલગ" છે?

આ પ્રશ્નનો ટૂંકો ઉત્તર એ છે કે "દરેક બાબતોમાં" પરંતુ તે એક સમિક્ષા કે સારાંશ છે. બાઈબલ ઘણું નમ્ર પુસ્તક છે અને ઈસ્રાએલી સમાજ જે વિધિઓ અને નિયમો પ્રમાણે જીવતો હતો તે તેને પ્રગટ કરે છે.

ઉદાહરણ તરીકે, બાઈબલ આપણને શીખવે છે કે પ્રભુ ફક્ત ઈસ્રાએલના જીવનનો શ્રોત જ નહોતા પરંતુ તેનું જીવન હતા. પ્રભુ આ પૃથ્વીના કે જ્યાં મરણ, રોગ, બીમારી અને અપૂર્ણતા છે ત્યાંના નથી. તેમનું રાજ્ય અલૌકિક છે. આપણું ક્ષેત્ર તો પાર્થિવ ક્ષેત્ર છે. પ્રભુ જે સ્થાન પર કબજો કરે છે તે સ્થાન તેમની હાજરી દ્વારા પવિત્ર અને *બીજા જગતનું* બની જાય છે. પ્રભુ સામાન્યના વિપરીત છે.

પ્રાચીન ઈસ્રાએલમાં દેવની જેમ કોઈ સ્થાન પર કબજો કરવા માટે લોકોને શુદ્ધ થવાનું આહ્વાન આપવામાં આવ્યું હતું. જૂના કરારમાં ઘણા નિયમો શુદ્ધિકરણની આ પ્રક્રિયા વિશે જણાવે છે.

વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ અને શરતો દ્વારા ઈસ્રાએલીઓ પવિત્ર સ્થાનમાંથી દૂર કરવામાં (અશુદ્ધ જાહેર કરવામાં) આવતા હતા. જાતિય સંબંધ, રક્તસ્રાવ, કેટલીક શારીરિક ખામીઓ અને મૂએલાંને (મૃત માનવ કે પ્રાણી શરીરને) સ્પર્શ કરવા જેવી

વિવિધ બાબતો દ્વારા ઇસ્રાએલીઓ અશુદ્ધ ગણાતા હતા. ઇસ્રાએલીઓને પ્રાણીએ ફાડી ખાધેલા જાનવરનું માંસ ખાવાની (ઉદાહરણ તરીકે, ગીધ, સમડી - લેવીય ૧૧:૧૩-૧૯) કે મૂએલા પ્રાણીને ખાનારું કંઇપણ ખાવાની ના પાડવામાં આવી હતી (ઉદાહરણ તરીકે ગરોળી, ઊંદર - લેવીય ૧૧:૨૪-૪૦).

આવા કિસ્સાઓમાં અશુદ્ધતા નૈતિકતાને આધારીત નહોતી પરંતુ જીવનના નાશ સાથે સંકળાયેલી બાબત અને દેવની સંપૂર્ણતાની અસંગતતા સાથે સંકળાયેલી બાબત હતી. તેની પાછળનો તર્ક સરળ હતો પરંતુ આપણી આધુનિક વિચારધારાને તે અલગ લાગે છે. રક્તસ્રાવ કે વિર્યસ્રાવ જીવન આપનાર તથા જીવનને નિભાવી રાખનાર બાબતના નુક્સાન જેવા ગણવામાં આવતા હતા. ઈશ્વર *જીવનના નાશ* સાથે સંકળાયેલા નહોતા પરંતુ જીવન *આપનાર* હતા. આવો સ્રાવ થયા પછી "શુદ્ધિકરણની" પ્રક્રિયા દેવનો સ્વભાવ યાદ કરાવતી હતી. એવી જ રીતે મૂએલાને સ્પર્શ કર્યા બાદ અશુદ્ધ થયા પછી પણ "શુદ્ધિકરણ" કરવામાં આવતું હતું. શારીરિક ખોડ કે ઇજા થઇ હોય તો પણ તેમને પવિત્રસ્થાનમાંથી દૂર કરવામાં આવતા હતા, કેમ કે એ અપૂર્ણતા દેવની સંપૂર્ણતા સાથે અસંગત હતી.

આ સઘળા નિયમો અલૌકિક વિચારધારા તરફ દોરવણી આપતા હતા.

## અશુદ્ધતાની સમસ્યાનું સમાધાન કરવું

પ્રાચીન ઇસ્રાએલીને પવિત્ર સ્થાનમાં જવા માટે "અશુદ્ધ" કે અયોગ્ય થવું ગંભીર બાબત ગણાતી હતી. જો તેઓ અશુદ્ધ હોય તો તેઓ તેમના બલિદાનો કે અર્પણોને પવિત્ર સ્થાનમાં લાવી શકતા નહોતા. તેનો ઉકેલ તો શુદ્ધિકરણ હતો, કેટલીકવાર શુદ્ધિકરણ માટે પણ બલિદાન કરવું પડતું હતું અથવા તો થોડો સમય વાટ જોવી પડતી હતી.

રક્તના બલિદાનનો તર્ક - કોઇ વ્યક્તિ કે વસ્તુને શુદ્ધ જાહેર કરવા માટે તેના પર રક્તનો છંટકાવ કરવો આપણને વિચિત્ર વાત લાગે છે. પરંતુ રક્તના બલિદાનોનો હેતુ ઈશ્વરવિદ્યા સાથે સંકળાયેલી બાબત છે - તે પ્રતિનિધિત્વના વિચારને પ્રગટ કરે છે. રક્તમાં જીવન છે, તેથી (લેવીય ૧૭:૧૧) પ્રાણીનું બલિદાન આપણને એ પાઠ શીખવે છે કે દેવની હાજરીમાં બલિદાન વગર જવાનો અર્થ મૃત્યુ છે. ઇસ્રાએલીઓની અશુદ્ધ કે દૂષિત પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે બલિદાન તો દયા પ્રાપ્ત કરાવનાર પ્રતિનિધિ જેવું હતું.

શિક્ષણનો મુદ્દો એ હતો કે પ્રભુ પ્રતિનિધિત્વ કરનાર બલિદાન દ્વારા ઇસ્રાઅલીઓના જીવનનું *રક્ષણ કરતા* હતા. માનવીય જીવન પ્રાણીના જીવન કરતાં વધારે પવિત્ર છે કેમ કે માણસને દેવના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે બનાવવામાં આવ્યું છે (ઉત્પત્તિ ૧:૨૬; ૯:૬). જે અલૌકિક કાર્યએ ઇબ્રાહિમ અને સારાને બાળકને જન્મ આપવા માટે લાયક બનાવ્યા હતા તેના દ્વારા ઇસ્રાએલીઓએ તેમનું અસ્તિત્વ પ્રાપ્ત કર્યું હતું (ઉત્પત્તિ ૧૨:૧-૩). પરંતુ પવિત્ર દેવની હાજરીમાં માનવી જીવન જોખમમાં હતું. બલિદાનો તેમને એ વાત યાદ કરાવતા હતા કે દેવની પાસે જીવન અને મરણ પર અધિકાર છે - અને દેવ તેમના પર દયા કરવા માગતા હતા.

## પૃથ્વી પર સ્વર્ગ (અને નરક)

દેવની અલગતા પર ધ્યાન કરતી વખતે ફક્ત ઈશ્વર વિશે જ નહિ પરંતુ અલૌકિક સીમાઓ વિશેના પણ કેટલાક વિચારો તરફ આપણે નજર કરીએ છીએ. "દેશો કે રાજ્યોના ભાગ કરવાનો" વિચાર ઇસ્રાએલની અલૌકિક વિચારધારાનો મૂળ પાયો હતો. જ્યાં દેવની હાજરી છે તે સ્થળ પવિત્ર છે તો બીજી ભૂમિ પવિત્ર નથી - કાં તો તે સામાન્ય છે અથવા તો શત્રુની કે ભૂંડાઈની ભૂમિ છે.

દેવની હાજરી એદનવાડીની વાત યાદ કરાવવા દ્વારા અંકિત કરવામાં આવી છે. મુલાકાતમંડપ અને મંદિરની કેટલીક બાબતો લોકોને એદનવાડી જ્યાં સ્વર્ગ અને પૃથ્વી એક થયા હતા તે સ્થળની યાદ અપાવતી હતી. દીપવૃક્ષને (નિર્ગમન ૨૫:૩૧-૪૦) એદનવાડીમાં જે જીવનનું વૃક્ષ હતું તેના પ્રતિકની જેમ બનાવીને શણગારવામાં આવ્યું હતું. જ્યાં દેવનો કરારકોશ મૂકવામાં આવ્યો હતો તે સ્થાન એટલે કે પરમપવિત્રસ્થાનને અલગ કરતા પડદાની આગળ આ દીપવૃક્ષને મૂકવામાં આવ્યું હતું (નિર્ગમન ૨૫:૧૦-૨૨).

પરમપવિત્રસ્થાનમાં જે કરૂબો હતા તે પણ એદનવાડી સાથે જોડાયેલી બાબત છે. એદનવાડીમાં જે કરૂબો હતા તેઓ એદનવાડીમાં દેવના રહેઠાણનું રક્ષણ કરતા હતા (ઉત્પત્તિ ૩:૨૪). પરમપવિત્રસ્થાનમાં જે કરૂબો હતા તેઓ કરારકોશના ઢાંકણનું રક્ષણ કરતા હતા (નિર્ગમન ૨૫:૧૮-૨૦). પછી જ્યારે સુલેમાને મંદિર બાંધ્યું ત્યારે મુલાકાતમંડપનું માળખું મંદિરમાં રૂપાંતરિત થયું અને બે મોટા કરૂબો દેવના કરારકોશ પર જાણે કે તે દેવનું પાયાસન હોય એવી રીતે મૂકવામાં આવ્યા હતા (૧ કાળવૃત્તાંત ૨૮:૨).

મંદિરને પણ એદનવાડીની જેમ શાકભાજી અને પ્રાણીઓના ચિત્રોથી શણગારવામાં આવ્યું હતું (૧ રાજાઓ ૬-૭). ફૂલો, ખજૂરીના વૃક્ષો, સિંહો અને દાડમો કોતરવામાં આવ્યા હતા. એ દૃશ્ય તો જ્યાં દેવ પ્રથમ વાર પોતાના માનવીય કુટુંબની સાથે પૃથ્વી પર રહેવા માટે આવ્યા હતા તેની યાદ અપાવે છે.

ઈસ્રાએલીઓને બ્રહ્માંડીય ભૂગોળની અંધકારમય બાજુ પણ યાદ કરાવવાની જરૂર હતી. જો ઈસ્રાએલીઓની છાવણી અને ત્યારબાદ ઈસ્રાએલ દેશ પવિત્ર ભૂમિ અને દેવનું તથા તેમના લોકોનું ઘર હતા તો ઈસ્રાએલ સિવાયની ભૂમિ કે સ્થાન અપવિત્ર સ્થાન કે ભૂમિ હતી. ઘણાં લાંબા સમય પહેલાં દેવે બીજા દેશોને ત્યજી દીધા હતા અને તેમને નાના દેવોને સોંપી દીધા હતા (પુનર્નિયમ ૪:૧૯-૨૦; ૩૨:૮-૯). એક દિવસે પ્રભુ એ દેશો પર ફરીથી દાવો કરવાના હતા, પરંતુ બાઇબલના દિવસો દરમ્યાન તેઓ અંધકારના ક્ષેત્રો હતા.

એક ઈસ્રાએલી વિધિએ આ પાઠનું અવિસ્મરણીય વિગતવાર શિક્ષણ આપ્યું. જેમ લેવીય ૧૬માં જણાવેલ છે તેમ દર વર્ષે પ્રાયશ્ચિતનો દિવસ (યોમ કિપ્પુર) આવતો હતો અને તેમાં લોકોને માટે પવિત્ર અને અપવિત્ર ભૂમિના પ્રભાવકારી પાઠનો સમાવેશ થાય છે.

તેમાં બે બકરાનો સમાવેશ થતો હતો. એક બકરાનું બલિદાન કરીને બીજા વર્ષને માટે માણસોની અશુદ્ધતાથી પવિત્રસ્થાનને શુદ્ધ કરવા માટે તેના રક્તનો છંટકાવ કરવામાં આવતો હતો. બલિદાનનો તે બકરો "યહોવાને સારુ" હતો. બીજા બકરાનું બલિદાન કરવામાં આવતું નહોતું - યાજક તેના માથા પર હાથ મૂકીને લોકોનાં પાપોની કબૂલાત કરીને પ્રતિકાત્મક રીતે તેના પર લોકોના પાપ મૂકીને તેને અરણ્યમાં છોડી મૂકતો હતો. તે બકરો "અઝાઝેલને" માટે હતો.

આ "અઝાઝેલ" કોણ અથવા શું છે? કેટલાક સંસ્કરણોમાં અઝાઝેલને બદલે બલિનો બકરો એ શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. મૃત સમુદ્રના ઓળિયામાં જે હિબ્રૂ શબ્દ છે તે એક નામ છે - તે એક અશુદ્ધ આત્માનું નામ છે. અરણ્યમાંથી વચનના દેશમાં પ્રવાસ કરતી વખતે ઈસ્રાએલીઓ અશુદ્ધ આત્માને બલિદાનો કરતા હતા (લેવીય ૧૭:૭), કેમ કે તેમને એવી બીક હતી કે દુષ્ટ શક્તિઓ તેમની છાવણીનો નાશ કરશે. અરણ્યનો એ પ્રદેશ તો ઈસ્રાએલની છાવણીની બહારનો પ્રદેશ હતો તેથી તે સ્થળ દુષ્ટ અલૌકિક વ્યક્તિઓનું સ્થાન હતું. આ કાર્ય બંધ થવું જોઇએ અને અઝાઝેલનો બકરો તે કાર્ય પૂરું કરતો હતો. અઝાઝેલના બકરાનું

ભૂંડા દેવોને બલિદાન કરવામાં આવતું નહોતું - કેમ કે એ બકરાને મારી નાખવામાં આવતો નહોતો. પરંતુ તેને બદલે પ્રતિકાત્મક રીતે ઇસ્રાએલીઓની છાવણીને પાપથી શુદ્ધ કરવા માટે તેને અરણ્યમાં મોકલી દેવામાં આવતો હતો.

## શા માટે તે મહત્વનું છે?

નવા કરારમાં પરિસ્થિતિ બદલાઇ ગઇ, પરંતુ અગાઉ જેવી પણ રહી! ઈશ્વર હજુ પણ અનુપમ અને અજોડ છે. દેવની પવિત્રતાની એ માગણી છે કે આપણે તેમની હાજરીમાં જવા માટે શુદ્ધ થઈએ. આપણા માટે ઈસુએ વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવા દ્વારા આ કાર્ય પૂરું થયું છે.

ઈસુએ આપણા બદલે જે કાર્ય કર્યું તેના અલૌકિક અર્થ છે. આપણે એવી અપેક્ષા રાખીએ છીએ કે જ્યાં ભૂંડાઇનું સૈન્ય છે એવા અરણ્યમાં ઈસુ ગયા અને શેતાનના પરીક્ષણો પર વિજય પ્રાપ્ત કર્યો. એ બીના તો ઈસુએ તેમની સેવાની શરૂઆત કરી તેની શરૂઆતમાં બની હતી, જે દર્શાવે છે કે ઈસુએ "મરણ પર સત્તા ધરાવનાર" (હિબ્રૂઓને પત્ર ૨:૧૪) એટલે શેતાન પર વિજય પ્રાપ્ત કર્યો. ઈસુને પવિત્ર નગરની બહાર વધસ્તંભે જડવામાં આવ્યા હતા (હિબ્રૂઓને પત્ર ૧૩:૧૨). આપણા પાપોને તેના પર મૂકવામાં આવ્યા હતા તેથી તે અશુદ્ધ થયો હતો અને યરૂશાલેમ પવિત્ર ભૂમિ હતી.

ઈસુનું મરણ અને પુનરુત્થાન આપણને પવિત્ર કરે છે - દેવની હાજરીમાં જવા માટે લાયક બનાવે છે. આપણા પાપોનું "નિવારણ" કરવામાં (રોમનોને પત્ર ૧૧:૨૭ અને ૧ યોહાન ૩:૫ જુઓ) આવ્યું છે. અશુદ્ધ પાપી હોવા છતાં પણ જો આપણે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીએ છીએ તો આપણે પવિત્ર છીએ. અપૂર્ણ હોવા છતાં પણ ઈસુને લીધે આપણી અપૂર્ણતાની અવગણના કરવામાં આવે છે. તે સમજવું એટલું સરળ પરંતુ મહત્વનું છે.

આપણને ઘણીવાર એવો વિચાર આવે કે આપણા કરતાં ઇસ્રાએલીઓ ઘણી બાબતોમાં આત્મિક રીતે વધારે આશીર્વાદિત હતા. કેમ કે તેમની મધ્યે દેવની હાજરી હતી. જ્યાં અલૌકિક, બ્રહ્માંડીય ભૂગોળ વાસ્તવિક હતું ત્યાં તેઓ રહેતા હતા. આપણે એવો વિચાર કરીએ કે તેમની પાસે જે હતું તે આપણી પાસે હોય અને જો દેવની સતત યાદગીરી આપણી વાસ્તવિકતા હોય તો આપણે વધારે આત્મિક બની શકીએ અને પ્રભુ સાથે વધારે ગાઢ સંબંધ રાખી શકીએ.

*નવો કરાર આપણને કહે છે કે તે સઘળું આપણી પાસે છે.*

આપણને પવિત્રસ્થાન તરીકે મુલાકાતમંડપ કે મંદિરની જરૂર નથી. આપણા શરીરો એ પવિત્રસ્થાન છે. પાઉલ કહે છે કે આપણા પૃથ્વી પરનાં શરીરો "મુલાકાતમંડપ" (૨ કરિંથીઓને પત્ર ૫:૪) છે કેમ કે મુલાકાતમંડપ અને મંદિર દેવની જે હાજરીથી ભરાયેલા હતાં એ જ હાજરી આપણામાં પણ રહે છે (રોમનોને પત્ર ૮:૯-૧૧). અંતે આપણા શરીરો, એટલે કે આ પૃથ્વી પરનું આપણા આત્માનું ઘર મરણ પામશે અને તેને બદલે હાથે બાંધેલું નહિ (૨ કરિંથીઓને પત્ર ૫:૧-૩) એવું સ્વર્ગીય રહેઠાણ આપવામાં આવશે - એક નવી એદનવાડી, એટલે કે સ્વર્ગ પૃથ્વી પર ઉતરી આવશે (પ્રકટીકરણ ૨૨:૧-૩).

હવે પ્રભુ પોતાના આત્મા દ્વારા દરેક વિશ્વાસીમાં રહે છે તેથી દરેક મંડળી - એટલે કે વિશ્વાસીઓનો સમૂહ પવિત્ર ભૂમિ છે. તેથી પાઉલ પસ્તાવો ન કરનાર વ્યક્તિને "શેતાનને સોંપવાની" (૧ કરિંથીઓને પત્ર ૫:૫) વાત કરે છે. મંડળી પવિત્ર સ્થાન હતી. વિશ્વાસીઓની સંગતની બહારનું સ્થાન શેતાનના અધિકારનું ક્ષેત્ર છે. ત્યાં પાપ અને વિનાશ રહેલો છે.

આપણે અલૌકિક દૃષ્ટિથી આપણી જાતનું નિરીક્ષણ કર્યું છે. તમે જે કાર્ય કરો કે ન કરો તેનાથી નહિ પરંતુ ઈસુ ખ્રિસ્ત તમારામાં છે અને તેણે તમને દત્તકપુત્ર તરીકે સ્વીકાર્યા છે તેથી તમે દેવનું બાળક છો અને પવિત્ર સ્થાનમાં રહેવા માટે લાયક છો (રોમનોને પત્ર ૮:૧૫; ગલાતીઓને પત્ર ૪:૫). તમને અંધકારના રાજ્યમાંથી છોડાવીને "દેવના વહાલા પુત્રના રાજ્યમાં લાવવામાં" આવ્યા છે (કલોસ્સીઓને પત્ર ૧:૧૩).

આપણે ઈસુ ખ્રિસ્તમાં છીએ અને જગત માટે તેનો શો અર્થ છે એ વાતને આપણે ક્યારેય, એક ક્ષણ માટે પણ ભૂલવી જોઈએ નહિ.

## પ્રકરણ ૯
# પવિત્ર યુદ્ધ

બાઇબલ એક વિવાદાસ્પદ પુસ્તક છે. જે લોકો બાઇબલને દેવના વચન તરીકે જોતા નથી તેઓ હંમેશા બાઇબલ જે કહે છે તેનો વિરોધ કરે છે. પરંતુ બાઇબલના કેટલાક શાસ્ત્રભાગો ખ્રિસ્તીઓને પણ મુંઝવણમાં નાખી દે છે. વચનનો દેશ જીતવા માટે ઇસ્રાએલનું યુદ્ધ તેનો મુખ્ય મુદ્દો છે.

શા માટે? મોટા ભાગે જે કત્લેઆમ કરવામાં આવ્યું તેના લીધે એમ લાગે છે કે તેમાં ભેદભાવ કરવામાં આવ્યો છે. શા માટે કેટલાક નગરોની વસ્તીનો - પુરુષો, સ્રીઓ, બાળકો અને પશુઓનો પણ નાશ કરવો જરૂરી હતો? શા માટે તે નગરોના રહેવાસીઓને શરણાર્થીઓ બનાવવામાં આવ્યા નહિ? તેમને મારી નાખવા કરતા તેમને ગુલામ બનાવવું સારું નહોતું?

એ સઘળા વાંધાઓનો એક ઉત્તર છે - પરંતુ મેં જોયું છે કે તેનો ઉત્તર ખ્રિસ્તીઓને મૂળ સમસ્યા કરતાં પણ વધારે બેચેન કરી દે છે. જો તમે વિજયના બનાવોને ઇસ્રાએલીઓની અલૌકિક વૈશ્વિક વિચારધારાથી જોશો તો જ તમે તેના તર્ક અને ઉદ્દેશ્યને સમજી શકશો.

### ઇસ્રાએલનો અલૌકિક તર્ક

વચનનો દેશ પ્રાપ્ત કરવા માટે જે યુદ્ધો થયા તેને બે ભાગમાં વહેંચી શકાય, તે બંને આ જગત માણસજાતનું રહેઠાણ છે ખરું, પરંતુ અદૃશ્ય આત્મિક યુદ્ધનું ઇનામ પણ છે તે વિશેની ઇસ્રાએલની સમજ પર આધારીત છે. આપણે અગાઉ તે બંને વિશે વાત કરી ચૂક્યા છીએ, તેથી આવો તેનો સારાંશ જોઇએ.

એક કારણ તો બાબિલના સમયે જે પડતી થઇ અને દેશોએ પ્રભુની વિરુદ્ધ બળવો કર્યો ત્યારે દેવે એવો નિર્ણય કર્યો કે તે હવે એ દેશોના લોકોની સાથે સીધો સંબંધ રાખશે નહિ તેના વિશેનું છે. પરંતુ તેને બદલે, દેવે પોતાની દૈવી સભાના સભ્યો, એટલે કે દેવના દીકરાઓને તેનો અધિકાર સોંપ્યો હતો (પુનર્નિયમ ૪:૧૯-૨૦; ૩૨:૮-૯). ત્યારબાદ, દેવે ઇબ્રાહિમને તેડું આપ્યું અને તેને તથા તેની પત્ની સારાને બાળકનું દાન (ઇસહાક) આપ્યું, અને તેના દ્વારા ઇસ્રાએલ અસ્તિત્વમાં આવ્યું.

આપણે ગીતશાસ્ર ૮૨માં શીખ્યા કે આ નાના દેવો ભ્રષ્ટ થયા. તેમણે અન્યાયને અનુમતિ આપી. લોકો સર્વોચ્ચ દેવની ભક્તિ કરવાને બદલે આ નાના દેવોની ભક્તિ કરવા લાગ્યા. તેમાંનાં કેટલાક દેશો કનાનની ભૂમિમાં રહેતા હતા અને તે ભૂમિ દેવે ઇસ્રાએલીઓને આપવાનું વચન આપ્યું હતું તેથી મૂસા અને ઇસ્રાએલીઓ એવું માનતા હતા કે તે ભૂમિમાં રહેતા લોકો તેમના શત્રુઓ છે અને તેમના દેવો ઇસ્રાએલનો નાશ કરવા માટે તેમનાથી શક્ય એટલા પ્રયત્નો કરશે.

બીજું કારણ તો ઇસ્રાએલીઓ માટે વધારે ભયાનક હતું. જ્યારે ઇસ્રાએલીઓ વચનના દેશની એટલે કે કનાનની સરહદે આવી પહોંચ્યા ત્યારે જે થયું તેનાથી તેની શ્રેષ્ઠ સમજ પ્રાપ્ત થાય છે.

મૂસાએ કનાન દેશની અને તેના રહેવાસીઓની જાસૂસી કરવા માટે ૧૨ જાસૂસો મોકલ્યા હતા. તે જાસૂસો પાછા આવ્યા ત્યારે એ દેશ અદ્‌ભુત છે અને દેવે જેમ કહ્યું હતું તેમ "દૂધ મધની રેલછેલવાળો" દેશ છે (ગણના ૧૩:૨૭) તેની ખાતરી સાથે પાછા આવ્યા હતા. પરંતુ ત્યારબાદ તેમણે એક આઘાતજનક વાત કરી હતી: "અને જે દેશની જાસૂસી તેઓએ કરી હતી, તે વિષે ઇસ્રાએલપુત્રોની પાસે તેઓ માઠો સંદેશો લાવ્યા, ને એમ કહ્યું કે, જે દેશમાં તેની જાસૂસી કરવા સારુ અમે ફરી આવ્યા છીએ તે

પોતાની વસતિને ખાઇ જનાર દેશ છે; અને જે સર્વ લોકને અમે તેમાં જોયા, તેઓ કદાવર માણસો છે. અને ત્યાં રાક્ષસોથી જન્મેલા રાક્ષસોને, એટલે અનાકના પુત્રોને, અમે જોયા, અને અમે પોતાની દૃષ્ટિમાં તીડોના જેવા હતા, ને તેઓની દૃષ્ટિમાં પણ અમે એવા જ હતા" (ગણના ૧૩:૩૨-૩૩).

આપણે અગાઉ રાક્ષસો (નફિલિમ) વિષે વાત કરી હતી. તેઓ તો ઉત્પત્તિ ૬:૧-૪માં જણાવેલ દેવના દીકરાઓ અને માણસની દીકરીઓના વિચિત્ર સંતાનો હતા. ઇસ્રાએલી જાસૂસોએ અનાકી રાક્ષસોને જોયા તેઓ દેવના દીકરાઓ અને માણસની દીકરીઓના સંતાનો હતા અને જે દેશો અને નગરોને ઇસ્રાએલીઓએ જીતવાના હતા તે કનાન દેશમાં ફેલાઇ ગયા હતા (ગણના ૧૩:૨૮-૨૯). અગાઉ આ દેશ અને તેના દેવો પર વિજય પ્રાપ્ત કરવાનું કાર્ય મુશ્કેલ લાગતું હતું; પરંતુ હવે તો તે અશક્ય લાગ્યું હતું. તે પ્રદેશને જીતવા માટે તેમણે અસાધારણ શારીરિક કદ ધરાવતા યોદ્ધાઓનો સામનો કરવાનો હતો.

૧૨ જાસૂસોમાંથી ફક્ત કાલેબ અને યહોશુઆએ જ એવો વિશ્વાસ રાખ્યો હતો કે પ્રભુ આ અનાકીઓને હરાવવા માટે ઇસ્રાએલીઓને મદદ કરશે. બાકીના જાસૂસોએ લોકોને સમજાવ્યા હતા કે તેઓ યુદ્ધમાં હારી જશે. જે દેવે ફારુન અને તેના સૈન્યને પરાસ્ત કર્યું હતું તેના પર ભરોસો કરીને વિજય પ્રાપ્ત કરવા માટે તેને વિનંતી કરવાને બદલે તેમણે કચકચ કરી કે, "એ લોકોની સામે આપણે ચઢાઇ કરી શકતા નથી; કેમ કે તેઓ આપણા કરતાં બળવાન છે" (ગણના ૧૩:૩૧).

દેવે ઉત્તર આપ્યો કે, "આ લોક મને ક્યાં સુધી તુચ્છકારશે? અને તેઓ મધ્યે જે સર્વ ચિહ્નો મેં કર્યાં છે તે છતાં, તેઓ ક્યાં સુધી મારા પર વિશ્વાસ રાખશે નહિ?" (ગણના ૧૪:૧૧). ખરેખર તો પ્રભુ એટલા ક્રોધિત થયા હતા કે તેમણે જેમ બાબિલના બુરજ આગળ બીજા દેશોને ત્યજી દીધા હતા તેમ ઇસ્રાએલને ત્યજી દેવાની અને ફરીથી મૂસાથી શરૂઆત કરવાની ધમકી પણ આપી : "હું તેઓને મરકીથી મારીશ, ને તેઓને બિનવતન કરી નાખીશ, ને તેઓના કરતાં મોટી તથા બળવાન દેશજાતિ તારાથી ઉત્પન્ન કરીશ" (ગણના ૧૪:૧૨).

મૂસાએ દેવને એમ ન કરવા માટે વિનંતી કરી (ગણના ૧૪:૧૩-૧૯). દેવે તેમને ત્યજી દીધા નહિ પરંતુ લોકોના અવિશ્વાસને ધ્યાનમાં લેવાનું બંધ કર્યું નહિ. તેમણે એક પાઠ શીખવાનો હતો. તે કઠિન હતો. દેવે મૂસાને કહ્યું :

> તારા કહેવા પ્રમાણે મેં તેઓને ક્ષમા કરી છે; પણ હું જીવતો છું, અને આખી પૃથ્વી યહોવાના ગૌરવથી ભરપૂર થશે તે જેટલું નક્કી છે તેટલા જ નક્કીપણાથી, જે બધા માણસોએ મારું ગૌરવ ને મિસરમાં તથા અરણ્યમાં મારા ચમત્કારો જોયા છતાં દશ વખત મારી પરીક્ષા કરી છે, ને મારી વાણી સાંભળી નથી, તેઓ જે દેશ આપવાના મેં તેઓના બાપદાદાની આગળ સમ ખાધા છે તે નહિ જ દેખશે, તેમ જ જેઓએ મને તુચ્છ કર્યો તેઓમાંનો કોઇ તે દેખશે નહિ...
>
> આ અરણ્યમાં તમારી લાશો પડશે; અને તમારામાંના જેઓની ગણના થઇ હતી તે બધા, એટલે વીસ વર્ષની ઉંમરના તથા તેથી ઉપરના જેઓએ મારી વિરુદ્ધ કચકચ કરી છે તે તમારી આખી સંખ્યામાંનો કોઇ, જે દેશમાં તમને વસાવવાને મેં મારો હાથ ઊંચો કર્યો છે, તેમાં જવા નહિ જ પામશે; કેવળ યફૂન્નેહનો દીકરો કાલેબ તથા નૂનનો દીકરો યહોશુઆ જવા પામશે. પણ તમારાં છોકરાં જેઓના વિષે તમે કહ્યું કે, તેઓ લૂંટરૂપ થઇ જશે, તેઓને હું અંદર લાવીશ, ને જે દેશને તમે તુચ્છ કર્યો છે તેનો તેઓ અનુભવ કરશે. (ગણના ૧૪:૨૦-૩૧).

બાઇબલના દિવસોમાં "વારંવાર કોઇ કાર્ય કરવું" એ વાત કહેવા માટે "દશ વખત" એ શબ્દોનો રૂઢિપ્રયોગ તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો (ઉત્પત્તિ ૩૧:૭; અયૂબ ૧૯:૩). આ સમય સુધી દેવે લોકોની ફરિયાદો સહન કરી હતી. મિસરની

ગુલામીમાંથી છુટવાને લીધે રોમાંચ અનુભવવાને બદલે મિસરમાં તેઓ જે ભોજન ખાતા હતા તેને યાદ કરતા હતા (ગણના ૧૧:૧-૧૪; ૩૧-૩૫) અને દેવના પસંદ કરેલા આગેવાન મૂસાની વિરુદ્ધ પણ કચકચ કરી હતી (ગણના ૧૨:૧-૧૬). પરંતુ દેવની ધીરજ ખૂટી ગઇ નહોતી; જો કે આ સમયે લોકોએ તેમના અવિશ્વાસની ભયંકર કિંમત ચૂકવવી પડી હતી. જે લોકોએ વિશ્વાસ કર્યો નહોતો તેઓ અરણ્યમાં મરી ન જાય ત્યાં સુધી એટલે કે ચાળીસ વર્ષ સુધી ઈસ્રાએલીઓએ અરણ્યમાં ભટકવું પડયું હતું.

## બીજી તક

ઈસ્રાએલીઓને વચનનો દેશ પ્રાપ્ત કરવા માટે બીજી તક આપવામાં આવી હતી. પુનર્નિયમ ૨-૩ આપણને જણાવે છે કે ઈસ્રાએલીઓ યરદન નદીની બીજી તરફ એટલે કે પૂર્વ તરફ આવેલા પ્રદેશમાં ચાળીસ વર્ષ સુધી ભટકતા ફર્યા ત્યારે તેમણે ઘણું સહન કરવું પડયું હતું. નદીની બીજી તરફના દેશો અદોમ, મોઆબ અને આમ્મોન હતા, આ પ્રદેશ તો દેવે ઇબ્રાહિમના ભત્રીજા લોત અને યાકૂબના ભાઇ એસાવને આપ્યો હતો. ત્યાં જે લોકો રહેતા હતા તેમાંના મોટા ભાગના ઈસ્રાએલીઓના સંબંધીઓ હતા. પરંતુ તેઓ બીજા દેશના હતા.

દેવે મૂસાને એક ખાસ હેતુ માટે આ મુસાફરી કરવાની દોરવણી આપી હતી. એ હેતુ તો દૂરના સગાં -સંબંધીઓની મુલાકાત લેવા માટે નહોતો. ઈસ્રાએલીઓએ બાશાન તરીકે ઓળખાતા પ્રદેશમાંથી માર્ગ કર્યો હતો. તે સ્થળની પ્રસિદ્ધિ ભયંકર હતી. બાઈબલ સિવાયના પ્રાચીન સાહિત્યમાં બાશાન તો "સર્પના સ્થાન" તરીકે ઓળખાતું હતું. તેના બે મુખ્ય નગરો આશ્તારોથ અને એડ્રેઇ આ પ્રવાસની વિગતો સાથે સંકળાયેલા છે (પુનર્નિયમ ૧:૪; યહોશુઆ ૧૩:૧૨) અને આ બે નગરોને મૂએલાંનાં રાજયના દ્વાર તરીકે જોવામાં આવતા હતા. ઈસ્રાએલની અલૌકિક વૈશ્વિક વિચારધારાના સંદર્ભમાં દેવે ઈસ્રાએલીઓને નરકના દ્વાર સુધી દોરવણી આપી હતી.

ફક્ત એટલું જ નહિ...

પ્રભુ ઈસ્રાએલીઓને સિહોન અને ઓગ એ બે રાજાઓનો સામનો કરવા માટે ત્યાં લાવ્યા હતા. એ બંને રાજા અમોરીઓના રાજા હતા (પુનર્નિયમ ૩:૨-૩; ૩૧:૪) અને બાઈબલ જેને રફાઈમ કહે છે તેના અધિકારીઓ હતા. પુનર્નિયમ ૨:૧૧ માં અનાકીઓને "રફાઇઓ" પણ કહેવામાં આવ્યા છે. દેવે મૂસા દ્વારા લોકોને બીજા વિસ્તારમાં દોર્યા હતા જ્યાં વર્ષો પહેલાં ઈસ્રાએલના જાસૂસોને ગભરાવી દેનાર રાક્ષસો જેવા જ લોકો રહેતા હતા. વર્ષો પહેલાં એ રાક્ષસો જેવા લોકોને જોઇને ઈસ્રાએલીઓ ગભરાઇ ગયા હતા તેથી તેમણે અવિશ્વાસ કર્યો હતો (ગણના ૧૩:૩૨-૩૩) અને તેને લીધે તેમણે ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં ભટકવું પડયું હતું.

શા માટે પ્રભુ તેમને ત્યાં લાવ્યા હતા? કેમ કે ચાળીસ વર્ષ પૂરા થાય ત્યારે શું કરવું પડશે તેની ઝાંખી આપવા માટે પ્રભુએ તેમને આ દેશોમાંથી પસાર કરાવ્યા હતા. દેવે તેમને જે પ્રદેશ આપ્યો હતો તેને પ્રાપ્ત કરવા માટે ઈસ્રાએલીઓએ યરદન નદી પાર કરવાની હતી. પ્રભુ પોતાના લોકોની પરીક્ષા કરી રહ્યા હતા. શું તેઓ આ સમયે વિશ્વાસ કરીને યુદ્ધ કરશે? જો તેઓ યુદ્ધ કરે તો તેમાં વિજય પ્રાપ્ત કરવાને લીધે તેમને આગળ વધવા માટે વિશ્વાસ પ્રાપ્ત થાય.

ઈસ્રાએલીઓએ વર્ષો પહેલાં જ પીઠ બતાવી હતી. પરંતુ આ સમયે વાતનો અંત અલગ રીતે આવ્યો હતો. મૂસાએ કહ્યું કે, "યહોવા આપણા દેવે તેને (સિહોનને) આપણને સ્વાધીન કરી દીધો; અને આપણે તેનો તથા તેના પુત્રોનો તથા તેના સર્વ લોકોનો પરાજય કર્યો...એમ યહોવા આપણા દેવે બાશાનના રાજા ઓગને પણ તથા તેના સર્વ લોકોને આપણા હાથમાં સોંપી દીધા; અને તેનું કોઇ પણ જીવતું રહ્યું નહિ ત્યાં સુધી આપણે તેનો પરાજય કર્યો" (પુનર્નિયમ ૨:૩૩; ૩:૩). ઘણા વર્ષો પછી આમોસ પ્રબોધકે આ

યુદ્ધને યાદ કરતાં તેનો સારાંશ નોંધ્યો છે કે, "તોપણ અમોરીઓ જેઓની ઊંચાઇ એરેજવૃક્ષોની ઊંચાઇ જેટલી હતી, ને જે ઓકવૃક્ષના જેવા મજબૂત હતા, તેઓનો મેં તેઓની આગળથી નાશ કર્યો..." (આમોસ ૨:૯).

તેમની બીજી તકની શરૂઆત કરવા માટેનો આ ખરબચડો માર્ગ હતો. દેવની ઇચ્છા હતી કે તેઓ તેમની એ બીકનો સામનો કરે જેના લીધે તેમણે ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં ભટકવું પડયું હતું. હવે તેમણે એ યાદ કરવાનો સમય આવ્યો હતો કે તેમની પાસે લાલ સમુદ્રના બે ભાગ કરનાર દેવ છે.

## "નાશ માટે નિમાયેલા"

ઇસ્રાએલીઓએ સિહોન અને ઓગ પર વિજય પ્રાપ્ત કર્યો હતો. અહીં આપણને પ્રથમવાર એ જાણવા મળે છે કે શા માટે વચનનો દેશ જીતી લેવા માટે નરસંહાર કરવો પડયો હતો. જે નગરોમાં રફાઇઓ રહેતા હતા તેની આખી વસતી "નાશ માટે નિમાયેલી" હતી (પુનર્નિયમ ૩:૬). તેમનો નાશ કરવાનો હેતુ બદલો લેવાનો નહોતો. પરંતુ તેનો હેતુ તો નફિલિમની પેઢીને દૂર કરવાનો હતો. ઇસ્રાએલીઓ માટે રાક્ષસોના કુળની આ પેઢીઓ શૈતાની પેઢી હતી અને પતિત થયેલા તથા બળવો કરનારા અલૌકિક વ્યક્તિઓ દ્વારા જન્માવવામાં આવી હતી. તેઓ શૈતાની વારસા સાથે રહી શકે નહિ.

સમય પસાર થતો ગયો અને ઇસ્રાએલીઓ કનાન દેશમાં જવા માટે યરદન નદી ઓળંગે તે પહેલાં મૂસા મરણ પામ્યો હતો. હવે યહોશુઆના હાથમાં નેતૃત્વ આવ્યું હતું. તેણે વચનના દેશમાં ઇસ્રાએલના સૈન્યને યુદ્ધમાં આગેવાની આપી હતી અને મેં અગાઉ જે બે કારણો આ પ્રકરણમાં જણાવ્યા છે તે કારણોને લીધે તેમણે તેનો નાશ કર્યો હતો : એ બે કારણો તો શત્રુઓને દેશમાંથી હાંકી કાઢવાના અને રાક્ષસી પેઢીઓનો નાશ કરવાના હતા.

તે સંદર્ભમાં જોઇએ તો વચનના દેશમાં જે યુદ્ધો થયાં તે પવિત્ર યુદ્ધ હતું - અંધકારના સૈન્ય અને બાઇબલમાં જણાવેલ વિરોધી દેવોના અધિકાર તળે જે શત્રુઓ હતા જેમને બાઇબલ ખરા આત્મિક શત્રુઓ કહે છે તેમની વિરુદ્ધનું યુદ્ધ હતું.

યહોશુઆ ૧૧:૨૧-૨૨ માં આ યુદ્ધના તર્કનો સારાંશ સારી રીતે જણાવવામાં આવ્યો છે :

> અને તે વેળાએ યહોશુઆએ જઇને પહાડી મુલકમાંના, હેબ્રોનમાંના, દબીરમાંના, ને ઇસ્રાએલના આખા પહાડી મુલકમાંના અનાકીઓનો સંહાર કર્યો; યહોશુઆએ તેઓનો તથા તેઓનાં નગરોનો પૂરો નાશ કર્યો. ઇસ્રાએલપુત્રોના દેશમાં એકે અનાકીને તેઓએ રહેવા દીધો નહિ; માત્ર ગાઝામાં, ગાથમાં ને આશ્દોદમાં કેટલાક રહ્યા.

## શા માટે તે મહત્વનું છે?

યહોશુઆનું કાર્ય મોટા ભાગે સફળ થયું હતું પરંતુ પૂરું થયું નહોતું. કેટલાક રાક્ષસો બચી ગયા હતા - અને શરૂઆતમાં કદાચ તે વધારે મહત્વનું ન લાગે પરંતુ તે ભવિષ્યમાં થનારી બાબતોની પ્રતિછાયા જેવું હતું. કેટલાક ગાથમાં રહ્યા હતા. ગાથ પલિસ્તી નગર હતું (યહોશુઆ ૧૩:૩) અને દાઉદ રાજાના સમયે ગોલ્યાથનું વતન હતું (૧ શમુએલ ૧૭:૪). ગાથમાં ફક્ત ગોલ્યાથ જ રાક્ષસી કદનો નહોતો (૧ કાળવૃત્તાંત ૨૦:૫-૮). જેઓ "નાશને માટે નિમાયેલા" હતા તેઓમાંના બધાનો વચનના દેશમાં યુદ્ધ કરતી વખતે નાશ કરવામાં આવ્યો નહોતો અને સંપૂર્ણ રીતે વિજય પ્રાપ્ત કરવામાં આવ્યો નહોતો તેથી ઇસ્રાએલીઓએ તેનું પરિણામ ભોગવવું પડયું હતું.

ન્યાયાધીશોનું પુસ્તક આપણને કહે છે કે યહોશુઆના મરણ પછી વિજય અધૂરો રહ્યો હતો. તેમને ક્યારેય તેનું ભાન થયું નહોતું. ઇસ્રાએલીઓએ માન્યું કે તેમણે સારું કાર્ય કર્યું છે પરંતુ બીજા દેશોને હાંકી કાઢવાની દેવની આજ્ઞાનો અનાદર કર્યો હતો. પરંતુ અધૂરું આજ્ઞાપાલન પણ અનાજ્ઞાંકિતપણું જ છે.

ઇસ્રાએલીઓએ દેવની યોજનાને બંધ કરવાના નિર્ણયની કિંમત સદીઓ સુધી ચૂકવવી પડી હતી. ન્યાયાધીશોનું પુસ્તક વારંવાર એ વાત જણાવે છે : ઇસ્રાએલ વારંવાર શત્રુ દેશોથી હારી જતું હતું અને દેવ પ્રત્યેની તેમની વફાદારી દૂર થઇ હતી. દાઉદ રાજા અને તેના પુત્ર સુલેમાનના સમયે પરિસ્થિતિઓમાં સુધારો આવ્યો હતો ખરો, પરંતુ સુલેમાન પછી આંતરવિગ્રહ અને મૂર્તિપૂજાને લીધે ઇસ્રાએલ વિભાજીત થઇ ગયું હતું.

વિજયનો મહિમા નિષ્ફળતાથી ઢંકાઇ ગયો હતો. વિજયના મોંમાંથી પરાજયને ખેંચી કાઢવામાં આવ્યો હતો. દેવના રાજયનો અધિકાર - એદનવાડીને પુનઃસ્થાપિત કરવાની દેવની યોજના પડી ભાંગી હતી. બાબિલના સમયથી પ્રવર્તમાન થયેલ અલૌકિક વૈશ્વિક વિચારધારા આપણને જણાવે છે કે ભૂંડા દેવોના અધિકાર હેઠળ રહેલા અવિશ્વાસી દેશો એમ જ રહ્યા હતા. ઇસ્રાએલનો પરાજય થયો હતો અને તેઓ વિખેરાઇ ગયા હતા અને તેને આપવામાં આવેલ વચનનો દેશ બીજા દેવો અને તેમના લોકોના અધિકાર હેઠળ આવી ગયો હતો. આ જ વૈશ્વિક વિચારધારા નવા કરારમાં પણ જોવા મળે છે. પાઉલ અધિપતિઓ, અધિકારીઓ, સત્તાધારીઓ, આકાશી સ્થાનોમાં દુષ્ટતાના આત્મિક લશ્કરો એવા શબ્દોનો પ્રયોગ કરે છે. આ સઘળા શબ્દોનો પ્રયોગ પ્રાચીન કાળમાં ભૌગોલીક અધિકાર દર્શાવવા માટે કરવામાં આવતો હતો.

ઇસ્રાએલીઓની નિષ્ફળતાનું કારણ દેવના લોકો તરીકેની તેમની અનાજ્ઞાંકિતતા અને અવિશ્વાસુપણું હતું. મનુષ્યો નિર્બળ છે. આપણે કદાચ એવો વિચાર કરીએ કે શા માટે પ્રભુ આપણને દબાણ કરે છે. પણ જો આપણે પાછું વાળીને એદનવાડી વિશે વિચાર કરીએ તો આપણને તેનું કારણ જાણવા મળે છે. દેવે પોતાની જાતને માણસજાતને માટે સમર્પિત કરી હતી. આપણે તેના પૃથ્વી પરના કુટુંબના સભ્યો અને તેનું સ્વરૂપ તથા પ્રતિમામાં છીએ. પૃથ્વી પર અધિકાર ચલાવવાની દેવની યોજનામાં આપણો સમાવેશ થાય છે. પ્રભુ પૃથ્વી પર અધિકાર ચલાવનાર પોતાની સભામાંથી માણસને દૂર કરે તો તેનાથી એવો સંદેશ પ્રગટ થાય કે પ્રભુ પોતાની યોજના પૂરી કરવા માટે સક્ષમ નથી અને એ વિચાર તો ખોટો છે. ઈશ્વર પોતાની યોજનાઓને તથા હેતુઓને પૂરા કરવા માટે અસક્ષમ નથી. જેમ અગાઉના પ્રકરણમાં જણાવ્યું છે તેમ ઈશ્વર ભૂલ કરતા નથી.

હવે પાપ અને નિષ્ફળતાની સમસ્યાને દૂર કરવાની નવી રીતને લાગુ કરવાનો સમય હતો. એદનવાડીમાં જેમ માણસને અધિકાર આપવામાં આવ્યો હતો એવો જ અધિકાર આપવા માટે માણસજાત પર ભરોસો કરી શકાય નહિ. જે કરવાની જરૂર હતી તે ફક્ત ઈશ્વર જ કરી શકે એમ હતા. ફક્ત ઈશ્વર જ પોતાના કરારોની ફરજોને પૂરી કરી શકે તેમ હતા. પરંતુ માણસજાતને એક બાજુ મૂકી દેવાય નહિ. તેથી *દેવે માણસ બનવું પડે.* દેવે જાતે નિયમશાસ્ત્ર અને કરારોને પૂરા કરવા પડે અને માણસજાતની નિષ્ફળતા તથા શિક્ષાને ભોગવવી પડે. પરંતુ એ ઉકેલને ખેંચી લાવવા માટે દરેક વ્યક્તિથી તેને ગુપ્ત રાખવો પડે, તેમાં દેવના હેતુઓનો વિરોધ કરનારા અલૌકિક અને બૌદ્ધિક વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે. એ કામ સરળ નહોતું.

# પ્રકરણ ૧૦
# સામાન્ય દૃષ્ટિથી છુપાયેલું

માણસનું પાપમાં પતન થયું ત્યારથી પ્રભુ એદનવાડીના પોતાના મૂળ હેતુને પુનઃસ્થાપિત કરવાના પ્રયત્નો કરી રહ્યા હતા : એ હેતુ તો પોતાના અલૌકિક અને માનવીય કુટુંબ સાથે રહેવાનો હેતુ હતો. દેવે આદમ અને હવાને સફળ થવાનું તથા વધવાનું અને એમ કરવા દ્વારા આખા ગ્રહ પર દેવના સારા રાજ્યને ફેલાવવાનું કહ્યું હતું. આખી પૃથ્વી એવું સ્થાન બની જાય જ્યાં આકાશ અને પૃથ્વી એક થાય, જ્યાં માણસો અલૌકિક બાબતોનો અને અલૌકિક વ્યક્તિઓ પૃથ્વી અને માણસજાતનો આનંદ માણી શકે એવી દેવની ઈચ્છા હતી. આપણે જાણીએ છીએ કે શું થયું હતું.

## નિષ્ફળતાનો ઈતિહાસ

માણસે પાપ કર્યું હતું અને તેને દેવની હાજરીમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. એદનવાડી બંધ કરવામાં આવી હતી. સર્પ કે જે દૈવી શત્રુ છે તેને દેવની હાજરીમાંથી પૃથ્વી પર કે જ્યાં મરણ રાજ કરે છે અને જ્યાં અનંતજીવન નથી ત્યાં નાખી દેવામાં આવ્યો હતો. તે મૂએલાંઓનો પ્રભુ બની ગયો હતો તેથી પૃથ્વી પર જીવનારા દરેક માણસો પર તે દાવો કરતો હતો - કેમ કે માણસો પાપ કરતા હતા અને પાપનો મુસારો મરણ છે (રોમનોને પત્ર ૬:૨૩).

જળપ્રલય પછી દેવે નૂહ અને તેના પરિવાર દ્વારા પોતાનો હેતુ ફરી શરૂ કર્યો હતો. દેવે નૂહને કહ્યું હતું કે, સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો. એ તો કાર્યનું પુનરાવર્તન હતું. પરંતુ એમ કરવાને બદલે માણસે વિદ્રોહ કર્યો હતો. દેવની આજ્ઞા પાળવાને બદલે અને દેવના જ્ઞાન તથા રાજ્યનો બધે ફેલાવો કરવાને બદલે માણસો તો જ્યાં દેવ તેમની પાસે આવી શકે એવો બુરજ બાંધવા લાગ્યા હતા.

ફરીથી નિષ્ફળતા. ઈશ્વર એમ કરવા દેવા માગતા નહોતા. તેથી દેવે તેમની ભાષાઓ બદલી નાખી અને પોતાની દૈવી સભાના સભ્યોને અલગ-અલગ દેશો પર અધિકાર સોંપી દીધો. ત્યારબાદ એક નવા માનવીય કુટુંબ - ઈબ્રાહિમ અને સારા દ્વારા ફરીથી શરૂઆત કરવાનો નિર્ણય કર્યો હતો. એકવાર પોતાનું રાજ્ય ફરીથી સ્થપાય પછી ઈબ્રાહિમના સંતાનો દ્વારા પ્રભુ એ દેશોને ફરીથી પ્રાપ્ત કરવાના હતા (ઉત્પત્તિ ૧૨:૩).

અહી પણ નિષ્ફળતા સાંપડી હતી. તેથી ઇસ્રાએલને મિસરમાં, ત્યારબાદ સિનાઈ આગળ અને અંતે વચનના દેશમાં લાવવાનો બીજો પ્રયત્ન કર્યો હતો. ઇસ્રાએલ નિષ્ફળ ગયું હતું. અંતે દેવે દાઉદ અને ત્યારબાદ સુલેમાનને ઊભા કર્યા હતા. પરંતુ સુલેમાનનું મરણ થયા બાદ ઇસ્રાએલે બીજા દેવોની ભક્તિ કરી અને વર્ગવિગ્રહ થયો હતો. દેવે તેમને વચનના દેશમાંથી કાઢી મૂક્યા અને ગુલામગીરીમાં મોકલી દીધા.

ઈશ્વરની હાજરી વગરની માણસની વાત નિષ્ફળતાની વાત છે. કેમ કે પાપમાં પતન થયા પછી માણસજાત ખોવાઈ ચૂકી હતી. દરેક મનુષ્ય અપૂર્ણ છે અને ઈશ્વરથી અલગ થઈ ગયા છે. દેવના રાજ્યની શરૂઆત કે જાળવણી કરવા માટે કોઈપણ માનવીય આગેવાન પર ભરોસો કરી શકાય તેમ નહોતો. તેઓ ફક્ત ઈશ્વરને જ વફાદાર રહેવાનો વિરોધ કરતા હતા. તેઓ તેમના પોતાના માર્ગે વળી ગયા હતા. માણસો પાપ કરતા, નિષ્ફળ જતા અને મૂએલાંના દેવની સાથે જોડાઈ ગયા હતા. પરંતુ માણસજાત વગર નવી એદનવાડીમાં કારભારી-રાજા બનીને આશીર્વાદ વહેંચવાનું દેવનું દર્શન પૂરું થઈ શકે એમ નહોતું. માણસો દેવની યોજનાને પકડી રાખે તે માટે તેમને નવા બનાવવાનો એક જ માર્ગ હતો. પતનનો શ્રાપ દૂર થવો જ જોઈએ.

અને એમ કરવા માટે દેવની પાસે એક યોજના હતી.

## સમસ્યા અને તેનો ઉકેલ

દેવને જે માણસ કરતાં વધારે હોય, જે પરીક્ષણનો સામનો કરી શકે, હંમેશા આજ્ઞાપાલન કરે, પોતાના રાજ્યને માટે તૈયાર હોય અને પોતાના સામર્થ્ય દ્વારા મરણ પામીને સજીવન થવા દ્વારા મરણના શ્રાપને ઉલટાવી નાખે એવા માણસની જરૂર હતી. આ સઘળું કાર્ય એક જ રીતે પૂરું થઇ શકે એમ હતું : દેવે જાતે માણસ બનવું પડે એમ હતું. દેવ આખી માણસજાતને માટે *માણસ બનીને* અને એદનવાડીની પુનઃસ્થાપના કરીને પોતાની યોજના પૂરી કરવાના હતા. જો માણસોને તેમનાં પાપોની માફી આપવામાં આવે અને પુનરુત્થાનના સામર્થ્ય દ્વારા ઈસુ જેવા દૈવી બનાવવામાં આવે (૧ યોહાન ૩:૧-૩) તો જ એદનવાડી એક વાસ્તવિકતા બની શકે એમ હતી.

પરંતુ તેમાં એક સમસ્યા હતી. જો આ યોજનાની જાણ થઇ જાય કે ઈશ્વર પોતે માણસ બનીને આ પૃથ્વી પર મરણ પામવા માટે આવ્યો છે અને મરણમાંથી સજીવન થઇને દેવના મૂળ દર્શનને પુનઃસ્થાપિત કરશે તો અંધકારના સૈન્ય દ્વારા તેને એમ કરતાં રોકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોત.

એ જ વાત પાઉલ કરિંથીઓની મંડળીને લખેલા પોતાના પત્રમાં કરે છે :

પણ દેવનું જ્ઞાન, એટલે જે ગુપ્ત રખાયેલું જ્ઞાન અનાદિકાળથી દેવે આપણા મહિમાને સારુ નિર્માણ કર્યું હતું, તેની વાત અમે મર્મમાં બોલીએ છીએ. આ જમાનાના અધિકારીઓમાંના કોઇને તે જ્ઞાનની ખબર નથી; કેમ કે જો તેઓને તેની ખબર હોત તો તેઓ મહિમાવાન પ્રભુને વધસ્તંભે ન જડત.(૧ કરિંથીઓને પત્ર ૨:૭-૮)

પાઉલ અહીં કોની વાત કરે છે? *અધિકારીઓ* શબ્દ માનવીય અધિકારીઓ જેમ કે પોંતિયસ પિલાત અને યહૂદી આગેવાનો જેવા લોકોને દર્શાવે છે - પરંતુ પાઉલ દૈવી પરંતુ અશુદ્ધ અધિકારીઓની પણ વાત કરે છે (એફેસીઓને પત્ર ૨:૨). દેવના માનવીય *અને* દૈવી શત્રુઓને અંધકારમાં રાખવામાં આવ્યા હતા. સઘળી વાતનો આધાર ઈશ્વર-માણસના મરણ અને પુનરુત્થાન પર રહેલો હતો.

પરંતુ તમે કેવી રીતે એ વાતને ગુપ્ત રાખી શકો?

## રહસ્યમય મસિહ

જે ઈશ્વર-માણસ પર એદનવાડીની પુનઃસ્થાપના કરવાનો આધાર હતો તે મસિહ તો નાસરેથનો ઈસુ હતો. પરંતુ મસિહની આ યોજના ગુપ્ત રાખવામાં આવી હતી એવી વાતથી તમને આશ્ચર્ય થાય છે? શું આપણે જૂનો કરાર વાંચીને આખી યોજના સ્પષ્ટપણે જોઇ શકતા નથી? ના, આપણે એમ કરી શકતા નથી.

તમે માનો કે ના માનો પરંતુ જૂના કરારમાં માણસજાતનો *મસિહ* કે જે વાસ્તવમાં ઈશ્વર હોવા છતાં માણસસજાતના પાપોને માટે મરણ પામશે એ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો હોય એવી એક પણ કલમ નથી. "દુ:ખ સહન કરનાર સેવક" વિશે વાત કરનાર યશાયા ૫૩:૧૧ પણ નહિ. એ અધ્યાયમાં *મસિહ* શબ્દ જોવા મળતો નથી, અને યશાયાના પુસ્તકના બીજા ભાગોમાં "સેવક" શબ્દ વ્યક્તિગત તારનાર માટે નહિ પરંતુ ઇસ્રાએલ દેશ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે (યશાયા ૪૧:૮; ૪૪:૧-૨,

૨૧; ૪૫:૪; ૪૮:૨૦; ૪૯:૩). અને *મસિહ* શબ્દ, જેનો અર્થ થાય છે “અભિષિક્ત” એ શબ્દ સામાન્ય રીતે હંમેશા દાઉદ અથવા તેના પછી રાજા થનારા તેના સંતાનોને દર્શાવે છે.

હું જે વાત કહી રહ્યો છું તે દૈવી મસિહ કે જે મરણ પામશે અને પુનરુત્થાન પામશે એ વાત જૂના કરારમાં શોધવી કઠિન છે જ્યારે નવા કરારમાં તે સ્પષ્ટ છે.

જ્યારે ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું કે તે મરવા માટે યરૂશાલેમ જઇ રહ્યો છે ત્યારે શિષ્યોના પ્રતિભાવ વિશે વિચાર કરો. એ જાહેરાતથી તેમને આશ્ચર્ય અને સંતાપ થયા હતા (માથ્થી ૧૭:૨૨-૨૩; માર્ક ૯:૩૦-૩૨). તેમણે એવો પ્રતિભાવ આપ્યો નહોતો કે, “હા, એ સાચું છે, અમે વચનોમાં તે વાંચ્યું છે.” ઈસુએ એ વાત કરી ત્યારે પિતરે તો ઈસુને ઠપકો આપ્યો હતો (માથ્થી ૧૬:૨૧-૨૩).

શિષ્યોને દેવની આ નવી યોજનાનું જ્ઞાન કે ખબર નહોતી. તેમણે તો ઈસુને દાઉદના દીકરા તરીકે અને તેના વારસ તરીકે અને જૂના કરારના પ્રબોધકો તરીકે ચમત્કારો કરનાર વ્યક્તિ તરીકે જ જોયો હતો.

પુનરુત્થાન થયા *પછી પણ* દુ:ખ સહન કરનાર મસિહને જોવા માટે શિષ્યોના મનને *અલૌકિક રીતે* ખોલવાની જરૂરી હતી. ઈસુએ મરણમાંથી સજીવન થયા પછી તેમની આગળ પોતાની જાતને પ્રગટ કરીને કહ્યું કે,

> “હું તમારી સાથે હતો ત્યારે મેં એ વાતો તમને કહી હતી કે, મૂસાના નિયમશાસ્ત્રમાં તથા પ્રબોધકોનાં પુસ્તકોમાં તથા ગીતશાસ્ત્રમાં મારા સંબંધી જે લખેલું છે તે બધું પૂરું થવું જોઇએ. ત્યારે ધર્મલેખો સમજવા સારુ તેણે તેઓના મન ખોલ્યાં.” (લૂક ૨૪:૪૪-૪૫).

દેવની એ “નવી યોજના” કે ઈસુ મરણ પામશે અને ત્યારબાદ મરણમાંથી સજીવન થઇને પતનના શ્રાપને ઉલટાવી નાખશે તેની ખાતરી જૂના કરારમાં સ્પષ્ટ રીતે જોવા મળતી નથી. પરંતુ તેને બદલે જૂના કરારના ઘણા વચનોમાં તેના સંકેતો વિખેરાયેલા જોવા મળે છે. એક જ સ્થળે તે પ્રગટ કરવામાં આવ્યું નથી. મસિહનું કાર્ય પૂરું થયા પછી જ તેને સ્પષ્ટપણે સમજી શકાય છે અને શું જોવું કે શેની અપેક્ષા રાખવી તે જાણનાર વ્યક્તિને જ તે જાણવા મળે છે.

જો કે બુદ્ધિશાળી પરંતુ ભૂંડા અલૌકિક વ્યક્તિઓ એ પ્રબોધવાણી જાણતા હતા કે દાઉદનો દીકરો આવ્યો છે (માથ્થી ૮:૨૮-૨૯; લૂક ૪:૩૧-૩૫). જૂના કરારમાંથી એટલી જ વાત તેઓ સમજી શક્યા હતા. પરંતુ અશુદ્ધ આત્માઓ જે બોલ્યા તેનાથી એ વાત સ્પષ્ટ થતી નથી કે ઈસુ આ પૃથ્વી પર માણસજાતને માટે મરવા અને મરણમાંથી સજીવન થઇને શ્રાપને ઉલટાવી નાખવા માટે આવ્યો છે.

પાઉલે જેમ કહ્યું તેમ જો ભૂંડા અલૌકિક વ્યક્તિઓ અને શેતાન એ વાતને સમજ્યા હોત તો તેઓ ક્યારેય યહૂદા જેવા વ્યક્તિને ઈસુનો વિશ્વાસઘાત કરવા માટે ઉશ્કેરત નહિ. શેતાન અને તેના જેવા ભૂંડા અલૌકિક વ્યક્તિઓ મૂર્ખ નથી. દેવે જેમ યોજના કરી હતી તેમ તેઓ ઈસુને મારી નાખવાનો પ્રયત્ન કરતા હતા. તેઓ પોતાને મોત તરફ લઇ જનાર શ્રેણીબદ્ધ કાર્યો કરતા હતા. એ તો દેવે નિર્માણ કરેલી ખોટી દિશા હતી.

## ઈસુના કાર્યની રૂપરેખાના ભાગો

આપણે દૂરદૃષ્ટિથી જોઇએ તો ઈસુના મસિહ તરીકેના કાર્યની રૂપરેખાને શિષ્યો કરતાં વધારે સ્પષ્ટતાથી જોઇ શકીએ છીએ. દાઉદનો દીકરો દૈવી મસિહ મરણ પામશે અને મરણમાંથી સજીવન થઇને શ્રાપને ઉલટાવી નાખશે એવી એક પણ કલમ જૂના કરારમાં જોવા મળતી નથી પરંતુ તેના સંકેતો જોવા મળે છે. આ યોજના કેવી રીતે અમલમાં મૂકવામાં આવી તે જોઇને નીચે જણાવેલ પદ્ધતિ મુજબ એ સંકેતોને જોઇ શકો છો.

ઉદાહરણ તરીકે એવો પ્રશ્ન પૂછો કે, "દેવનો દીકરો કોણ છે?" તો જૂના કરારમાં તેનો ઉત્તર "ઈસુ" નથી. આદમ દેવનો દીકરો હતો અને તે પ્રથમ માણસ હતો. ઇસ્રાએલને દેવનો દીકરો (નિર્ગમન ૪:૨૩; હોશિયા ૧૧:૧) કહેવામાં આવેલ છે. ઇસ્રાએલના રાજાને દેવનો દીકરો (ગીતશાસ્ર ૨:૭) કહેવામાં આવેલ છે. નવા કરારમાં ઈસુને "છેલ્લો આદમ" અને "દેવનો દીકરો" કહેવામાં આવેલ છે (રોમનોને પત્ર ૧:૪; ૧ કરિંથીઓને પત્ર ૧૫:૪૫; ૨ કરિંથીઓને પત્ર ૧:૧૯; હિબ્રૂઓને પત્ર ૪:૪).

આપણે કદાચ એવો પ્રશ્ન પૂછીએ કે, "દેવનો સેવક કોણ છે?" આદમે દેવની સેવા કરી હતી (ઉત્પત્તિ ૨:૧૫). ઇસ્રાએલને દેવનો સેવક કહેવામાં આવેલ છે (યશાયા ૪૧:૮; ૪૪:૧-૨, ૨૧; ૪૫:૪; ૪૮:૨૦; ૪૯:૩). દાઉદ અને તેની પેઢીના ઇસ્રાએલના બીજા રાજાઓને દેવનો સેવક કહેવામાં આવેલ છે (૨ શમુએલ ૩:૧૮; ગીતશાસ્ર ૮૯:૩; ૧ રાજાઓ ૩:૭; ૨ કાળવૃત્તાંત ૩૨:૧૬). ઈસુ પણ સેવક હતો (પ્રેરિતોના કૃત્યો ૩:૧૩; ૪:૩૦; ફિલિપ્પીઓને પત્ર ૨:૧-૮).

શું દેવના આ દીકરાઓ અને દેવના સેવકોએ દુઃખ સહન કર્યું હતું? શું પૃથ્વી પરનું તેમનું અસ્તિત્વ કોઇ એક સમયે પૂરું થઇ ગયું? શું એ અસ્તિત્વને પુનર્જીવિત કરવામાં આવ્યું? શું નવી એદનવાડીમાં તેમનું કોઇ ભવિષ્ય છે? એ બધા પ્રશ્નોનો ઉત્તર "હા" છે. આદમ, ઇસ્રાએલ અને દાઉદના કુળમાં આવેલા રાજાઓને દેવની હાજરીમાંથી (પૃથ્વી પર જ્યાં તેઓ રહેતા હતા એટલે કે એદનવાડી અથવા તો વચનનો દેશ તેમાંથી) કાઢી મૂકવામાં આવ્યા હતા. છતાં પણ નવી એદનવાડીમાં દેવની સાથે અને પુનરુત્થાન પામેલા ઈસુની સાથે રહેવા માટે તેમને છોડાવવામાં આવશે.

વાતનો મુદ્દો તો એ છે કે આ સઘળી વાતો કોઇક રીતે ઈસુ તરફ ઇશારો કરે છે અને તે *પદ્ધતિને પૂરી કરે છે.* જ્યારે વિવિધ ભાગોને શોધીને તેના યોગ્ય સ્થાને ગોઠવવામાં આવે છે ત્યારે તેનું પૂરું ચિત્ર જોવા મળે છે. આ સઘળું સામાન્ય દૃષ્ટિથી જોઇ શકાય તેમ હોવા છતાં દૂરદૃષ્ટિ કર્યા વગર સમજી શકાય તેમ નહોતું.

## શા માટે તે મહત્વનું છે

બુદ્ધિશાળી પરંતુ ભૂંડા વ્યક્તિઓ - એટલે કે શેતાન, અશુદ્ધ આત્માઓ, દેશો પર રાજ કરનાર નાના દેવો બધું જ જાણતા નથી. તેમની પાસે દેવનું મન નથી અને તેને જાણી શકતા પણ નથી. આપણે એવો વિચાર કરીએ કે તેઓ અલૌકિક વ્યક્તિઓ છે તેથી તેઓ બધું જ જાણે છે. પરંતુ એ વાત સાચી નથી. ફક્ત ઈશ્વર જ સર્વજ્ઞ (સઘળું જાણનાર) વ્યક્તિ છે અને તે આપણી સાથે રહે છે.

પતનને લીધે આપણા પર શેતાનને અધિકાર હતો. મારી આ વાતનો શો અર્થ છે? આદમના પાપને લીધે "સઘળાં માણસોમાં મરણનો પ્રસાર થયો" (રોમનોને પત્ર ૫:૧૨). સર્પને શ્રાપ આપવામાં આવ્યો હતો અને મૂએલાંના સ્થાન પર જેને આપણે નરક કહીએ છીએ તેના પર રાજ કરવા માટે નાખી દેવામાં આવ્યો હતો. પતનને લીધે દરેકનું મરણ થાય અને તેઓ મૂએલાના સ્થાનમાં જ્યાં શેતાન રાજ કરે છે ત્યાં જાય તે નિશ્ચિત હતું.

ઈસુ *પ્રથમ વાર આવ્યો* અને વધસ્તંભ પર મરણ પામીને તથા મૂએલામાંથી સજીવન થઈને દેવની યોજના પૂરી કરી ત્યારે સઘળું બદલાઈ ગયું. એદનવાડીની પુનઃસ્થાપના કરવાનું પ્રથમ પગથિયું તો માણસજાતને મરણના શાપથી બચાવવાનું હતું. જે કોઈ વિશ્વાસ કરે છે તે દેવના કુટુંબ અને રાજનું સભ્ય બને છે અને મરણના શાપ કે મૂએલાના દેવનું ગુલામ રહેતું નથી. તેથી જ ઈસુએ જ્યારે પોતાના રાજ્યની પુનઃસ્થાપના કરવાની સેવાની શરૂઆત કરી (લૂક ૧૦:૧-૯) ત્યારે કહ્યું કે, "મેં શેતાનને વીજળીની પેઠે આકાશથી પડેલો જોયો" (લૂક ૧૦:૧૮). ઈસુ જાણતા હતા કે તેમનું મરણ અને પુનરુત્થાન પાપીઓનું દેવું ચૂકવશે તેથી શેતાન આપણા આત્માઓ પર દાવો કરી શકશે નહિ. મૂએલાના દેવના અધિકારના અંત સાથે દેવના રાજ્યની શરૂઆત થઈ હતી.

આપણે કોણ છીએ અને આપણું ભાવિ કોના તરફથી પ્રાપ્ત થાય છે એ વાતને પોતાને ફરીથી યાદ કરાવવી જ પડશે. વિશ્વાસીઓ - વ્યક્તિગત રીતે અને મંડળી તરીકે *ખ્રિસ્તના શરીર* તરીકે ઓળખાય છે. ઈસુનું પુનરુત્થાન થયું છે તેથી આપણું પણ પુનરુત્થાન થશે (૧ કરિંથીઓને પત્ર ૧૫:૨૦-૨૩). તે મૂએલાંનું *પ્રથમફળ* થયો છે. આપણે "પ્રથમજન્મેલા જેઓનાં નામ આકાશમાં લખેલા છે" (હિબ્રૂઓને પત્ર ૧૨:૨૨-૨૪) તેઓની સભા છીએ. યોહાને કહ્યું છે કે, "જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો" (યોહાન ૧:૧૨). *દેવના છોકરાં પર શેતાન કોઈ દાવો કરી શકતો નથી* કેમ કે તેઓ મરણમાંથી સજીવન થશે. જીવતાઓને મૂએલાના રાજ્યમાં શોધવાનો કોઈ અર્થ નથી.

પ્રભુ ગમે તે વ્યક્તિને, પછી તે માણસ હોય કે અલૌકિક વ્યક્તિ હોય, વફાદાર હોય કે વિવાદો કરનાર હોય પરંતુ દરેકને પોતાનો હાથ પ્રગટ કરતા નથી. મસિહ કેવી રીતે દેવના હેતુઓને પૂરા કરશે તે પદ્ધતિને ગુપ્ત રાખવાની જરૂર હતી. પરંતુ જ્યારે મસિહ પ્રગટ થાય ત્યારે તે મનુષ્ય દેહમાં ઈશ્વર છે અને એદનના રાજ્યની પુનઃસ્થાપના કરશે એ વાત પ્રભુ તેમને જણાવવાના હતા. હવે પછીના બે પ્રકરણોમાં આપણે જોઈશું કે લોકોના હૃદયોમાં વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે અને અંધકારના અધિકારીઓનો નાશ તેમના પોતાના કાર્યો દ્વારા કરવા માટે આ માહિતી પૂરતી હતી.

# પ્રકરણ ૧૧
# અલૌકિક ઉદ્દેશ

પાછલા પ્રકરણમાં આપણે જોયું કે જૂના કરારમાં મસિહની વાત કેવી રીતે સ્પષ્ટ દૃષ્ટિથી ગુપ્ત રાખીને પ્રસ્તુત કરવામાં આવેલ છે. એદનની પુનઃસ્થાપના કરવાની દેવની યોજનાની ચાવી તો મસિહ માણસજાતને માટે વધસ્તંભ પર મરણ પામે અને મૂએલામાંથી સજીવન થાય તે દ્વારા માણસજાતનો ઉદ્ધાર કરવાની હતી.

ફક્ત માણસ બનવા દ્વારા જ પ્રભુ ખાતરી આપી શકે કે દાઉદની વંશાવળીમાં આવેલ માનવીય રાજા પાપમાં પતિત થયા વગર અને આત્મિક રીતે દ્રઢ રહીને પોતાના લોકો પર રાજ કરશે. જો તે રાજા પોતાના લોકોને બદલે મરણ પામે અને મૂએલામાંથી પાછો ઊઠે તો જ દેવ પાપનો યોગ્ય રીતે ન્યાય કરી શકે અને તારણ આપી શકે. ફક્ત મસિહના મરણ અને પુનરુત્થાન દ્વારા જ દેવની મૂળ યોજના મુજબ પતિત લોકો દેવની કૌટુંબિક સભામાં સ્થાન પામી શકે અને નવીનીકરણ કરેલ એદનમાં રાજ કરી શકે તેમ હતું.

પરંતુ તેને માટે જેની જરૂર હતી તે સઘળી બાબતો વિશે વિચાર કરો : અંધકારના અલૌકિક અધિકારીઓને વાસ્તવમાં તેઓ શું કરી રહ્યા છે તેની સમજ વગર ઈસુને મારી નાખવા માણસોને ઉશ્કેરવા માટે દેવે તેમની સાથે ચાલાકી કરી હતી. જેમ પાઉલે કરિંથીઓને પત્રમાં કહ્યું છે તેમ (૧ કરિંથીઓને પત્ર ૨:૬-૮), જો તેઓ તેના પરિણામો જાણતા હોત તો તેઓ ક્યારેય ઈસુને વધસ્તંભે ન જડત.

તેમના એ વિચારની વિરુદ્ધની વાત પર નજર કરવાથી ઈસુના જીવન અને સેવા વિશે વધારે સારી સમજ પ્રાપ્ત થાય છે. ઉદાહરણ તરીકે નવા કરારના વાચકો માટે વધસ્તંભ સુધી જનાર ઈસુની સેવા કોઈક રીતે મહત્વની હતી એવો વિચાર કરવો સરળ છે. કેમ કે સુવાર્તાઓમાં હંમેશા એક જ પ્રકારના બનાવોની વાત લખવામાં આવી નથી - ઉદાહરણ તરીકે ઈસુના જન્મની વાત ફક્ત બે જ સુવાતાઓમાં (માથ્થી અને લૂકમાં) આપવામાં આવેલ છે અને ફક્ત એક જ સુવાર્તામાં માગીઓની વાત જણાવેલ છે (માથ્થી ૨). વિવિધ સુવાર્તાઓમાં ક્યારેક કેટલાક બનાવો અલગ રીતે પણ દર્શાવવામાં આવેલ છે. પરંતુ સુવાર્તામાં જણાવેલ ઈસુના એ કાર્યો વધસ્તંભની વાત સુધી લઈ જાય છે - જેમ કે બીમારોને સાજાં કરવા, દેવના રાજ્યની સુવાર્તા પ્રગટ કરવી, પાપીઓને માફી આપવી, ઢોંગ વિશે ઠપકો આપવો - એ સઘળાં કાર્યો મુસાફરી કરનાર કોઈ જ્ઞાની વ્યક્તિ ફક્ત પ્રસંગોપાત જ ચમત્કારિક કૃત્યો કરે તેના કરતાં વિશેષ છે. સુવાર્તાની વાતમાં એવું ઘણું છે જેના પર આપણે નજર કરીએ છીએ. ઈસુ જે કાર્યો કરી રહ્યા હતા તેના વિશે એક મહત્વનું લખાણ પણ છે.

## શેતાન સાથે ચાલાકી કરવી

ઈસુની જાહેર સેવાની શરૂઆત કર્યા પહેલાંનો જે પ્રસંગ હતો એ તો ઈસુના બાપ્તિસ્માનો પ્રસંગ હતો. તે સમયે દેવે જાહેરમાં પોતાના પુત્ર તરીકે ઈસુની જાહેરાત કરી હતી (માર્ક ૧:૧૧) અને ત્યાં યોહાન બાપ્તિસ્મા કરનારે તેના વિશે એમ કહ્યું હતું કે, "તે જગતનું પાપ હરણ કરે છે" (યોહાન ૧:૨૯). આપણે યોહાનના એ શબ્દો વાંચીએ છીએ ત્યારે આપણે તરત જ ઈસુને વધસ્તંભે જડવાની વાત વિશે વિચાર કરીએ છીએ. પરંતુ યોહાનના શિષ્યો એવો વિચાર કરતા નહોતા. વાસ્તવમાં કોઈએ એવો વિચાર કર્યો નહોતો. ઈસુની સેવાના અંત ભાગમાં - એટલે કે તેનું બાપ્તિસ્મા થયા પછી ત્રણ વર્ષ બાદ - ઈસુએ તેના મરણ વિશે વાત કરવાની શરૂઆત કરી હતી, અને તેના શિષ્યોએ પણ એ વિચારનો નકાર કર્યો હતો (માથ્થી ૧૭:૨૨-૨૩; માર્ક ૯:૩૦-૩૨). શિષ્યોએ તેમના પ્રભુ પાસેથી જે છેલ્લી વાત સાંભળી તે એ હતી કે ઈસુ જલદી મરણ પામશે. એ તો અસ્થિર કરનારી વાત હતી. તેઓ સમજ્યા નહોતા કે

વધસ્તંભ પર ઈસુનું મરણ તો શરૂઆતથી દેવની યોજનાનો મુખ્ય ભાગ હતો. શા માટે તેઓ એ વાત સમજ્યા નહોતા? કેમ કે અગાઉના પ્રકરણમાં આપણે ચર્ચા કરી તેમ જૂના કરારમાં સ્પષ્ટ રીતે એ યોજનાને પ્રગટ કરવામાં આવી નહોતી.

ઈસુનું બાપ્તિસ્મા થયા બાદ શેતાનથી તેનું પરીક્ષણ થાય તે માટે આત્મા તેને રાનમાં લઈ ગયો હતો (માથ્થી ૪:૧; માર્ક ૧:૧૨; લુક ૪:૧-૧૩). ત્યાં શેતાને ઈસુનું પરીક્ષણ કર્યું તેથી તે જાણતો હતો કે ઈસુ કોણ છે - એટલે કે આ પૃથ્વી પર દેવનું રાજ્ય સ્થાપિત કરનાર મસિહ છે. કેમ કે "અભિષિક્ત" વ્યક્તિ (મસિહ) દાઉદની પેઢીમાં આવનાર રાજા થવાનો હતો. "આ જગતનો અધિકારી" શેતાન (યોહાન ૧૨:૩૧) સમજ્યો હતો કે જે દેશોને દેવે બાબિલના બુરજ આગળ ત્યજી દીધા હતા તેના પર ઈસુ અધિકાર જમાવશે (પુનર્નિયમ ૪:૧૯-૨૦; ૩૨:૮-૯).

આપણામાંના મોટા ભાગના લોકો આ બનાવમાં ઈસુ અને શેતાનને જોઇએ છીએ. શેતાને ત્રણ વાર ઈસુનું પરીક્ષણ કર્યું હતું (માથ્થી ૪:૩-૧૧). શેતાનની ત્રીજી વ્યૂહરચના તો દેવની સાથેના ઈસુના સંબંધને બગાડવા માટે દેવના દીકરાને જગતના બધા દેશોનો અધિકાર આપવાની હતી (માથ્થી ૪:૮-૯), કેમ કે તેણે એવો વિચાર કર્યો હતો કે ઈસુ તે દેશો પર દાવો કરવા માટે આવ્યો છે :

> "ફરીથી શેતાન તેને ઘણા ઊંચા પહાડ ઉપર લઈ જાય છે, ને જગતનાં સઘળાં રાજ્ય તથા તેઓનો મહિમા તેને દેખાડે છે; અને તેને કહે છે કે, જો તું પગે પડીને મારું ભજન કરે, તો આ સઘળાં હું તને આપીશ." (માથ્થી ૪:૮-૯)

શેતાનની આ દરખાસ્ત તો દેવની યોજનામાં સુધારો-વધારો કરવાની ચાલાકી હતી. તેની એ વાત તો જે દેશોને દેવે પોતાના લોકો તરીકે નકાર્યા હતા તેને ફરીથી પ્રાપ્ત કરવાની દેવની યોજનાના પરીણામ જેવી વાત હતી. એ દેશોનો અધિકાર પ્રાપ્ત કરવા માટે ઈસુએ ફક્ત દેવને બદલે શેતાનનું ભજન કરવાનું હતું.

શેતાનની એ દરખાસ્ત આપણને જણાવે છે કે દેવની યોજના પૂરી થવા માટે ઈસુએ મરણ પામવું *જરૂરી* હતું એ વાતને શેતાન સમજ્યો નહોતો. ઈસુએ પણ તેને એ વાત જણાવી નહિ. ઈસુએ તેની દરખાસ્તનો નકાર કર્યો તેનું કારણ જણાવ્યું નહિ. ઈસુએ શેતાનને ફક્ત એટલું જ કહ્યું કે, "અરે શેતાન, આઘો જા." જે દેવનું છે તેને દેવ પોતે પોતાની રીતે અને પોતાના સમયમાં પાછું લઈ લેશે. ઈસુનું કાર્ય ફક્ત દેશો પર રાજ કરવાનું જ નહોતું. ઈસુનું કાર્ય તો પોતાના કુટુંબની પુનઃસ્થાપના કરવાનું પણ હતું. તે કુટુંબમાં ફક્ત ઇસ્રાએલના જ નહિ પરંતુ દરેક દેશોના લોકોનો સમાવેશ થાય છે, તેનો અર્થ એ છે કે પાપનું પ્રાયશ્ચિત થવું જોઇએ. જેમ દેવે અગાઉથી યોજના કરી હતી તેમ દેવના રાજ્યમાં તેમના સંતાનોનો સમાવેશ થાય છે. માણસજાતનો ઉદ્ધાર કરવા માટે વધસ્તંભનું મરણ જરૂરી હતું તેથી દેવે આ યોજના કરી હતી. ઈસુ સાથે ચાલાકી થઈ શકી નહિ પરંતુ યોગ્ય સમયે શેતાન સાથે ચાલાકી થવાની હતી.

## એદનનો અનુભવ

અરણ્યમાં પરીક્ષણ થયા પછી તરત જ ઈસુએ બે કાર્યો કર્યાં હતાં : પોતાના શિષ્યોને (પિતર, આન્દ્રિયા, યાકૂબ અને યોહાનને) તેડું આપ્યું હતું અને અશુદ્ધ આત્મા વળગેલા માણસને સાજો કર્યો હતો (માર્ક ૧:૧૬-૨૮; લુક ૪:૩૧-૫:૧૧). શરૂઆતની પદ્ધતિ મુજબ શિષ્યોને તેડું આપવાનું અને સાજાપણાનું કાર્ય ચાલુ હતું. જ્યારે તેણે શિષ્યોને તેડયા ત્યારે તેમને ભૂતો કાઢવાનો, રોગો ટાળવાનો તથા બીમારોને સાજા કરવાનો અધિકાર આપ્યો હતો (લુક ૯:૧-૫).

શરૂઆતમાં ઈસુએ ૧૨ શિષ્યોને તેડયા હતા. એ સંખ્યા આકસ્મિક નથી. તે ઇસ્રાએલના બાર કુળોને દર્શાવે છે. ઈસુએ ઇસ્રાએલને ધ્યાનમાં રાખીને રાજ્યની યોજનાની શરૂઆત કરી હતી. કેમ કે આખરે તો તેઓ દેવના વારસાનો ભાગ હતો અને તેમને બીજા બધા દેશો કરતાં પહેલાં પસંદ કરવામાં આવ્યા હતા (પુનર્નિયમ ૩૨:૮-૯). પછી પાઉલે પણ સુવાર્તા પ્રગટ કરવા માટે એ જ દ્રષ્ટિકોણ અપનાવ્યો હતો - એટલે યહૂદીઓથી શરૂઆત કરીને વિદેશીઓમાં ગયો હતો (રોમનોને પત્ર ૧:૧૬-૧૭).

ઈસુએ ફક્ત બાર શિષ્યોને જ પસંદ કર્યા નહોતા. લૂકના ૧૦ મા અધ્યાયમાં આપણે જોઇએ છીએ કે ઈસુએ બીજા સિત્તેર શિષ્યોને ઠરાવ્યા હતા અને તેમને લોકોને સાજાં કરવાનો અને અશુદ્ધ આત્માઓને કાઢવાનો અધિકાર આપ્યો હતો (લૂક ૧૦:૧, ૯, ૧૭). આ સંખ્યા પણ આકસ્મિક નહોતી. એ સંખ્યા તો ઉત્પત્તિના ૧૦ મા અધ્યાયમાં જણાવેલ દેશોની સંખ્યા છે - એટલે કે જે દેશોને બાબિલના બુરજ આગળ દેવે અલગ કર્યા હતા અને બીજા દેવોને સોંપી દીધા હતા તેની સંખ્યા છે (પુનર્નિયમ ૪:૧૯-૨૦; ૩૨:૮-૯). કેટલાક સંસ્કરણોમાં સિત્તેરને બદલે બોતેરની સંખ્યા આપેલ છે. કેમ કે જૂના કરારની કેટલીક હસ્તપ્રતોમાં ઉત્પત્તિ ૧૦માં જણાવેલ દેશોના નામ એવી રીતે લખવામાં આવ્યા છે કે તે બોતેર લાગે છે. એ સંખ્યા ગમે તેટલી હોય પરંતુ વાતનો મુદ્દો એ છે કે શિષ્યોની સંખ્યા ઉત્પત્તિ ૧૦માં જણાવેલ દેશોની સંખ્યા સાથે બંધબેસતી હતી. બાર શિષ્યોને જે તેડું આપવામાં આવ્યું એ તો ઇસ્રાએલમાં દેવનું રાજ્ય આવ્યું છે એ વાતનું ચિહ્ન હતું, તેથી સિત્તેર શિષ્યોને મોકલવા એ પણ બીજા દેશોને ફરીથી પ્રાપ્ત કરવાનું ચિહ્ન હતું.

જ્યારે સિત્તેર શિષ્યો પાછા આવ્યા (લૂક ૧૦:૧૭) ત્યારે ઈસુએ એવો પ્રત્યુત્તર આપ્યો હતો કે : "મેં શેતાનને વીજળીની પેઠે આકાશથી પડેલો જોયો" (લૂક ૧૦:૧૮). સંદેશો નાટયાત્મક છે : દેવની યોજના કાર્યરત હતી. એકવાર લોકો ઈસુના થઇ જાય પછી શેતાન માણસજાત પર દાવો કરી શકે તેમ નહોતો. "વિશ્વાસીઓ પર તહોમત" મૂકવા માટે (પ્રકટીકરણ ૧૨:૧૦) તેનો પ્રવેશ નિષેધ થઇ ગયો હતો. હવે તે કેસ વગરનો વકીલ હતો.

## આવો અને મને પ્રાપ્ત કરો

ત્રણ વર્ષ સુધી દેવના રાજ્યના આગમનની સુવાર્તા પ્રગટ કર્યા પછી, લોકોને દેવનો પ્રેમ પ્રગટ કર્યા પછી અને એદનમાં જીવન કેવું હશે તે વિશેની વાત પ્રગટ કર્યા પછી ઈસુએ પોતાના મૂળ હેતુનો પૂરો કરવાની તૈયારી શરૂ કરી હતી.

યરૂશાલેમમાં છેલ્લી યાત્રા કર્યા પહેલાં ઈસુ પોતાના શિષ્યોને ઇસ્રાએલના ઉત્તરના ભાગમાં લઇ ગયા હતા. ઈસુએ ક્રુસારોહણને ઉશ્કેરવાની જરૂર હતી. અલૌકિક અધિકારીઓ તરફ લોખંડી હાથમોજું ફેંકવા માટે તેનાથી વધારે સારું સ્થાન મળી શક્યું ન હોત.

ઈસુ પોતાના શિષ્યોને કૈસરિયા ફિલિપ્પી નામના સ્થળે લાવ્યા હતા. પરંતુ એ તો તેનું રોમન નામ હતું. જૂના કરારના સમયમાં એ સ્થળ બાશાન તરીકે ઓળખાતું હતું. આપણે ૯મા પ્રકરણમાં તેના વિશે અગાઉ વાત કરી છે. બાશાનને મૂએલાના રાજ્યનું દ્વાર - નરકનું દ્વાર (હાદેસની સત્તા) માનવામાં આવતું હતું. કૈસરિયા ફિલિપ્પી હેર્મોન પર્વતની તળેટીમાં આવેલું હતું. યહૂદી વિચારધારા મુજબ ઉત્પત્તિ ૬:૧-૪માં જણાવેલ સ્થળ તો દેવના દીકરાઓએ પૃથ્વી પર આવીને બળવો કર્યો હતો તે સ્થળ હતું. ટૂંકમાં કહીએ તો જૂના કરારના સમયોમાં બાશાન અને હેર્મોન તો બ્રહ્માંડીય અધિપતિઓ માટેનું ઉદ્ભવસ્થાન હતું.

આ સ્થળે ઈસુએ પોતાના પ્રસિદ્ધ પ્રશ્નો કર્યા હતા કે, "હું કોણ છું, તે વિષે તમે શું કહો છો?" (માથ્થી ૧૬:૧૫). પિતરે ઉત્તર આપ્યો કે, "તું મસીહ, જીવતા દેવનો દીકરો છે" (કલમ ૧૬). ઈસુએ તેની પ્રશંસા કરતાં કહ્યું કે,

> સિમોન, યૂનાપુત્ર, તને ધન્ય છે : કેમ કે માંસે તથા લોહીએ નહિ, પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યું છે. અને હું પણ તને કહું છું કે તું પિતર છે, ને આ પથ્થર પર હું મારી મંડળી બાંધીશ, ને તેની વિરુદ્ધ હાદેસની સત્તાનું જોર નહિ ચાલે. (કલમ ૧૭,૧૮).

ઈસુએ જે "ખડક" ની વાત કરી તેની ઓળખાણની વાત વિશે સદીઓથી વિવાદ ચાલે છે. એ વાતને સમજવાની ચાવી તો તે વિસ્તારની ભૌગોલિક સમજ છે. કૈસરિયા ફિલિપ્પી બાશાનની ઉત્તરે આવેલું છેલ્લું સ્થાન છે. જૂના કરારના સમયોમાં આ સ્થળને મૂએલાના રાજ્યના દ્વાર તરીકે જોવામાં આવતું હતું. કૈસરિયા ફિલિપ્પી પર્વતની તળેટીમાં આવેલું છે. "ખડક" એ પર્વત છે. "હાદેસની સત્તા" (અથવા તો નરકનું દ્વાર) તો ભૌગોલિક રીતે એ સ્થાન હતું જ્યાં ઈસુ અને તેના શિષ્યો ઊભા હતા.

ઈસુ અંધકારના અધિકારીઓને પડકાર આપી રહ્યા હતા. પતનના સમયે માણસજાતે દેવની સાથેના અનંતજીવનનો લાભ ગુમાવી દીધો હતો અને તેને બદલે મરણ તથા દેવ સાથે અનંતકાળની અલગતા પ્રાપ્ત કરી હતી. મૂએલાંના દેવ અને શેતાન તરીકે ઓળખાતા સર્પ પાસે માણસજાત પર અધિકાર હતો. દરેક મનુષ્ય મૂએલાના સ્થાનમાં તેની પાસે જતો હતો. પરંતુ દેવની પાસે બીજો વિચાર હતો. માણસજાતના પાપની કિંમત ચૂકવવા માટે ઈસુને મોકલવાની ગુપ્ત યોજના તો હાદેસની સત્તા (નરકના દ્વાર) પર સીધેસીધો હૂમલો હતો. મૂએલાંનો દેવ અને તેનું સામર્થ્ય દેવના રાજ્યની સામે ઊભા રહી શકે તેમ નહોતા. માથ્થી ૧૬ના એ શાસ્ત્રભાગમાં ઈસુએ શેતાનના પ્રવેશદ્વારે જઇને તેને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. ઈસુ શેતાનને ઉશ્કેરવા માગતા હતા. શા માટે? કેમ કે તે સમય દેવની ગુપ્ત યોજના મુજબ ઈસુ માટે મરવાનો સમય હતો.

શાબ્દિક પડકાર પૂરતો ન હોય તેમ ઈસુ એક પગલું આગળ વધ્યા હતા. માથ્થી, માર્ક અને લૂક એ વાત સાથે સંમત થાય છે કે ત્યારપછીનો બીજો બનાવ ઈસુના રૂપાંતરનો બનાવ હતો. માર્ક ૯:૨-૮ કહે છે :

> અને છ દહાડા પછી ઈસુ પિતરને તથા યાકૂબને તથા યોહાનને સાથે લઇને તેઓને ઊંચા પહાડ પર એકાંતમાં લઇ જાય છે; અને તેઓની આગળ તેનું રૂપાંતર થયું. અને તેનાં લૂગડાં ઊજળાં, બહુ જ સફેદ થયાં, એવાં કે પૃથ્વીમાં કોઇ પણ ધોબી તેવાં સફેદ કરી ન શકે. અને એલિયા મૂસાની સંઘાતે તેઓને દેખાયો, ને તેઓ ઈસુની સાથે વાત કરતા હતા. અને પિતર ઉત્તર આપીને ઈસુને કહે છે કે, રાબ્બી, અહીં રહેવું આપણે માટે સારું છે; તો અમે ત્રણ માંડવા બાંધીએ; એક તારે વાસ્તે, ને એક મૂસાને વાસ્તે, ને એક એલિયાને વાસ્તે. કેમ કે શું બોલવું એ તેને સૂઝયું નહિ, કેમ કે તેઓ બહુ બીધા હતા. અને એક વાદળું આવ્યું ને તેઓ પર છાયા કરી; અને વાદળામાંથી એવી વાણી થઇ કે, આ મારો વહાલો દીકરો છે, તેનું સાંભળો. અને તત્કાળ ચોતરફ જોઇને તેઓએ પછી પોતાની સાથે એકલા ઈસુ વિના કોઇને દીઠો નહિ.

હેર્મોન પર્વત પર ઈસુનું રૂપાંતર થયું હતું. ઈસુએ પિતર, યાકૂબ અને યોહાનને પોતે કોણ છે - એટલે કે દેવના મહિમાનું સ્વરૂપ છે તે જણાવવા માટે આ સ્થળને પસંદ કર્યું હતું. ઈસુ શેતાન અને અંધકારના અધિકારીઓને બતાવી રહ્યા હતા કે, *હું આ પૃથ્વી પર જે મારું છે તે પાછું લેવા માટે આવ્યો છું. દેવનું રાજ્ય પાસે આવ્યું છે. હું અહીં છું, - હવે તમારાથી થાય તે કરી લો.*

રૂપાંતરના બનાવ પછી ઈસુ તરત જ યરૂશાલેમ તરફ ફર્યા અને શિષ્યોને જણાવવાની શરૂઆત કરી કે તે ત્યાં મરવા માટે જઇ રહ્યો છે. શિષ્યો એ વાત સાંભળવા માગતા નહોતા. પરંતુ ઈસુએ શેતાન અને અંધકારના બાકીના અધિકારીઓને ફસાવવા માટે તેમની આગળ ચારો નાખ્યો હતો. તેમણે એવો વિચાર કર્યો કે ઈસુથી છુટકારો મેળવવા માટે તરત કંઇ કરવું પડશે. અને ઈસુ પણ એમ જ ઇચ્છતા હતા. ઈસુનું મરણ આ સઘળા કાર્યની ચાવીરૂપ હતું.

## શા માટે તે મહત્વનું છે

ઈસુની સેવા ઇરાદાપૂર્વકની સેવા હતી. પૃથ્વી પર દેવનું રાજ્ય પુનઃસ્થાપિત કરવા માટે ઈસુ પોતાનું કાર્ય સ્પષ્ટપણે જાણતો હતો, તેથી જયારે તે ફરી પાછો આવશે ત્યાં સુધી તેની પ્રક્રિયા ચાલુ રહેશે અને વૈશ્વિક એદનવાડીની સ્થાપના થશે.

આપણા જીવનો ઈસુના જીવન જેટલાં કેન્દ્રિય નથી, પરંતુ શિષ્યોની જેમ આપણે એક મહત્વનું કાર્ય કરવાનું છે. આપણે તેના પર વિશ્વાસ કરીએ છીએ એવી રીતે આપણે આપણું જીવન જીવવાનું છે. વિશ્વાસીઓને દેવના કુટુંબની સભામાં લાવવામાં આવ્યા છે તેથી તેઓ ફક્ત પ્રેક્ષકો નહિ પરંતુ સહભાગીઓ છે (કલોસ્સીઓને પત્ર ૧:૧૩).

ઈસુનો ઉદ્દેશ તો લોકોને એદનવાડી કેવી હતી અને દેવની સાથેનું જીવન કેવું હશે તે બતાવવાનો હતો. દેવના કુટુંબ અને રાજયમાં કોઇ બીમારી કે શારીરિક અપૂર્ણતા હશે નહિ. કોઇ શત્રુ અધિકારીઓ હશે નહિ. દેવનું અંતિમ રાજ્ય એદનવાડી કરતાં અને ઇસ્રાએલ કરતાં મોટું છે. એ રાજ્ય વૈશ્વિક રાજ્ય હશે. તેમાં બધા જ દેશોનો સમાવેશ થશે. અને તેમાં એદનવાડીમાં જે સઘળું હતું તે સઘળું - એટલે કે પૃથ્વી પર સ્વર્ગ હશે.

આપણું કાર્ય તો ઈસુનું અનુકરણ કરવાનું કાર્ય છે. આપણે પણ ઈસુની જેમ આપણા જેવા સ્વરૂપ અને પ્રતિમામાં જે લોકો છે તે લોકોના શરીર અને પ્રાણોની સંભાળ રાખવાની છે અને તેમને દેવ પર વિશ્વાસ કરવા માટે દોરવણી આપીને દેવને વફાદાર રહેવા માટે બળ આપવાનું છે. "ભગ્ન હૃદયોવાળાને સાજાં કરવા" અને "બંદીવાનોને છુટકારાની" જાહેરાત કરવા મસીહનું અનુકરણ કરવા માટે અલૌકિક સામર્થ્યની જરૂર નથી (યશાયા ૬૧:૧), પરંતુ એ સઘળાં કાર્યો તો ઈસુના અલૌકિક કાર્યનું ફળ છે. તેઓ અંધકાર અને વ્યૂહાત્મક દર્શનનો સામનો કરવાની માગણી કરે છે. કોઇના હૃદયને દોરવા માટે આત્મા દ્વારા ઉપયોગમાં લેવામાં આવતું દયાનું કોઇપણ કાર્ય નિષ્ફળ જશે નહિ. સુવાર્તાની સ્પષ્ટ જાહેરાત વ્યર્થ જશે નહિ. ઈસુની દયા તેના સંદેશ સાથે એકરૂપ થયેલી હતી. એક બાબત બીજી બાબતનો નાશ કરતી નહોતી. કોઇપણ વિશ્વાસી આ પદ્ધતિનુ અનુકરણ કરી શકે છે - અને આ તો દેવના રાજ્યના દર્શન માટેના કાર્યનું વર્ણન છે.

આપણને ફરીથી યાદ કરાવવામાં આવ્યું છે કે બુદ્ધિશાળી પરંતુ ભૂંડા અલૌકિક વ્યક્તિઓની એક મર્યાદા છે એટલું જ નહિ પરંતુ તેઓ દેવના રાજ્ય તથા કાર્યની આગળ નિર્બળ પણ છે. ઈસુ દૂતો, અધિકારીઓ તથા પરાક્રમીઓને પોતાને સ્વાધીન કર્યા પછી "દેવને જમણે હાથે" બેઠેલો છે (૧ પિતર ૩:૨૨). આપણે "અગાઉથી પરંતુ હજુ સુધી પૂર્ણ રીતે નહિ" તેની સાથે સાથી અધિકારીઓ છીએ (કલોસ્સીઓને પત્ર ૩:૧; ૨ તિમોથીને પત્ર ૨:૧૨; પ્રકટીકરણ ૨:૨૬; ૩:૨૧). પૃથ્વી પર દેવના રાજ્ય તરીકે મંડળીની વૃદ્ધિ અને સંપૂર્ણતાની આગળ હાદેસની સત્તાનું જોર ચાલશે નહિ. ભૂંડાઇની સત્તાને ઉલટાવી નાખવાનો નિર્ણય આપણો છે.

## પ્રકરણ ૧ ૨

# મેઘો પર આરોહણ કરનાર

પાછલું પ્રકરણ બંધ કરતાં મેં જણાવ્યું હતું કે ઈસુએ કેવી રીતે હાદેસના દ્વાર આગળ અને હેર્મોન પર્વત પર અંધકારના અધિપતિઓને પ્રલોભન આપ્યા પછી તરત જ પોતાના મરણ વિશે વાત કરવાની શરૂઆત કરી હતી. આ પડકારે ઈસુની ધરપકડ અને વધસ્તંભ પરના મરણ સુધી લઈ જનારા બનાવોની શ્રેણીની શરૂઆત કરી હતી. ખ્રિસ્તીઓએ ઘણીવાર ઈસુની ધરપકડ વિશે સાંભળ્યું હશે. પરંતુ તેની પાછળ રહેલી એક એવી અલૌકિક બાબત છે જેની અવગણના કરવામાં આવે છે.

કઈ વાતને લીધે યહૂદી અધિકારીઓ દ્વારા અંતે ઈસુને મરણદંડની સજા ફરમાવવામાં આવી અને એ સજાને અમલમાં મૂકવા માટે ઈસુને પોંતિયસ પિલાત પાસે લઈ જવામાં આવ્યો એ વાતને સમજવા માટે આપણે જૂના કરારમાં દાનિયેલના પુસ્તકમાં - જ્યાં દેવે પોતાના સ્વર્ગીય સૈન્યની સાથે જે દૈવી સભા ભરી તેના પર નજર કરવી પડશે.

## વયોવૃદ્ધ પુરુષ અને તેની સભા

દાનિયેલના સાતમા અધ્યાયની શરૂઆત એક વિચિત્ર દર્શન સાથે થાય છે. દાનિયેલે ચાર જાનવરોને સમુદ્રમાંથી બહાર આવતા જોયાં (દાનિયેલ ૭:૧-૮). એ ચારેય જાનવરો અસાધારણ હતા, પરંતુ ચોથું પ્રાણી સૌથી ખરાબ હતું. જૂના કરારમાં જ્યારે સ્વપ્નોનો અનુવાદ કરવામાં આવતો ત્યારે વસ્તુઓ અને જીવંત બાબતો કોઈક વાતને દર્શાવતી હતી, અને દાનિયેલના આ સ્વપ્નમાં ચાર જાનવરો ચાર રાજ્યોને દર્શાવે છે. આપણે એ જાણીએ છીએ કેમ કે તેનું દર્શન દાનિયેલના બીજા અધ્યાયમાં નબુખાદનેસ્સાર રાજાને આવેલા બાબિલ અને તેના પછી થનારા બીજા ત્રણ રાજ્યો વિશેના સ્વપ્ન સાથે સુસંગત થાય છે. જો કે આપણે દાનિયેલે જે વાતનું વર્ણન કર્યું તેના પર નજર કરીશું :

> હું જોયા કરતો હતો એટલામાં રાજ્યાસનો ગોઠવવામાં આવ્યાં, ને એક વયોવૃદ્ધ પુરુષ બિરાજમાન થયો; તેનો પોશાક બરફના જેવો શ્વેત, ને તેના માથાના વાળ ચોખ્ખા ઊનના જેવા હતા; તેનું રાજ્યાસન અગ્નિની જ્વાળારૂપ હતું, ને તેનાં પૈડાં ધગધગતા અંગારારૂપ હતાં. અગ્નિની જ્વાળા તેની આગળથી નીકળીને ધસી જતી હતી; હજારોહજાર તેની સેવા કરતા હતા, અને લાખો ને લાખો તેની સંમુખ ઊભા રહેલા હતા; ન્યાયસભા ભરાઈ હતી, ને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં હતાં. (દાનિયેલ ૭:૯-૧૦).

આપણે જાણીએ છીએ કે વયોવૃદ્ધ પુરુષ તો ઇસ્રાએલનો દેવ છે. જો આપણે રાજ્યાસનના આ દર્શનને હઝકિયેલે દર્શનમાં જોયેલા દેવના રાજ્યાસન સાથે સરખાવીએ તો આપણે તે સમજી શકીએ છીએ (હઝકિયેલ ૧). એ દર્શનમાં અગ્નિ, પૈડાં, અને રાજ્યાસન પર બિરાજમાન પુરુષનું વર્ણન દાનિયેલના દર્શન જેવું જ છે.

પણ શું તમે એ વાતની નોંધ કરી કે ત્યાં ફક્ત એક જ રાજ્યાસન નથી? દાનિયેલના દર્શનમાં ઘણા રાજ્યાસનો છે (દાનિયેલ ૭:૯) જે દૈવી ન્યાયાલય, દેવની ન્યાયસભા ભરવા માટે પૂરતાં છે (દાનિયેલ ૭:૧૦).

દાનિયેલે દર્શનમાં જોયેલાં જાનવરો (એટલે કે રાજ્યો)નું ભાવિ નક્કી કરવા માટે સ્વર્ગીય ન્યાયસભા બેસીને નિર્ણય લે છે. એવો નિર્ણય લેવામાં આવ્યો કે ચોથું જાનવર મારી નાખવામાં આવશે અને બીજા જાનવરોનો રાજ્યાધિકાર લઈ લેવામાં આવશે (દાનિયેલ ૭:૧૧-૧૨). બીજો રાજા અને રાજ્ય તેનું સ્થાન લેશે. અને ત્યાં કેટલીક બાબતો વધારે રસપ્રદ બને છે.

## મેઘો પર આરોહણ કરનાર મનુષ્યપુત્ર

દાનિયેલે તેના દર્શનનું વર્ણન કર્યું કે :

> રાતના સંદર્શનોમાં હું જોતો હતો, તો જુઓ, આકાશના મેઘો સાથે મનુષ્યપુત્રના જેવો એક પુરુષ પેલા વયોવૃદ્ધ પુરુષની પાસે આવ્યો, ને તેઓ તેને તેની નજીક લાવ્યા, તેને સત્તા, મહિમા તથા રાજ્ય આપવામાં આવ્યાં કે, જેથી બધા લોકો, પ્રજાઓ તથા સર્વ ભાષાઓ બોલનાર માણસો તેના તાબેદાર થાય; તેની સત્તા સનાતન તથા અચળ છે, ને તેનું રાજ્ય અવિનાશી છે. (દાનિયેલ ૭:૧૩-૧૪).

જૂના કરારમાં ઘણીવાર "મનુષ્યપુત્ર" શબ્દ વપરાયો છે. આ વચન મનુષ્યની વાત કરે છે એમાં કોઇ આશ્ચર્યની વાત નથી. પરંતુ આ શાસ્ત્રભાગમાં મનુષ્યનું વર્ણન જે રીતે કરવામાં આવ્યું છે તે આશ્ચર્યજનક છે. દાનિયેલ ૭:૧૩ માં વયોવૃદ્ધ પુરુષની પાસે *આકાશના મેઘો પર આવતા* મનુષ્યપુત્રની વાત કરવામાં આવી છે.

શા માટે તે મોટી વાત છે? કેમ કે જૂના કરારમાં જ્યાં - જ્યાં આવું વર્ણન કરવામાં આવ્યું છે તે *ફક્ત* ઈશ્વર માટે જ કરવામાં આવ્યું છે (યશાયા ૧૯:૧; પુનર્નિયમ ૩૩:૨૬; ગીતશાસ્ત્ર ૬૮:૩૨-૩૩; ગીતશાસ્ત્ર ૧૦૪:૧-૪). પરંતુ દાનિયેલ ૭ માં *દેવ પોતે વયોવૃદ્ધ પુરુષ તરીકે દૃશ્યમાન છે.* દાનિયેલ તેના દર્શનમાં જાણે "બીજા દેવને" જુએ છે અને તે માણસ જેવો છે - જેમ ખ્રિસ્તીઓ માને છે કે ઈશ્વર એક કરતાં વધારે વ્યક્તિ છે તેમ.

આ સ્પષ્ટ મુદ્દો છે.

જ્યારે માથ્થી ૨૬ માં ઈસુ કાયાફા પ્રમુખ યાજકની ન્યાયસભાની આગળ ઊભો હતો અને તેના જીવનનો નિર્ણય કરવામાં આવી રહ્યો હતો ત્યારે તેણે આ સંવેદનશીલ વિચાર આપીને તેમને ઉશ્કેર્યા હતા :

> અને ઈસુને મારી નાખવાને મુખ્ય યાજકોએ તથા આખી ન્યાયસભાએ તેની વિરુદ્ધ જૂઠી શાહેદી શોધી; અને જો કે ઘણા જૂઠા સાક્ષી આવ્યા, તોપણ તે ન જડી; પણ પાછળથી બે આવીને બોલ્યા કે, "એણે એમ કહ્યું, હું દેવનું મંદિર પાડી નાખવાને તથા તેને ત્રણ દહાડામાં પાછું બાંધવાને સમર્થ છું." ત્યારે પ્રમુખ યાજકે ઊભા થઇને તેને કહ્યું, શું તું કંઇ જ ઉત્તર નથી દેતો? એઓ તારી વિરુદ્ધ કેવી શાહેદી આપે છે? પણ ઈસુ છાનો રહ્યો. ત્યારે પ્રમુખ યાજકે તેને કહ્યું, હું તને જીવતા દેવના સમ દઉં છું કે, દેવનો દીકરો જે ખ્રિસ્ત તે જ તું છે કે નહિ, એ અમને કહે. ઈસુ તેને કહે છે કે, "તેં પોતે જ કહ્યું; પરંતુ હું તમને કહું છું કે, હવે પછી માણસના દીકરાને પરાક્રમના જમણા હાથ પર બેઠેલો તથા આકાશના મેઘો પર આવતો તમે દેખશો." ત્યારે પ્રમુખ યાજકે પોતાના લૂગડાં ફાડીને કહ્યું કે, એણે દુર્ભાષણ કર્યું છે; હવે આપણને બીજા શાહેદીઓની શી જરૂર છે? જુઓ, તમે એ દુર્ભાષણ સાંભળ્યું છે. તમે શું ધારો છો? અને તેઓએ ઉત્તર દીધો કે, "એ મરણજોગ છે." (માથ્થી ૨૬:૫૯-૬૬)

સ્પષ્ટ પ્રશ્નનો અસ્પષ્ટ જેવો લાગતો ઉત્તર આપતાં ઈસુએ કાયાફાની આગળ દાનિયેલ ૭:૧૩ ટાંક્યું હતું. *કાયાફા, શું તું ખરેખર જાણવા માગે છે કે હું કોણ છું? તો ધ્યાનથી સાંભળ.* તેની પ્રતિક્રિયા તાકીદની હતી. કાયાફા તરત જ સમજ્યો કે ઈસુ તો દાનિયેલ ૭:૧૩ માં જણાવેલ દેવત્વની બીજી વ્યક્તિ હોવાનો દાવો કરે છે - જૂના કરારમાં જે રીતે ફક્ત દેવનું વર્ણન કરવામાં આવ્યું છે એ મનુષ્યપુત્ર હોવાની ઈસુએ વાત કરી હતી. તે માણસના રૂપમાં દેવ હોવાનો દાવો કરી રહ્યો હતો. યહૂદીઓની દૃષ્ટિમાં એ દુર્ભાષણ હતું - અને મરણદંડની સજાનું કારણ હતું.

પરંતુ સ્વાભાવિક રીતે ઈસુ તે જાણતો હતો. તેને પોતાનું રક્ષણ કરવામાં કોઇ રસ નહોતો. તે જાણતો હતો કે દેવના રાજ્યને પુનઃસ્થાપિત કરવા માટે, વિશ્વાસીઓએ દેવના કુટુંબમાં લાવવા માટે અને બાબિલના સમયે દેવે જે દેશોને ત્યજી દીધા હતા તે દેશો પર અધિકાર ચલાવનાર દુષ્ટ અલૌકિક વ્યક્તિઓથી છોડાવવા માટે તેણે *મરવાનું જ છે.*

અને તેણે એમ કર્યું. ગીતશાસ્ત્ર ૨૨માં દાઉદના શબ્દો દ્વારા ક્રુસારોહણની શારીરિક અસરોનું વર્ણન કરવામાં આવ્યું છે, અને વધસ્તંભ પરની ભયંકર યાતનાઓની ઝાંખી કરાવે છે. દુઃખ સહન કરનાર ગીતકર્તા આર્તનાદ કરે છે કે :

જેઓ મને જુએ છે તેઓ બધા મારી હાંસી કરે છે;
તેઓ મોં મરડીને અને ડોકું ધુણાવીને કહે છે,
તું પોતાને યહોવાના હાથમાં સોંપ; તે તેને છોડાવે;
તે તેના પર રાજી છે, માટે તે તેને બચાવે.
પણ તું મને ઉદરમાંથી બહાર લાવનાર છે;
મારી માને હું ધાવતો હતો ત્યારે પણ તેં મારામાં ભરોસો ઉપજાવ્યો.
જન્મથી હું તારા હાથમાં સોંપાયેલો છું;
મારી માના ઉદરમાં હતો ત્યારથી તું મારો દેવ છે.
મારાથી આઘો ન થા; કેમ કે સંકટ પાસે આવી પડયું છે;
અને સહાય કરનાર કોઇ નથી.
ઘણા ગોધાઓએ મને ઘેરી લીધો છે;
બાશાનના બળવંત ગોધાઓ મારી આસપાસ ફરી વળ્યા છે.
ફાડી ખાનાર તથા ગર્જનાર સિંહની પેઠે
તેઓ મારી સામે પોતાનું મોં વિકાસે છે.
મારું બળ પાણી થઇ ગયું છે,
અને મારાં સર્વ હાડકાં ઢીલાં થઇ ગયાં છે (ગીતશાસ્ત્ર ૨૨:૭-૧૪)

આ વર્ણનનો વિલક્ષણ ભાગ તો *બાશાનના* બળવંત ગોધાઓ છે. આપણે અગાઉ જોઇ ગયા તેમ જૂના કરારના સમયમાં બાશાન અશુદ્ધ દેવોનું ઉદ્‌ભવસ્થાન અને મૂએલાંનું રાજ્ય છે. આ વિસ્તાર ગોધાઓ અને ગાયોના પ્રતિકો દ્વારા બઆલની ભક્તિનું કેન્દ્રસ્થાન હતું. “બાશાનના ગોધા” તો અશુદ્ધ આત્માઓ, અંધકારના અધિકારીઓનો સંદર્ભ છે. આપણા સમયમાં, સી.એસ.લેવીસે *ધી લાયન, ધી વિચ, એન્ડ ધી વોર્ડરોબ* પુસ્તકમાં તેની કાલ્પનિક વાત લખી છે. એ પુસ્તક વાંચનાર કે તેનું ચલચિત્ર જોનાર કોઇ એ વાતને ભૂલી શકશે નહિ કે એસ્લન પથ્થરના ટેબલ પર સફેદ ડાકણના આનંદીત મોટા ટોળાને નમ્રપણે તેનું જીવન સમર્પિત કરે છે.

જેમ ઈસુએ શેતાન સાથે ચાલાકી કરી હતી તેમ એસ્લને પણ સફેદ ડાકણને મૂર્ખ બનાવી હતી. શેતાને એ ક્ષણને વિજયની ક્ષણ સમજવાની ગેરસમજ કરી હતી પરંતુ એ જ ક્ષણ તેના પરાજયનું કારણ બની હતી.

## તમે દેવો છો, તોપણ તમે માણસની પેઠે મરશો

શેતાને વધસ્તંભ પર આદમના સંતાનોના જીવન પરનો અધિકાર જ ગુમાવ્યો હતો એટલું જ નહિ પરંતુ તેની સાથે વિદ્રોહ કરનારા તેના સાથીદારો, દેશોના અલૌકિક દેવો *(એલોહિમ)* પણ તેમના અધિકારનો નાશ થતો જોવાના હતા.

સર્વશક્તિમાન દેવ, ઈસ્રાએલના દેવે આ અલૌકિક દેવોને બીજા દેશો પર અધિકારી તરીકે મૂક્યા હતા (પુનર્નિયમ ૪:૧૯-૨૦; ૩૨:૮-૯). તેઓ ક્યારે દેવના શત્રુ બની ગયા તે વિશે આપણને કહેવામાં આવ્યું નથી, પરંતુ તેઓ દેવના શત્રુ બન્યા હતા. તેમણે દેવનાં પોતાના લોકોને એટલે કે ઈસ્રાએલીઓને પણ દેવની ભક્તિ કરવાથી દૂર કરીને તેમને પોતાને અર્પણો કરવા પોતાની તરફ ફેરવ્યા હતા (પુનર્નિયમ ૧૭:૧-૩; ૨૯:૨૬-૨૭; ૩૨:૧૭). બીજા પ્રકરણમાં આપણે જે ગીત એટલે કે ગીતશાસ્ત્ર ૮૨ વિશે જોયું તેમાં દેવની સભાનું વર્ણન છે અને તે આપણને કહે છે કે આ *એલોહિમોએ* તેમના અધિકારનો દુરુપયોગ કર્યો અને દુષ્ટતા કરી હતી. તેમને દેવના નિયમ કે ન્યાયની કોઈ ચિંતા નથી :

દેવની સભામાં ઈશ્વર ઊભો રહે છે;
તે દેવો મધ્યે ન્યાય કરે છે.
તમે ક્યાં સુધી ગેરઈનસાફ કરશો,
અને દુષ્ટોનું મોં રાખશો?
અબળ તથા અનાથનો ન્યાય કરો;
દુ:ખિત તથા લાચારને ઈનસાફ આપો.
અશક્ત તથા દરિદ્રીનો છૂટકો કરો;
દુષ્ટોના હાથમાંથી તેમને છોડાવો.
તેઓ જાણતા નથી, અને સમજતા પણ નથી;
તેઓ અંધારામાં ભટકતા ફરે છે;
પૃથ્વીના તમામ પાયા હાલી ઊઠયા છે.

(ગીતશાસ્ત્ર ૮૨:૧-૫)

આ ગીતનો બાકીનો ભાગ આપણને કહે છે કે દેવે પોતાની આ સભા બીજા દેવોને તેમનું ભવિષ્ય નિરાશાજનક છે એ વાત કહેવા માટે બોલાવી હતી. જ્યારે દેવ બીજા દેશો પર દાવો કરશે ત્યારે તેમના આતંકી રાજ્યનો અંત થશે :

"મેં કહ્યું, તમે દેવો છો,
અને તમે સર્વ પરાત્પરના દીકરા છો.
તોપણ તમે માણસની પેઠે મરશો,
અને કોઈએક સરદારની પેઠે પડશો.
હે ઈશ્વર, ઊઠ, પૃથ્વીનો ન્યાય કર;
કેમ કે તું સર્વ વિદેશીઓને વારસા તરીકે પામશે" (ગીતશાસ્ત્ર ૮૨:૬-૮)

ક્યારે દેવ બીજા દેશો પર દાવો કરવાનો નિર્ણય કરશે? દાનિયેલ ૭:૧૪ માં આપણને તેનો ઉત્તર જોવા મળે છે.

તેને સત્તા, મહિમા તથા રાજ્ય આપવામાં આવ્યાં કે, જેથી બધા લોકો, પ્રજાઓ તથા સર્વ ભાષાઓ બોલનાર માણસો તેના તાબેદાર થાય; તેની સત્તા સનાતન તથા અચળ છે, ને તેનું રાજ્ય અવિનાશી છે.

દાનિયેલ ૭:૧૩-૧૪નો સંદેશ સ્પષ્ટ છે કે જ્યારે માણસનો દીકરો રાજ્ય પ્રાપ્ત કરશે ત્યારે તે અંધકારના અલૌકિક અધિકારીઓના સામર્થ્યનો અંત હશે. ઈસુએ તેનું પુનરુત્થાન થયા બાદ રાજ્ય પ્રાપ્ત કર્યું છે. દેવે "ખ્રિસ્તને મૂએલાંમાંથી ઉઠાડયો, અને સર્વ રાજ્યસત્તા, અધિકાર, પરાક્રમ, ધણીપણું અને કેવળ આ કાળમાંનું નહિ, પણ ભવિષ્યકાળમાંનું દરેક નામ જે હોય, એ સર્વ કરતાં ઊંચો કરીને પોતાની જમણી ગમ સ્વર્ગીય સ્થાનોમાં તેને બેસાડયો" (એફેસીઓને પત્ર ૧:૨૦-૨૧).

## શા માટે તે મહત્વનું છે

વધસ્તંભ પર ઈસુએ કરેલા કાર્ય પહેલાં શેતાનની પાસે આપણા આત્માઓ પર અધિકાર હતો. બધાં મનુષ્યો મરણ પામતા હતા તેથી મૂએલાના રાજ્યમાં કે જે *શેતાનના અધિકાર હેઠળ છે* ત્યાં જતા હતા. જો ઈસુ બલિદાન આપીને પુનરુત્થાન પામ્યો ન હોત તો આપણે ત્યાં જ રહેત. ઈસુના વધસ્તંભ પરના કાર્ય પર વિશ્વાસ કરવા દ્વારા આપણને ઈસુની સાથે સજીવન કરવામાં આવ્યા છે. આપણે અગાઉના પ્રકરણમાં જોયું તેમ જ્યારે પૃથ્વી પર દેવના રાજ્યની શરૂઆત થઇ ત્યારે શેતાનને દેવની હાજરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો (લૂક ૧૦:૧૮). હવે તે દેવની આગળ વિશ્વાસીઓ પર તહોમત મૂકી શકે નહિ. તેની પાસે આપણા આત્માઓ પર અધિકાર રહ્યો નથી.

તો પછી શા માટે તેની પાસે અધિકાર હોય એવી રીતે આપણે જીવન જીવીએ છીએ?

નૈતિક સંપૂર્ણતા દ્વારા તારણ પ્રાપ્ત કરી શકાય નહિ. તારણ તો વિશ્વાસ દ્વારા પ્રાપ્ત થતું દેવનું દાન છે (એફેસીઓને પત્ર ૨:૮-૯). તેથી એમ કહી શકાય કે નૈતિક અપૂર્ણતાને લીધે તારણને ગુમાવી શકાય નહિ. સારા કાર્ય દ્વારા જે પ્રાપ્ત થયું નથી તેને ખરાબ કાર્ય દ્વારા ગુમાવી શકાય નહિ. *વફાદારી પર વિશ્વાસ કરવાથી* તારણ પ્રાપ્ત થાય છે - એટલે કે ઈસુએ શેતાનનો પરાજય કર્યો એ વાત પર વિશ્વાસ કરવાથી અને બીજા બધા દેવો તથા તેમના વિશ્વાસની પદ્ધતિઓને ત્યજીને સાચા દેવ તરફ ફરવા દ્વારા તારણ પ્રાપ્ત થાય છે.

દેશોના લોકોને દેવના રાજ્યનો આ સંદેશ આપવાનો આદેશ આપણને આપવામાં આવ્યો છે (માથ્થી ૨૮:૧૯-૨૦). આપણે આ આદેશનું પાલન કરીશું ત્યારે શત્રુ દેવો, અધિપતિઓ અને અધિકારીઓનું સામર્થ્ય ઓછું થતું જશે. હાદેસની સત્તા (નરકના દ્વારો), મૂએલાંનું રાજ્ય પુનરુત્થાનની સામે ઊભું રહી શકતું નથી અને સુવાર્તાના પ્રચારની આગળ પણ ઊભું રહી શકશે નહિ.

ઈસુના ક્રુસારોહણ વખતે શિષ્યોને આ વાત વાસ્તવિક લાગતી નહોતી. પરંતુ જલદી તેમને એક નાટયાત્મક તથા અવિસ્મણીય રીતે આ સંદેશ પ્રાપ્ત થવાનો હતો.

# પ્રકરણ ૧૩
# મોટો વિપરીત ફેરફાર

સુવાર્તાઓમાં ઈસુની વાતો - જેમ કે તેના જન્મ. મરણ અને પહાડ પરના ભાષણ જેવી વાતોની સાથે-સાથે નવા કરારમાં પ્રેરિતોના કૃત્યોના બીજા અધ્યાયમાં જ્યારે પચાસમાના દિવસે ઈસુના અનુયાયીઓ પર પવિત્ર આત્મા ઉતરી આવ્યો એ શાસ્ત્રભાગ એક જાણીતો પ્રસંગ છે. તે મંડળીની શરૂઆતની નવીનતા અને ઈસુના નામમાં વૈશ્વિક સુવાર્તા પ્રચારની શરૂઆતનું ચિહ્ન છે.

આ પ્રસંગ જેટલો જાણીતો છે અને લોકો તેના વિશે જેટલું જાણે છે તેના કરતાં વધારે થયું હતું. પ્રેરિતોના કૃત્યોનો બીજા અધ્યાય તો બાબિલના બનાવ પછી જૂના કરારના બ્રહ્માંડીય ભૂગોળમાં જે ફેરફાર થયો હતો ત્યારે ઇસ્રાએલ સિવાયના દેશો નાના દેવોના અધિકાર હેઠળ આવી ગયા હતા તેને ઉલટાવી નાખતા વિપરીત ફેરફારને દર્શાવે છે. પચાસમાના દિવસે જે થયું એ તો બાબિલના સમયે દેવે જે દેશોને ત્યજી દીધા હતા તે દેશોમાં ઈસુની સુવાર્તાનો પ્રસાર કરવાની યુદ્ધની યોજના હતી - આત્મિક યુદ્ધની પ્રાચીન વ્યૂહરચના હતી.

## પચાસમાનો દિવસ

પ્રેરિતોના કૃત્યોના બીજા અધ્યાયમાં પચાસમાના દિવસનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે ચોક્કસપણે અસાધારણ છે :

પચાસમાનો દિવસ આવ્યો, તે વખતે તેઓ સર્વ એક સ્થળે એકઠા થયા હતા. ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અને તેઓ જ્યાં બેઠા હતા તે આખું ઘર ગાજી રહ્યું. અગ્નિના જેવી છૂટી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી; અને તેઓમાંના દરેક ઉપર એક એક બેઠી. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા. હવે આકાશ તળેના દરેક દેશમાંથી ધાર્મિક યહૂદીઓ

યરૂશાલેમમાં રહેતા હતા. તે અવાજ સાંભળવામાં આવ્યો ત્યારે ઘણા લોકો ભેગા થયા, અને દિંગ થઇ ગયા, કેમ કે તેઓમાંના દરેકે પોતપોતાની ભાષામાં તેઓને બોલતાં સાંભળ્યા. તેઓ સર્વ વિસ્મિત થયા, અને આશ્ચર્ય પામીને એકબીજાને કહેવા લાગ્યા કે, "જુઓ, શું આ સઘળા બોલનારા ગાલીલના નથી? તો આપણે આપણી માતૃભાષામાં તેઓને બોલતાં કેમ સાંભળીએ છીએ?" (પ્રેરિતોના કૃત્યો ૨:૧-૮)

આ શાસ્ત્રભાગની વાત આપણને જૂના કરારની આત્મિક વૈશ્વિક વિચારધારામાં દૃષ્ટિ કરાવે છે. તે અંગ્રેજી ભાષાના અનુવાદમાં સ્વાભાવિક નથી. પવિત્ર આત્માના આગમન સાથે સંકળાયેલ "ભારે આંધી" ની વાત તો જૂના કરારમાં દેવની હાજરીના વર્ણન સાથે સંકળાયેલી પરિચિત વાત છે (૨ રાજાઓ ૨:૧, ૧૧; અયૂબ ૩૮:૧; ૪૦:૬). દેવ વિષેના વર્ણનમાં અગ્નિની વાત પણ પરિચિત વાત છે (હઝકિયેલ ૧:૪; યશાયા ૬:૪; દાનિયેલ ૭:૯; નિર્ગમન ૩:૨; ૧૯:૧૮; ૨૦:૧૮).

આ શાસ્ત્રભાગો વાંચવા દ્વારા એ વાત સ્પષ્ટ થાય છે તે પ્રસંગે જે કંઇ થયું તેમાં દેવની હાજરી હતી. પ્રભુનો ઇરાદો તો નાના દેવોને જે દેશો ઠરાવી આપવામાં આવ્યા હતા (પુનર્નિયમ ૪:૧૯-૨૦; ૩૨:૮-૯) પરંતુ તેઓ પ્રભુના શત્રુ બની ગયા હતા (ગીતશાસ્ત્ર ૮૨) તેમને ફરીથી પ્રાપ્ત કરવાના પ્રચારની શરૂઆત કરવાનો હતો.

એ કાર્ય કરવા માટે દેવનું સાધન તો શિષ્યોના શબ્દો હતા - તેથી ભાષાઓની કલ્પના હતી. દેવે પચાસમાના દિવસે એકઠા થયેલા પરંતુ *બીજા* દેશોમાં શત્રુ દેવોના અધિકાર હેઠળ રહેતા યહૂદીઓ સાથે વાત કરવા માટે પોતાના યહૂદી અનુયાયીઓને તેમની

ભાષા બોલવા માટે સક્ષમ કર્યા હતા. જ્યારે તેમણે સુવાર્તા સાંભળી અને તેના પર વિશ્વાસ કર્યો ત્યારબાદ તેઓ જે દેશોમાં રહેતા હતા ત્યાં પાછા જઇને બીજા લોકોને ઈસુ વિશે કહેવાના હતા.

## પચાસમાનો દિવસ અને બાબિલનો બનાવ

બાબિલના બુરજનો જે બનાવ બન્યો તે સમયે દેવે બીજા દેશોને વિખેરી નાખવાનો અને તેમને બીજા દેવોના અધિકાર હેઠળ સોંપી દેવાનો નિર્ણય કર્યો હતો (પુનર્નિયમ ૪:૧૯-૨૦; ૩૨:૮-૯). પ્રથમ નજરે એ બનાવ અને પ્રેરિતોના કૃત્યોના બીજા અધ્યાયમાં બનેલ બનાવની સાથે સંબંધ જણાતો નથી. પરંતુ મૂળ ભાષાઓમાં આ બંને બનાવો વચ્ચે સ્પષ્ટ સંબંધ જોવા મળે છે.

પ્રેરિતોના કૃત્યોના બીજા અધ્યાયમાં બાબિલના બનાવ સાથે સંબંધ ધરાવતી બે બાબતો જોવા મળે છે. પ્રથમ બાબત તો અગ્નિના જેવી "છૂટી છૂટી" પડતી જીભો અને બીજી બાબત દરેક દેશમાંથી એકઠા થયેલા યહૂદીઓ વિશેની છે, જેમના વિશે એમ કહેવામાં આવ્યું છે કે તેઓ "દિંગ" થઇ ગયા હતા. અંગ્રેજી ભાષામાં એ વાત ખાસ રીતે ખાતરીદાયક લાગતી નથી. લૂકે ગ્રીક ભાષામાં આ વાત લખી છે અને તેણે જે ગ્રીક શબ્દોનો પ્રયોગ કર્યો છે તેનો અનુવાદ અહીં "છૂટી છૂટી પડતી" અને "દિંગ" એવો કરવામાં આવ્યો છે, અને આ શબ્દો તો ઉત્પત્તિ ૧૧:૭ અને પુનર્નિયમ ૩૨:૮ માં બાબિલના સમયે ભાષાઓ બદલી નાખી અને દેશોને અલગ કર્યા ત્યારે લોકો ગુંચવણમાં પડયા હતા એ વાતને દર્શાવે છે.

પ્રેરિતોના કૃત્યોનો લેખક લૂક તો એક વિદેશી વ્યક્તિ હતો. તે ફક્ત ગ્રીક વાંચી શકતો હતો. તેથી લૂકે તે સમયે (અને હાલમાં પણ) જૂના કરારનો જે ગ્રીક અનુવાદ ઉપલબ્ધ હતો તેનો ઉપયોગ કર્યો હતો, એ અનુવાદને સેપ્ટુઆજીન્ટ કહેવામાં આવે છે. શરૂઆતની મંડળી માટે તે જૂનો કરાર હતો કેમ કે થોડા લોકો જ હિબ્રૂ વાંચી શકતા હતા. જ્યારે લૂકે પ્રેરિતોના કૃત્યોનો બીજો અધ્યાય લખ્યો ત્યારે તે બાબિલના પ્રસંગ વિશે વિચાર કરી રહ્યો હતો.

પરંતુ શા માટે આ બે બનાવો વચ્ચે જોડાણ છે? પચાસમાના દિવસે જે થયું તેનો વિચાર કરો. જૂના કરારમાં જેમ પવિત્ર આત્મા ભારે આંધી અને અગ્નિ સાથે યહોવા દેવ ઊતરી આવતા હતા તેમ પવિત્ર આત્મા ઉતરી આવ્યો હતો. જ્યારે અગ્નિની છૂટી છૂટી પડતી જીભો શિષ્યો પર ઊતરી આવી અને યરૂશાલેમમાં પર્વને સમયે દરેક દેશમાંથી એકઠા થયેલા યહૂદીઓની આગળ બીજા દેશોની ભાષાઓમાં બોલવા માટે સમર્થ કર્યા ત્યારે લોકો દિંગ થઇ ગયા હતા. ત્યારે બાબિલના સમયે ભાષાને લીધે લોકોને ગુંચવણ થઇ હતી એવી ગુંચવણને દૂર કરવામાં આવી હતી. તેઓમાંના ત્રણ હજાર લોકોએ ઈસુ પર વિશ્વાસ કર્યો હતો (પ્રેરિતોના કૃત્યો ૨:૪૧).

ઈસુ પર મસિહ તરીકે વિશ્વાસ કરનાર એ નવા વિશ્વાસીઓ આ સંદેશને તેઓ જે દેશોમાં રહેતા હતા (જે દેશોને બાબિલના સમયે અલગ કરવામાં આવ્યા હતા) ત્યાં લઇ જવાના હતા. ઉત્પત્તિ ૧૧ માં દેવે માણસજાત તરફ પીઠ ફેરવી હતી અને ત્યારબાદ તરત જ ઉત્પત્તિ ૧૨ માં દેવના નવા લોકો અને દેશની સ્થાપના કરવા માટે ઇબ્રાહિમને તેડું આપ્યું હતું. પ્રભુએ તે સમયે જે દેશોને નકાર્યા હતા એ બધા દેશોને એકઠા કરવાના હતા અને ઇબ્રાહિમના સંતાનો એટલે કે યહૂદી વિશ્વાસીઓની સાથેના વિશ્વાસના કુટુંબના સભ્યો બનાવવાના હતા. હવે દેવનું રાજ્ય શત્રુ દેવોના અધિકારના ક્ષેત્રોમાં પણ ફેલાવાનું હતું.

આ વાતનો અકલ્પનીય ભાગ તો પ્રેરિતોના કૃત્યોના બીજા અધ્યાયમાં જે દેશોની યાદી આપવામાં આવી છે તે દેશો અને તેનો ક્રમ છે. જો તમે નક્શામાં તે દેશોને જુઓ તો જ્યાં જૂના કરારના અંતમાં યહૂદીઓને બાબિલ અને ઇરાનમાં ગુલામ તરીકે મોકલવામાં આવ્યા હતા તે પૂર્વના દેશોથી આગળ વધશો. ઉત્પત્તિ ૧૦ માં જે દેશોની યાદી આપેલી છે (એટલે કે જે દેશોને બીજા દેવોને સોંપવામાં આવ્યા હતા) એટલું જ અંતર અને અવકાશ જોવા મળે છે.

## આપણું યુદ્ધ રક્ત તથા માંસની સાથે નથી

પ્રેરિતોના કૃત્યોના પુસ્તકનો મોટો ભાગ પાઉલની મિશનરી યાત્રાઓ વિશે જણાવે છે. પાઉલ વિદેશીઓનો પ્રેરિત હતો - શરૂઆતમાં દેવે તેને ઈસ્રાએલની બહારના દેશોમાં મંડળીઓની શરૂઆત કરવા માટે મોકલ્યો હતો. ત્યારબાદ પાઉલની યાત્રાઓ અને જીવનના પ્રસંગો, જેમ કે રોમનોએ તેની ધરપકડ કરી તેને લીધે તે પશ્ચિમના દેશો તરફ ગયો હતો.

નવા કરારમાં તેના પત્રોમાં પાઉલે ઘણીવાર લખ્યું છે કે આત્મિક અધિકારીઓએ તેની સેવાનો અને સુવાર્તા પ્રચારનો વિરોધ કર્યો હતો. પચાસમાના દિવસના બનાવ પછી એ દુષ્ટ અધિકારીઓ અને અધિપતિઓ જેમના અધિકારનો તેણે ભંગ કર્યો હતો તેમના વિશેના તેના શબ્દપ્રયોગો આપણને બતાવે છે કે જૂના કરારના બ્રહ્માંડીય ભૂગોળને તે સમજ્યો હતો. પાઉલે જે અંધકારના અદૃશ્ય અધિકારીઓ માટે જે શબ્દોનો પ્રયોગ કર્યો છે તેમાં એક સામાન્ય બાબતને તમે જોઇ શકો છો?

- રાજ્યસત્તા / અધિકાર (એફેસીઓને પત્ર ૧:૨૦-૨૧; ૬:૧૨; કલોસ્સીઓને પત્ર ૨:૧૫)
- અધિકાર (એફેસીઓને પત્ર ૧:૨૦-૨૧; ૩:૧૦; ૬:૧૨; કલોસ્સીઓને પત્ર ૨:૧૫; ૧ કરિંથીઓને પત્ર ૨:૧૬)
- પરાક્રમ / અધિપતિઓ / અધિકારીઓ (એફેસીઓને પત્ર ૧:૨૦-૨૧; ૩:૧૦)
- રાજ્યો કે અધિપતિઓ, અધિકારીઓ (કલોસ્સીઓને પત્ર ૧:૧૬)
- કહેવાતા દેવો (એફેસીઓને પત્ર ૧:૨૦-૨૧; ૧ કરિંથીઓને પત્ર ૮:૫)
- રાજ્યાસનો કે રાજ્યો (કલોસ્સીઓને પત્ર ૧:૧૬)

આ સઘળા શબ્દો *ભૌગોલિક શાસનને* દર્શાવે છે. આ જ શબ્દોનો ઉપયોગ નવા કરારમાં અને બીજા ગ્રીક સાહિત્યોમાં માનવીય રાજકીય શાસકો માટે પણ કરવામાં આવ્યો છે. પાઉલના શબ્દો અધિપત્ય અને અધિકાર વિશેના છે. તે આપણને જણાવે છે કે જૂનો કરાર કેવી રીતે આત્મિક જગતના માનવીય જગત સાથેના સંબંધને દર્શાવે છે : દેવે જે દેશોને અલગ કર્યા તે દેશો અલૌકિક આત્મિક વ્યક્તિઓના અધિકાર હેઠળ હતા અને તેઓ દેવના તથા દેવના લોકોના શત્રુઓ હતા.

## "હું સ્પેન જઈશ"

પાઉલના રોમના પ્રવાસ સાથે પ્રેરિતોના કૃત્યોના પુસ્તકનો અંત થાય છે. પાઉલ એક બંદીવાન હતો અને બે કારણોને લીધે તે રોમમાં જઈ રહ્યો હતો : કૈસર પાસે દાદ માગવા અને સુવાર્તા પ્રચાર કરવા. પરંતુ પાઉલ જાણતો હતો કે શત્રુ દેવોના અધિકાર હેઠળ જે દેશો છે તેના પર દાવો કરવા માટે તેણે તે સમયના જાણીતા જગતના અંત સુધી જવું પડશે. જૂના કરારના સમયમાં તે સ્થળ તાર્શીશ તરીકે ઓળખાતું હતું. પાઉલના સમયમાં તે સ્થળ સ્પેન તરીકે ઓળખાતું હતું. પાઉલે તેનું કાર્ય પૂરું કરવા માટે સ્પેન જવાનું હતું. તેને કેદમાં નાખવામાં આવ્યો તે પહેલાના તેણે રોમનોને કહ્યું હતું કે તેનો ઈરાદો સ્પેન જવાનો છે - એટલે કે ઈસુ માટે બધા દેશો પર દાવો કરવા માટે તેના સમયના જગતના પશ્ચિમ ક્ષેત્રના અંત ભાગમાં :

> માટે જ્યારે હું સ્પેન જઈશ ત્યારે હું તમારી પાસે આવીશ; કેમ કે મને આશા છે કે ત્યાં જતાં હું તમને મળીશ, અને પ્રથમ તમારા સહવાસથી કેટલેક દરજ્જે સંતોષ પામ્યા પછી ત્યાં જવાને તમારી પાસેથી વિદાયગીરી લઈશ...તેથી એ કામ પૂરું કરીને અને એ ફળ તેઓને ચોક્કસ પહોંચાડીને, હું તમને મળીને સ્પેન જઈશ. (રોમનોને પત્ર ૧૫:૨૪; ૨૮).

પોતાના જીવનકાળમાં દેવની યોજના પોતાના રાજ્યની પુનઃસ્થાપના કરવાની છે એ જ્ઞાનથી પાઉલને ઉત્તેજન મળ્યું હતું. તે માનતો હતો કે "જ્યારે વિદેશીઓની સંપૂર્ણતા માંહે આવશે" ત્યારે "તમામ ઇસ્રાએલ તારણ પામશે" (રોમનોને પત્ર ૧૧:૨૫-૨૬). તે માનતો હતો કે પચાસમાના દિવસે જેની શરૂઆત થઇ છે એ કાર્યને તેણે પૂરું કરવાનું છે.

## શા માટે તે મહત્વનું છે

પાઉલના જીવનમાં પાઉલની વિચારધારા અલૌકિક હતી. તેણે પોતાની જાતને દેવના હથિયાર તરીકે જોઇ હતી, અને તે દેવનું હથિયાર હતો. એમ જ બીજા અનામી નવા વિશ્વાસીઓ જેઓ અશુદ્ધ આત્માના અધિકારના વિસ્તારોમાં રહેતા હતા તેઓ પાઉલની પહેલા એ વિસ્તારોમાં ફેલાઇ ગયા હતા.

એમ જ આપણે પણ કરીએ છીએ.

જો *આપણે* પણ *પાઉલની જેમ* દેવના હથિયાર છીએ તો શા માટે તે વધારે પ્રભાવશાળી અને અસરકારક બન્યો હતો? એક જ તફાવત છે કે પાઉલ તેના જીવનના કાર્યને *સમજ્યો* હતો. તે માનતો હતો કે પૃથ્વી પર જે અધિકાર છે તે વાસ્તવિક છે - અને તેનામાં તથા તેની પાછળ કાર્ય કરનાર જે સામર્થ્ય છે એ શત્રુના સામર્થ્ય કરતાં મોટું છે.

શું તમે એ વાતો પર વિશ્વાસ કરો છો? બાઇબલ તેને અગ્રસ્થાને મૂકે છે. પાઉલે પણ એ વાતોને તેના જીવનમાં અગ્રસ્થાને રાખી હતી.

પાઉલ જાણતો નહોતો કે જગત ખરેખર કેટલું મોટું છે. તે ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, ચીન, ભારત, નોર્વે, ઑસ્ટ્રેલિયા, આઇસલેન્ડ અને બીજા દેશો વિશે જાણતો નહોતો. પરંતુ દેવ જાણતા હતા. દેવ જાણતા હતા કે આખા જગતમાં સુવાર્તા પ્રગટ કરવાનું કાર્ય પાઉલની સમજ કરતાં ઘણું મોટું છે. પ્રભુ જાણતા હતા કે જો પૃથ્વીના દરેક ભાગમાં સુવાર્તા પહોંચાડવી હોય તો લોકોએ પાઉલના ધ્યેયને અનુસરવો પડશે. જો આપણે આ કાર્ય પૂરું કરવા માટે કાર્યરત નથી તો પૃથ્વી પર આપણા હોવાનો જે હેતુ છે તેને પૂરો કરતા નથી. જો આપણે એવી ઇચ્છા રાખીએ છીએ કે દેવ આપણી જરૂરિયાતો પૂરી પાડવા માટે જ આપણી પાસે આવે તો આપણે ઈસુ, બાર શિષ્યો અને પાઉલ જેવા હોવાને બદલે બાબિલના બનાવ વખતે જે લોકો હતા એવા લોકો જેવાં છીએ.

આપણે શાસ્રભાગોના લાગુકરણમાં જોયું કે અશુદ્ધ આત્માઓના અધિકાર કે રાજ્યની વિચારધારા બાઇબલ આધારીત છે. આપણને અશુદ્ધ આત્માઓના વિસ્તારો કે, સિમાઓનું કે, અંધકારની આત્મિક શક્તિઓના ક્રમનું પૂરેપૂરું વર્ણન આપવામાં આવ્યું નથી. આપણને કહેવામાં આવ્યું છે કે, અદૃશ્ય અધિપતિઓ પૃથ્વીને તેમના અધિકારના ક્ષેત્ર તરીકે જુએ છે. આપણને કહેવામાં આવ્યું છે કે એ અધિકારીઓ દેવના રાજ્યનો વિરોધ કરે છે અને લોકો દેવના રાજ્યનો પ્રસાર કરવાની દેવની યોજનામાં સહભાગી થાય એવું ઇચ્છતા નથી. તેનો અર્થ એ છે કે આપણે જેને તર્ક કે સ્પષ્ટતા સાથે સમજાવી શકતા નથી અને જેના વિશે ખાતરીપૂર્વક કંઇ કહી શકતા નથી તથા પોતાની જાત પર આધાર રાખીને તેમને હરાવી શકતા નથી એવા વિરોધની અપેક્ષા રાખવી જોઇએ. દેવે પોતાના કાર્યને આગળ વધારવા માટે આપણને પોતાનો પવિત્ર આત્મા અને અદૃશ્ય મદદનીશો આપ્યા છે (૧ કરિંથીઓને પત્ર ૩:૧૬; ૬:૧૯; હિબ્રૂઓને પત્ર ૧:૧૩; ૧ યોહાન ૪:૪).

આપણી જાતને આ પ્રશ્ન પૂછવો જોઇએ : દરરોજ સવારે આપણે પાઉલની વૈશ્વિક વિચારધારા તથા વિશ્વ પર અલૌકિક પ્રભાવોની વિચારધારા સાથે સુસંગત થતી વિચારધારા સાથે ઊઠીએ તો આપણા જીવનો કેવા હશે? જો આપણે દરરોજ દેવના કુટુંબના સભ્ય તરીકેના જ્ઞાન અને આપણા ભાઇ-બહેનોને અંધકારમાંથી છોડાવવાના કાર્ય સાથે આપણા જીવનોને આયોજીત કરીએ તો શું

થશે? જો આપણે એવા ઇરાદા સાથે જીવન જીવીએ કે આપણે જે નિર્ણય લઇએ છીએ અને જે શબ્દો બોલીએ છીએ તે હેતુ વગરના નથી તો શું થશે? એમ કરવાને બદલે જો આપણે એવું માનીએ કે આપણી આસપાસ જે અદૃશ્ય બુદ્ધિશાળી વ્યક્તિઓ છે તેમને આપણે જોઇ શકીએ કે ન જોઇ શકીએ પરંતુ તેઓ આપણા નિર્ણયો, કાર્યો, અને શબ્દોનો બીજા લોકો પર સારો કે ખરાબ પ્રભાવ પાડવા માટે ઉપયોગ કરે છે તો શું થશે? જ્યાં સુધી આપણે ખરેખર કોણ છીએ, શું બની શકીએ છીએ અને શા માટે આ પૃથ્વી પર છીએ તે જાણીશું નહિ ત્યાં સુધી આપણી નોકરીઓ, આપણી આવક, આપણા તાલંતો અને આપણી પોતાની સમસ્યાઓનું કોઇ ચોક્કસ પરિણામ આવશે નહિ. આપણે અલૌકિક જગતને કે સુક્ષ્મ જગતને જોઇ શકતા નથી પરંતુ તે બંને ચોક્કસપણે આપણા જીવનને અસર કરે છે.

શરૂઆતના વિશ્વાસીઓએ એ વિચાર કર્યો હતો. તેઓ માનતા હતા કે તેમની આસપાસનું જગત અંધકારનું ગુલામ છે અને એક દિવસે તે દેવને આધિન થશે તે વિશે આપણે હવે પછીના પ્રકરણમાં જોઇશું. શત્રુ જગત અને તેના અધિપતિઓ સાથેનું તેમનું યુદ્ધ વાસ્તવિક હતું છતાં પણ તેમણે દેવ અને અદૃશ્ય મદદનીશોની સહાય દ્વારા જેને આપણે ખ્રિસ્તીત્વ તરીકે ઓળખીએ છીએ એ વૈશ્વિક બાબતને જન્માવી હતી. તેઓ માનતા હતા કે અલૌકિક મતભેદ વાસ્તવિક છે અને અંતે તેમાં તેઓ પરાજીત થશે નહિ. તેઓ પરાજીત થયા નહોતા તેનો આપણે જીવંત પૂરાવો છીએ.

# પ્રકરણ ૧૪
# આ જગતના નહિ

ગેથશેમાનેની વાડીમાં ઈસુએ તેની ધરપકડ પહેલાં કરેલી અને જાણીતી પ્રાર્થનામાં તેણે પોતાના શિષ્યોને કહ્યું હતું કે, “જેમ હું જગતનો નથી, તેમ તેઓ જગતના નથી” (યોહાન ૧૭:૧૬). વિશ્વાસીઓ ચોક્કસપણે આ *જગતમાં* હતા અને દેવે તેમને દરેક દેશોમાં સુવાર્તા પ્રગટ કરવાનું કાર્ય સોંપ્યું હતું (માથ્થી ૨૮:૧૯-૨૦) પરંતુ, તેઓ આ *જગતના* નહોતા. શરૂઆતના ખ્રિસ્તીઓને જગતમાં હોવા છતાં આ જગતના નહિ એ વિરોધાભાસ વિવિધ રીતે જણાવવામાં આવ્યો હતો.

## પવિત્રસ્થાન, પવિત્ર ભૂમિ અને દેવની હાજરી

આઠમાં પ્રકરણમાં આપણે પવિત્રસ્થાન વિશે વાત કરી હતી. જૂના કરારના ઇસ્રાએલીઓ માટે ઈશ્વર સર્વથી *અલગ* હતા. જે સ્થળે દેવની હાજરી હતી તે સ્થળ બીજા બધા સ્થળોથી અલગ હતું. ઈશ્વર સર્વત્ર છે, એટલે કે હરેક સમયે દરેક સ્થળે હાજર છે એ વાતનો હું નકાર કરતો નથી. પરંતુ દેવે પોતાના લોકોને મળવા માટે એક સ્થાનની પસંદગી કરી હતી. મુલાકાતમંડપ અને મંદિર બનાવવાનો એ હેતુ હતો. પવિત્ર સ્થળનો વિચાર ઇસ્રાએલીઓના ઘણા નિયમો અને વિધિઓ માટે તર્કસંગત હતો એટલું જ નહિ પરંતુ તે બ્રહ્માંડીય ભૂગોળના વિચારને - એટલે કે આ જગતના દેશોને કેવી રીતે નાના દેવો અને ઇસ્રાએલના સર્વોચ્ચ દેવ વચ્ચે વહેંચવામાં આવ્યા એ વિચારને પણ પ્રબળ કરતો હતો.

નવા કરારમાં પવિત્રસ્થાનનો વિચાર નાટયાત્મક રીતે લાવવામાં આવ્યો હતો. આપણે જે પ્રશ્ન પૂછવાની જરૂર છે તે એ છે કે, “અત્યારે ઈશ્વરની હાજરી ક્યાં છે?” ઈશ્વરની હાજરી સર્વત્ર છે, પરંતુ ખાસ કરીને તે *દરેક વિશ્વાસીમાં* રહે છે. તમે માનો કે ન માનો પરંતુ તમે પવિત્રસ્થાન છો. પાઉલે સ્પષ્ટપણે લખ્યું છે કે, “તમારું શરીર જીવતા દેવનું મંદિર છે” (૧ કરિંથીઓને પત્ર ૬:૧૯).

જ્યાં વિશ્વાસીઓ એક જૂથ તરીકે એકઠા મળે છે તે જૂથ માટે પણ આ વાત એટલી જ સાચી છે. કરિંથની મંડળીને લખતાં પાઉલે તેમને સામૂહિક રીતે કહ્યું કે, “તમે દેવનું મંદિર છો” (૧ કરિંથીઓને પત્ર ૩:૧૬). તેણે એફેસીઓની મંડળીના વિશ્વાસીઓને કહ્યું કે, તમે “દેવના કુટુંબના માણસો...પવિત્ર મંદિર છો. તેનામાં તમે પણ દેવના નિવાસને માટે આત્મામાં એકબીજાની સાથે જોડાઈને બંધાતા જાઓ છો” (એફેસીઓને પત્ર ૨:૧૯, ૨૧-૨૨).

તેની અસરો આશ્ચર્યજનક છે. આપણામાંના મોટા ભાગના ઈસુના એ વિધાનથી પરિચિત છીએ કે, “જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હોય ત્યાં તેઓની વચમાં હું છું” (માથ્થી ૧૮:૨૦). પરંતુ પવિત્રસ્થાન વિશેના જૂના કરારના વિચારના સંદર્ભમાં જોઈએ તો એ વિધાનનો અર્થ એ થાય છે કે જ્યાં વિશ્વાસીઓ એકઠા થાય છે ત્યાં જે સ્થળે તેઓ એકઠા થાય છે તે સ્થળ અંધકારના અધિકારીઓની મધ્યે પણ પવિત્ર બને છે.

જૂના કરારમાં યહોવાનું પસંદ કરેલું અંતિમ નિવાસસ્થાન તો ઇસ્રાએલ - યરૂશાલેમનું મંદિર હતું. ઇસ્રાએલ પવિત્ર ભૂમિ બન્યું હતું કેમ કે દેવની હાજરી ત્યાં રહેતી હતી. પરંતુ તેની આસપાસના દેશો અને તેમના શત્રુ દેવો દ્વારા એ પવિત્ર ભૂમિના લોકોને ડરાવવામાં આવતા હતા. એવી જ રીતે આજે વિશ્વાસીઓ પણ આત્મિક યુદ્ધમાં છે. હવે આપણે દેવનું મંદિર છીએ, જ્યાં દેવનો આત્મા રહે છે, આપણે દેવની હાજરીનું નિવાસસ્થાન છીએ અને આપણને વિશ્વભરમાં અંધકારના અધિકારીઓના બંધનના સ્થાનોમાં વિખેરી નાખવામાં આવ્યા છે.

## શેતાનને સોંપાયેલા

સ્થાનિક મંડળીને પવિત્ર રાખવાની પાઉલની વિચારધારા તેનું સારું ઉદાહરણ છે. દરેક વિશ્વાસી પવિત્રસ્થાન છે, તેથી પસ્તાવો કર્યા વગરના પાપને કોઇ સ્થાન નથી.

આઠમા પ્રકરણમાં આપણે જોયું કે ઇસ્રાએલની છાવણી તેની પવિત્રતાને જાળવી રાખવા માટે પાપની સાથે કેવો વ્યવહાર કરતી હતી. આપણે પ્રાયશ્ચિતના દિવસ વિશે વાત કરી હતી (લેવીય ૧૬), તે દિવસે આખા દેશના લોકોના પાપોને "અઝાઝેલને સારુ" નક્કી કરેલા બકરા પર મૂકવામાં આવતા હતા (લેવીય ૧૬:૮, ૧૦). અઝાઝેલ તો અરણ્યમાં નિવાસ કરનાર અશુદ્ધ વસ્તુ માનવામાં આવતી હતી. ઇસ્રાએલીઓ તે બકરા પર પાપો મૂકીને તેને અરણ્યમાં છોડી મૂકવા હતા. એ કાર્ય તો તેઓ જ્યાં જવાને લાયક છે - એટલે કે અરણ્યમાં, જે આત્મિક અંધકારનું સ્થાન છે તેનું ઉપમાદર્શક કાર્ય હતુ.

પાઉલ કરિંથીઓને પણ પાપની સાથે એવો જ વ્યવહાર કરવાનું કહે છે. ૧ કરિંથીઓને પત્ર ૫ માં પાઉલે કરિંથીઓને એક માણસ જાતિય અનૈતિકતાના પાપમાં જીવન જીવી રહ્યો હતો પરંતુ પસ્તાવો કરતો નહોતો તેના વિશે લખ્યું છે. તેણે તેમને આજ્ઞા કરી કે, "તેને શેતાનને સોંપી દો" (૧ કરિંથીઓને પત્ર ૫:૫). તેનો તર્ક સ્પષ્ટ હતો - એટલે કે પવિત્રસ્થાનમાં પાપનું કોઇ સ્થાન નથી. વિશ્વાસીઓએ પસ્તાવો ન કરનાર વિશ્વાસીને મંડળીમાંથી દૂર કરવો જોઇએ (૧ કરિંથીઓને પત્ર ૫:૯-૧૩). મંડળીમાંથી તેને દૂર કરવાનો અર્થ તો તેને શેતાનના રાજ્યમાં, એટલે કે ફરી પાછો જગતમાં મોકલવાનો હતો.

પાઉલે પસ્તાવો ન કરનાર માણસ માટે એવી આશા રાખી હતી કે, "તેના દેહનો નાશ થશે પરંતુ પ્રભુ ઈસુના દિવસમાં તેનો આત્મા તારણ પામશે" (૧ કરિંથીઓને પત્ર ૫:૫). (અહી મરણનો જે અર્થ છે તે શારીરિક મરણનો અર્થ નથી પરંતુ તે માણસને લલચાવનારી શારીરિક વાસનાઓના મરણનો અર્થ છે - ગલાતીઓને પત્ર ૫:૨૪; ૧ કરિંથીઓને પત્ર ૧૧:૩૨-૩૩).

## આત્મિક યુદ્ધ તરીકે બાપ્તિસ્મા

આ મુદ્દા વિશે પિતરનો વિચાર પણ પાઉલ જેવો જ હતો કે વિશ્વાસીઓ અંધકારના સામર્થ્યની વિરુદ્ધ હતા. યુદ્ધ વિશેનો તેનો વિચાર નવા કરારના વિચિત્ર લાગતા શાસ્ત્રભાગમાં જોવા મળે છે. ૧ પિતર ૩:૧૪-૨૨ કહે છે કે,

પણ જો તમે ન્યાયીપણાને સારુ સહન કરો છો, તો તમને ધન્ય છે; તેઓની ધમકીથી બીહો મા, અને ગભરાઓ પણ મા; પણ ખ્રિસ્તને તમારા પ્રભુ તરીકે તમારાં અંતઃકરણમાં પવિત્ર માનો; અને જે આશા તમે રાખો છો તેનો ખુલાસો જો કોઇ માગે તો તેને નમ્રતાથી તથા સત્યતાથી પ્રત્યુત્તર આપવાને સદા તૈયાર રહો; શુદ્ધ અંતઃકરણ રાખો કે, જેથી જે બાબત વિષે તમારું ભૂંડું બોલાય છે તે વિષે જેઓ ખ્રિસ્તમાંની તમારી સારી ચાલની નિંદા કરે છે તેઓ શરમાઇ જાય. કેમ કે જો દેવની ઇચ્છા એવી હોય, તો ભૂંડું કરવાને લીધે દુઃખ સહેવું એ કરતાં રૂડું કરવાને લીધે દુઃખ સહેવું વધારે સારું છે. કેમ કે ખ્રિસ્તે પણ એક વેળા પાપોને સારુ, એટલે ન્યાયીએ અન્યાયીઓને સારુ દુઃખ સહ્યું કે, જેથી તે આપણને દેવની પાસે પહોંચાડે; તેને દેહમાં મારી નાખવામાં આવ્યો; તે આત્મામાં પણ તેણે જઇને બંદીખાનામાં પડેલા આત્માઓને ઉપદેશ કર્યો; પ્રાચીન સમયમાં, એટલે નૂહના સમયમાં, જ્યારે વહાણ તૈયાર થતું હતું, અને દેવ સહન કરીને ધીરજ રાખતો હતો, અને જ્યારે વહાણમાં થોડાં, એટલે આઠ જણ પાણીથી બચી ગયાં, ત્યારે તેઓ અનાજ્ઞાંકિત હતા. એ દૃષ્ટાંત પ્રમાણે બાપ્તિસ્માનું પાણી, જે શરીરનો મેલ દૂર કરવાથી નહિ, પણ ઈશ્વર પ્રત્યે શુદ્ધ હૃદયની માગણીથી ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાન વડે હમણાં તમને પણ તારે છે. દૂતો, અધિકારીઓ તથા પરાક્રમીઓને પોતાને સ્વાધીન કર્યા પછી તે તો આકાશમાં ગયો છે, અને દેવની જમણી તરફ બેઠેલો છે.

મને ખાતરી છે કે આ શાસ્ત્રભાગમાં રહેલી વિચિત્રતાને તમે નોંધી હશે. વહાણ, નૂહ અને બંદીવાન આત્માઓને બાપ્તિસ્મા સાથે શો સંબંધ હોય? શું આ શાસ્ત્રભાગ આપણને એમ કહે છે કે બાપ્તિસ્માથી આપણું તારણ થાય છે?

પાઉલે રોમનોને પત્રના પાંચમા અધ્યાયમાં જે કર્યું એવું જ કાર્ય પિતર પણ કરી રહ્યો છે. પાઉલે એ શાસ્ત્રભાગમાં આદમને ધ્યાનમાં રાખીને ઈસુ વિશે વાત કરી હતી. ઈસુ કોઇક રીતે આદમના વિરોધાભાસમાં છે એવો વિચાર કરો. તેથી પાઉલ એમ કહે છે કે, "જેમ એક માણસના આજ્ઞાપાલનથી ઘણાં પાપી થયાં, તેમ જ એકના આજ્ઞાપાલનથી ઘણાં ન્યાયી ઠરશે" (રોમનોને પત્ર ૫:૧૯). જ્યારે પિતર તેના પત્રના ત્રીજા અધ્યાયમાં ઈસુ વિશે લખતી વખતે આદમને બદલે હનોખને ધ્યાનમાં રાખીને વાત કરે છે. પરંતુ પિતર માટે હનોખ અને ઈસુ એકબીજાના વિરોધી નહોતા. પિતર ઈસુ વિશે વાત કરતી વખતે તેની સમરૂપતાના ઉદાહરણ તરીકે હનોખનું ઉદાહરણ આપે છે.

તમે કદાચ એવો વિચાર કરો કે કયા મુદ્દા પર? જૂના કરારમાં હનોખ વિશે તો માત્ર થોડી જ કલમો જોવા મળે છે (ઉત્પત્તિ ૫:૧૮-૨૪). પરંતુ આપણે ત્યાં શીખીએ છીએ કે હનોખ જળપ્રલય થયા પહેલાં થઇ ગયો અને "હનોખ દેવની સંઘાતે ચાલ્યો; અને તે અલોપ થયો; કેમ કે દેવે તેને લઇ લીધો" (ઉત્પત્તિ ૫:૨૪). આ કલમોને પિતર તેના પત્રના ત્રીજા અધ્યાયમાં ઈસુ વિશે જે કહે છે તેની સાથે કોઇ સંબંધ લાગતો નથી.

પિતરને શા માટે ઈસુ વિશે વાત કરતી વખતે હનોખ યાદ આવ્યો હતો તે સમજવા માટે આપણે પિતરે જૂના કરાર સિવાયના બીજા યહૂદી પુસ્તકોમાં હનોખ વિશે વાંચ્યું હશે તે સમજવાની જરૂર છે. પિતર હનોખ વિશે ઘણી વાતો જણાવનાર પ્રાચીન યહૂદી પુસ્તકથી સારી રીતે પરિચિત હતો. તે પુસ્તકનું અનુમાનિત શિર્ષક "૧ હનોખ" હતું. એ પુસ્તકમાં જળપ્રલયના સમયે જે થયું તેની ઘણી બધી વિગતો જણાવવામાં આવી છે, ખાસ કરીને ઉત્પત્તિ ૬:૧-૪ નો પ્રસંગ જ્યાં દેવના દીકરાઓએ માણસની દીકરીઓ દ્વારા (હનોખ તેમને અવલોકન કરનારા અથવા જોનારા કહે છે) સંતાનો (નફિલિમ / મહાવીરો / રાક્ષસો) ઉપજાવ્યા તે વિશેની વાત લખવામાં આવી છે. જ્યારે પિતર અને યહૂદાએ નૂહના સમયમાં પાપ કરનારા દૂતો વિશે લખ્યું (૨ પિતરનો પત્ર ૨:૪-૫; યહૂદા ૬) ત્યારે તેમણે ૧ હનોખના પુસ્તકમાંથી આ વિચાર વિશે વાત કરી હતી જેનો સમાવેશ બાઇબલમાં જળપ્રલયના સમયની વાતમાં કરવામાં આવ્યો નથી. ઉદાહરણ તરીકે ઉત્પત્તિના પુસ્તકમાં જળપ્રલયનો જે પ્રસંગ છે તેમાં આપણને એમ કહેવામાં આવ્યું નથી કે દેવના દીકરાઓને ન્યાયકરણ થતાં સુધી અંધકારમાંના ખાડામાં એટલે કે મૂએલાના સ્થાનમાં સનાતન બંધનમાં રાખવામાં આવ્યા છે, પરંતુ ૧ હનોખ એ વાત જણાવે છે (૧ હનોખ ૬:૧-૪; ૭:૧-૬; ૧૦:૪; ૧૧-૧૩).

૧ હનોખના પુસ્તકમાં "બંદીવાન આત્માઓને" જે થયું તેનાથી પિતરને ઈસુ વિશેનું પ્રકટીકરણ પ્રાપ્ત થયું હતું. ૧ હનોખના પુસ્તકની વાતમાં હનોખને એક સ્વપ્ન આવ્યું હતું જેમાં આ બંદીવાન આત્માઓએ હનોખને તેમના માટે દેવને મધ્યસ્થી કરવાની વિનંતી કરી હતી. હનોખ દેવની સાથે ચાલતો હતો તેથી તેમને મુક્ત કરવા માટે દેવને મધ્યસ્થી કરનાર હનોખ સિવાય બીજો કોણ હોઇ શકે? હનોખે વિનંતી કરી હતી, પરંતુ તેને નકારાત્મક ઉત્તર મળ્યો હતો. દેવે તેને *ના* પાડી હતી. ત્યારબાદ હનોખે એ ઉત્તર તેમને આપવાનો હતો તેથી તે બંદીવાન આત્માઓ પાસે ઊંડાણમાં ગયો હતો. તેણે તેમને કહ્યું હતું કે તેઓ હજુ પણ દેવના ન્યાય હેઠળ છે.

પિતરે ઈસુ સાથે સમરૂપતા દર્શાવવા માટે આ વાતનો ઉપયોગ કર્યો હતો. પિતર જે વાત કહેવા માગતો હતો તે એ હતી કે જ્યારે ઈસુ મરણ પામ્યો ત્યારે તે મૂએલાના સ્થાનમાં, એટલે કે ઊંડાણમાં ગયો અને પતિત થયેલા આ દૈવી લોકોને એક સંદેશ આપ્યો. જ્યારે તેમણે ઈસુને મૂએલાના સ્થાનમાં જોયો ત્યારે તેઓ એવો વિચાર કરતા હતા કે તેમના સાથી અશુદ્ધ આત્માઓ જીતી ગયા છે અને તેઓ પણ જલદી એ બંદીખાનામાંથી બહાર નીકળશે. પરંતુ ઈસુએ તેમને કહ્યું કે, તેઓ લાંબા સમય સુધી તેમને જોઇ

શકશે નહિ - ઈસુ ફરી પાછો ઊઠશે. એ સઘળી દેવની યોજના હતી. તેઓ વિજય પામ્યા નહોતા - *હજુ પણ તેઓ ન્યાયના બંધનમાં અને સદાકાળના સનાતન અંધકારમાં જ છે.* તેથી આ વિચિત્ર શાસ્ત્રભાગનો અંત એ રીતે થાય છે કે "દૂતો, અધિકારીઓ તથા પરાક્રમીઓને પોતાને સ્વાધીન કર્યા પછી તે (ઈસુ) તો આકાશમાં ગયો છે, અને દેવની જમણી તરફ બેઠેલો છે" (૧ પિતરનો પત્ર ૩:૨૨).

શા માટે પિતર આ સઘળી વાતને બાપ્તિસ્મા સાથે જોડે છે? પિતરના મનમાં ઈસુનું મરણ અને પુનરુત્થાન અશુદ્ધ શક્તિઓને બાપ્તિસ્માના ચિહ્ન દ્વારા તેમના પર પોતાના વિજયની જાહેરાત કરવા દ્વારા સંપૂર્ણ થયું હતું. બાપ્તિસ્મા ઈસુના મરણ, દફન અને પુનરુત્થાનને દર્શાવે છે (રોમનોને પત્ર ૬:૧-૧૧).

પિતરના મત મુજબ "બાપ્તિસ્મા" આ સઘળી વાત જણાવે છે કેમ કે તે "ઈશ્વર પ્રત્યે શુદ્ધ હૃદયની માગણીથી ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનની" અપીલ છે (૧ પિતરનો પત્ર ૩:૨૧). "અપીલ" માટેનો ગ્રીક શબ્દ તો પ્રતિજ્ઞા છે. "શુદ્ધ હૃદય / સભાનતા" વિશેનો ગ્રીક શબ્દ તો સાચું અને ખોટું કહેવાની યોગ્યતાને દર્શાવે છે. પરંતુ અહીં એ વાત નથી. સાચા અને ખોટા વચ્ચેનો તફાવત જાણવાની વાતને ઈસુના મરણ, દફન અને પુનરુત્થાન સાથે ચોક્કસ સંબંધ નથી. ગ્રીક શબ્દ મૂખર્તાભરેલું નહિ પરંતુ સારું સમર્પણ કરવાની વાતને પણ દર્શાવે છે. એ જ વાત પિતર તેના પહેલા પત્રના ત્રીજા અધ્યાયમાં કરે છે. ટૂંકમાં *બાપ્તિસ્મા તો આત્મિક યુદ્ધમાં તમે કોની તરફ છો તે દર્શાવતું વફાદારીનું વચન અને અશુદ્ધ આત્માઓને (અને દરેક લોકોને) આપવામાં આવતો સંદેશ છે.* આજે આપણે જે સમજીએ છીએ તેના કરતાં પ્રાચીન ખ્રિસ્તીઓ આ વાતને સારી પેઠે સમજ્યા હતા. શરૂઆતની મંડળીમાં આ શાસ્ત્રભાગને લીધે બાપ્તિસ્માની વિધિમાં શેતાન અને તેના દૂતોના ત્યાગનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## શા માટે તે મહત્વનું છે

પહેલાં તો એ વાતને સમજો કે વિશ્વાસીઓ પવિત્રસ્થાન અને દેવની હાજરીનું સ્થાન છે - જૂના કરારનો મહિમા છે. શું આપણે એવું જીવન જીવીએ છીએ? ઇસ્રાએલીઓ અને ઈસુના સમયના વિશ્વાસીઓને અવિશ્વાસીઓ કરતાં અલગ હોવાની જરૂરિયાતનો અનુભવ થયો હતો. તેનો હેતુ અવિશ્વાસીઓ આપણી સાથે સંપર્ક કરવાનું ટાળે એવું વિચિત્ર વર્તન કરવાનો નહોતો. ઇસ્રાએલે "યાજકોનું રાજ્ય" અને "પવિત્ર દેશજાતિ" (નિર્ગમન ૧૯:૬) બનવાનું હતું. પ્રભુની ઈચ્છા પ્રમાણેનું જીવન આપણને ફળદાયી, ઉત્પાદક અને આનંદમય જીવન તરફ દોરે છે. ઇસ્રાએલીઓએ શત્રુ દેવોના ગુલામ બનેલા લોકોને સાચા દેવ તરફ આકર્ષિત કરવાના હતા.

જો આપણી વૈશ્વિક વિચારધારા દરેક દેશના લોકોને બચાવવાની દેવની યોજના સાથે સુસંગત બને છે અને આપણે લોકોને દેવના કુટુંબના સભ્યો બનાવીએ છીએ તો આપણે આ જગતના નથી. આ જગતના બનવાનો અર્થ તો આ જગતની ચિંતાઓ સાથે એક થવાનો અને તે મુજબ જીવન જીવવાનો છે. અવિશ્વાસીઓ આપણી વાણી, વર્તન, વ્યવહાર અને બીજા લોકો પ્રત્યેના આપણા વલણને જોઇને એમ કહેવા જોઇએ કે આપણે ભાવશૂન્ય, સ્વાર્થી કે કઠોર નથી અને આપણો ધ્યેય લોકોથી આગળ વધી જવાનો કે લોકોનો ઉપયોગ કરી લેવાનો નથી. આપણે આપણી જાતને ખુશ કરવા કે સંતોષ આપવા માટે જીવન જીવવું જોઇએ નહિ. આપણે તેનાથી વિપરીત જીવન જીવવું જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો આપણે ઈસુ જેવું જીવન જીવ્યો એવું જીવન જીવવું જોઇએ. લોકોને તેની પાસે રહેવાનું ગમતું હતું કેમ કે તે બીજા લોકો જેવો નહોતો.

બીજી વાત એ છે કે, આપણે આપણી મંડળીઓમાં જે કાર્ય કરીએ છીએ તે દેવને અને ઈસુને માન આપનારું હોવું જોઇએ. બાઇબલના સમયમાં મુલાકાતમંડપ કે મંદિરની મુલાકાત દેવની સંપૂર્ણતા અને પ્રભુના બાળકો માટેના પ્રભુના પ્રેમના વિચારને પ્રબળ કરતી હતી. એ કાર્યો એકસાથે થતા હતા. દેવને કશાની જરૂર નથી અને તે સર્વોચ્ચ છે તો શા માટે તેને માનવીય કુટુંબની જરૂર છે?

શા માટે બાબિલ આગળ દેશોને બીજા દેવોને ઠરાવી આપ્યા પછી દેવે નવા માનવીય કુટુંબની રચના કરી? શા માટે દેવ બધું મૂકીને જતા રહ્યા નહિ? કેમ કે તે આપણને પ્રેમ કરે છે.

આપણે જાણીએ છીએ કે ઈશ્વર બીજું કોઇ કાર્ય કરી શક્યા હોત પરંતુ તેના પ્રેમનો અર્થ સમજી શકાય તે માટે દેવે એમ કર્યું નહિ. જ્યારે મંડળી દેવના ચરિત્રના બીજા ગુણોની વિરુદ્ધ ફક્ત દેવના પ્રેમ વિશે જ વાત કર્યા કરે છે ત્યારે વિશ્વાસીઓ દેવના પ્રેમની કિંમતને ઓછી આંકે છે. જે લોકો દેવની પવિત્રતાથી અજાણ છે તેમને કદાચ તે સસ્તું લાગે છે.

આ પ્રકરણમાં આપણે જે ચર્ચા કરી તેનો ચોથો સૂચિતાર્થ એ છે કે અંધકારના અધિકારીઓ આપણા વર્તન દ્વારા આપણે કોની તરફ છીએ તે જાણે છે. તેઓ મૂર્ખ નથી. તેઓ ઈશ્વર પ્રત્યેની આપણી વફાદારીને તથા બાપ્તિસ્મા અને પાપનો પ્રતિકાર કરવાનો નિર્ણય લેતાં જુએ છે. જ્યારે આપણે પ્રભુને વફાદાર રહેતા નથી ત્યારે પણ તેઓ આપણને જુએ છે અને આપણા જીવનમાં જેને સરળતાથી ભેદી શકાય છે એવી બાબતને સમજે છે. આપણે માનીએ કે નહિ પરંતુ આત્મિક યુદ્ધની *બંને તરફથી* આપણા પર નજર રાખવામાં આવી રહી છે.

આ સત્યોને જીવવા કરતા સમજવા સરળ છે. આપણો ઉદ્ધાર થયો હોવા છતાં પણ આપણે પતિત છીએ. આ સત્યો પ્રમાણે જીવન જીવવા માટે આપણે આપણા મનો અને હૃદયોને આ જગતમાં પરદેશી તરીકે જીવન જીવવા માટે તૈયાર કરવાની જરૂર છે. ઈસુની જેમ આપણે આ જગતમાં હોવા છતાં પણ આ જગતના નથી (યોહાન ૮:૨૩; ૧ યોહાન ૪:૪). દેવના બાળકો હોવાનો અર્થ આપણે જાણીશું તો એ તફાવત અને આપણું સ્તર વધારે ધારદાર બનશે.

## પ્રકરણ ૧૫
# ઈશ્વરી સ્વભાવના ભાગીદાર

*તમે જાણો છો તમે કોણ છો?*

મેં અગાઉ આ પ્રશ્ન પૂછયો છે, પરંતુ આ સમય ફરીથી એ જ પ્રશ્ન પૂછવાનો સમય છે. હા, આપણે જગતમાં છીએ, પરંતુ આ જગતના નથી. એ સાચું છે કે ઈસુએ વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવા દ્વારા કૃપાથી આપણું તારણ થયું છે (એફેસીઓને પત્ર ૨:૮-૯). પરંતુ દેવે જે કાર્ય કર્યું તેને સમજવાની આ ફક્ત શરૂઆત જ છે.

એદનવાડીમાં દેવનો મૂળ ઇરાદો તો પોતાના માનવીય કુટુંબને પોતાના દૈવી કુટુંબ સાથે એટલે કે સૃષ્ટિના સર્જન પહેલાં જે દેવના દીકરાઓ હતા તેમની સાથે સાથે જોડવાનો હતો (અયૂબ ૩૮:૭-૮). પતન થયું ત્યારે દેવે એ યોજનાને પડતી મૂકી નહોતી. ખ્રિસ્તીઓ (વિશ્વાસીઓ) તમને દેવના *એલોહિમ* બાળકોની જેમ દૈવી બનાવવામાં આવશે, તમને ઈસુ જેવા બનાવવામાં આવશે (૧ યોહાન ૩:૧-૩).

ઈશ્વરવિદ્યાના શાસ્રીઓ આ વિચારના ઘણા શિર્ષકો આપે છે. સૌથી સામાન્ય શિર્ષક છે *મહિમાવંત*. પિતર તેને "ઈશ્વરી સ્વભાવના ભાગીદાર" કહે છે (૨ પિતરનો પત્ર ૧:૪). યોહાન એમ કહે છે કે, "જુઓ, પિતાએ આપણા પર કેટલો પ્રેમ રાખ્યો છે કે આપણે દેવનાં છોકરાં કહેવાઇએ; અને *ખરેખર આપણે તેનાં છોકરાં છીએ"* (૧ યોહાન ૩:૧). આપણે આ પ્રકરણમાં જોઇશું કે બાઇબલ આ સંદેશને કેવી રીતે વ્યક્ત કરે છે.

## દેવના છોકરાં, ઇબ્રાહિમનું સંતાન

બાબિલના સમયે દેવે બીજા દેશોને નાના દેવોને ઠરાવી આપ્યા ત્યારે પોતાના નવા માનવીય કુટુંબ દ્વારા શરૂઆત કરવાની દેવની ઈચ્છા હતી. બાબિલના બનાવ પછી (ઇબ્રાહિમ ૧૧:૧-૯) તરત દેવે ઇબ્રાહિમને તેડયો (ઉત્પત્તિ ૧૨:૧-૮). ઇબ્રાહિમ અને તેની પત્ની સારા દ્વારા દેવ એદનની પોતાની યોજનાને આગળ વધારવાના હતા.

દેવનાં લોકો, ઇબ્રાહિમના સંતાનો એટલે કે ઇસ્રાએલીઓ આ પૃથ્વી પર દેવનું સારું રાજ્ય પુનઃસ્થાપિત કરવામાં નિષ્ફળ નીવડયા હતા. પરંતુ તે સંતાનોમાંનું એક સંતાન સફળ થવાનું હતું. દેવ ઈસુના રૂપમાં માણસ અને દાઉદ, ઇબ્રાહિમ અને આદમની વંશાવળીનું સંતાન બનવાનો હતો. દેવે બાબિલના સમયે જે દેશોને શિક્ષા કરી હતી અને અલગ કર્યા હતા તેમને આશીર્વાદિત કરવાનું દેવનું વચન ઈસુ દ્વારા પૂરું થવાનું હતું. પાઉલે ઘણા શાસ્રભાગોમાં એ વાત લખી છે. અહીં બે શાસ્રભાગો પ્રસ્તુત છે :

> "અને પ્રકટીકરણથી તેણે મને મર્મ જણાવ્યો તે વિષે, તમે કદાચ સાંભળ્યું છે; તે વિષે મેં અગાઉ ટૂંકમાં લખ્યું; તે વાંચીને તમે ખ્રિસ્તના મર્મ વિષેની મારી માહિતી જાણી શકશો. તે જેમ હમણાં તેના પવિત્ર પ્રેરિતોને તથા પ્રબોધકોને આત્માથી પ્રગટ થયેલો છે, તેમ આગલા જમાનાઓમાં માણસોના જાણવામાં આવ્યો નહોતો, એટલે કે વિદેશીઓ, ખ્રિસ્ત ઈસુમાં સુવાર્તાદ્વારા, અમારી સાથે વતનમાં ભાગીદાર, તેના શરીરના અવયવો, તથા તેના વચનના સહભાગી છે." (એફેસીઓને પત્ર ૩:૩-૬)

"કેમ કે તમે બધા ખ્રિસ્ત પરના વિશ્વાસથી દેવના દીકરા છો. કેમ કે તમારામાંના જેટલા ખ્રિસ્તમાં બાપ્તિસ્મા પામ્યા તેટલાએ ખ્રિસ્તને પહેરી લીધો. માટે હવે યહૂદી કે ગ્રીક કોઇ નથી, દાસ કે સ્વતંત્ર કોઇ નથી, પુરુષ કે સ્ત્રી કોઇ નથી; કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો. અને જો તમે ખ્રિસ્તનાં છો, તો તમો ઈબ્રાહિમનાં સંતાન, અને વચન પ્રમાણે વારસ પણ છો." (ગલાતીઓને પત્ર ૩:૨૬-૨૯)

મેં અગાઉના પ્રકરણોમાં સમજાવ્યું તેમ : જૂના કરારમાં આપણે જોઇએ છીએ કે જે લોકો ઈસ્રાએલીઓ નહોતા તેઓ બાબિલના સમયે જે નાના દેવોને બીજા દેશો ઠરાવી આપવામાં આવ્યા હતા તેઓના અધિકાર હેઠળના વિસ્તારોમાં રહેતા હતા. બાબિલના સમયે ઈસ્રાએલ સિવાયના દેશોને સાચા દેવ સાથેના સંબંધથી અલગ કરવામાં આવ્યા હતા. ઈસ્રાએલ અને ફક્ત ઈસ્રાએલ જ દેવના "વારસાનો ભાગ" હતું (પુનર્નિયમ ૩૨:૯). ઈસ્રાએલીઓ અલગ કરાયેલા બીજા દેશોને ઘણા અલગ અલગ નામોથી ઓળખતા હતા. તેમના નામો ભૌગોલિક કે વંશીય નામો હતા (ઉદાહરણ તરીકે, મિસરીઓ, મોઆબીઓ, અમાલેકીઓ વગેરે) પરંતુ નવા કરારમાં તેમને વિદેશીઓ તરીકે ઓળખવામાં આવે છે, એ શિર્ષક કે નામ "દેશો" માટેના લેટિન શબ્દ (જેન્સ) પરથી ઉતરી આવેલો શબ્દ છે. જો તમે યહૂદી નથી તો તમે વિદેશી છો.

નવા કરારની વાતમાં ઈબ્રાહિમનું સંતાન - એટલે કે ઈસુ - ફક્ત ઈબ્રાહિમના સંતાનોને (ઈસ્રાએલીઓ / યહૂદીઓ) જ નહિ પરંતુ સાચા દેવ સાથેના સંબંધથી અલગ કરાયેલા બીજા દેશોમાં રહેતા દરેક લોકોના ઉધ્ધારને માટે મરણ પામ્યો અને સજીવન થયો છે. ઉપર જણાવવામાં આવેલ વચનોમાં પાઉલે કહ્યું છે કે, દેવના કુટુંબમાં વિદેશીઓનો સમાવેશ એક મર્મ છે. હવે દેવે જે દેશોને અલગ કર્યા હતા અને તે દેશો બીજા દેવોના નિયંત્રણમાં હતા તેમને પણ ઈબ્રાહિમને આપવામાં આવેલા વચનોનો વારસો પ્રાપ્ત થાય એ વાત પાઉલ માટે આશ્ચર્યજનક વાત હતી.

જેઓ સુવાર્તા સ્વીકારે છે તેઓ ખ્રિસ્તમાં યહોવા, સાચા ઈશ્વર, ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબના દેવના છોકરાં છે (યોહાન ૧:૧૨; ગલાતીઓને પત્ર ૩:૨૬; રોમનોને પત્ર ૮:૧૪). તેથી નવા કરારમાં વિશ્વાસીઓ કૌટુંબિક સંબંધને લગતા શબ્દો જેમ કે, છોકરાં, સંતાનો, વારસ અને દેવે "દત્તક" લીધા છે (રોમનોને પત્ર ૮:૧૫, ૨૩; એફેસીઓને પત્ર ૧:૫; ગલાતીઓને પત્ર ૪:૪) એવા શબ્દોનો પ્રયોગ કરે છે. વારસો શબ્દ સ્પષ્ટ અને ઇરાદાપૂર્વક રીતે વપરાયેલ શબ્દ છે. તે આપણને કહે છે કે આપણે કોણ છીએ : એટલે કે દેવના નવા ઈશ્વરી - માનવીય કુટુંબના સભ્યો છીએ. વિશ્વાસીનું ભાવિ આદમ અને હવા મૂળ રીતે જેવા હતા એવું બને છે : એટલે કે અવિનાશી, દેવના મહિમાવાન સ્વરૂપ અને પ્રતિમામાં, દેવની હાજરીમાં રહેનાર લોકો.

જો કે આપણે કોણ છીએ તે હજુ સુધી પૂર્ણ રીતે પ્રગટ થયું નથી. ઈસુ આપણને કેવી રીતે જુએ છે તે સૌથી વધારે આશ્ચર્યજનક ભાગ છે.

## પરિવારનું પુનર્મિલન

હિબ્રૂઓને પત્રના પ્રથમ બે અધ્યાય આપણને દેવના કુટુંબનું - એટલે કે ઈશ્વરી અને માનવીય કુટુંબનું - નાટયાત્મક ચિત્ર બતાવે છે. મારા માટે બાઇબલના આ શાસ્ત્રભાગો સૌથી વધારે હચમચાવનાર શાસ્ત્રભાગો છે.

હિબ્રૂઓને પત્રનો પ્રથમ અધ્યાય આપણને જણાવે છે કે ઈસુ "દૂતો કરતાં ચઢિયાતો" છે (કલમ ૪). દેવની દૈવી સભામાં ઈસુ કરતાં મોટું બીજું કોઇ નથી. કેમ કે તે દેવ છે. લેખક એ વાતને પણ સ્પષ્ટ કરે છે કે કોઈપણ દૂત માણસ બનવા અને રાજ્યનો વારસો લેવા માટે લાયક નહોતો તેથી દૂતો ઈસુનું ભજન કરે છે (કલમો ૫-૬). ઈસુ રાજા છે.

એ વાત નોંધપાત્ર છે કે ઈસુ જ્યારે માણસ બન્યો ત્યારે થોડા સમય માટે તે દૂતો કરતાં ઉતરતો હતો, કેમ કે તે આપણા જેવો બન્યો હતો.મનુષ્યો દૂતો જેવાં દૈવી વ્યક્તિઓ કરતાં ઊતરતા છે. હિબ્રૂઓને પત્રનો લેખક પ્રશ્ન પૂછે છે કે :

> માણસ તે કોણ છે કે, તું તેનું સ્મરણ કરે છે? અથવા મનુષ્યપુત્ર કોણ કે, તું તેની મુલાકાત લે છે? તેં તેને દૂતો કરતાં થોડી વાર સુધી ઊતરતો કર્યો છે; તેં તેના પર ગૌરવ તથા માનનો મુગટ મૂક્યો છે, અને તારા હાથનાં કામ પર તેને અધિકાર આપ્યો છે. તેં તેના પગ તળે સઘળું મૂક્યું છે...પણ ઈસુ, જેને દેવની કૃપાથી સર્વ માણસોને સારુ મરણ પામવાને અર્થે દૂતો કરતાં થોડી વાર સુધી ઊતરતો કરવામાં આવ્યો, અને પછી મરણ સહેવાને લીધે જેના પર ગૌરવ તથા માનનો મુગટ મૂકવામાં આવ્યો તેને જોઇએ છીએ. (હિબ્રૂઓને પત્ર ૨:૬-૯)

ઈસુએ જે કામ કર્યું તેનું પરિણામ શું છે? આપણે તેને *તારણ* કહીએ છીએ. એ સાચું હોઇ શકે છે ખરું પરંતુ હિબ્રૂઓને પત્રનો લેખક આપણને જે વાત જણાવવા માગે છે એ વાત તેમાંથી છૂટી જાય છે. પોતાના મરણાધીન અનુયાયીઓ ઈશ્વરી બને અને એક જ કુટુંબના સભ્યો બને તે માટે દેવ પોતે ઈસુ ખ્રિસ્તના રૂપમાં માણસ બન્યો હતો.

એક દિવસે, તે દિવસ કદાચ આપણા મરણનો હોય કે ઈસુ આ પૃથ્વી પર પોતાના રાજ્યને સ્થાપિત કરવા માટે ફરી પાછો આવે ત્યારે નવી એદનમાં ઈસુ પોતાની દૈવી સભાના બાકીના સભ્યોનો આપણને અને આપણો તેમને પરિચય કરાવશે. આપણે તેના જેવા બનીએ તે માટે તે આપણા જેવો બન્યો :

"કેમ કે જેને અર્થે સઘળાં છે તથા જેનાથી સઘળાં ઉત્પન્ન થયાં છે, તેને એ ઘટિત હતું કે, તે ઘણા દીકરાઓને ગૌરવમાં લાવતાં તેઓના તારણના અધિકારીને દુઃખદ્વારા પરિપૂર્ણ કરે. કેમ કે જે પવિત્ર કરે છે, ને જેઓને પવિત્ર કરવામાં આવે છે તેઓ સર્વ એકથી જ છે; એ માટે તે તેઓને ભાઇઓ કહેવાને શરમાતો નથી; તે કહે છે કે,

> "હું તારું નામ મારા ભાઇઓને પ્રગટ કરીશ,
> મંડળીમાં સ્તોત્રો ગાઇને હું તારી સ્તુતિ કરીશ...
> "જુઓ, હું તથા જે છોકરાં દેવે મને આપ્યાં છે તેઓ."
>
> હિબ્રૂઓને પત્ર ૨:૧૦-૧૩

માણસ બનવાને લીધે દેવની સભાના *એલોહિમની* આગળ તેમના કરતાં ઊતરતો થવાને લીધે શરમિંદા થવાને બદલે ઈસુ તેનો આનંદ માણે છે. એ સઘળું તો દેવની મોટી વ્યૂહરચનાનો ભાગ હતો. સભામાં ઊભા રહીને ઈસુ આપણને પ્રસ્તુત કરતાં કહે છે કે, *જુઓ, મારી સામે જુઓ, અને દેવે જે સંતાનો મને આપ્યાં છે તેમને જુઓ. હવે અમે સદાકાળ માટે સાથે છીએ.* શરૂઆતથી દેવની આ યોજના હતી.

દેવના દૈવી અને મહિમાવંત કુટુંબમાં પ્રવેશ કરવો આપણું ભાવી છે. પાઉલ રોમનોને પત્ર ૮:૧૮-૨૩માં સુંદર રીતે તેનું વર્ણન કરતાં કહે છે :

> કેમ કે હું માનું છું કે, જે મહિમા આપણને પ્રગટ થનાર છે તેની સાથે આ વખતનાં દુઃખો સરખાવવા જોગ નથી. કેમ કે સૃષ્ટિની ઉત્કંઠા દેવનાં છોકરાંના પ્રગટ થવાની વાટ જોયાં કરે છે...વળી તે એકલી જ નહિ, પણ આપણે પોતે જેઓને

આત્માનું પ્રથમફળ મળ્યું છે, તે જોઇને પણ દત્તકપુત્રપણાની, એટલે આપણા શરીરના ઉદ્ધારની, વાટ જોતાં આપણે પોતાના મનમાં નિસાસા નાખીએ છીએ.

પાઉલે વિશ્વાસીઓને એ જ સંદેશો આપીને ઉત્તેજન આપ્યું હતું. તેણે રોમના વિશ્વાસીઓને કહ્યું હતું કે, "કેમ કે જેઓને તે અગાઉથી જાણતો હતો, તેઓને વિષે તેણે અગાઉથી ઠરાવ્યું પણ હતું કે, તેઓ તેના દીકરાની પ્રતિમા જેવા થાય, જેથી તે ઘણા ભાઇઓમાં જ્યેઠ થાય" (રોમનોને પત્ર ૮:૨૯). તેણે કરિંથની મંડળીને કહ્યું હતું કે, "પણ આપણે સર્વ ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કરતાં તે જ રૂપમાં રૂપાંતર પામીએ છીએ" (૨ કરિંથીઓને પત્ર ૩:૧૮), અને આપણા મનુષ્યત્વનું રૂપાંતર થશે, "કેમ કે આ વિનાશીને અવિનાશીપણું ધારણ કરવું પડશે, અને આ મર્ત્યને અમરપણું ધારણ કરવું પડશે" (૨ કરિંથીઓને પત્ર ૧૫:૫૩). પિતર માટે દેવની કૌટુંબિક સભામાં જોડાવાનો અર્થ છે, "તેના ઈશ્વરી સ્વભાવના ભાગીદાર થવું" (૨ પિતરનો પત્ર ૧:૪). યોહાને ખૂબ સામાન્ય રીતે કહ્યું છે કે, "આપણે તેના જેવા થઇશું" (૧ યોહાન ૩:૨).

## શા માટે તે મહત્વનું છે

ખ્રિસ્તીઓ તરીકે કદાચ આપણે ઘણીવાર સાંભળ્યું હશે કે આપણે ઈસુ જેવા થવાની જરૂર છે. આપણે ખરેખર તેના જેવા થવાનું છે. પરંતુ જ્યારે આપણે એ વાત સાંભળીએ છીએ ત્યારે આપણે એ વાતને *ફક્ત* સારા બનવાની કે "ઓછા ખરાબ" થવાની પ્રક્રિયા તરીકે જોઇએ છીએ. આપણે આ અકલ્પ્ય લાગતા વિચારને એમ કહીને કામની જવાબદારીમાં બદલી નાખીએ છીએ કે એક દિવસે આપણે ઈસુ જેવાં થઇશું.

આપણે કેટલાં ઈસુ જેવા નથી એ વિચારે દોષની લાગણી અનુભવવાને બદલે અને આપણા હૃદયમાં "સારું કરવાની" પ્રતિજ્ઞા લેવાને બદલે ઈસુએ જે કાર્ય કર્યું છે અને કરશે તેના આશીર્વાદોને ઈસુ જેવા હોવાના વિચારમાં પરિવર્તિત થવા દઇએ. ખ્રિસ્ત જેવા હોવાના આપણા સ્વરૂપને આપણે એવા કાર્યમાં રૂપાંતરિત કરી શકીએ કે જો આપણે સારું નહિ કરીએ તો ઈશ્વર આપણા પર ક્રોધિત થશે, પરંતુ એ ખોટી ઈશ્વરવિદ્યા છે. એ તો કૃપાને ફરજમાં બદલે છે. આપણે પ્રભુનો આભાર માની શકીએ કે એક દિવસે ઈશ્વર આપણને જેવાં બનાવવા ઇચ્છે છે અને જેના માટે આપણને અગાઉથી ઠરાવ્યા છે (રોમનોને પત્ર ૮:૨૯) એવા બનાવશે અને એવું જીવન જીવીએ જેથી અંધકારના અધિકાર હેઠળના લોકો પણ આપણી સાથે દેવના કુટુંબના સભ્યો બનવાની ઇચ્છા રાખે. એક દ્રષ્ટિકોણ આંતરિક બાબતો પર અને બીજો દ્રષ્ટિકોણ સ્વર્ગીય બાબતો પર આધારીત છે.

હવે ખ્રિસ્તી જીવન આપણે અંધકારના ગુલામ હોવા છતાં પણ આપણને પ્રેમ કરનાર પ્રભુને ખુશ રાખવામાં નિષ્ફળ જવાની બીકથી ભરેલું જીવન નથી. ખ્રિસ્તી જીવન તો બે વિચારોને પ્રાપ્ત કરનારું જીવન છે : દેવના કુટુંબમાં આપણને *દત્તકપુત્ર તરીકે સ્વીકારવામાં આવ્યા છે* - તેનો અર્થ એ છે કે ઈસુ આપણો ભાઇ છે અને દેવ બાપ જેવો ઈસુ પર પ્રેમ કરે છે એવો જ પ્રેમ આપણા પર પણ કરે છે અને દેવની યોજનામાં આપણો હેતુ આ પૃથ્વી પરના રાજ્યને પુનઃસ્થાપિત કરવાનો છે. આપણે *દેવની નવી દૈવી સભાના* સભ્યો છીએ અને રહીશું. તે આપણો પિતા છે. આપણે તેનાં બાળકો છીએ અને તે જ્યાં રહે છે ત્યાં સદાકાળ રહેવા માટે ઠરાવેલા છીએ. આપણે દેવના સાથી કાર્યકરો છીએ, અને જેઓ મૂએલાના દેવના તથા અંધકારના અદૃશ્ય અધિકારીઓના બંધનમાં છે તેમને છોડાવવાનું કાર્ય કરીએ છીએ.

બાઇબલનો વિષય એ જ છે, એદનથી એદન. એ તમારું ભાવી છે. હવે તમારું જીવન દેવના કુટુંબમાં તમારું સ્થાન કમાવા માટે નથી. એ કમાઇ શકાય નહિ. એ તો દેવનું દાન છે. હવે તમારું જીવન તમને દત્તક લેવામાં આવ્યા છે તેની પ્રશંસા કરનારું અને તેનો આનંદ માણનારું તથા બીજાઓને પણ એ આનંદ વહેંચનારું હોવું જોઇએ.

## પ્રકરણ ૧૬
# દૂતો પર શાસન કરવું

ખ્રિસ્તીઓ તરીકે આપણે કોણ છીએ તે સમજવું આપણા વિશ્વાસ માટે અતિ મહત્વનું છે. આપણે દેવના દીકરા-દીકરીઓ છીએ, અને આપણા પિતાના રાજ્યમાં સહભાગી થનાર નવી ઈશ્વરી સભાના સભ્યો છીએ. પરંતુ તેના કરતાં પણ વધારે કંઇ છે. હા, આપણે દેવના કુટુંબની સભા છીએ - પણ ક્યાં સુધી?

આપણને દેવના રાજ્યમાં લાવવામાં આવ્યા છે (કલોસ્સીઓને પત્ર ૧:૧૩) પરંતુ હજુ સુધી આપણે એ રાજ્યને સંપૂર્ણપણે જોયું નથી - આપણે આ જગતને એદનવાડી બનેલું જોયુ નથી. આ "દેવનું રાજ્ય અગાઉથી છે, પરંતુ સંપૂર્ણપણે નહિ" એ વિરોધાભાસને આપણે બાઇબલના ઘણા શાસ્ત્રભાગોમાં જોઇએ છીએ. આ પ્રકરણમાં હું તમને "ક્યાં સુધી" એ પ્રશ્નનો ઉત્તર આપવા માટે "સંપૂર્ણપણે નહિ" એ વિષેની ઝાંખી આપવા માગું છું.

### હાલમાં દેવના રાજ્યમાં સહભાગીતા

દેવના રાજ્યમાં આપણી સહભાગીતા અગાઉથી નિર્માણ કરેલી નથી, એટલે કે : આપણે આપણામાં પ્રોગ્રામ કરવામાં આવેલા કાર્યો કરનાર રોબોટ (યંત્રો) નથી. અગાઉથી નિર્માણ કરેલા હોવાનો વિચાર દેવના સ્વરૂપ અને પ્રતિમામાં અને દેવના પ્રતિનિધિ હોવાના વિચારનું ખંડન કરે છે. આપણને દેવના સ્વરૂપમાં બનાવવામાં આવ્યા હતા. ઈશ્વર સ્વતંત્ર છે. જો આપણી પાસે સ્વતંત્રતા નથી તો આપણે દેવ જેવા થઇ શકીએ નહિ - અથવા તો દેવ જેવા થઇશું નહિ. આપણે દેવને આધીન થવા અને દેવની ભક્તિ કરવા માટે અથવા તો વિદ્રોહ કરવા માટે સ્વતંત્ર છીએ. આપણે જે વાવીશું તે જ લણીશું. આપણી વાવણી પ્રોગ્રામ કરેલી (અગાઉથી નિર્માણ કરેલી) નથી.

પરંતુ દેવ આપણા કરતાં મોટા છે. દેવની એક યોજના હતી અને તે પૂરી થશે. તેની સફળતા માણસની સ્વતંત્રતા પર કે તેને સ્વીકારવા પર આધારીત નથી. પસંદગી કરવાની સ્વતંત્રતા ધરાવનાર આપણે કે અલૌકિક વ્યક્તિઓ દેવની યોજનાને હાનિ પહોંચાડી શકે નહિ.

પહેલા પ્રકરણમાં મેં તમને દેવની સ્વર્ગીય સભા વિશે વાત કરી હતી તેના વિશે વિચાર કરો. મેં તમને પ્રશ્ન પૂછયો હતો કે બાઇબલ જે કહે છે તેના પર તમે વિશ્વાસ કરો છો? અને ત્યારબાદ ૧ રાજાઓ ૨૨મા અધ્યાયમાંથી દેવની સ્વર્ગીય સભા વિશે વાત કરી હતી. દેવે જાહેર કર્યું હતું (તેથી એમ થવું જ જોઇએ) કે હવે દુષ્ટ આહાબનો મરવાનો સમય આવી ચૂક્યો છે. પરંતુ ત્યારબાદ એ કેવી રીતે પૂરું કરવું તેનો નિર્ણય પોતાની સભાના આત્મિક વ્યક્તિઓને લેવા દીધો હતો (૧ રાજાઓ ૨૨:૧૯-૨૩).

દેવના રાજ્યમાં અગાઉથી નિર્માણ કરેલી બાબતો અને સ્વતંત્રતા એક સાથે કાર્યરત છે. દેવના હેતુઓને ક્યારેય રોકી કે બદલી શકાય નહિ. તે પાપ અને વિદ્રોહ હોવા છતાં પણ બીજા સ્વતંત્ર પ્રતિનિધિઓ દ્વારા પોતાની ઇચ્છા અને હેતુઓને પૂરા કરવા માટે સમર્થ છે. સી.એસ.લેવીસે (તેમના પુસ્તક *Perelandra* માં) દેવ વિષે કહ્યું છે કે, "તમે જે કંઇ કરો તેમાંથી ઈશ્વર સારું કરશે. પણ જો તમે તેને આધીન થયા હોત તો તેણે તમારા માટે જે તૈયાર કર્યું હતું એટલું સારું તે હશે નહિ."

તો આપણે અત્યારે દેવની કૌટુંબિક સભામાં ક્યાં છીએ? આપણે બીજા લોકોને અંધકારમાંથી છોડાવવાના કાર્યમાં દેવની સાથે સહભાગી છીએ. આપણે લોકોને ન્યાયીપણે અને દયા સાથે કેવી રીતે જીવવું, અને જેમને નમૂનાની જરૂર છે તેમની આગળ

દેવનું અનુકરણ કરવાનો નમૂનો આપીએ છીએ. ઈર્ષાળુ અલૌકિક અને બૌદ્ધિક વ્યક્તિઓના અધિકાર હેઠળના આ જગતમાં સાચા દેવનું સત્ય ફેલાવવાનું અને તેનું રક્ષણ કરવાનું કાર્ય કરીએ છીએ. દેવની ઇચ્છા મુજબના જીવનનો આનંદ માણીએ છીએ.

આ સઘળી બાબતો આવનારા રાજ્યની તાલીમ છે. પાઉલે આ જગતની તકરારોને લીધે ઈશ્વરી વિચારધારા ગુમાવનાર કરિંથીઓને પ્રશ્ન પૂછયો હતો કે, "આપણે દૂતોનો ન્યાય કરીશું, એ શું તમે જાણતા નથી?" (૧ કરિંથીઓને પત્ર ૬:૩). તેણે ગંભીરતાથી આ વાત કહી હતી. આ વાક્ય કહેવા દ્વારા તે એક ચોક્કસ વાત કહેવા માગતો હતો.

## દેશો પર ઠરાવવામાં આવેલા અધિકારી

દેવનું રાજ્ય સંપૂર્ણપણે આવવાનું હજુ બાકી છે. જ્યારે તે આવશે ત્યારે અંધકારની સત્તાઓને હરાવવામાં આવશે. અશુદ્ધ દેવો દેશો પરનો તેમનો અધિકાર કાયમને માટે ગુમાવી દેશે અને *દેવનું મહિમાવાન માનવીય કુટુંબ અને સભા તેનો અધિકાર લેશે.* ઈસુએ પ્રકટીકરણના પુસ્તકમાં જે કહ્યું હતું તે જુઓ :

તોપણ તમારી પાસે જે છે, તેને હું આવું ત્યાં સુધી વળગી રહો. જે જીતે છે અને અંત સુધી મારાં કામ ઝાલી રાખે છે, તેને હું વિદેશીઓ પર અધિકાર આપીશ; તે લોઢાના દંડથી તેઓ પર અધિકાર ચલાવશે, અને કુંભારના વાસણની પેઠે તેઓના કકડેકકડા થઇ જશે; હું પણ મારા પિતા પાસેથી એમ જ અધિકાર પામ્યો છું; વળી હું તેને પ્રભાતનો તારો આપીશ. (પ્રકટીકરણ ૨:૨૫-૨૮)

જ્યારે ઈસુ નવી પૃથ્વી, એક નવી વૈશ્વિક એદનમાં રાજ કરવા માટે પાછો આવશે ત્યારે તે પોતાના ભાઇ-બહેનો સાથે તે અધિકાર વહેંચશે. અધિકારીઓ અને અધિપતિઓને તેમના રાજ્યાસનો પરથી દૂર કરવામાં આવશે અને આપણે તેમનું સ્થાન લઇશું. તેમનો અધિકાર દેવના વિશ્વાસુ દૂતોને આપવામાં આવશે નહિ - દેવના અંતિમ એદનના રાજ્યમાં આપણે *દૂતો કરતાં ચઢિયાતા હોઇશું.* ઈસુ પોતાના માનવીય ભાઇઓ અને બહેનોને અધિકારીઓ તરીકે ઠરાવશે.

શું તમે પ્રકટીકરણ ૨:૨૮માં જે લખવામાં આવ્યું છે તેનાથી મુંઝવણમાં છો કે "હું તેને પ્રભાતનો તારો આપીશ"? એ વિચિત્ર લાગે છે પરંતુ એ વાક્ય તો અશુદ્ધ અને ભૂંડી સત્તાઓને તોડી પાડવામાં આવ્યા પછી દેશો પર ઈસુ સાથેના આપણા રાજ્ય અને અધિકાર વિશે જણાવે છે. "પ્રભાતનો તારો" એ શબ્દ અલૌકિક વ્યક્તિઓ વિશે વર્ણન કરવા માટે (અયૂબ ૩૮:૭) વાપરવામાં આવેલા શબ્દો છે. એ મસીહને માટે પણ વાપરવામાં આવેલ શબ્દો છે. મસીહ ઈશ્વરી છે તેથી તેના આવનારા રાજ્યનું વર્ણન કરવા માટે આ શબ્દો વાપરવામાં આવ્યા છે. ગણના ૨૪:૧૭ કહે છે કે, "...યાકૂબમાંથી તારો ઝબકી નીકળશે, અને ઇસ્રાએલમાંથી રાજદંડ ઊભો થશે." પ્રકટીકરણના પુસ્તકમાં ઈસુ પોતાની જાતનું વર્ણન કરતાં કહે છે કે, "...હું દાઉદનું થડ તથા સંતાન, અને પ્રભાતનો પ્રકાશિત તારો છું" (પ્રકટીકરણ ૨૨:૧૬).

પ્રકટીકરણ ૨:૨૫-૨૮ના શબ્દો સામર્થી શબ્દો છે. ઈસુ ફક્ત એટલું જ કહેતો નથી કે તે પ્રભાતનો તારો છે, પરંતુ તે આપણને એ પ્રભાતનો તારો *આપે* પણ છે - એટલે કે તે પોતાનું રાજ્ય આપણી સાથે વહેંચે છે. વિશ્વાસીઓ આ મુદ્દો ચૂકી ન જાય તે માટે પ્રકટીકરણ ૩:૨૦-૨૧ આગળ વધીને એમ કહે છે કે,

જુઓ, હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું; જો કોઇ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની પાસે માંહે આવીને તેની સાથે જમીશ, ને તે મારી સાથે જમશે. જે જીતે છે તેને હું મારા રાજ્યાસન પર મારી સાથે બેસવા દઇશ, જેમ હું પણ જીતીને મારા બાપની સાથે તેના રાજ્યાસન પર બેઠેલો છું તેમ. (પ્રકટીકરણ ૩:૨૦-૨૧)

આપણને કયા સ્તર સુધી ઈશ્વરી સ્વભાવના ભાગીદાર બનાવવામાં આવ્યા છે? શા માટે ઈસુ પોતાના ભાઈઓ અને બહેનો તરીકે પોતાની સભા સાથે આપણો પરિચય કરાવે છે? દેવ બાપ તેમની મૂળ ઇચ્છા પ્રમાણે આપણને આ પૃથ્વી પર અધિકાર સોંપે તે માટે ઈસુ એમ કરે છે. નવી વૈશ્વિક એદનવાડીમાં સ્વર્ગ આ પૃથ્વી પર ઉતરી આવશે.

## સનાતન એદન

ઉત્પત્તિના પ્રથમ અધ્યાયોમાં એદનવાડી માણસજાત માટેની, દેવના રાજ્ય માટેની અને દેવના સ્વરૂપમાં જે અલૌકિક વ્યક્તિઓ હતા તેમના માટેની દેવની યોજનાનો મુખ્ય ભાગ હતી. તેથી પ્રકટીકરણનો છેલ્લો અધ્યાય આપણને ફરીથી એદનવાડીની વાત કરે છે એમાં કોઇ આશ્ચર્ય કે સંયોગની વાત નથી :

> ત્યારે તેણે મને દેવના તથા હલવાનના રાજ્યાસમનાંથી નીકળતી સ્ફટિકના જેવી ચળકતી જીવનના પાણીની નદી નગરના રસ્તા મધ્યે દેખાડી. એ નદીના બન્ને કિનારે જીવનનું ઝાડ હતું. તેને બાર પ્રકારનાં ફળ લાગતાં હતાં; દર માસે તેને નવીન ફળ આવતાં હતાં; વળી તે ઝાડનાં પાંદડાં સર્વ પ્રજાઓને નીરોગી કરવા સારુ હતાં. હવે પછી કોઇ પ્રકારનો શાપ થનાર નથી; પણ તેમાં દેવનું તથા હલવાનનું રાજ્યાસન થશે; તેના દાસ તેની સેવા કરશે; તેઓ તેનું મુખ નિહાળશે; અને તેઓના કપાળ પર તેનું નામ હશે. ફરીથી રાત પડશે નહિ; તેઓને દીવાના અથવા સૂર્યના પ્રકાશની જરૂર નથી, કેમ કે પ્રભુ દેવ તેઓ પર પ્રકાશ પાડશે; અને તેઓ સદાસર્વકાળ રાજ કરશે. (પ્રકટીકરણ ૨૨:૧-૫)

શું તમે વાંચ્યું કે જીવનનું વૃક્ષ દેશોને સાજાં કરશે? જે દેશો એક સમયે અંધકારના અધિકારીઓ અને અધિપતિઓને આધીન હતા તે દેશો પર દેવના નવા દીકરા-દીકરીઓ તરીકે *તમે અને હું* રાજ કરીશું.

પ્રકટીકરણના પુસ્તકમાં ફક્ત એક જ વાર જીવનના વૃક્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જેઓ અંત સુધી વિશ્વાસ રાખે છે તેમની સાથે વાત કરતાં ઈસુએ પ્રકટીકરણ ૨:૭, ૧૧માં કહ્યું કે, "...જે જીતે છે તેને દેવના પરાદૈસમાંના જીવનના ઝાડ પરનું ફળ હું ખાવાને આપીશ...જે જીતે છે તેને બીજા મરણનું દુઃખ ભોગવવું પડશે નહિ." જીવનના ઝાડનો સંદર્ભ સ્પષ્ટપણે એદનવાડીની વાત કરે છે. પ્રથમ મરણ શારીરિક મરણને દર્શાવે છે અને તે આદમના પાપ દ્વારા આવ્યું હતું, તેને એદનવાડીમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. ન્યાય પહેલાં બધા મનુષ્યો - વિશ્વાસીઓ અને અવિશ્વાસીઓને ઉઠાડવામાં આવશે અને છેલ્લો ન્યાય એ બીજું મરણ છે (પ્રકટીકરણ ૨૧:૮). જેઓ નવી એદનવાડીમાં દેવની સાથે રહેશે તેમણે બીજું મરણ ભોગવવું પડશે નહિ.

## શા માટે તે મહત્વનું છે

ઘણા ખ્રિસ્તીઓને બીજા જીવનનું પૂરતું જ્ઞાન હોતું નથી. તે કેવું હશે તેના વિશે વચનોમાં બધું જ વિગતવાર જણાવવામાં આવ્યું નથી પણ તેના કેટલાક પાસાઓ સ્પષ્ટ છે. આપણે વાદળો પર બેસીને વીણા વગાડીને ગીતો ગાયા કરીશું નહિ. આપણે સ્વર્ગીય બેઠકો પર બેસીને આપણા વહાલાઓની સાથે અથવા તો ભૂતકાળના પ્રસિદ્ધ વિશ્વાસીઓની સાથે ગપ્પા માર્યા કરીશું નહિ.

પરંતુ આપણે દેવને વફાદાર રહેલા અલૌકિક વ્યક્તિઓની સાથે મળીને એદનવાડીમાં રહીશું અને દેવે આપણા માટે જે બનાવ્યું છે તેનો આનંદ માણીશું અને તેની સંભાળ રાખીશું. સ્વર્ગ અને પૃથ્વી અલગ હશે નહિ.

આપણા એ ભાવી વિશે જાણીને આપણે અહીંની અને અત્યારની આપણી વિચારસરણીને ઘાટ આપવાનો છે. પાઉલે કહ્યું છે કે, "...જે વાનાં આંખે જોયાં નથી, અને કાને સાંભળ્યા નથી, જેઓ માણસના મનમાં પેઠાં નથી, જે વાનાં દેવે પોતાના પર પ્રેમ

રાખનારાઓને સારુ સિદ્ધ કર્યાં છે" (૧ કરિંથીઓને પત્ર ૨:૯). આ અદ્ભુત અને ગૌરવવાન પરિણામ વિષેની સભાનતા દ્વારા આપણને આપણી હાલની પરિસ્થિતિઓમાં યોગ્ય વિચારધારા સાથે જીવન જીવવાની સહાય પ્રાપ્ત થાય છે. આપણે હમણાં જ પાઉલે લખેલા જે શબ્દો વાંચ્યા ત્યારબાદ તેણે કરિંથીઓને લખેલા બીજા પત્રમાં લખ્યું છે કે,

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો દેવ તથા બાપ, જે કરુણાનો પિતા તથા સર્વ દિલાસાનો દેવ છે, તેની સ્તુતિ થાઓ; જે અમારી સર્વ વિપત્તિમાં અમને દિલાસો આપે છે...કેમ કે, ભાઇઓ, જે વિપત્તિ આસિયામાં અમને પડી તે વિષે તમે અજાણ્યા રહો એવી અમારી ઇચ્છા નથી; એ વિપત્તિ અમારી શક્તિ ઉપરાંત હતી, તે અમને અતિશય ભારે લાગી, એટલે સુધી કે અમે જીવવાની પણ આશા છોડી; બલકે અમને અમારા અંતરમાં મોતની ખાતરી થઇ ચૂકી હતી, જેથી અમે અમારા પોતાના પર નહિ, પણ મૂએલાંને ઉઠાડનાર દેવ પર વિશ્વાસ રાખીએ. (૨ કરિંથીઓને પત્ર ૧:૩-૯)

દેવ આપણને આ જીવનમાં સાચવે છે. પરંતુ જો આપણું મરણ થાય તો આપણા મરણ પછી પણ આપણને ઈસુની સાથે રાજયાસન પર બેસવા માટે ઉઠાડવામાં આવશે (પ્રકટીકરણ ૩:૨૧).

આપણે આપણા મૂકામને ધ્યાનમાં રાખીને અથવા ધ્યાનમાં ન રાખીને જીવી શકીએ. આપણા ભાવી કે મૂકામ વિશેની આપણી સભાનતા આપણા વર્તનને સુધારશે. જો તમે જાણતા હશો કે આજે તમે જે વ્યક્તિને નીચા દેખાડો છો, તેમની ટીકા કરો છો અથવા તો તેમને તુચ્છ ગણો છો તેમની સાથે એક જ ઘરમાં કે એક જ કાર્યાલયમાં એક દિવસે તમારે કામ કરવાનું છે તો તમે તેમની સાથે સલાહ-સંપમાં રહેશો, તેમને ઉત્તેજન આપશો અને કદાચ તેમની સાથે સારી મિત્રતા રાખશો. તો પછી શા માટે આપણે આપણા સાથી વિશ્વાસીને તુચ્છ ગણીએ છીએ? શા માટે આપણે અવિશ્વાસી વ્યક્તિ સાથે કાર્ય કરતી વખતે તેમને શત્રુ જેવા ગણીએ છીએ અને ઈસુ પાસે લાવવાનો પ્રયત્ન કરતા નથી? કાં તો આપણો દૃષ્ટિકોણ અનંતકાળ વિશેનો છે અથવા તો નથી.

તમને ખુશ રાખવા માટે ઈસુએ તમારી સાથે કેટલું રાજ્ય વહેંચવાની જરૂર છે? એ પ્રશ્ન વિચિત્ર લાગે છે કેમ કે ઈસુ પાસેથી પ્રાપ્ત થતું આવું કોઈપણ દાન અદ્ભુત હશે. તો પછી શા માટે આપણે વિશ્વાસીઓ સાથે પદવી પ્રાપ્ત કરવાની સ્પર્ધા કરીએ છીએ? શા માટે આપણે લાભ, ધ્યાન કે વ્યક્તિગત ફાયદો પ્રાપ્ત કરવા માટે એકબીજા સાથે તકરાર કરીએ છીએ? પાઉલે કરિંથીઓને તેમના ભાવી વિશે યાદ કરાવી હતી એ કરિંથીઓ કરતાં આપણે વધારે સારા નથી? આપણે દેવની સાથે રાજ કરવા અને અધિકાર ચલાવવાની વાતથી સંતુષ્ટ થઇ શકીએ અથવા નહિ.

ખ્રિસ્તીઓ, તમે કોણ છો અને તમારા માટેની દેવની યોજના જાણો છો એવી રીતે તમારું જીવન જીવો.

# માફીની પ્રાર્થના

## માફીની પ્રાર્થના : મૂલ્યવાન ભેટ

આપણે બધા જીવનમાં કોઇક સમયે માફીની પ્રાર્થના કરીએ છે. માફી એક મૂલ્યવાન ભેટ છે અને તે સરળતાથી મળતી નથી કે આપવામાં આવતી નથી. જીવન માટે માફી જરૂરી છે; તે આપણને ભૂતકાળની ભૂલોથી મુક્ત કરે છે અને ભવિષ્યની આશા આપે છે. ઈસુ ખ્રિસ્ત માણસજાતને માફી આપવા માટે આ પૃથ્વી પર મરવા માટે આવ્યો હતો.

## માફીની પ્રાર્થનાઃ ઈસુ ખ્રિસ્ત દ્વારા શક્ય બની

માફીની પ્રાર્થના તો દેવને કરવામાં આવે છે. જો કે આપણે બધા એકબીજાની વિરુદ્ધ અપરાધ કરવા દ્વારા એકબીજાને દુઃખી કરીએ જ છીએ પરંતુ અંતે આપણા અપરાધો દેવને પણ દુઃખી કરે છે. તમને આશ્ચર્ય થશે કે એ કેવી રીતે બની શકે? આપણા અપરાધો આ બ્રહ્માંડના સર્વશક્તિમાન સરજનહારને કેવી રીતે દુઃખી કરી શકે? શું ઈશ્વરને ખેદ થઇ શકે? ઉત્પત્તિ ૬ માં આપણે જોયું કે માણસે એકબીજાને દુઃખી કર્યા એ દુષ્ટતા જોઇને દેવને દુઃખ થયું હતું : *“અને યહોવાએ જોયું કે, માણસની ભૂંડાઇ પૃથ્વીમાં ઘણી થઇ, ને તેઓનાં હૃદયના વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડી જ છે. અને યહોવાએ પૃથ્વી પર માણસને ઉત્પન્ન કર્યું, તેનો તેને પશ્ચાતાપ થયો, ને હૃદયમાં તે ખેદિત થયો.” (ઉત્પત્તિ ૬:૫-૬).*

સઘળું જાણનાર ઈશ્વર ભૂંડાઇના વિચારથી પણ ખેદિત થાય છે. તેથી, અંતિમ માફી ઈશ્વર પાસેથી પ્રાપ્ત થવી જોઇએ. જો કે, ઈશ્વર ન્યાયી હોવાને લીધે માફી મફત આપી શકે નહિ. ઈશ્વર ન્યાયી ન્યાયાધીશ બની રહે તે માટે દરેક ભૂંડાઇનો યોગ્ય બદલો મળવો જોઇએ. આપણા પાપો માફ કરવામાં આવે તે માટે ઈસુ ખ્રિસ્ત કાલવરીના વધસ્તંભ પર મરણ પામ્યો. તેણે જે દુઃખો સહન કર્યા તેનાથી આપણા અપરાધોની કિંમત ચૂકવવામાં આવી છે. *“કેમ કે નવા કરારનું એ મારું લોહી છે, જે પાપોની માફીને અર્થે ઘણાઓને સારુ વહેવડાવવામાં આવ્યું છે” (માથ્થી ૨૬:૨૮).*

ઈશ્વરે તેમના પ્રેમથી જાણ્યું કે અપરાધ અને નિંદાથી આપણું અંતઃકરણ શુદ્ધ કરવાની જરૂર છે. દેવે જાણ્યું કે પાપોની માફી એ માણસજાતની સૌથી મોટી જરૂરિયાત છે. દેવે પોતાના પ્રેમના કાર્યમાં આપણા પાપોને લીધે દુઃખ સહન કર્યું એટલું જ નહિ પણ આપણને આપણા પાપોની માફી પ્રાપ્ત થાય તે માટે તેના પરિણામોની કિંમત પણ ચૂકવી છે. હવે આપણે માફીની એ મફત ભેટને પ્રાપ્ત કરવાની છે.

## માફીની પ્રાર્થના : માફી માટે પ્રભુને વિનંતી કરો

કદાચ તમે તમારા પીડિત આત્માને સાંત્વન પ્રાપ્ત થાય તે માટે માફીની પ્રાર્થનાની શોધમાં આ વેબપેજ પર આવી ચડયા હશો, અથવા કદાચ તમને દુઃખી કરનાર વ્યક્તિને માફ કરવાનો પ્રયત્ન કરવામાં સંઘર્ષ કરતા હશો. જેઓ તેમના પ્રભુ અને તારનાર તરીકે ઈસુને સ્વીકારે છે તેમને માફી મફત આપવામાં આવે છે. જો આપણે આપણાં પાપો કબૂલ કરીએ અને માફી માગીએ તો પ્રભુ આપણને કોઇપણ પ્રશ્નો પૂછયા વગર માફ કરશે : *“જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે” (૧ યોહાન ૧:૯)*

જો આપણે ઈસુનો નકાર કરીએ છીએ તો દેવની માફીની ભેટનો પણ નકાર કરીએ છીએ. આપણે તો એમ કહીએ છીએ કે આપણને દેવની સાથે સમાધાન કરવાની ઇચ્છા નથી (૧ યોહાન ૧:૧૦). ઈશ્વર પાસેથી માફી પ્રાપ્ત ન કરવાની આપણી સ્વતંત્ર પસંદગી હોવાને લીધે અંતે આપણે જે પાપો કર્યા હશે તેનો હિસાબ આપવો પડશે. તમારી સાથે સમાધાન કરવાની ઈશ્વરની ઇચ્છા છે. *“કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન*

*થાય, પણ તે અનંતજીવન પામે" (યોહાન ૩:૧૬).* જો તમે ખરેખર માફી પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખો છો તો ઈસુએ જે કહ્યું છે તે સ્વીકારો અને ગંભીરતાથી તમારા પ્રભુ અને તારનાર તરીકે ઈસુને ગ્રહણ કરો. તે તમને માફ કરશે અને તમારા જીવનને બદલવાના કાર્યની શરૂઆત કરશે.

## માફીની પ્રાર્થના : નવું જીવન પ્રાપ્ત કરો

માફીની પ્રાર્થના આપણને નવી આશા અને નવી શરૂઆત આપે છે. ઈશ્વર આપણાં સઘળાં પાપોને ભૂંસી નાખે છે. *"તેઓના અન્યાય પ્રત્યે હું દયાળુ થઈશ. અને તેઓનાં પાપોનું સ્મરણ હું ફરી કરીશ નહિ" (હિબ્રૂઓને પત્ર ૮:૧૨).*

જો તમે પાપી છો એ વાતને સમજો તો ફક્ત પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ પાપના ઉદ્ધારક તરીકે આવ્યો એ વાત પર વિશ્વાસ કરશો અને માફીની પ્રાર્થનાને સમજશો. તમારા માટે પ્રશ્ન છે કે - શું તમે દેવના પુત્ર ઈસુ ખ્રિસ્તની માફીની ભેટને સ્વીકારવા દ્વારા માફીની પ્રાર્થનાને તમારા જીવનમાં લાગુ કરવા માટે તૈયાર છો? જો હા, તો ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરો, તમારા પાપોનો પસ્તાવો કરો અને તમારું જીવન પ્રભુને સોંપી દો :

***"પિતા, હું જાણું છું કે મેં નિયમો તોડયા છે અને મારા પાપોએ મને તમારાથી અલગ કર્યો/કરી છે. હું ખરેખર દિલગીર છું અને ભૂતકાળના મારા પાપી જીવનને છોડીને તમારી તરફ ફરવા માગું છું. કૃપા કરીને મને માફ કરો અને ફરીથી પાપ ન કરું તે માટે મદદ કરો. હું વિશ્વાસ કરું છું કે તમારો પુત્ર ઈસુ ખ્રિસ્ત મારા પાપોને લીધે મરણ પાડયો, મૂએલામાંથી પુનરુત્થાન પામ્યો અને મારી પ્રાર્થના સાંભળવા માટે જીવંત છે. આજથી હું ઈસુ ખ્રિસ્તને મારા જીવનના પ્રભુ તરીકે મારા હૃદયમાં રાજ કરવા માટે મારા જીવનમાં આવકારું છું. મારા જીવનભર તમારી ઈચ્છા પૂરી કરવા અને તમને આધીન રહેવા મને મદદ કરવા માટે તમારા પવિત્ર આત્માને મારામાં મોકલી દો. પ્રભુ ઈસુના નામમાં માગું છું, આમેન."***

"પસ્તાવો કરો, અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય; અને તમને પવિત્ર આત્માનું દાન મળશે" (પ્રેરિતોના કૃત્યો ૨:૩૮).

જો આજે તમે ઈસુને તમારા જીવનમાં સ્વીકારવાનો નિર્ણય કર્યો છે તો ઈશ્વરના કુટુંબમાં તમારું સ્વાગત છે. હવે, પ્રભુમાં વૃદ્ધિ પામવા માટે બાઈબલ કહે છે કે તે મુજબ આપણા નવા સમર્પણમાં નીચેની બાબતો કરવી જોઈએ.

- ઈસુએ આપેલી આજ્ઞા મુજબ બાપ્તિસ્મા લો.
- ખ્રિસ્તમાં તમારા નવા વિશ્વાસ વિશે બીજાઓને કહો.
- દરરોજ પ્રભુની સાથે સમય ગાળો. એ સમય લાંબો જ હોય તે જરૂરી નથી. પરંતુ દરરોજ પ્રભુને પ્રાર્થના કરવાની અને પ્રભુનું વચન વાંચવાની ટેવ પાડો. તમારા વિશ્વાસને વધારવા અને બાઈબલના વચનોની સમજણમાં વૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે પ્રભુને વિનંતી કરો.
- ઈસુના બીજા અનુયાયીઓ (વિશ્વાસીઓ) સાથે સંગત કરો. તમારા પ્રશ્નોના ઉત્તર આપવા અને તમને મદદરૂપ થવા માટે વિશ્વાસી મિત્રોનું જૂથ વિકસાવો.
- દેવની ભક્તિ કરી શકો એવી સ્થાનિક મંડળી શોધો.

**શું આજે તમે ઈસુના શિષ્ય બન્યા છો? હા કે ના પર ક્લિક કરો.**

તમને શું લાગે છે? - આપણે બધાએ પાપ કર્યું છે અને દેવના ન્યાયને આધીન છીએ. દેવ બાપે પોતાના પર વિશ્વાસ કરનાર લોકોને એ ન્યાયથી બચાવવા માટે પોતાના એકાકીજનિત દીકરાને મોકલી દીધો. બાઇબલ કહે છે તે મુજબ સરજનહાર અને દેવનો સનાતન પુત્ર ઈસુ પાપરહિત જીવન જીવ્યો અને તે આપણને એટલો પ્રેમ કરે છે કે આપણા પાપોને લીધે મરણ પામ્યો, આપણી શિક્ષા ભોગવી, મરણ પામ્યો, દટાયો અને મૂએલામાંથી પાછો ઉઠયો છે. જો તમે ખરેખર આ વાત પર વિશ્વાસ કરો છો તો એમ કહીને ઈસુને તમારા તારનાર તરીકે પ્રાપ્ત કરો કે, ‘‘ઈસુ પ્રભુ છે’’ અને તમે ન્યાયથી બચી જશો અને સ્વર્ગમાં દેવની સાથે અનંતકાળ સુધી રહેશો. તમારો પ્રત્યુત્તર શું છે?

હા, આજે હું ઈસુની પાછળ ચાલવાનો નિર્ણય કરું છું
હા, હું પહેલેથી જ ઈસુની પાછળ ચાલું છું

હજુ મારે પ્રશ્નો છે

# લેખકની વિનંતી

*અલૌકિક* શિર્ષક તો મારા શૈક્ષણિક પુસ્તક, *The Unseen Realm: Recovering the Supernatural Worldview of the Bible* (Lexham Press, 2015) *(અદ્દશ્ય ક્ષેત્ર : બાઈબલની અલૌકિક વૈશ્વિક વિચારધારાને પુનઃપ્રાપ્ત કરવી)* તેનું ટૂંકું રૂપ છે. *The Unseen Realm (અદૃશ્ય ક્ષેત્ર)* પુસ્તક Amazon.com પર અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે.

હું આશા રાખું છું કે *અલૌકિક* પુસ્તક તમને આત્મિક ઉત્કર્ષ આપનારું લાગ્યું હશે. આ પુસ્તકમાં જણાવેલ વાતોનું જતન કરનારા લોકોના દાનો વડે હું આ પુસ્તક મફત આપી શકું છું. આ પુસ્તકની વધારે પ્રતોને મફત આપી શકાય તે માટે miqlat.org અથવા nakedbible.org પર લોગ ઈન કરીને Miqlat માં તમારા દાનો આપી શકો છો.

વધારે બાઈબલ આધારીત શિક્ષણ માટે મારી વેબસાઈટ drmsh.com જુઓ અને nakedbiblepodcast.com પર મારો પોડકાસ્ટ સાંભળો. "Naked Bible" નામ ફક્ત બાઈબલના શાસ્ત્રભાગોનું આધુનિક પરંપરાઓ, સંપ્રદાયો અને ધાર્મિક રીતે ગાળ્યા વગરનું શિક્ષણ આપવાની મારી ઈચ્છાને પ્રગટ કરે છે.

જયારે તમે મારી વેબસાઈટ જોશો ત્યારે તમે જોઈ શકશો કે લોકોને બાઈબલની ઈશ્વરવિદ્યાનો પરિચય આપવા માટે હું કાલ્પનિક વૈજ્ઞાનિક કથાઓ પણ લખું છું. Amazon.com પર ફક્ત અંગ્રેજી ભાષામાં મારી નવલકથાઓ (currently, *The Façade* and its sequel, *The Portent*) ઉપલબ્ધ છે.